આચાર્ય શ્રી હસ્તીમલજી પ્રણીત

જૈન ધર્મ નો મૌલિક ઇતિહાસ

ચતુર્થ ભાગ

સંક્ષિપ્ત આવૃત્તિ

સામાન્ય શ્રુતધર ખંડ - ૨

જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ

(સંક્ષિપ્ત)

ચતુર્થ ભાગ : સામાન્ય શ્રુતધર ખંડ - ૨

મૂળ રચના

લેખક અને નિર્દેશક

આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ

સંપાદક

શ્રી ગજસિંહ રાઠૌડ / પ્રેમરાજ બોગાવત

પરામર્શદાતા

આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી

ડૉ. નરેન્દ્ર ભાનાવત

પ્રકાશક

સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ

જયપુર

આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ પ્રણીત

પુસ્તક : જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ (સંક્ષિપ્ત) ભાગ-૪

ચતુર્થ ભાગ : સામાન્ય શ્રુતધર ખંડ-૨

સંપાદક : (સંક્ષિપ્ત સંસ્કરણ) ડૉ. દિલીપ ધીંગ

ગુજરાતી અનુવાદક : ડૉ. યોગેન્દ્ર પારેખ, અમદાવાદ.

પ્રકાશક : સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ
દુકાન નં. ૧૮૨-૧૮૩ની ઉપર, બાપુ બજાર,
જયપુર-૩૦૨ ૦૦૩ ફોન : ૦૧૪૧-૨૫૭૫૯૯૭
ફેક્સ : ૦૧૪૧-૨૫૭૦૭૫૩

© : સર્વાધિકાર સુરક્ષિત

સંસ્કરણ : ૨૦૧૦ (આચાર્ય હસ્તી જન્મ શતાબ્દી)
પ્રથમ આવૃતિ, વર્ષ ૨૦૧૨

નકલ : ૨૧૦૦

મૂલ્ય : ₹. 75/-

મુદ્રક : સસ્તું પુસ્તક ભંડાર
ભટ્ટીની બારીમાં, ગાંધી રોડ પુલ નીચે,
અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૧૦૦૬૨, ૨૨૧૪૭૧૦૧

બે શબ્દ

'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ'ના એકથી ચાર ભાગના ગુજરાતી અનુવાદ પ્રકાશનનો આ પ્રસંગ જૈન સાહિત્યના ઈતિહાસનો અપૂર્વ અવસર છે. સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ - જયપુર દ્વારા હિન્દીમાંથી ગુજરાતી અનુવાદનો પ્રકલ્પ હાથ ધરાયો એ ગુજરાતી જૈનસમાજ માટે શાશ્વતમૂલ્ય ધરાવતો નિર્ણય હતો. વર્તમાન આચાર્ય પ. પૂ. ૧૦૦૮ શ્રી હીરાચંદ્રજી મહારાજસાહેબ આદિ સંતોની અવિરત અમીદૃષ્ટિનું જ આ પરિણામ છે કે પૂજ્ય આચાર્ય શ્રી તથા સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળના સંપાદક મંડળે આ મૂલ્યવાન ઈતિહાસ ગ્રંથોના ગુજરાતી સંક્ષિપ્ત સંસ્કરણની જવાબદારી અમને સોંપી. જૈનશાસનની સેવાના આ સાહિત્યયજ્ઞમાં જોડાવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું એ અમારા જીવનનું નોંધપાત્ર પ્રકરણ છે. દેવ-ગુરુ-ધર્મની કૃપા વગર ચિરકાલીન મૂલ્ય ધરાવતાં કાર્યોમાં સહભાગી થવાનું શક્ય બનતું નથી.

પ્રસ્તુત ગુજરાતી ગ્રંથ પ્રાગટ્ય પર્વે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. અનુવાદકાર્ય કે પ્રકાશનમાં ક્યાંય ક્ષતિ કે દોષ રહી ગયો હોય તો તે અમારો છે. સહૃદય અભ્યાસુ ભાવકો, શ્રાવકો અમારી ક્ષતિ તરફ ધ્યાન દોરશે તો અમને ગમશે. વિરલ જ્ઞાનયાત્રાના સહયાત્રી બનવાનું સહુને ભાવપૂર્વક નિમંત્રણ છે.

આપના કરકમળમાં **ભાગ-૪** નું સંક્ષિપ્ત સંસ્કરણ છે. વિશેષ અભ્યાસ કરવા ઈચ્છતા ભાવકે મૂળ ઈતિહાસ ગ્રંથો વાંચવા અમારો વિનમ્ર અનુરોધ છે.

પ્રાતઃ સ્મરણ, પ. પૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી હીરાચંદ્રજી મહારાજ સાહેબ આદિ સંતોની અભિવંદના સાથે સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળના વરિષ્ઠોનો આભાર માની વિરમું છું.

આભાર

પાલડી, અમદાવાદ - **પદમચંદ જવાહરલાલ કોઠારી**
તા. ૨૮-૧-૨૦૧૨, - **ચેનરાજ જવાહરલાલ કોઠારી**
મહા સુદ-૫ (વસંત પંચમી)

અનુક્રમણિકા

ક્રમ	વિષય - શીર્ષક	પાના નં.
૧.	પૂજ્ય આચાર્યશ્રી હસ્તીમલજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય	V
૨.	પ્રકાશકીય : ગાગરમાં સાગર	૧
૩.	સમ્પાદકીય : દૂધનું દૂધ	૩
૪.	પૂર્વિપીઠિકા : જિન ખોજા તિન પાઈયા	૬
૫.	૪૮ થી ૫૦મા પટ્ટધર અને એમનો સમય	૯
૬.	ચૈત્યવાસી પરંપરાના ઉન્મૂલનનું અભિયાન (ઉદ્યોતનસૂરિ, વર્ધ્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ)	૧૫
૭.	નવાંગી વૃત્તિકાર આચાર્ય અભયદેવસૂરિ	૩૮
૮.	ગજનવીનું ભારત પર આક્રમણ	૫૩
૯.	દક્ષિણમાં જૈનધર્મ પર પુનઃ સંકટ	૬૦
૧૦.	આચાર્ય જિનવલ્લભસૂરિ	૬૮
૧૧.	આચાર્ય જિનદત્તસૂરિ (દાદાગુરુ)	૮૧
૧૨.	પ્રભાવક આચાર્યો (વાદિદેવસૂરિ, વૃત્તિકાર મલયગિરિ, મલધારી અભયદેવ, મલધારી હેમચંદ્ર અને ચંદ્રપ્રભસૂરિ)	૯૪
૧૩.	કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર	૧૧૨
૧૪.	સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ	૧૩૪
૧૫.	અમુક પ્રમુખ ગચ્છ અને આચાર્ય (ખરતરગચ્છ, ઉપકેશગચ્છ, અંચલગચ્છ, આગમિકગચ્છ)	૧૫૯
૧૬.	ઓગણચાલીસથી એકતાલીસમા યુગપ્રધાનાચાર્ય અને બાવનથી છપ્પનમા પટ્ટધર	૨૦૧
૧૭.	તપાગચ્છ	૨૦૪
૧૮.	દાનવીર શ્રાવક જગડૂશાહ	૨૧૬
૧૯.	બડગચ્છ (બૃહદ્‌ગચ્છ)	૨૨૩
૨૦.	સત્તાવનથી ત્રેંસઠમા પટ્ટધર અને બેંતાલીસથી ચુંમાલીસમા યુગપ્રધાનાચાર્ય	૨૨૬
૨૧.	ધર્મોદ્ધારક લોંકાશાહ	૨૩૨
૨૨.	વિ. સં. ૧૩૫૭ થી ૧૩૮૨ સુધીની રાજનૈતિક સ્થિતિ	૨૬૩
૨૩.	સંદર્ભ ગ્રંથ સૂચિ	૨૬૯

ઇતિહાસપુરુષ આચાર્યશ્રી હસ્તીમલજી

- પી. શિખરમલ સુરાણા

૧. માત્ર દસ વર્ષની વયે બાળક હસ્તીએ અસાર સંસારનો ત્યાગ કર્યો અને મુનિજીવન અપનાવી લીધું. ૧૫ વર્ષ અને ૬ માસની કિશોરવયે એટલી અર્હતા અને વિદ્વત્તા અર્જિત કરી લીધી કે, સંઘના આચાર્ય તરીકે એમનું મનોનયન થઈ ચૂક્યું હતું. જૈન ઇતિહાસમાં સંભવતઃ સહુથી નાની વયના આચાર્ય તરીકે મનોનીત મુનિ બની ગયા, અને માત્ર ૧૯ વર્ષની તરુણવયમાં તેઓ સંઘના આચાર્ય થયા.

૨. આચાર્યપદ પામ્યા પછી એમણે ૬૧ વર્ષો સુધી સમગ્ર દેશમાં પગપાળા વિહાર કર્યો. વિહારયાત્રાઓ દરમિયાન એમણે પાંચ મહાવ્રતો અને કઠોર જૈન શ્રમણાચારનું સંપૂર્ણ પાલન કર્યું.

૩. ૬૧ વર્ષો સુધી પ્રતિદિન પોતાના પ્રભાવશાળી ઉપદેશોના માધ્યમથી એમણે જન સમાજને માનવતાનો પાઠ ભણાવ્યો અને દુર્લભ માનવજીવનની મહત્તા સમજાવી.

૪. એમની મંગળ પ્રેરણાથી એમના સાંનિધ્યમાં ૮૫ મુમુક્ષુઓએ દીક્ષા લીધી. દીક્ષિત સાધુ-સાધ્વીઓએ સ્વકલ્યાણ અને પરકલ્યાણનું કાર્ય કર્યું અને કરી રહ્યા છે.

૫. જૈનશાસ્ત્રો અને અન્ય વિવિધ વિષયો પર એમણે અવિરત વિદ્યાતપ દ્વારા તત્ત્વમીમાંસા કરી અને વ્યાખ્યાઓ આપી.

૬. તનાવ અને અજ્ઞાન-નિવારણ માટે એમણે લોકોને પ્રતિદિન સામાયિક અને સ્વાધ્યાય કરવાની પાવન પ્રેરણા આપી. સામાયિક, સ્વાધ્યાયના પ્રખર પ્રચારક તરીકે એમને પ્રચુર ખ્યાતિ મળી.

૭. વિભિન્ન સ્થળો પર અનેક સમાજમાં વ્યાપ્ત વિવાદોને સદાયને માટે સમાપ્ત કરાવી પ્રેમ અને સૌહાર્દની પ્રતિષ્ઠા કરી.

૮. અનેક એવા અવસરો આવ્યા કે, જ્યારે એમણે પોતાના જીવને જોખમમાં મૂકીને પણ અન્ય પ્રાણીઓના જીવનની રક્ષા કરી.

૯. ભારતીય રક્ષા વિજ્ઞાનના જનક પદ્મવિભૂષણ ડૉ. દૌલતસિંહ કોઠારી આચાર્ય હસ્તીમલજી વિશે અંજલિ આપતાં લખે છે :

- ❖ પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છનાર તેઓ એક લોકપ્રિય અને વિદ્વાન જૈન-સંત હતા.
- ❖ જ્યારે તેઓ મૌન સાધનામાં હતા ત્યારે પણ એમનામાંથી પ્રસ્ફુટિત થનારી સકારાત્મક પ્રેરણા, ઊર્જા મારા હૃદય સુધી પહોંચી ગઈ.
- ❖ એમના દ્વારા લિખિત 'જૈન ધર્મ કા મૌલિક ઇતિહાસ'ના ચાર ભાગ એક અત્યંત મહત્ત્વપૂર્ણ, મૂલ્યવાન અને પ્રેરક પ્રદાન છે.

૧૦. સુખ્યાત વિદ્વાન, ધારાશાસ્ત્રી અને રાજનીતિજ્ઞ ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ લખ્યું : "મારા જીવનના દરેક પડાવ પર આચાર્ય હસ્તીએ મને અનુપ્રેરિત કર્યો છે."

૧૧. આર. બી. આઈ.ના પૂર્વ ડેપ્યુટી ગવર્નર, સમાજસેવક, પદ્મભૂષણ શ્રી દેવેન્દ્રરાજ મહેતા લખે છે - "ઈમાનદારી, નીતિપૂર્ણ અને સાદગીમય જીવન તથા અન્યોની નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા મને આચાર્ય હસ્તી પાસેથી પ્રાપ્ત થઈ."

૧૨. સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધિપતિ શ્રી આર. એમ. લોઢાના પિતા ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણકુમાર લોઢા મુજબ -

❖ આચાર્ય હસ્તી જે કાંઈ કહેતા તે સત્ય સિદ્ધ થતું.

❖ એમને ભાવિનો પૂર્વાભાસ થઈ જતો હતો. આ અતીન્દ્રિય જ્ઞાનના આધારે તેઓ પોતાના ભક્તોનું માર્ગદર્શન અને રક્ષણ કરતા હતા. મારા પરિવાર પર એમની અસીમ કૃપા હતી.

❖ એમના આશીર્વાદ મંગળકારી હતા. એમના આશીર્વાદથી તનાવ દૂર થઈ જતો અને અસીમ શાંતિનો અનુભવ થતો.

૧૩. જોધપુર વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ સાહિત્યકાર પ્રો. કલ્યાણમલ લોઢાએ લખ્યું - "તેઓ સ્વયં વીતરાગી ભગવાન તુલ્ય હતા."

૧૪. રાજસ્થાન ઉચ્ચન્યાયાલયના ન્યાયાધિપતિ શ્રી જસરાજ ચોપરા કહે છે કે - "એમને નિત્ય સામાયિક-સ્વાધ્યાયની પ્રેરણા આચાર્ય હસ્તીમલજીએ આપી."

૧૫. આર. એસ. કૂમટ (આઈ. એ. એસ.)કહે છે : "મારા જીવનના રૂપાંતરણમાં આચાર્યશ્રીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે."

૧૬. ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીની જેમ એમણે પણ લોકોને પ્રેરિત કર્યા કે - 'દરેકે પોતાની જાતને ધનના માલિક નહિ પણ ટ્રસ્ટી સમજવી જોઈએ.' એમની પ્રેરણાથી અનેક વ્યક્તિઓએ પોતાની અર્જિત સંપત્તિનો પારમાર્થિક કાર્યોમાં ઉપયોગ કર્યો. એમના અનેક અનુયાયી આજે પણ નિર્લેપ રહીને, અનાસક્ત જીવન જીવે છે. પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી મોફતરાજ મુણોત જેવા અનેક સફળ અને સમૃદ્ધ વ્યક્તિ આ વાતના જીવંત ઉદાહરણ છે.

૧૭. (૧) ૮૧ વર્ષ સુધી નિર્દોષ જીવન જીવ્યા બાદ એમને લાગ્યું કે - 'એમનો અંતિમ સમય નજીક આવી

રહ્યો છે.' ત્યારે પાલિ-રાજસ્થાન વિસ્તારમાં આવેલ નિમાજ મુકામે એમણે પોતાનાં સમસ્ત જ્ઞાત-અજ્ઞાત પાપોની આલોચના કરી તથા સર્વે જીવો પ્રત્યે ક્ષમાયાચના પ્રગટ કરી સંથારો ગ્રહણ કર્યો. અન્ન, જળ, દવા, ચિકિત્સા આદિનો પૂર્ણ ત્યાગ કરી તેઓ અધ્યાત્મમાં લીન થઈ ગયા. સંથારાકાળમાં અગણિત લોકો તેમનાં દર્શન કરી ધન્ય રહ્યા.

(૨) સંથારાકાળમાં નિમાજના અસંખ્ય મુસ્લિમો તેમના દર્શનાર્થે આવ્યા અને સંકલ્પ કર્યો કે - 'એમનો સંથારો ચાલે ત્યાં સુધી પશુવધ નહિ કરે અને માંસાહારનો પણ ત્યાગ કરશે.' એમણે આ સંકલ્પને ચરિતાર્થ પણ કર્યો.

(૩) ૧૩ દિવસના ઐતિહાસિક તપ-સંથારા બાદ એમણે નશ્વર દેહનો ત્યાગ કરી મહાપ્રયાણ કર્યું.

(૪) ૧ લાખથી અધિક લોકો એમની અંતિમયાત્રામાં સામેલ થયા. જેમાં અડધાથી વધુ જૈનેતરો હતા. એમાં પણ મુસ્લિમોની સંખ્યા હજારોની હતી.

(૫) એમની અંતિમયાત્રાની બાબતમાં આ તથ્યોનો ઉલ્લેખ ન્યાયાધિપતિ શ્રી જસરાજ ચોપરા અને સેબીના પૂર્વ અધ્યક્ષ શ્રી ડી. આર. મહેતાએ પણ કર્યો.

૧૮. આવા અસાધારણ, અદ્‌ભુત વ્યક્તિત્વના માલિક યુગમનીષી મહાન સંત આચાર્યશ્રી હસ્તીમલજી(૧૯૧૧-૧૯૯૧)ની જન્મ શતાબ્દીના પુનિત પ્રસંગે એમને કોટિ કોટિ વંદન.

અધ્યક્ષ : સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ

(પાંચમી એપ્રિલ-૨૦૧૦ના રોજ ચૈન્નઈમાં આયોજિત આચાર્ય હસ્તી જન્મ શતાબ્દી કરુણારત્ન એવોર્ડ સમારોહમાં અંગ્રેજીમાં રજૂ થયેલ પરિચયનું ગુજરાતી રૂપાંતરણ.)

પ્રકાશકીય

ગાગરમાં સાગર

જૈન ઇતિહાસમાળાના એકથી ચાર ભાગમાં વર્તમાન અવસર્પિણી-કાળના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના સમયથી લઈને મહાન ધર્મોદ્ધારક લોકાશાહનો સમય વીર નિર્વાણ સં. ૨૦૦૦ સુધીના જૈન ધર્મના ઇતિહાસને પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ ચતુર્થ ભાગમાં વી. નિ. સં. ૧૪૭૯ થી વિ. નિ. સં. ૨૦૦૦ સુધીનો ઇતિહાસ સમાવિષ્ટ છે. અહીં વિભિન્ન ગચ્છોના પારસ્પરિક કલહ, વિદ્વેષ અને લિંગાયતો દ્વારા જૈન ધર્માવલંબીઓ વિરુદ્ધ કરવામાં આવેલાં ભીષણ ધાર્મિક અભિયાનોનું વિશદ્ વિવરણ પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ સમયગાળામાં પણ જૈન ધર્માવલંબીઓ પર અનેક પ્રકારનાં ઘોર સંકટ આવ્યાં, પરિણામે એક જમાનામાં બહુસંખ્યક રૂપે રહેલા જૈનો આજે અતિઅલ્પ સંખ્યામાં રહી ગયા છે.

જૈન ઇતિહાસને યથાતથ્ય સુચારુ રૂપે નિષ્પન્ન અને પ્રકાશિત કરવાના ભગીરથ કાર્યમાં જે સફળતા મળી છે, તે આગમમર્મજ્ઞ, ઇતિહાસપુરુષ પૂજ્ય આચાર્યશ્રી હસ્તીમલજી મહારાજસાહેબના અવિરત પુરુષાર્થ, વિદ્યાતપ, કુશળ માર્ગદર્શન અને મંગળ આશીર્વાદનું જ પરિણામ છે. આચાર્યશ્રીના વિદ્વત્તાપૂર્ણ અને શોધપૂર્ણ માર્ગદર્શનમાં આ ચતુર્થ ભાગનું આલેખન તથા સંપાદનમાં શ્રી ગજસિંહ રાઠોડ અને એમના સહયોગી શ્રી પ્રેમરાજ બોગાવતે જે પરિશ્રમ કર્યો છે, એના માટે એમનું હાર્દિક અભિવાદન કરીએ છીએ.

વર્તમાન સમયમાં આજનો માણસ અતિવ્યસ્ત થતો જાય છે. સમયનો અભાવ અનુભવતો માણસ ધર્મ, દર્શન, સંસ્કૃતિ અને ઇતિહાસથી પરિચિત થાય તે માટે 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' સંક્ષિપ્તીકરણનું કામ હાથ પર લીધું.

આ ચતુર્થ ભાગની સાથે હવે સમગ્ર ચાર ભાગનું સંક્ષિપ્ત સંસ્કરણ વાચકોના હાથમાં છે. જીવનની અનેકવિધ વ્યસ્તતા વચ્ચે પણ આપણી ગૌરવશાળી પરંપરા અને ઇતિહાસનો અભ્યાસ કરવા કે તેનાથી નાતો જોડવા સમયનું આયોજન કરવું જોઈએ. અમારી ઇચ્છા તો એવી છે કે વિસ્તૃત જૈન ઇતિહાસનો સ્વાધ્યાય દરેક ઘરમાં થાય; પણ દરેકને માટે એ સંભવ પણ નથી. સ્વાભાવિક છે કે ઇતિહાસનું સંક્ષિપ્ત સંસ્કરણ ગ્રંથ સ્વરૂપ દરેકના ઘરે પહોંચે. અને દરેક વયના વાચકો પ્રેરક, રોચક અને રોમાંચક જૈન ઇતિહાસનો સ્વાધ્યાય કરે. ઇતિહાસપ્રેમી જિજ્ઞાસુઓ પાસે પણ એવી અપેક્ષા રહેવાની કે તેઓ જૈન ઇતિહાસનાં પુસ્તકોનો સેટ સ્વજનોને પ્રસંગોપાત્ત ઉપહાર સ્વરૂપે આપે. સ્વાધ્યાયપ્રેમીઓને અમારો અનુરોધ છે કે જે પુસ્તકાલયો સુધી આ પુસ્તકો પહોંચ્યાં ન હોય ત્યાં પહોંચાડવામાં અમને સહયોગ આપે.

મુખ્ય ઘટનાઓ અને તથ્યોએ આવરી લેવાના અને ઇતિહાસ જેવા વિષયને સંક્ષિપ્ત કરવાનું કામ આસાન ન હતું. મૂળ ઇતિહાસગ્રંથમાંથી જ નવનીતરૂપ વિવરણ કાઢીને, સંકલન કરીને, આ સંક્ષિપ્તીકરણ કરવામાં આવ્યું છે. ગ્રંથનું કદ વધી જવાના ભયથી ઐતિહાસિક તથ્યો, જેવાં કે શિલાલેખ સંદર્ભ, ગ્રંથ સંદર્ભ, ઇતિહાસકાર સંદર્ભ આદિનો ઉલ્લેખ આ સંક્ષિપ્તીકરણમાં કરવામાં આવ્યો નથી. જિજ્ઞાસુ વાચકો આ સંદર્ભોને મૂળ ઇતિહાસગ્રંથમાં જોઈ શકે છે.

ગ્રંથના આ ચતુર્થ ભાગના હિન્દી સંક્ષિપ્તીકરણનું કાર્ય સુરતનિવાસી તપસ્વી શ્રાવક જયવંતભાઈ પી. શાહ, બી. ઈ. સિવિલ (નિવૃત્ત અધીક્ષક અભિયંતા ગુજરાત સરકાર) દ્વારા અથાક પરિશ્રમથી સંપન્ન થયું. સામાયિક અને સ્વાધ્યાય પ્રતિ અનન્ય નિષ્ઠા રાખનાર શ્રી શાહે સંક્ષિપ્તીકરણના આ કાર્યમાં સામાયિક અને સ્વાધ્યાયને એકાકાર કરી દીધા. નિયમિત રૂપે એકસાથે - અનેક સામાયિક ગ્રહણ કરી ઇતિહાસનો સંક્ષિપ્ત પાઠ પોતાના હાથે લખી લખીને એમણે આ કાર્ય કર્યું. વરિષ્ઠ સ્વાધ્યાયી શ્રી શાહ સાધુ-સાધ્વીઓને જ્ઞાન-ધ્યાન પણ શીખવતા. જૈન ઇતિહાસ પ્રતિ એમની પ્રબળ જિજ્ઞાસા અને ગહન અધ્યયનનું આ પ્રમાણ છે કે એમણે અખિલ ભારતીય સ્તર પર આયોજિત 'જૈન ધર્મના મૌલિક ઇતિહાસ' ખુલ્લી પુસ્તક પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. એમના આ શ્રુત સહયોગ પ્રતિ અમે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

વિશ્વવિદ્યાલય સુવર્ણચંદ્રક વિજેતા અને આચાર્યશ્રી હસ્તી સ્મૃતિ સન્માન(૨૦૦૬)થી વિભૂષિત સાહિત્યકાર ડૉ. દિલીપ ધીંગે હિન્દી સંક્ષિપ્ત સંસ્કરણનું સંપાદન કર્યું. પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સહકાર આપનાર દરેક સહયોગી પ્રત્યે અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

ગુજરાતી અનુવાદનું કાર્ય ડૉ. યોગેન્દ્ર પારેખ, અમદાવાદવાળાએ કરી આપેલ છે. અને પ્રકાશન કરવામાં અ.ભા.શ્રી જૈનરત્ન હિતૈષી શ્રાવકસંઘના રાષ્ટ્રીય ઉ. પ્રમુખ શ્રી પદમચંદજી. જે. કોઠારી તથા તેમના ભ્રાતાશ્રી ચેનરાજજી જે. કોઠારી અમદાવાદવાળાઓએ, પ્રુફરીડિંગ શુદ્ધિકરણમાં જે સહયોગ કર્યો છે તે પ્રત્યે અમે હાર્દિક કૃતજ્ઞતા જ્ઞાપિત કરીએ છીએ.

સંક્ષિપ્તીકરણના આ કાર્યમાં એ વાતનું પૂરું ધ્યાન રાખવામાં આવ્યું કે ભાષા, તથ્ય આદિ કોઈ પણ પ્રકારની ખામી ન રહે. છતાં પણ અમારા તરફથી કોઈ ત્રુટિ રહી ગઈ હોય તો પ્રબુદ્ધ વાચકો અમારું ધ્યાન દોરશે તો આગામી સંસ્કરણમાં સુધારી શકાય.

પી. શિખરમલ સુરાણા	સંપતરાજ ચૌધરી	વિરદરાજ સુરાણા
અધ્યક્ષ	કાર્યાધ્યક્ષ	મંત્રી

સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ

સંપાદકીય...

દૂધનું દૂધ...

સર્વપ્રથમ હું પૂજ્ય આચાર્યદેવશ્રી હસ્તીમલજી મહારાજસાહેબને ભક્તિપૂર્વક વંદન કરું છું.

પ્રસ્તુત ઇતિહાસમાળાના કોઈ પણ ભાગના મૂળ સ્વરૂપમાં મારો પોતાનો એકપણ શબ્દ નથી; જે કાંઈ છે, એ સર્વ પૂર્વાચાર્યો અને વિભિન્ન સમયમાં થઈ ગયેલા વિદ્વાનોનું જ કથન છે. મેં તો માત્ર, સેંકડો ગ્રંથો, હજારો પ્રાચીન હસ્તપ્રતોમાં વેરવિખેર પડેલ જૈન ઇતિહાસને, સમગ્ર દેશમાંથી એકત્રિત કરી યોગ્ય કાળક્રમમાં ગોઠવી, ઘટનાક્રમોનો સમુચિત સ્થાન આપી ઇતિહાસબોધ પ્રગટે અને વાચક-ભોગ્ય બને તે રીતે સંકલન કરવાનો પ્રયાસ કર્યો છે.

મેં વેદવ્યાસ દ્વારા નિર્મિત વિશાળ પૌરાણિક સાહિત્યનું પારાયણ કરતી વખતે વેદવ્યાસની એ ચેતવણી પણ વાંચી છે કે - 'જે વ્યક્તિ જાણી જોઈને કોઈ દૂષિત ઉદ્દેશથી ઐતિહાસિક તથ્યો સાથે છેડછાડ કરે તો તે કલ્પાંતકાળ સુધી અસહ્ય પીડાનો ભોગ બનીને નારકીય દુઃખો વેઠવાને લાયક બને છે.'

આવી સ્થિતિમાં અગર કોઈ વ્યક્તિ પોતાના મનમાં લેશમાત્ર પણ આ પ્રકારની શંકા લાવે કે આ ઇતિહાસ કોઈ પણ સંપ્રદાય કે માન્યતાને શ્રેષ્ઠ સિદ્ધ કરવા કે અન્ય કોઈ પણ સંપ્રદાય કે માન્યતાને ગૌણ સિદ્ધ કરવા લખાયો છે, તો એવી શંકા કરવી તે ઉચિત નહિ ગણાય. આલોચકોને અમારું નમ્ર નિવેદન છે કે સાધાર ચર્ચા અને યોગ્ય પ્રમાણથી ટીકા થશે તો સમગ્ર ઉપક્રમની ગરિમા જળવાશે. તથ્યાનવેષણ માટે ગરિમાપૂર્ણ ભાષા અપેક્ષિત છે.

જે સમયગાળાના ઇતિહાસનું આલેખન પ્રસ્તુત ભાગમાં કરવામાં આવ્યું છે એ કાળ જૈન ઇતિહાસનો એ દુર્ભાગ્યપૂર્ણકાળ છે.

આ કાળના જૈન સાહિત્યનું અધ્યયન કરતી વખતે મને એવી પ્રતીતિ થઈ કે ભગવાન મહાવીરના અનુયાયીઓના માથે જાણે શેતાન સવાર થઈ ગયો છે. એ સમયગાળામાં જૈન ધર્માવલંબી એકબીજાને નીચા દેખાડવા પરસ્પર વિરોધી અશોભનીય શબ્દોનું પ્રયોજન કરતા હતા. આમ કરીને તેઓ ઘોર માનસિક હિંસાનું તાંડવ નૃત્ય કરતા હતા. ઈતિહાસ આપણને ભૂલોનું પુનરાવર્તન ન કરવાની પ્રેરણા આપે છે, જેથી આપણી આજ અને આવતીકાલ વધુ ઉજળી બને.

પર્યાપ્ત સાવધાની રાખવા છતાં ઈતિહાસ-આલેખન - સંપાદન કાર્યથી અગર કોઈને કષ્ટ થયું હોય તો વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરું છું.

ગજસિંહ રાઠોડ
ન્યાય વ્યાકરણ તીર્થ

('જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ'(વિસ્તૃત)ના
ચોથા ભાગમાંથી ઉદ્ધૃત અંશ)

કાલમાન ગણના સૂત્ર

વીર નિર્વાણ સંવત ગણવા માટે	= વિક્રમ સંવત	+ ૪૭૦
	= ઈ. સ.	+ ૫૨૭
	= શક સં.	+ ૬૦૫
ઈ.સ. ગણવા માટે	= શક સં.	+ ૭૮
વિક્રમ સંવત ગણવા માટે	= ઈ. સ.	+ ૫૭
	= શક સં.	+ ૧૩૫

સૂર્ય વર્ષ લગભગ ૩૬૫-૧/૪ દિવસનું હોય છે, ચંદ્ર વર્ષ લગભગ ૩૫૪ દિવસનું. ૧૯ વર્ષમાં થનાર ૨૧૩-૩/૪ દિવસોનું અંતર પૂરું કરવા માટે ૭ માસ વધી જાય છે. સૂર્ય વર્ષથી ઈસવીસન ચાલે છે, શેષ સંવત ચંદ્ર વર્ષથી. અતઃ ૧૯ વર્ષ બાદ તિથિ અને તારીખ સમાન દિવસે આવે છે. હિજરી સંવતમાં માસ વધારવાનું ગણિત ન હોવાથી એની ગણનામાં મોટે ભાગે ૩૨-૧/૨ વર્ષમાં ૧-૧ વર્ષનું અંતર વધી જાય છે.

હિજરી સંવત પ્રારંભ વખતે વીર નિર્વાણ ૧૧૪૯મું, વિક્રમ ૬૭૯મું, ઈ.સ. ૬૨૨મું અને શક સં. ૫૪૪મું ચાલી રહ્યું હતું કારણ કે ૧૯ સૂર્ય વર્ષમાં ૭ ચંદ્ર માસ વધી જાય છે.

પૂર્વ પીઠિકા

જિન ખોજા તિન પાઇયા

જૈન ધર્મના ભોગયુગ અને કર્મયુગના સંગમકાળથી પ્રારંભ કરીને શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણોત્તર ૧૪૭૫ વર્ષ સુધીના અતિ સુદીર્ઘકાળનો ઇતિહાસ પ્રસ્તુત ગ્રંથમાળાના ત્રણ ભાગોમાં સંક્ષિપ્ત શૈલીમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ચતુર્થ ભાગમાં વીર નિર્વાણ સંવત ૧૪૭૬થી વીર નિર્વાણ સંવત ૨૦૦૦ સુધીના ઇતિહાસનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં પણ આચાર્યશ્રી દ્વારા પ્રારંભથી અપનાવવામાં આવેલ રીત મુજબ ધર્મ-ઇતિહાસની સાથોસાથ સામાજિક અને રાજનૈતિક ઇતિહાસ પણ પ્રસ્તુત થયો છે.

આ ગ્રંથમાળાના પ્રથમ પુષ્પમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવથી લઈને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણકાળ સુધીનો જૈન ધર્મનો અને તેની સાથે જ ભારતના તત્કાલીન રાજનૈતિક અને સામાજિક ઇતિવૃત વિશે સંક્ષેપમાં જાણકારી આપી છે. આ સમયગાળાના જૈન ધર્મના ઇતિહાસને અર્થાત્ તીર્થંકર-કાળના ઇતિહાસને જૈન ધર્મનો સુવર્ણયુગ કહેવામાં આવે છે.

ગ્રંથમાળાના દ્વિતીય ભાગમાં ભગવાન મહાવીરના નિર્વાણથી ઉત્તરવર્તીકાળનો, વીર નિર્વાણ સંવત ૧ થી વીર નિર્વાણ સંવત ૧૦૦૦ સુધીના જૈન ધર્મનો ઇતિહાસ આવરી લીધો છે. જેમાં જૈન ધર્મના ઇતિહાસની સાથે-સાથે એક હજાર વર્ષના ભારતનો રાજનૈતિક અને યથાશક્ય સામાજિક ઇતિવૃત્તને પણ સાંકળી લીધેલ છે. આ સમયના જૈન ધર્મના ઇતિહાસને કેવળીકાળ, ચતુર્દશ પૂર્વધરકાળ, દશ પૂર્વધરકાળ અને સામાન્ય પૂર્વધરકાળ એમ ચાર વર્ગોમાં વિભાજિત કરેલ છે.

વીર નિર્વાણની ત્રીજી શતાબ્દીના ચોથા દાયકાની આસપાસ આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તીના સમયમાં સંઘભેદની એકાદ અપવાદરૂપ ઘટના ઘટી. ત્યાર બાદ વીર નિર્વાણ સં. ૬૦૯ની આસપાસ ભગવાન મહાવીરનાં સંઘમાં દિગંબર, યાપનીય અને શિથિલાચારોન્મુખી ચૈત્યવાસી પરંપરાઓનાં બીજ મંડાયાં. એ છતાં પણ ભગવાન મહાવીરનો ધર્મસંઘ એકતા અને અખંડિતતાપૂર્વક પોતાની વિશુદ્ધ અને મૂળ શાસ્ત્રીય પરંપરાના પ્રચાર-પ્રસારના માધ્યમથી જનકલ્યાણની કામગીરીમાં એક મહાનદીના પ્રવાહની જેમ ગતિશીલ રહ્યો.

ત્રીજા ભાગની વાત કરીએ તો, એમાં દિગંબરસંઘની ભટ્ટારક પરંપરાનો ઉદ્‌ભવકાળ અને પ્રારંભની રોમાંચક કથા અને પરંપરાના વિકાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેમાં જૈનો સમક્ષ એવાં મહત્ત્વપૂર્ણ તથ્યોને મૂકવામાં આવ્યાં છે કે, જેનાથી જૈનસમાજના દરેક સંઘ અને સંઘોના વિદ્વાનો પણ તદ્દન અજાણ હતા. આ ભાગમાં ભટ્ટારક પરંપરાના સંસ્થાપક આચાર્ય માઘનંદી, કોલ્હાપુરના શિલાહાર-વંશીય રાજા ગંડરાદિત્ય અને તેના સેનાપતિ નિંબદેવની બાબતમાં જે પરિચય આપવામાં આવ્યો છે, તે વાતની પુષ્ટિ કોલ્હાપુર વિસ્તારમાંથી મળેલ પાંચ શિલાલેખોથી થાય છે. એમાં આચાર્ય માઘનંદીની દૂરદર્શિતાપૂર્ણ અદ્‌ભુત સૂઝ વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે. એમણે શ્રમણ-શ્રમણીઓ અને પ્રચારકોના અભાવમાં ક્ષીણ થતી જતી જૈન પરંપરાના અભ્યુદય માટે વિશાળ ભારતના જુદા-જુદા પ્રાંતોનાં મધ્યભાગમાં ભટ્ટારક પરંપરાની પચીસ પીઠની સ્થાપના કરી જૈનોની સૃષ્ટિમાં પુનઃ અભિનવ જાગરણ, ઉત્સાહ અને ચેતનાનો સંચાર કર્યો.

ભટ્ટારક પરંપરાની જેમ શ્રમણ ભગવાન મહાવીરના ધર્મસંઘની વિલુપ્ત યાપનીય પરંપરા પર પણ અભિનવ પ્રકાશ પાડવામાં આવ્યો છે, જે વીર નિર્વાણની સાતમી શતાબ્દીના પ્રથમ દાયકાથી લઈને વીર નિર્વાણની વીસમી સદીના પ્રથમ ચરણ સુધી જૈન ધર્મના પ્રચાર-પ્રસાર માટે તત્પરતાપૂર્વક સક્રિય રહી.

યાપનીયસંઘના આચાર્ય સિંહનંદીએ કોલ્હાપુરમાં ગંગ નામના એક રાજવંશની સ્થાપના કરી. સદીઓ સુધી જૈન ધર્મના પ્રચાર-પ્રસારનો માર્ગ પ્રશસ્ત કર્યો. ગંગ રાજવંશે લગભગ નવ શતાબ્દીઓ સુધી જૈન ધર્મને રાજયાશ્રય આપી તેના પ્રચાર-પ્રસારમાં સક્રિય યોગદાન આપ્યું. યાપનીય જૈનાચાર્ય દ્વારા સંસ્થાપિત ગંગ રાજવંશની મુખ્ય વિશેષતા એ રહી કે આ રાજવંશના આદિ પુરુષ દડિગ અને માધવથી લઈને અઠ્યાવીસમા અંતિમ રાજા સત્યવાક્ય સુધીના પ્રાયઃ દરેક રાજા જૈન ધર્મ પ્રત્યે પૂર્ણ આસ્થા ધરાવતા હતા.

આ ગ્રંથમાં જૈન ધર્મના હ્રાસનાં મુખ્ય કારણો વિશે સારરૂપ વિગતો આપવામાં આવી છે. જેનાથી વર્તમાન જૈનસંઘ અને ભાવિ પેઢીઓ સમુચિત માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત કરીને ભવિષ્યમાં ક્યારેય હ્રાસનાં એવાં કારણોનું પુનરાવર્તન થવા ન દેવાનો દૃઢ સંકલ્પ કરી ભગવાન મહાવીરના ધર્મસંઘની સર્વતોમુખી પ્રગતિ માટે સમર્પિત રહી શકે.

આ ભાગની મુખ્ય વિશેષતા એ છે કે જૈન ઈતિહાસના સંશોધકો, લેખકો અને વિદ્વાનોએ જૈન ધર્મના વી. નિ. સં. ૧૦૦૧ થી વી. નિ. સં. ૧૭૦૦ સુધીનાં સાતસો વર્ષના ઈતિહાસનું વિવરણ પ્રસ્તુત કરવામાં પોતાની અસમર્થતા પ્રગટ કરી હતી. એમણે માત્ર બે લીટી લખી વાત સમાપ્ત કરી દીધી કે - "આ સમયનો ઈતિહાસ અંધકારમાં વિલીન થઈ ગયો, વિસ્મૃતિની ગહન ગુફામાં ગરક થઈ ગયો છે." પરંતુ સદ્‌ભાગ્યે અમને આ કાળખંડના ઈતિહાસને ઉપલબ્ધ કરવા-કરાવવામાં સફળતા મળી. પરિણામે એ સાતસો વર્ષના અંધકારયુગ જેવા જૈન ઈતિહાસના સમયમાંથી ૪૭૫ વર્ષના ઈતિહાસ - આલેખનમાં જ લગભગ ૮૫૦ પાનાં ભરાઈ ગયાં, તેથી બાકીનાં ૨૨૫ વર્ષના જૈન ઈતિહાસને ચોથા ભાગમાં સમાવિષ્ટ કરવાનો નિર્ણય આખરે લેવો પડ્યો.

આમ, ઈતિહાસ ગ્રંથમાળાના આ ચોથા ભાગમાં ૫૨૫ વર્ષનો જૈન ધર્મનો ઈતિહાસ પ્રસ્તુત કરવામાં આવે છે.

૪૮મા થી ૫૦મા પટ્ટધર અને એમનો સમય

આચાર્ય ઊમણઋષિ

જન્મ	: વી. નિ. સં. ૧૪૦૭
દીક્ષા	: વી. નિ. સં. ૧૪૪૯
આચાર્યપદ	: વી. નિ. સં. ૧૪૭૪
સ્વર્ગારોહણ	: વી. નિ. સં. ૧૪૯૪
ગૃહવાસપર્યાય	: ૪૨ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	: ૨૫ વર્ષ
આચાર્યપર્યાય	: ૨૦ વર્ષ
પૂર્ણસંયમપર્યાય	: ૪૫ વર્ષ
પૂર્ણ આયુ	: ૮૭ વર્ષ

વી. નિ. સં. ૧૪૭૪માં ૪૭મા આચાર્ય કળશપ્રભના સ્વર્ગારોહણ બાદ ચતુર્વિધસંઘે મુનિશ્રેષ્ઠ ઊમણઋષિને ભગવાન મહાવીરના ૪૮મા પટ્ટધર આચાર્યપદ પર અધિષ્ઠિત કર્યા. પોતાના આચાર્યકાળ દરમિયાન ચૌતરફ ચૈત્યવાસી, મઠવાસી, ભટ્ટારક આદિ દ્રવ્ય પરંપરા-ઓના વર્ચસ્વ વચ્ચે પણ તેમણે આગમાનુસારી વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરતાં કરતાં મૂળ પરંપરાના પ્રવાહને વહેતો રાખ્યો. વી. નિ. સં. ૧૪૯૪માં એમણે સંથારાપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.

રાજા કૃષ્ણ દ્વારા ધર્મરક્ષા

શ્રી ઊમણઋષિના આચાર્યકાળમાં રાષ્ટ્રકૂટ રાજવંશના ઓગણીસમા રાજાકૃષ્ણએ જૈન ધર્માવલંબીઓ પર અત્યાચાર કરનાર ચોલ રાજવંશના રાજા રાજાદિત્ય ચોલ અને કલચુરી રાજા વલ્લાલને પરાજિત કરી ન્યાય અને ધર્મની રક્ષા કરી. આ રીતે રાજા કૃષ્ણએ જૈન ધર્મના ઈતિહાસમાં કલિંગપતિ મહામેઘવાહન ભિક્ખુરાય ખારવેલની સમાન શ્લાઘનીય સ્થાન પ્રાપ્ત કર્યું, જેણે અતીતમાં પુષ્યમિત્ર શુંગના અત્યાચારોથી જૈન ધર્મનું રક્ષણ કર્યું.

આચાર્ય જયસેન

જન્મ	:	વી. નિ. સં. ૧૪૨૦
દીક્ષા	:	વી. નિ. સં. ૧૪૬૫
આચાર્યપદ	:	વી. નિ. સં. ૧૪૯૪
સ્વર્ગારોહણ	:	વી. નિ. સં. ૧૫૨૪
ગૃહવાસપર્યાય	:	૪૫ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૨૯ વર્ષ
આચાર્યપર્યાય	:	૩૦ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	:	૫૯ વર્ષ
પૂર્ણ આયુ	:	૧૦૪ વર્ષ

આચાર્ય ઊમણઋષિના સ્વર્ગારોહણ બાદ આગમમર્મજ્ઞ જયષેણઋષિને ઓગણપચાસમા પટ્ટધર આચાર્યપદ પર અભિષિક્ત કરવામાં આવ્યા. વી. નિ. સં. ૧૪૯૪ થી ૧૫૨૪ સુધીની પોતાની ૩૦વર્ષીય આચાર્યપર્યાયમાં જયસેને ચતુર્વિધસંઘની ઉલ્લેખનીય સેવા કરી. તેમણે દ્રવ્ય પરંપરાઓના પ્રબળ પ્રસાર-પ્રચાર છતાં પણ ભગવાન મહાવીરની મૂળ પરંપરાના પ્રવાહને ગતિશીલ રાખ્યો.

વી. નિ. સં. ૧૪૯૯(ઈ.સ. ૯૭૨)માં માલવપતિ હર્ષસિયાકે રાષ્ટ્રકૂટની રાજધાની માન્યખેટ પર આક્રમણ કરી રાષ્ટ્રકૂટના વીસમા રાજા કર્ક દ્વિતીયને પરાજિત કર્યા. આ પરાજયની સાથે જ લગભગ ૨૫૦ વર્ષ સુધી નીતિપૂર્વક શાસન કરનાર જૈનોના સંરક્ષક શક્તિશાળી રાષ્ટ્રકૂટ સામ્રાજ્યની સમાપ્તિ થઈ.

યુગપ્રધાનાચાર્ય ફલ્ગુમિત્ર

જન્મ	: વી. નિ. સં. ૧૪૪૪
દીક્ષા	: વી. નિ. સં. ૧૪૫૮
સામાન્ય સાધુપર્યાય	: વી. નિ. સં. ૧૪૫૮ થી ૧૪૭૧
યુગપ્રધાનાચાર્યકાળ	: વી. નિ. સં. ૧૪૭૧ થી ૧૫૨૦
ગૃહવાસપર્યાય	: ૧૪ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	: ૧૩ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	: ૪૯ વર્ષ
સ્વર્ગારોહણ	: વી. નિ. સં. ૧૫૨૦
પૂર્ણ આયુ	: ૭૬ વર્ષ, ૭માસ, ૭ દિવસ

'તિત્થોગાલી પઇણ્ણય' અનુસાર સાડત્રીસમા યુગપ્રધાનાચાર્ય ફલ્ગુમિત્રના દિવંગત થયા બાદ દશાશ્રુતસ્કંધનો હ્રાસ થયો.

ફલ્ગુમિત્રના આચાર્યકાળની ઘટનાઓ

૧. વી. નિ. સં. ૧૫૨૦માં આહવમલ્લ તૈલવ ચાલુક્ય ચક્રવર્તીના રાજ્યકાળમાં તેના સેનાપતિ તૈલપના આશ્રિત કવિરત્નએ 'અજિત તીર્થંકર પુરાણ તિલકમ્'ની રચના કરી.

૨. વી. નિ. સં. ૧૫૨૦માં જ તૈલપની માતા શ્રાવિકા અતિમબ્બેએ 'શાંતિપુરાણ'ની એક હજાર પ્રત તૈયાર કરાવી દેશના જુદા જુદા ભાગોમાં દાન કરી. એમણે ૧૫૦૦ વસદિયોનું નિર્માણ પણ કરાવ્યું. અતિમબ્બાની ઉલ્લેખનીય સેવાઓ માટે એમને ચતુર્વિધસંઘ દ્વારા 'ઘટાન્તકી દેવી'નું બિરુદ પ્રદાન કરવામાં આવ્યું.

ભારત પર ગજનવી સુલતાનનું આક્રમણ

ઈ. સ. ૯૭૭(વી. નિ. સં. ૧૫૦૪)માં ગજનીના સુલતાન સુબુક્તગીને પંજાબ પર આક્રમણ કર્યું. એ વખતે સરહિંદથી લમગાન સુધી અને મુલતાનથી કાશ્મીર સુધી સીમાવર્તી લાહોર રાજ્ય પર જયપાલ-(ભીમ અથવા ભીમપાલનો પુત્ર)નું શાસન હતું અને તે ભટિંડા દુર્ગમાં રહેતો હતો. લાહોરના રાજા જયપાલે આતતાયી સેના પર ભીષણ આક્રમણ કર્યું. ઘોર યુદ્ધ પછી જ્યારે જયપાલે જોયું કે એની સેનાને ખૂબ ક્ષતિ પહોંચી રહી છે, તો એણે સોનું, હાથી આદિ દેવાનું સ્વીકાર કરીને સુબુક્તગીનની સાથે સંધિ કરી લીધી. જયપાલે તત્કાળ ૫૦ હાથી અને અસંખ્ય સુવર્ણમુદ્રાઓ આપીને સુબુક્તગીનને કહ્યું કે - 'બાકીનું ધન લાહોર જઈને તેના માણસોને આપી દેશે' સુબુક્તગીને વિપુલ સંપત્તિની લાલચ અને યુદ્ધના પરિણામની અનિશ્ચિતતાની આશંકાથી સંધિ કરી લીધી. રાજાએ બંધક તરીકે પોતાના માણસો સુલતાન પાસે રાખ્યા અને સુલતાનના માણસો અને પોતાની સેના સાથે લાહોર પરત ફર્યો. લાહોર પહોંચીને જયપાલે બ્રાહ્મણ અધિકારીઓના પરામર્શથી સુલતાનના માણસોને બંદી બનાવી લીધા.

સુબુક્તગીન પાસે જ્યારે આ સમાચાર પહોંચ્યા કે જયપાલે એની સાથે દગો કર્યો છે, તો તેણે શક્તિશાળી સેના લઈ ગજનીથી લાહોર તરફ પ્રયાણ કર્યું. જયપાલ પણ દિલ્હી કાલંજર અને કન્નોજના રાજા-ઓની સાથે મોટી સેના લઈ રણમેદાનમાં ઉપસ્થિત થયો. સુબુક્તગીનની નવી રણનીતિ અને નવાં શસ્ત્રોના પરિણામે જયપાલની સેના યુદ્ધ-ભૂમિથી નાસી ગઈ. ગજનીના સુલતાનની સેનાએ સિંધુ નદી સુધી જયપાલનો પીછો કર્યો. સિંધના પશ્ચિમી પ્રદેશો પર પોતાનો અધિકાર સ્થાપીને લૂંટમાં પ્રાપ્ત કરેલ વિપુલ સંપત્તિની સાથે તે ગજની પરત ફર્યો. સિંધુ કે પશ્ચિમી પ્રદેશો પર પોતાનું શાસન સુદૃઢ ને સુવ્યવસ્થિત રાખવા માટે સુબુક્તગીને પેશાવરમાં દસ હજાર સૈનિકોની સાથે પોતાનો હાકેમ રાખ્યો.

આ રીતે ભારતના પશ્ચિમી પ્રદેશ સિંધ પછી ભારતની ઉત્તર સીમાના પ્રદેશો પર પણ ઈસ્લામી હકૂમતની સ્થાપના થઈ ગઈ.

પચાસમા પટ્ટધર આચાર્ય વિજયઋષિ

જન્મ	:	વી. નિ. સં. ૧૪૮૭
દીક્ષા	:	વી. નિ. સં. ૧૫૦૩
આચાર્યપદ	:	વી. નિ. સં. ૧૫૨૪
સ્વર્ગારોહણ	:	વી. નિ. સં. ૧૫૮૯
ગૃહવાસપર્યાય	:	૧૬ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૨૧ વર્ષ
આચાર્યપર્યાય	:	૬૫ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	:	૮૬ વર્ષ
પૂર્ણ આયુ	:	૧૦૨ વર્ષ

આડત્રીસમા યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષ

જન્મ	:	વી. નિ. સં. ૧૪૯૬
દીક્ષા	:	વી. નિ. સં. ૧૫૦૪
સામાન્ય સાધુપર્યાય	:	વી. નિ. સં. ૧૫૦૪ થી ૧૫૨૦
યુગપ્રધાનાચાર્યકાળ	:	વી. નિ. સં. ૧૫૨૦ થી ૧૫૯૭
ગૃહવાસપર્યાય	:	૮ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૧૫ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	:	૭૮ વર્ષ
સ્વર્ગારોહણ	:	વી. નિ. સં. ૧૫૯૭
પૂર્ણ આયુ	:	૧૦૧ વર્ષ, ૭ માસ, ૭ દિવસ

યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષ પછી આ નામના અન્ય આચાર્યો પણ થયા. નામમાં સામ્યતાના કારણે એક-બે ઇતિહાસવિદોએ રાજગચ્છના આચાર્ય શીલભદ્રસૂરિના તૃતીય પટ્ટધર આચાર્ય ધર્મઘોષ તથા યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષને એક જ માની લીધા. પરંતુ તેઓ બંને જુદા-જુદા સમયમાં થયેલા બે અલગ આચાર્યો હતા.

ગંગવંશીય રાજા અને સેનાપતિ

ગંગવંશના દરેક રાજા જૈન ધર્મ પાળતા હતા. શ્રમણ ભગવાન મહાવીરના ઓગણપચાસમા પટ્ટધર આચાર્ય જયસેનના આચાર્યકાળમાં ગંગવંશના ચોવીસમા રાજા મારસિંહ ગંગ (વી. નિ. ૧૪૯૦ થી ૧૫૦૧) ખૂબ જ પ્રતાપી, જિનશાસન - ભક્ત, પરમ શ્રદ્ધાળુ અને પ્રભાવક રાજા હતા. એમણે પોતાના ૧૧ વર્ષનાં શાસનકાળમાં જૈનશાસનનાં પ્રચાર-પ્રસાર અને સર્વતોમુખી અભ્યુત્થાનનાં અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યાં. પોતાની જીવનસંધ્યાએ તેમણે બંકાપુરના ભટ્ટારક અજિત-સેનના સાંનિધ્યમાં વી. નિ. સં. ૧૫૦૧ (શક સં. ૮૯૬)માં સંથારાપૂર્વક પંડિતમરણ સ્વીકાર્યું.

ગંગવંશના મંત્રી અને સેનાપતિ ચામુંડરાયે વી. નિ. સં. ૧૫૫૫માં શ્રવણબેલગોલ પર્વતરાજના ઉચ્ચતમ શૃંગને કાપીને એક જ પાષાણ-પુંજની ગોમ્મટેશ્વર (બાહુબલિ)ની એક વિશાળ મૂર્તિનું નિર્માણ કરાવ્યું. આ નિર્માણકાર્ય ૨૩ માર્ચ - ૧૦૨૮ના દિવસે સંપન્ન થયું. સાડા છપ્પન ફૂટ ઊંચી આ વિસ્મયકારક વિશ્વવિખ્યાત મૂર્તિ ઉત્કૃષ્ટ કળાનું ઉત્તમ પ્રતીક છે.

卐

ચૈત્યવાસી પરંપરાના ઉન્મૂલનનું અભિયાન

વીર નિર્વાણની અગિયારમી શતાબ્દીના પ્રારંભે જ ભગવાન મહાવીરના ધર્મસંઘમાં એક અભૂતપૂર્વ પરિવર્તનકારી વળાંક આવ્યો, જેના પરિણામે જૈન ધર્મસંઘમાં અનેક દ્રવ્ય પરંપરાઓનો ઉદ્‌ભવ થયો, વિકાસ થયો, પુષ્પિત અને પલ્લવિત થઈ. ખૂબ જ ઝડપથી તેનું વર્ચસ્વ જૈનસંઘ અને જન-જનના માનસ પર એવું છવાઈ ગયું કે પરંપરાગત અધ્યાત્મપરક મૂળ પરંપરા ગૌણ થતાં થતાં નિતાંત નગણ્ય અને લુપ્ત થઈ ગઈ.

આ દ્રવ્ય પરંપરાઓમાં ચૈત્યવાસી પરંપરાએ પોતાના આડંબર-પૂર્ણ આકર્ષક ધાર્મિક ઉત્સવો, આયોજનો અને ચમત્કાર પ્રદર્શન આદિના માધ્યમથી જનમાનસને પોતાના તરફ આકર્ષિત કરવામાં આશ્ચર્યજનક સફળતા મેળવી. વીર નિર્વાણની અગિયારમી શતાબ્દીના ઉત્તરાર્ધ સુધી તો કર્ણાટક, આંધ્ર આદિ દક્ષિણ પ્રાંતોમાં પણ આ પરંપરાઓએ પોતાનો પ્રભાવ પાથર્યો હતો. ગુજરાત, રાજસ્થાન, માળવા, મત્સ્ય અને ઉત્તરપ્રદેશના જૈનસંઘો પર ચૈત્યવાસી પરંપરાનું આધિપત્ય જાણે છવાઈ ગયું હતું. એ વાતાવરણના પ્રભાવમાં માત્ર શ્રાવક-શ્રાવિકાવર્ગ જ નહિ, મૂળ પરંપરાનો શ્રમણ-શ્રમણીવર્ગ પણ સામૂહિક સ્વરૂપે ચૈત્યવાસી પરંપરાનો અનુયાયી થવા લાગ્યો, પરિણામે મૂળ પરંપરાના અસ્તિત્વ પર સંકટનાં વાદળો ઘેરાવાં લાગ્યાં. આવી સ્થિતિમાં ધર્મનાં મૂળ વિશુદ્ધ સ્વરૂપ અને સર્વજ્ઞ-પ્રણીત આગમાનુ-સારી શ્રમણાચારની રક્ષા માટે મૂળ પરંપરાના ગચ્છોએ મળીને 'સુવિહિત પરંપરા'ને જન્મ આપ્યો.

વખતોવખત સુવિહિત પરંપરાના કર્ણધાર આચાર્યો દ્વારા જૈનસમાજ સમક્ષ આગમાનુસારી ધર્મ અને શ્રમણાચારનું વિશુદ્ધ સ્વરૂપ પ્રસ્તુત કરવામાં આવ્યું. મૂળ પરંપરાને પુરાતન પ્રતિષ્ઠિત પદ પર પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ પણ થયો; પરંતુ આ પ્રયાસો વિફળ રહ્યા. ચૈત્યવાસી પરંપરાના દુર્ભેદ્ય પ્રદેશમાં તેને પ્રવેશ જ ન મળ્યો.

ચૈત્યવાસી પરંપરાના વ્યાપક પ્રસાર-પ્રચાર અને વર્ચસ્વના કારણે વી. નિ. સં. ૧૦૦૧ થી ૨૦૦૦ સુધીના સમયગાળામાં જિનશાસનનું

ખેદજનક વિઘટન થયું. જૈન ધર્મની વિશુદ્ધ મૂળ પરંપરા નિતાંત ગૌણ સ્વલ્પજન-સંમત અને અતિ ક્ષીણ અવસ્થામાં રહી ગઈ.

દ્રવ્ય પરંપરાઓની જનની ચૈત્યવાસી પરંપરાનું વર્ચસ્વ વીર નિર્વાણ નિ. અગિયારમી શતાબ્દીથી વીર નિર્વાણની સોળમી શતાબ્દીના પૂર્વાર્ધ સુધી વધતું જ ગયું; પરંતુ મુમુક્ષુઓનું સદ્‌ભાગ્ય જ કહી શકાય કે એ સંક્રાંતિકાળમાં પણ શ્રમણ પરંપરાના આગમમર્મજ્ઞ વિદ્વાન વનવાસી આચાર્ય ઉદ્યોતનસૂરિ વિદ્યમાન હતા. એમની પાસે વિશુદ્ધ શ્રમણધર્મમાં દીક્ષિત થઈને અને આગમોના અધ્યયનથી સમૃદ્ધ નિર્ભીક અને મેધાવી શ્રમણવર વર્ધમાનસૂરિએ અભિનવ ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો. એમણે લગભગ પાંચ-છ સદીઓથી અંધકાર તરફ આગળ વધતાં જૈનસંઘને અંધકારથી પ્રકાશ તરફની દિશા આપી.

ધર્મક્રાંતિનો શંખનાદ

જે સમયે ચૈત્યવાસી પરંપરા ચરમોત્કર્ષ પર હતી, એ સમયે એટલે કે વિક્રમની અગિયારમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં (વિ. સં. લગભગ ૧૦૬૦ થી ૧૦૮૦ની વચ્ચે) જૈનસંઘમાં એક અભિનવ ક્રાંતિકારી પરંપરાનો અભ્યુદય થયો. એ પરંપરાએ દ્રવ્ય પરંપરાના વર્ચસ્વને સમાપ્ત કરવામાં અને જૈન ધર્મ તથા શ્રમણાચારના વિશુદ્ધ સ્વરૂપને પુનઃ પ્રતિષ્ઠિત કરવાનું બીડું ઉઠાવ્યું. આચાર્ય વર્ધમાનસૂરિ એ પરંપરાના સંસ્થાપક હતા. પ્રથમ આચાર્ય વર્ધમાનસૂરિથી લઈને સાતમા આચાર્ય જિનપતિસૂરિ સુધી અર્થાત્ સાત પેઢી સુધી (વિક્રમની અગિયારમી શતાબ્દીથી તેરમી શતાબ્દી સુધી) ચૈત્યવાસી પરંપરાની સાથે આ પરંપરાનો સંઘર્ષ ચાલતો રહ્યો.

વર્ધમાનસૂરિ પ્રારંભે ચૈત્યવાસી પરંપરામાં દીક્ષિત થયા હતા. 'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી' અનુસાર એમના ચૈત્યવાસી ગુરુનું નામ આચાર્ય જિનચંદ્ર હતું, જેઓ ચોર્યાશી ચૈત્યોના અધિનાયક હતા. આગમોની વાચના ગ્રહણ કરતી વખતે ૮૪ આશાતનાઓનો પાઠ આવ્યો અને તેના પર મનન કરતાં વર્ધમાનસૂરિના મનમાં ઊહાપોહ થયો. આગમોમાં પ્રતિપાદિત શ્રમણાચારથી ચૈત્યવાસી સાધુઓનાં

નિતાંત વિપરીત આચરણ - વ્યવહાર જોઈને તેમણે પોતાના ગુરુ આચાર્ય જિનચંદ્રજીને નિવેદન કર્યું કે - 'આ આશાતનાઓથી બચીને વિશુદ્ધ શ્રમણધર્મનું પાલન કરવાથી જ આત્માનું કલ્યાણ થઈ શકે છે.'

પોતાના શિષ્યની વાત સાંભળીને આચાર્ય જિનચંદ્ર સ્તબ્ધ થઈ ગયા. એમને શંકા જન્મી કે આ મેધાવી સાધુ ચૈત્યવાસી પરંપરાની વિરુદ્ધમાં ક્યાંય વિદ્રોહ ન કરી બેસે. જિનચંદ્રએ પોતાના શિષ્યને ચૈત્યવાસી પરંપરામાં ટકાવી રાખવા માટે તેને પ્રલોભન આપવાનો નિશ્ચય કર્યો. એમણે શીઘ્ર મુનિ વર્ધમાનને આચાર્યપદ પ્રદાન કરી દીધું. પરંતુ આચાર્યપદનું પ્રલોભન તેમને સત્યના માર્ગે પ્રયાણ કરવાથી રોકી શક્યું નહિ. વર્ધમાનસૂરિએ વિનયપૂર્વક ગુરુને જણાવ્યું કે - 'પોતે આત્મકલ્યાણના ઉદ્દેશથી ઘરબાર છોડીને નીકળ્યા છે, એથી હવે તેઓ પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે ભગવાન મહાવીર દ્વારા પ્રશસ્ત સાધનાના આગમાનુસારી માર્ગ પર જ પ્રયાણ કરશે.'

પોતાના ગુરુ જિનચંદ્રાચાર્યને આ રીતે નિવેદન કરી મુનિ વર્ધમાન પોતાના સાથી મુનિઓને લઈ ચૈત્યવાસી પરંપરાનો ત્યાગ કરી આગમાનુસારી વિશુદ્ધ શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરવા માટે શ્રમણોત્તમ ગુરુની શોધમાં અત્ર-તત્ર વિહાર કરવા લાગ્યા. વિચરણ દરમિયાન તેમને જાણવા મળ્યું કે ઉદ્યોતનસૂરિ નામના અરણ્યચારી (વનવાસી) પરંપરાના આચાર્ય છે, જેઓ ખૂબ ક્રિયાનિષ્ઠ અને આગમ-નિષ્ણાત આચાર્ય છે અને દિલ્હીની આસપાસના ક્ષેત્રમાં વિચરણ કરી રહ્યા છે.

વર્ધમાનસૂરિ તરત જ આચાર્ય ઉદ્યોતનસૂરિ પાસે પહોંચ્યા. પોતાની બાબતમાં અથથી ઇતિ સુધીનું સંપૂર્ણ વિવરણ આચાર્યશ્રી સમક્ષ તેમણે રજૂ કર્યું. ત્યાર બાદ એમનાં ચરણોમાં પંચમહાવ્રતોની શ્રમણદીક્ષા પ્રદાન કરવા પ્રાર્થના કરી. ઉદ્યોતનસૂરિએ ભવભીરુ અને સુયોગ્ય પાત્ર સમજી વર્ધમાનસૂરિ અને તેમના સાથીઓને પુનઃ શ્રમણધર્મની દીક્ષા પ્રદાન કરી. ઉપસંપદા (દીક્ષા) ગ્રહણ કર્યા પછી વર્ધમાન મુનિએ પૂર્ણ નિષ્ઠા અને વિનયપૂર્વક ગુરુ ઉદ્યોતનસૂરિ પાસે આગમોનું અધ્યયન કર્યું. આગમોનું તલસ્પર્શી જ્ઞાન પ્રદાન કર્યા પછી સંભવતઃ ઉદ્યોતન-સૂરિએ જ વર્ધમાનસૂરિને સૂરિમંત્ર આપ્યો. સૂરિમંત્રની સાધના પછી

વર્ધમાનસૂરિએ ચૈત્યવાસીઓ દ્વારા વિકૃત કરવામાં આવેલ ધર્મના મૂળ સ્વરૂપ અને વિશુદ્ધ શ્રમણાચારને પ્રકાશમાં લાવવા અને તેને જન-જન સમક્ષ પ્રગટ કરવાનો ભગીરથ પ્રયાસ શરૂ કર્યો.

આચાર્ય ઉદ્યોતનસૂરિ પાસે ઉપસંપદા અને શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરી વર્ધમાનસૂરિએ શિથિલાચાર અને દ્રવ્ય પરંપરાઓના દલદલમાં ફસાયેલ ધર્મરથનો સાહસપૂર્વક ઉદ્ધાર કર્યો. એમણે ધર્મના વિશુદ્ધ સ્વરૂપને પુનઃ પ્રતિષ્ઠિત કરતાં કરતાં વસતિવાસનો પુનઃ પ્રારંભ કર્યો. એમના આ મહાન કાર્ય માટે જિનશાસન સહસ્ત્રાબ્દીઓ સુધી એમનું ઋણી રહેશે. વર્ધમાનસૂરિની આ યશસ્વિની પરંપરા આગળ જતાં 'ખરતરગચ્છ'ના નામે વિખ્યાત થઈ.

આચાર્ય ઉદ્યોતનસૂરિ

જૈન ધર્મના આગમિક સ્વરૂપને જનપ્રિય બનાવનાર વર્ધમાનસૂરિએ વનવાસી આચાર્ય ઉદ્યોતનસૂરિ પાસેથી આગમાનુસાર વિશુદ્ધ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી. ઉદ્યોતનસૂરિએ વર્ધમાનસૂરિને સર્વ સિદ્ધાંતો - આગમોનું અધ્યયન કરાવ્યું. પોતાના મેધાવી શિષ્ય વર્ધમાનસૂરિને આગમ નિષ્ણાત અને સુયોગ્ય સમજી ઉદ્યોતનસૂરિએ તેમને આચાર્યપદ પ્રદાન કર્યું. "મારા આ પ્રભાવશાળી શિષ્ય વર્ધમાન મુનિ દ્વારા મારા ગચ્છની અભિવૃદ્ધિ આદિ અનેક કામ થશે." આમ કહીને ઉદ્યોતનસૂરિએ તેમને ઉત્તરાખંડમાં વિચરણ કરવાની આજ્ઞા પ્રદાન કરી. ગુરુઆજ્ઞાને શિરોધાર્ય કરી વર્ધમાનસૂરિ વિહાર કરી ઉત્તરાખંડ પહોંચ્યા અને ત્યાં વિભિન્ન ગ્રામ, નગર આદિમાં ધર્મોપદેશ દેવા લાગ્યા.

વર્ધમાનસૂરિને ઉત્તરાખંડ તરફ વિહારની આજ્ઞા આપ્યા પછી ઉદ્યોતનસૂરિ ૮૩ શ્રમણ-સમૂહોના આગમ-અધ્યયન કરનાર ૮૩ શિક્ષાર્થી શ્રમણો સાથે વિચરણ કરી રહ્યા હતા. એક વખત તેમણે સંઘની સાથે શત્રુંજય પર્વતરાજ પર ભગવાન ઋષભદેવનો વંદન કર્યા. શત્રુંજયથી પાછા ફરતાં માર્ગમાં તેમણે સિદ્ધવટ (વટવૃક્ષ)ની નીચે રાત્રિ-વિશ્રામ કર્યો. અરધી રાત્રે તેમણે ગગનમંડળમાં જોયું કે રોહિણી

શકટમાં બૃહસ્પતિ પ્રવેશ કરી રહ્યો છે. આ જોઈને ઉદ્યોતનસૂરિએ કહ્યું : "અત્યારના સમયે એવી લાભદાયક શુભ વેળા ચાલી રહી છે કે હું જેના માથે હાથ રાખું તે સર્વત્ર પ્રસિદ્ધ થઈ જાય."

આ સાંભળી દરેક ૮૩ શિષ્ય શ્રમણોએ ઉદ્યોતનસૂરિને પ્રાર્થના કરી કે - "સ્વામીજી ! આપ અમારા વિદ્યાગુરુ છો અને અમે આપના શિષ્ય છીએ. આપ અમારી પર કૃપા કરી અમારા માથે આપના કરકમળ મૂકો." ઉદ્યોતનસૂરિએ કહ્યું : "વાસચૂર્ણ લાવો."

૮૩ શ્રમણોએ કાષ્ઠ અને કંડિકા એકત્ર કરી તેનું ચૂર્ણ બનાવ્યું અને ઉદ્યોતનસૂરિને સમર્પિત કર્યું. ઉદ્યોતનસૂરિએ એ વાસચૂર્ણને અભિમંત્રિત કરી ક્રમશઃ ૮૩ સાધુઓનાં મસ્તક પર વાસક્ષેપ કર્યો. પ્રાતઃકાળે ઉદ્યોતનસૂરિએ પોતાની સ્વલ્પ આયુ-અવધિ જાણી અનશન અંગીકાર કરી ત્યાં જ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા.

અન્ય (પોતાની પરંપરાથી ભિન્ન પરંપરાવાળા) સ્થવિરોના એ સર્વ ૮૩ શિષ્યોએ (પોતપોતાના શ્રમણ-સમૂહોમાં પહોંચીને) આચાર્યપદની પ્રાપ્તિ કરી. એમણે અલગ-અલગ ક્ષેત્રોમાં વિહાર કર્યો અને ૮૩ ગચ્છ પ્રગટ થયા. ઉદ્યોતનસૂરિએ પોતાના શિષ્ય વર્ધમાન મુનિને પોતે જ આચાર્યપદ અગાઉથી જ પ્રદાન કરેલું. આમ એમનું ગચ્છ ચોર્યાશી ગચ્છની પ્રસિદ્ધિ પામ્યું. આ રીતે ચોર્યાશી ગચ્છોની ઉત્પત્તિ થઈ.

'ખરતરગચ્છ ગુર્વાવલી'ના આ ઉલ્લેખથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે ચૈત્યવાસી પરંપરાના એ વર્ચસ્વકાળમાં ઉદ્યોતનસૂરિ વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરનારા વિદ્વાન આચાર્ય હતા.

તપાગચ્છ પટ્ટાવલી આદિ તપાગચ્છીય ઐતિહાસિક સાહિત્યમાં અનેક ઉલ્લેખ મળી આવે છે, જેનાથી આભાસ થાય છે કે ભગવાન મહાવીરની આચાર્ય પરંપરાના પાંત્રીસમા આચાર્ય વિમલસૂરિના પટ્ટધર શિષ્ય અને છત્રીસમા આચાર્ય સર્વદેવસૂરિના ગુરુ બૃહદ્‌ગચ્છના સંસ્થાપક આચાર્ય ઉદ્યોતનસૂરિ અને વર્ધમાનસૂરિના ગુરુ ખરતરગચ્છના આદિ આચાર્ય ઉદ્યોતનસૂરિ જુદા જુદા સમયે થયેલાં એક જ નામ ધરાવતાં બે જુદા આચાર્ય હતા.

આચાર્ય વર્ધમાનસૂરિ

વીર નિર્વાણની અગિયારમી શતાબ્દીની શરૂઆતથી વીર નિર્વાણની સોળમી શતાબ્દીની સમાપ્તિ સુધીના સમયને જૈન ધર્મના ઇતિહાસમાં મોટેભાગે ચૈત્યવાસી પરંપરાના ચરમોત્કર્ષ કાળની સંજ્ઞા આપી શકાય. એ વખતે ઉત્તર ભારતમાં સંપૂર્ણ ગુર્જર પ્રાંતથી લઈ ચારેય તરફ દૂરવર્તી પ્રદેશો સુધી ચૈત્યવાસી પરંપરાનું વર્ચસ્વ વિદ્યમાન હતું.

સુવિહિત પરંપરાના સાધુ અતિ ઓછી સંખ્યામાં હતા. જે કોઈ હતા, તો ખૂબ દૂર અને લોકદૃષ્ટિથી એક રીતે ઉપેક્ષિત દશામાં વિચરણ કરી રહ્યા હતા. એ જ કારણ હતું કે ચૈત્યવાસી આચાર્ય જિનચંદ્રનાં શિષ્ય વર્ધમાનસૂરિએ ચૈત્યવાસનો પરિત્યાગ કરી સુવિહિત પરંપરાના કોઈ વિદ્વાન આચાર્ય અથવા સાધુની પાસે ઉપસંપદા ગ્રહણ કરવાનો વિચાર કર્યો, શોધખોળ કરવાથી એમને દિલ્હી ક્ષેત્રની આસપાસ વિચરણ કરી રહેલા અરણ્યચારી ઉદ્યોતનસૂરિ વિશે સમાચાર મળ્યા. વર્ધમાનસૂરિને એમના ગુરુ જિનચંદ્રએ આચાર્યપદ પ્રદાન કરી ચૈત્યવાસી પરંપરામાં જ રહેવાનું પ્રલોભન આપ્યું. પરંતુ વર્ધમાનાચાર્યના આંતરચક્ષુ ખૂલી ચૂક્યાં હતાં. આમ તેમણે વનવાસી આચાર્ય ઉદ્યોતનસૂરિની પાસે ઉપસંપદા ગ્રહણ કરી શાસ્ત્રોના અધ્યયનથી સુવિહિત પરંપરાના પ્રસારના પ્રયાસની શરૂઆત કરી.

પ્રથમ ક્રિયોદ્ધાર

'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી' અનુસાર અણહિલપુર-પાટણમાં સ્વયં વર્ધમાનસૂરિએ જિનેશ્વર આદિ પોતાના ૧૭ શિષ્યો સહિત દુર્લભરાજની સભામાં જઈને સૂરાચાર્ય આદિ ચોર્યાશી ચૈત્યવાસી આચાર્યોને પરાજિત કર્યા. આ પરાજયથી ચૈત્યવાસીઓનો સદીઓથી સુદૃઢ ગઢ ભાંગી ગયો. આ ભગીરથ કાર્યમાં વર્ધમાનસૂરિ અને જિનેશ્વરસૂરિ એ અગણિત મુશ્કેલીઓ વેઠવી પડી.

વીર નિર્વાણની અગિયારમી શતાબ્દીથી સોળમી શતાબ્દી સુધીના ચૈત્યવાસીઓના ઉત્કર્ષકાળમાં જૈનસમાજ દ્રવ્યપૂજા બાબતે પૂર્ણસ્વરૂપે

કેળવાઈ ગયો હતો. ચૈત્યવાસીઓ દ્વારા ધર્મના નામે પ્રચલિત થયેલાં અશાસ્ત્રીય અને આડંબરપૂર્ણ વિધિ-વિધાન જૈનસમાજમાં ધાર્મિક કૃત્યો રૂપે રૂઢ થઈ ગયાં હતાં. જૈન-ધર્માવલંબીઓનો એક મોટો વર્ગ ધર્મની મૂળ આત્મા આધ્યાત્મિકતાને લગભગ ભૂલી ગયો હતો. મિથ્યાડંબરમાં અથડાતાં - ભટકતાં લોકોને જૈન ધર્મનું સાચું સ્વરૂપ-દર્શન કરાવવા માટે પંડિત જિનેશ્વરગણિએ પોતાના ગુરુ વર્ધમાનસૂરિને પ્રાર્થના કરી.

જિનેશ્વરગણિની પ્રાર્થનાને સ્વીકારી વર્ધમાનસૂરિએ પોતાના સત્તાર સાધુઓ સાથે દિલ્હીથી ગુજરાત તરફ વિહાર કર્યો. વિહારક્રમમાં તેઓ પલ્લી (સંભવતઃ પાલી - મારવાડ) થઈને અણહિલ-પુર-પાટણ પહોંચ્યા. ત્યાં સુસાધુઓનો ભક્ત એક પણ શ્રાવક ન હતો, જેને રહેવા માટે સ્થાનની પણ યાચના કરી શકાય. એવી સ્થિતિમાં તેઓ નગરની બહાર એક છત્રી શોધી રહેવા લાગ્યા અને સ્વાધ્યાય, ધ્યાન આદિ આવશ્યક ધર્મકૃત્યોમાં વ્યસ્ત રહ્યા. એ છત્રી નીચે તડકો, ભૂખ-તરસ સહન કરતાં થોડો સમય પસાર થયા બાદ જિનેશ્વરગણિ એ પોતાના ગુરુને વિનંતી કરી કે - "ભગવંત ! આ રીતે બેસી રહીશું તો કાર્યમાં ગતિ નહિ આવે." વર્ધમાનસૂરિએ પૂછ્યું : "તો શું કરીએ એ જણાવો સૌમ્ય !"

જિનેશ્વરગણિએ નિવેદન કર્યું : "ભગવંત ! જો આપની આજ્ઞા હોય તો હું પેલા વિશાળ ભવનમાં જાઉં, જે અહીંથી દેખાઈ રહ્યું છે."

ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરી પંડિત જિનેશ્વરે ભવનપ્રતિ પ્રયાણ કર્યું. એ ભવન અણહિલપુર-પાટણનાં રાજા દુર્લભરાજના રાજપુરોહિતનું હતું.. વાત વાતમાં પંડિત જિનેશ્વરગણિના પાંડિત્યથી રાજપુરોહિત ખૂબ પ્રભાવિત થયા. એમણે જિનેશ્વરગણિને પૂછ્યું : "આપ ક્યાંથી આવ્યા છો અને ક્યાં રોકાયા છો ?" જિનેશ્વરગણિએ જણાવ્યું : "અમે દિલ્હીથી આવ્યા છીએ અને નગરની બહાર એક ખુલ્લી છત્રી નીચે નિવાસ કર્યો છે. આ પ્રદેશમાં અમારા વિરોધીઓની સંખ્યા ઘણી છે, અહીં અમારા અનુયાયી કે ઉપાસક કોઈ નથી. અમે અઢાર સાધુઓ છીએ."

આ સાંભળીને રાજપુરોહિતે પોતાના ભવનમાં એક ભાગમાં એમને નિવાસ કરવાની અનુમતિ આપી. વર્ધમાનસૂરિ પોતાના શિષ્યો સાથે રાજપુરોહિતના ભવનમાં એક ભાગમાં રોકાયા. પુરોહિતના સેવકોએ સાધુઓને બ્રાહ્મણોનાં ઘર બતાવ્યાં, જ્યાંથી તેમને આવશ્યકતા અનુસાર ભિક્ષા પ્રાપ્ત થઈ. એ સમયે આખા નગરમાં એ વાત ફેલાઈ ગઈ કે - 'પાટણમાં વસતિવાસી સાધુઓ આવ્યા છે.' ચૈત્યવાસીઓએ વસતિવાસી સાધુઓનાં આગમનની વાત સાંભળતાં જ એમને ત્યાંથી હાંકી કાઢવાના ષડ્યંત્રની શરૂઆત કરી દીધી. આખા નગરમાં, રાજભવન અને રાજસભા સુધી ચૈત્યવાસી-ઓએ એવી અફવા ફેલાવી દીધી કે - 'દુર્લભરાજના રાજ્યને પચાવી પાડવાની ઇચ્છાથી મુનિવેશમાં કોઈ શત્રુરાજાના ગુપ્તચર અણહિલપુર-પાટણમાં આવી ચૂક્યા છે.' જ્યારે દુર્લભરાજના કાન સુધી આ વાત પહોંચી તો તેમણે પોતાના રાજપુરુષોને પૂછ્યું કે - 'પેલા ગુપ્તચરો ક્યાં છે ?' રાજપુરુષોએ કહ્યું : "દેવ ! એ લોકો આપના રાજપુરોહિતના ઘરમાં રોકાયા છે."

મહારાજ દુર્લભરાજે તત્કાળ રાજપુરોહિતને બોલાવીને કહ્યું : "નગરમાં ઘરે-ઘરે એવી વાત ફેલાઈ છે કે શત્રુરાજાના ગુપ્તચર મુનિવેશમાં અહીં આવ્યા છે. અગર તેઓ વાસ્તવમાં ગુપ્તચર છે, તો એમને આપના ઘરમાં નિવાસની વ્યવસ્થા શા હેતુથી આપી છે ?"

રાજપુરોહિતે દુર્લભરાજને જણાવ્યું : "દેવ ! એ લોકો પર આ પ્રકારનો દુષ્ટતાપૂર્ણ આરોપ કોણે લગાવ્યો છે ? હું લાખ મુદ્રાઓ દાવ પર લગાવું છું કે આવી વાત કરનાર કોઈ પણ વ્યક્તિ અગર એ સાધુઓમાં એક પણ દૂષણ સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવતો હોય તો સામે આવે અને પોતાની વાત સિદ્ધ કરે."

રાજપુરોહિતની વાતથી રાજસભામાં સન્નાટો છવાઈ ગયો. રાજપુરોહિતનો પડકાર સ્વીકાર કરનાર કોઈ પણ વ્યક્તિ ત્યાં હાજર ન હતી. આ પડકાર સ્વીકારવા જ્યારે કોઈ પણ વ્યક્તિ સામે ન આવી ત્યારે રાજપુરોહિતે કહ્યું : "રાજન્ ! એ સર્વ સાધુઓ સદેહે ધર્મનું સ્વરૂપ છે. એમનામાં કોઈ પણ પ્રકારના દોષો નથી."

રાજપુરોહિતની વાત સાંભળી રાજા દુર્લભરાજ પૂર્ણતઃ આશ્વસ્ત અને સંતુષ્ટ થયા. રાજસભામાં ઉપસ્થિત સૂરાચાર્ય આદિ ચૈત્યવાસી આચાર્યોએ રાજપુરોહિતની વાત સાંભળી પરસ્પર મંત્રણા કરી કે - 'આ વસતિવાસી સાધુઓનો યેનકેન પ્રકારે વાદમાં પરાજિત કરી અહીંથી કાઢી મૂકવા જોઈએ. રોગને ઊગતો જ ડામી દેવામાં ડહાપણ છે.' આ રીતે વિચાર કરી એ ચૈત્યવાસી આચાર્યોએ રાજપુરોહિતને કહ્યું : "આપના ઘરે રોકાયેલા યતિઓ સાથે અમે ચર્ચા-વિચારણા કરવા ઇચ્છીએ છીએ."

રાજપુરોહિતે જવાબ આપ્યો કે - "એમને પૂછીને જે પ્રતિભાવ આવશે તેની આપને જાણ કરીશ."

રાજપુરોહિતે ઘરે આવી વર્ધમાનસૂરિને વસ્તુસ્થિતિથી અવગત કર્યા અને કહ્યું : "મહાત્મા ! આપના વિપક્ષી આપની સાથે ચર્ચા કરવા ઇચ્છે છે."

વર્ધમાનસૂરિએ કહ્યું : "બિલકુલ ઠીક છે. એમાં ડરવાની કોઈ આવશ્યકતા નથી. આપ એમને માત્ર એટલું જ જણાવો કે અગર તેઓ શાસ્ત્રાર્થ કરવા ઇચ્છે છે તો મહારાજ દુર્લભરાજ સમક્ષ જ તેઓ અમારી સાથે વાદ-વિવાદ કરે."

રાજપુરોહિતે ચૈત્યવાસી આચાર્યોની પાસે જઈ વર્ધમાનસૂરિએ કહેલી વાત કહી. ચૈત્યવાસી આચાર્યોને ધરપત હતી કે નાના-મોટા સર્વ રાજ્યાધિકારીઓ એમને વશવર્તી છે, એટલે એમને કોઈ પણ પ્રકારનો ભય ન હતો. આવી સ્થિતિમાં રાજા સમક્ષ શાસ્ત્રાર્થ માટે કોઈ વાંધો ન હતો. આ પ્રકારે વિચાર કરી ચૈત્યવાસી આચાર્યોએ સહુની સામે જ કહ્યું : "અતિ વિશાળ પંચાશરીય દેવમંદિરમાં અમુક દિવસે શાસ્ત્રાર્થ થશે."

રાજપુરોહિતે રાજા દુર્લભરાજને એકાંતમાં કહ્યું : "રાજન્ ! દિલ્હીથી આવેલા મુનિઓની સાથે ચૈત્યોમાં નિયત નિવાસ કરનાર અહીંના ચૈત્યવાસી મુનિ ચર્ચા કરવા ઉત્સુક છે. આવો શાસ્ત્રાર્થ ન્યાયવાદી રાજા સમક્ષ થાય તો શોભા આવે. એટલે શાસ્ત્રાર્થ વખતે વાદ-વિવાદના સ્થળે આપની કૃપાપૂર્ણ ઉપસ્થિતિ સાદર પ્રાર્થનીય છે."

દુર્લભરાજે સ્વીકૃતિ પ્રદાન કરતી વખતે રાજપુરોહિતને કહ્યું : "આ ઉચિત છે. અમે વાદવિવાદ સ્થળે અવશ્ય ઉપસ્થિત રહીશું."

વિક્રમ સંવત ૧૦૮૦માં શાસ્ત્રાર્થ માટે નિશ્ચિત દિવસ અને નિર્ધારિત સમેય પંચાશરીય દેવમંદિરમાં સૂરાચાર્ય આદિ ૮૪ આચાર્ય પોતાની વરિષ્ઠતા મુજબ સિંહાસન પર બિરાજમાન થયા. રાજા દુર્લભરાજે પણ સિંહાસન પર સ્થાન ગ્રહણ કર્યું. રાજાએ પુરોહિતને સંબોધિત કરતાં કહ્યું : "પુરોહિતજી ! આપના સાધુઓને બોલાવો."

રાજપુરોહિતે ઘરે જઈને વર્ધમાનસૂરિને કહ્યું : "મહાત્માજી ! દરેક આચાર્ય પોતાના શિષ્યસમુદાય સહિત વાદસ્થળ પર આવી ચૂક્યા છે. મહારાજ દુર્લભરાજ પણ પંચાશરીય મંદિરમાં આપના આગમનની પ્રતીક્ષા કરે છે. રાજાએ ઉપસ્થિત એ સર્વ આચાર્યોને તાંબૂલ સમર્પિત કરી સંમાનિત કર્યા છે."

સુધર્મા સ્વામી આદિ સર્વ યુગપ્રધાનોનું હૃદયમાં ધ્યાન ધરી વર્ધમાન-સૂરિએ પણ પોતાના પંડિત જિનેશ્વરસૂરિ આદિ આગમ-નિષ્ણાત મુનિઓની સાથે પંચાશરીય મંદિર તરફ પ્રસ્થાન કર્યું. રાજા દ્વારા પ્રદર્શિત સ્થાન પર પંડિત જિનેશ્વર દ્વારા બિછાવેલા આસન પર વર્ધમાનસૂરિ બેઠા અને એમનાં ચરણોની પાસે જિનેશ્વરગણિ પણ બેઠા. દુર્લભરાજ આચાર્ય વર્ધમાનસૂરિને તાંબૂલ અર્પણ કરવા તત્પર થયા. આ જોઈને વર્ધમાનસૂરિએ કહ્યું : "રાજન્ ! સાધુ માટે તાંબૂલ ગ્રહણ કરવા કે તાંબૂલનું અર્પણ કરવું સર્વથા નિષિદ્ધ છે. ધર્મનીતિ મુજબ સાધુઓ તથા વિધવા માટે તાંબૂલ અત્યંત નિંદનિય અને નિષિદ્ધ જણાવવામાં આવેલ છે." આટલું સાંભળતાં જ વિવેકશીલ વ્યક્તિઓના હૃદયમાં આ વસતિવાસી સાધુઓ પ્રત્યે પ્રગાઢ શ્રદ્ધા જન્મી.

શાસ્ત્રાર્થ પ્રારંભ કરતી વખતે વર્ધમાનસૂરિએ વાદસ્થળ પર ઉપસ્થિત દરેક સભ્યોને ધ્યાનમાં રાખી કહ્યું : "શાસ્ત્રાર્થ કરતી વખતે પંડિત જિનેશ્વર ઉત્તર-પ્રત્યુત્તરમાં જે કાંઈ કહે તેને મારું સંપૂર્ણ સમર્થન છે એમ જાણવું." દરેક સભ્યોએ વર્ધમાનસૂરિની વાતમાં સંમતિસૂચક હકાર પ્રગટ કર્યો.

ત્યાર બાદ વાદ માટે પોતાનો પૂર્વપક્ષ પ્રસ્તુત કરતાં ચૈત્યવાસી-ઓના પ્રમુખ સૂરાચાર્યએ કહ્યું : "જે મુનિ વસતિમાં રહે છે, તેઓ પ્રાયઃ ષડ્દર્શન બાહ્ય છે. ષડ્દર્શનમાં ક્ષપણક, જટી આદિ આવે છે. પોતાના પક્ષને પરિપૃષ્ટ કરવા માટે સૂરાચાર્યએ નવ્યવાદ પુસ્તકમાંથી ઉલ્લેખ વાંચી સંભળાવવા પુસ્તક હાથમાં લીધું. જિનેશ્વરગણિએ તત્કાળ વચ્ચે ટોકતાં અણહિલપુર-પાટણના રાજાને ઉદ્દેશીને કહ્યું : "શ્રી દુર્લભ મહારાજ ! આપના રાજ્યમાં પૂર્વપુરુષો દ્વારા નિર્ધારિત નીતિ ચાલુ છે કે આજકાલના પુરુષો દ્વારા નિર્મિત નીતિ ?"

રાજાએ તત્કાળ કહ્યું : "અમારા દેશમાં પૂર્વપુરુષો દ્વારા નિર્મિત અને નિર્ધારિત નીતિ ચાલે છે, અન્ય કોઈ નીતિ ચાલતી નથી."

જિનેશ્વરસૂરિએ રાજાનો ખુલાસો સાંભળી ઉમેર્યું : "મહારાજ ! અમારા ધર્મમાં પણ ગણધરો અને ચતુર્દશ પૂર્વધર શ્રુતકેવળીઓએ જે ધર્મમાર્ગ પ્રદર્શિત કર્યો છે એ જ પ્રમાણભૂત ગણાય છે. ગણધરો અને ચતુર્દશ પૂર્વધરો સિવાય અન્ય કોઈ દ્વારા પ્રદર્શિત માર્ગને અમારા મતમાં કદાપિ માન્ય કે પ્રમાણભૂત ગણવામાં આવતો નથી."

દુર્લભરાજ મહારાજે તત્કાળ કહ્યું : "આ વાત પૂર્ણતઃ ઉચિત અને યુક્તિસંગત છે."

રાજા દ્વારા પોતાની વાતનું સમર્થન થતાં જિનેશ્વરસૂરિએ કહ્યું : "રાજન્ ! અમે લોકો ખૂબ દૂરથી આવીએ છીએ, એટલે અમારી પાસે અમારા પૂર્વસૂરિ ગણધરો અને ચતુર્દશ પૂર્વધરો દ્વારા રચિત આગમગ્રંથો લાવી શકયા નથી, તેથી આપને વિનંતી છે કે આ ચૈત્યવાસીઓના મઠોમાંથી પૂર્વપુરુષો દ્વારા રચિત ગ્રંથો આપ મંગાવી આપો, જેથી સન્માર્ગ અને ઉન્માર્ગનો નિર્ણય થઈ શકે."

જિનેશ્વરસૂરિની ન્યાયસંગત માંગનો સ્વીકાર કરીને દુર્લભરાજ મહારાજે ચૈત્યવાસી આચાર્યોને સંબોધિત કરતાં કહ્યું : "આમનું કથન સંપૂર્ણ યુક્તિસંગત છે. હું અધિકારીઓને આપને ત્યાં મોકલું છું. આપ તેમને ગ્રંથો આપવામાં કોઈ પણ પ્રકારની આનાકાની કરશો નહિ."

ચૈત્યવાસી બરાબર જાણતા હતા કે અગર આગમ ગ્રંથોને મંગાવવામાં આવશે તો તેના દ્વારા વસતિવાસીઓના મતને પુષ્ટિ

મળવાની છે, તેથી તેઓ મૌન જાળવીને બેસી રહ્યા. એટલે રાજાએ તરત પોતાના અધિકારીઓને આજ્ઞા આપી કે - "આમના મઠમાં જઈ શાસ્ત્રોનાં પોટલાં લઈ આવો."

રાજાની આજ્ઞાને શિરોધાર્ય કરી રાજયના અધિકારીઓ ચૈત્યવાસીઓના મઠમાં ગયા અને ત્યાંથી આગમો લઈને શીઘ્રતાપૂર્વક દુર્લભરાજની સેવામાં પાછા ફર્યા. એ શાસ્ત્રોનાં પોટલાં તરત ખોલવામાં આવ્યાં. એ શાસ્ત્રોમાં ચૌદ પૂર્વધર આચાર્ય સય્યંભવ દ્વારા રચિત દશવૈકાલિક સૂત્રની પ્રત જ સર્વપ્રથમ હાથ આવી. એમણે દશવૈકાલિક સૂત્રમાંથી તેના આઠમા અધ્યયનની નિમ્નલિખિત ગાથા દર્શાવી :

अन्नट्ठं पगडं लेणं, भइज्ज सयणासणं ।
उच्चारभूमि संपन्नं, इत्थीपसुविवज्जियं ॥

અર્થાત્ ગૃહસ્થે જે ઘર સાધુ માટે નહિ પણ બીજા માટે કે પોતાના માટે બનાવ્યું હોય, જે ઘરમાં મળ-મૂત્રાદિ વિસર્જન માટેની જગ્યા હોય અને જે ઘર સ્ત્રી, પશુ આદિથી રહિત હોય, એ ઘરમાં સાધુએ રહેવું જોઈએ. જે શય્યા અર્થાત્ પીઠ, ફલક, પાટ આદિ ગૃહસ્થે પોતાના માટે બનાવ્યા હોય એને સાધુ પોતાના ઉપયોગ માટે ગૃહસ્થ પાસેથી લઈ શકે છે.

પંડિત જિનેશ્વરગણિએ આ ગાથા અને તેના અર્થને સભ્યોની સમક્ષ રજૂ કરતાં કહ્યું : "આ પ્રકારની વસતિમાં, આ પ્રકારના ઘરમાં સાધુએ રહેવું જોઈએ, દેવગૃહમાં નહિ."

રાજાએ નિર્ણાયક સ્વરમાં કહ્યું : "બિલકુલ ઠીક અને યુક્તિસંગત તથ્ય છે."

બધા અધિકારીઓને જણાયું કે તેમના ગુરુ નિરુત્તર થઈ ગયા છે. નિરુત્તર થયેલા ગુરુઓની સહાયતા કરવા દરેક રાજ્યાધિકારી કહેવા લાગ્યા : "અમારામાંથી દરેકના ચૈત્યવાસી ગુરુઓ છે. રાજા અમને તથા અમારા ગુરુઓને પ્રમાણભૂત ગણે છે."

એમના કહેવાનું તાત્પર્ય એ હતું કે - 'અમે સહુ ચૈત્યવાસી આચાર્યોના ઉપાસક છીએ અને આ વસતિવાસીઓનો તો કોઈ ઉપાસક

પણ અહીં નથી; તેથી રાજા પણ ન્યાયવાદી હોવાના કારણે માની જાય કે ઉપાસકોના અભાવમાં વસતિવાસીઓને અહીં રહેવા દેવા જોઈએ નહિ.' આવી વાત સાંભળીને તરત શ્રી જિનેશ્વરસૂરિએ કહ્યું : "અહીં કોઈને કોઈ અધિકારી કે મંત્રીના ગુરુઓ છે. સહુ ચૈત્યવાસી આચાર્યોનો દરેકની સાથે સંબંધ છે. અમે તો નવાગંતુકો છીએ, તેથી અમારો કોની સાથે સંબંધ હોય ?" આ વાત સાંભળી દુર્લભરાજે દૃઢ સ્વરમાં કહ્યું : "આપનો અમારી સાથે સંબંધ છે."

જિનેશ્વરસૂરિએ પોતાની વાતનું ભારપૂર્વક પુનરાવર્તન કરતાં કહ્યું : "મહારાજ ! અહીં ઉપસ્થિત દરેક આચાર્યનો કોઈને કોઈ સાથે સંબંધ હોવાના કારણે આ સર્વ કોઈને કોઈ સદસ્યના, અધિકારીના ગુરુ છે, આજ સુધી અહીંના લોકો સાથે અમારો ખાસ સંપર્ક ન થવાના કારણે અમારે કોઈની સાથે સંબંધ નથી કે અમે કોઈના ગુરુ નથી."

આ વાત સાંભળીને રાજા દુર્લભરાજે તત્કાળ એ નવાગંતુક વસતિવાસી મુનિઓને પોતાના ગુરુ તરીકે સ્વીકારી લીધા. ગુરુપદે સ્વીકાર્યા બાદ રાજાએ કહ્યું : "અમારા ગુરુ આ રીતે નીચે બેસે તે યોગ્ય નથી. મારા આદરણીય ગુરુઓ માટે રત્નજડિત વસ્ત્રોમાંથી નિર્મિત સાત-સાત ગાદીઓ લાવવામાં આવે."

રાજાની વાત સાંભળી સેવકો સેવા-તત્પર થયા. તરત જિનેશ્વર-સૂરિએ કહ્યું : "મહારાજ ! સાધુઓ માટે ગાદી પર બેસવું અકલ્પનીય છે. ધર્મનીતિ મુજબ ગાદી પર બેસવાથી સંયમમાં દોષ આવે છે. ગાદી પર બેસવું એ વિભૂષાની ગણનામાં પણ આવે છે અને વિભૂષા સાધુ માટે વર્જિત છે. હે નૃપશિરોમણિ ! ગાદી પર બેસવાથી સાધુ લોકોમાં હાંસીને પાત્ર બને છે. કારણ કે સાધુનો મૂળ ગુણ છે ત્યાગ. અને ગાદી ભોગ અને વૈભવનું પ્રતીક છે. ગાદી પર બેસવાથી સાધુમાં શિથિલતા આવે છે. આ સર્વ દોષોને ધ્યાનમાં રાખતા ગાદી પર બેસવાનું વર્જિત માનવામાં આવે છે."

મહારાજ દુર્લભરાજે જિનેશ્વરગણિને પૂછ્યું : "આપ લોકો કેવા સ્થાનમાં રહો છો ?"

જિનેશ્વરગણિએ ઉત્તર આપ્યો : "મહારાજ ! અહીં વિપક્ષનું પ્રાબલ્ય હોવાના કારણે રહેવા માટે સ્થાન મળી શકે જ કઈ રીતે ?"

દુર્લભરાજે પોતાના એક રાજ્યાધિકારી તરફ ઇશારો કરતાં જિનેશ્વરગણિને કહ્યું : "કરડીહટ્ટીમાં દિવંગત થયેલાં શ્રેષ્ઠીનું એક વિશાળ ભવન છે. તેમને કોઈ વારસદાર ન હોવાથી એ ભવન હાલ ખાલી છે. એ ભવનમાં આપ રહો." વસતિવાસી સાધુઓ માટે તત્ક્ષણ એ ભવનમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી. રાજાએ વિશેષ પૂછપરછ કરતાં જાણ્યું કે ભોજન આદિની યોગ્ય - સુચારુ વ્યવસ્થા નથી. રાજાએ પોતાના દ્વારા નિયમિત રસોઈની વ્યવસ્થાનું સૂચન કર્યું, તો જિનેશ્વરસૂરિએ શાસ્ત્રો મુજબ આહારની રાજા દ્વારા નિર્મિત વ્યવસ્થાના નિષેધની વાત કરી. ધર્માજ્ઞા મુજબ આચરણનો આગ્રહ રાખ્યો. રાજાએ ભિક્ષાટન માટે એક સેવકની વ્યવસ્થા કરી.

શાસ્ત્રાર્થમાં પોતાના પ્રતિપક્ષી એવા ચૈત્યવાસી આચાર્યોને પરાજિત કરી વર્ધમાનસૂરિએ પોતાના શિષ્યપરિવાર સહિત રાજા અને નાગરિકો સાથે વસતિમાં પ્રવેશ કર્યો. આ રીતે વિક્રમ સંવત ૮૦૨માં અણહિલપુર-પાટણના રાજા વનરાજ ચાવડાના ગુરુ આચાર્ય શીલગુણસૂરિએ ચૈત્યવાસી પરંપરા સિવાય અન્ય દરેક પરંપરાઓનાં સાધુ-સાધ્વીઓને પાટણ રાજ્યની સીમામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાડનારી રાજઆજ્ઞા વનરાજ ચાવડા પાસે પ્રસારિત કરાવી હતી, એ નિષેધાજ્ઞાના ૨૭૮ વર્ષ બાદ વિ. સં. ૧૦૮૦ની આસપાસ વર્ધમાનસૂરિએ તત્કાલીન પાટણનરેશ દુર્લભરાજ પાસે તે નિષેધ - આદેશને રદ કરાવી ગુજરાત પ્રદેશમાં વસતિવાસની પુનઃ સ્થાપના કરી.

ચૈત્યવાસી, એ વસતિવાસી સાધુઓને વાદમાં પરાજિત કરી પાટણ રાજ્યથી બહાર કાઢવા ઇચ્છતા હતા. પણ તેઓ પોતે જ વાદ-વિવાદમાં પરાજિત થઈ ગયા. આ રીતે વર્ધમાનસૂરિને પાટણથી બહાર કાઢવાના પહેલા પ્રયાસમાં તેઓ અસફળ રહ્યા. વાદ-વિવાદ પૂર્વે ચૈત્યવાસીએ વસતિવાસીઓ શત્રુરાજાના ગુપ્તચર હોવાનો આક્ષેપ લગાવ્યો, તેમાં પણ તેમને નિષ્ફળતા મળી. કોઈ પણ ઉપાસક નહિ હોવાનું કારણ દર્શાવી તેમના નગરનિવાસને અપ્રસ્તુત ગણવાની ચાલ પણ ચાલી નહિ. સ્વયં રાજાએ વસતિવાસી આચાર્યોને ગુરુપદે સ્થાપ્યા.

વસતિવાસીઓને કાઢવાના અનેકવિધ કીમિયાઓમાં અસફળ થવા છતાં તેઓ શાંત ન બેઠા. ચૈત્યવાસીઓ પરસ્પર મંત્રણા કરી વધુ એક ષડ્યંત્ર રચ્યું. એ ચોર્યાશી ચૈત્યવાસી આચાર્યોએ પોતપોતાના ઉપાસકોને કહ્યું કે - 'રાજા પોતાની પટરાણીની કોઈ વાત ટાળતા નથી, એટલે તમે સહુ મૂલ્યવાન ભેટસોગાદો લઈ પટરાણીની પાસે જાવ અને રાણીને પ્રસન્ન કરી વસતિવાસીઓને પાટણમાંથી બહાર કાઢો.' પોતપોતાના આચાર્યોના આદેશને શિરોધાર્ય કરી સમસ્ત અધિકારી વર્ગ અનેક પ્રકારનાં બહુમૂલ્ય અલંકાર, વસ્ત્ર, ફળ, ફૂલ, મેવામિષ્ટાન્ન આદિથી સભર મોટાં-મોટાં પાત્રો લઈને રાણીની સેવામાં ઉપસ્થિત થયા. આ મૂલ્યવાન ઉપહારોને જોઈ રાણી ખૂબ પ્રસન્ન થયાં. અધિકારીઓએ રાણીની પ્રસન્નતા જોઈ વસતિવાસીઓને રાજ્યની સીમામાંથી બહાર કાઢવાના મનોરથને રાણી સમક્ષ રજૂ કરવાની શરૂઆત કરી દીધી. બરાબર એ વખતે જ કોઈ કામકાજ માટે રાજાએ પોતાના સેવકને રાણી પાસે મોકલેલો. એ સેવક સંયોગવશાત્ દિલ્હીનો હતો. ચૈત્યવાસીઓના ઉપાસકો દ્વારા આવેલી મૂલ્યવાન ભેટ-સોગાદો જોઈને જ એને અણસાર આવી ગયો હતો કે પોતાના પ્રદેશથી આવેલા સાધુઓને રાજ્યમાંથી હદપાર કરવા માટેનું ષડ્યંત્ર થઈ રહ્યું છે.

દિલ્હી મૂળના એ સેવકે વસતિવાસી સાધુઓની સહાયતા કરવાનો સંકલ્પ કર્યો. પટરાણીને રાજાનો સંદેશ સંભળાવી સેવક રાજા પાસે પાછો ફર્યો. એણે રાજાને નિવેદન કર્યું : "દેવ ! પટરાણીજીની સેવામાં હું આપનો સંદેશ પ્રસ્તુત કરીને આવ્યો છું. પણ દેવ ! મેં ત્યાં અદ્‌ભુત કૌતુક જોયું. જે રીતે અહીં અર્હત્ દેવની મૂર્તિ સમક્ષ વિવિધ નૈવેદ્ય આદિ પ્રસ્તુત થાય છે, એ રીતે રાણી અર્હત્ સ્વરૂપા બની ગઈ છે અને તેમની સમક્ષ અનેક પ્રકારનાં બહુમૂલ્ય આભૂષણ, વસ્ત્રાલંકાર, ફળ, મેવા, મિષ્ટાન્ન આદિનો ઢગલો કરી દેવામાં આવ્યો છે."

આખી વાત સાંભળીને રાજાએ સ્થિતિનો અંદાજ કાઢી લીધો. તેમણે વિચાર્યું કે - 'જે ન્યાયવાદીઓને મેં ગુરુ તરીકે સ્વીકાર્યા છે, એમનો પીછો આ ચૈત્યવાસી લોકો હજી છોડતા નથી.' આમ

વિચારતાં જ તેમણે સેવકને આજ્ઞા કરી - "શીઘ્રતાપૂર્વક પટરાણીની પાસે જાઓ અને જઈને મારો આ સંદેશ કહો કે મહારાજે કહેવરાવ્યું છે કે - 'જે કાંઈ આપને ભેટસ્વરૂપે મળ્યું છે, એમાંથી તલમાત્ર આપે ગ્રહણ કરવાનું નથી. જો આપ એક પણ ભેટનો સ્વીકાર કરશો તો આપણી વચ્ચેનો સંબંધ પૂરો થઈ જશે.'"

સેવકે તત્કાળ પટરાણી સમક્ષ ઉપસ્થિત થઈ તેમને રાજાનો સંદેશ યથાવત્ કહી સંભળાવ્યો. રાજાનો સંદેશ સાંભળી રાણી ભયભીત થઈ. રાણીએ ઉપહાર - ભેટ ધરનારને આદેશ અને આક્રોશપૂર્વક કહ્યું : "જે જે લોકો દ્વારા જે કાંઈ વસ્તુ લાવવામાં આવી છે એ તત્કાળ પોતાની વસ્તુઓ પોતાના ઘરે પાછી લઈ જાય. આમાંથી એક પણ વસ્તુનો મને ખપ નથી."

દરેક અધિકારી તત્કાળ પોતપોતાની વસ્તુ ઉપાડીને ઘરભેગા થઈ ગયા. આ રીતે ચૈત્યવાસીઓનું આ ષડ્યંત્ર પણ અસફળ રહ્યું. ત્યાર બાદ પરસ્પર વિચાર-વિમર્શ કરી એમણે નક્કી કર્યું કે - 'અગર રાજા બીજા પ્રદેશથી આવેલા મુનિઓનું બહુમાન-સન્માન કરે છે, તો આપણે સહુ હવે અહીંથી અન્ય પ્રદેશમાં જતાં રહીએ.' અને એમ નિશ્ચય કરી ચૈત્યવાસી ચૈત્યને છોડી અન્યત્ર જતા રહ્યા.

મહારાજ દુર્લભરાજને જ્યારે આ વાતની જાણ થઈ તો તેમણે કહ્યું : "અગર એ લોકોને અહીં રહેવાનું યોગ્ય નથી લાગતું તો તે જઈ શકે છે." દેવગૃહોમાં પૂજા માટે બ્રહ્મચારીઓને સવેતન રાખવામાં આવ્યા. દરેક દેવની પૂજા નિયમિત રીતે થવા લાગી. ચૈત્યવાસી દરેક પ્રકારની સુવિધાથી યુક્ત ચૈત્યો સિવાય કોઈ સ્થાન પર રહી શકતા ન હતા. આમ થોડા સમય પછી બધા જ ચૈત્યવાસી કોઈ ને કોઈ બહાને પોતાનાં ચૈત્યગૃહો તરફ પાછા ફર્યા. બીજી બાજુ, આચાર્ય વર્ધમાનસૂરિ કોઈ પણ રોક-ટોક વગર દરેક ક્ષેત્રમાં વિચરણ કરવા લાગ્યા.

સુવિહિત શ્રમણ પરંપરા આચાર્ય વર્ધમાનસૂરિ તથા એમના શિષ્ય જિનેશ્વરસૂરિના ચૈત્યવાસીઓ પર આ વિજય બાદ ધીમે-ધીમે ચૈત્યવાસી પરંપરાનો નિરંતર હ્રાસ થવા લાગ્યો.

વર્ધમાનસૂરિ દ્વારા થયેલા આ ક્રિયોદ્ધારનું ખૂબ મોટું ઐતિહાસિક મહત્ત્વ છે. જનમાનસમાં ધર્મના વિશુદ્ધ સ્વરૂપ પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો, એનું જ એ પરિણામ હતું કે વીર નિર્વાણની સોળમી શતાબ્દીના પૂર્વાર્ધમાં વર્ધમાનસૂરિ દ્વારા થયેલાં ક્રિયોદ્ધાર બાદ ક્રિયોદ્ધારકોની એક પ્રકારે શૃંખલા જ બનવા લાગી. વીર નિર્વાણની અગિયારમી સદીથી લઈ પચીસમી શતાબ્દી સુધી અધિકાંશ ગચ્છોની ઉત્પત્તિની પાછળ કોઈ ને કોઈ રૂપે ક્રિયોદ્ધારનો જ ઇતિહાસ છુપાયેલો છે.

એક મનોવૈજ્ઞાનિક તથ્ય આ ક્રિયોદ્ધારોમાં એ જોવામાં આવ્યું કે જે સાહસિક મહાપુરુષોએ અનેક કષ્ટ સહીને ક્રિયોદ્ધાર કર્યા, કાળાંતરે એમનાં જ શિષ્યો-પ્રશિષ્યો પુનઃ શિથિલાચારી બન્યા. જે રીતે એ જ વર્ધમાનસૂરિની પરંપરા સમયાંતરે શ્રમણાચારથી વિચલિત થઈ યતિઓ જેવી થઈ ગઈ.

સુજ્ઞજનોના અંતરમનમાં એવી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ શકે કે મહાપુરુષો દ્વારા ક્રિયોદ્ધાર થયા પછી પણ ફરી ફરી ક્રિયોદ્ધારની આવશ્યકતા કેમ થઈ ? આ પ્રશ્નનો સીધો ઉત્તર એ જ છે કે અધ્યાત્મ-સાધના કષ્ટસાધ્ય છે અને દ્રવ્ય-સાધના સુસાધ્ય છે. અધ્યાત્મ-સાધના અંતઃકરણમાં અલૌકિક પ્રકાશ પ્રગટ કરે છે અને લૌકિક-સાધના લોકૈષણાની પૂરક હોવાના કારણે તરત ફળ આપે છે. અધ્યાત્મ-સાધનાનો માર્ગ વિકટ, બીહડ અને નીરસ છે, જ્યારે ભૌતિક-સાધનાનો માર્ગ કલરવ, કુતૂહલથી ભરેલો, ધૂમધડાકાથી સભર અને તરત આકર્ષે એવો છે. એ જ મુખ્ય કારણ હતું કે લોકપ્રવાહ દ્રવ્ય પરંપરાઓ તરફ વળ્યો.

વર્ધમાનસૂરિ અને તેમના જિનેશ્વરસૂરિ આદિ શિષ્યો દ્વારા માત્ર આગમોને જ પ્રામાણિક માન્ય કરવાની વાતનું ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલીમાં સુંદર રીતે વિવરણ કરવામાં આવ્યું છે. રાજપિંડને નિતાંત અગ્રાહ્ય માનીને તેમણે અણહિલપુર-પાટણમાં મધુકરીના માધ્યમથી ૪૨ દોષ ટાળીને એષણીય આહાર ગ્રહણ કર્યો. તેઓ નિર્દોષ વસતિમાં રહ્યા. એમના શ્રમણજીવનમાં આડંબર અથવા પરિગ્રહ માટે

અવકાશ જ ન હતો. પરંતુ એમના ઉત્તરવર્તી કાળમાં એમના જ પટ્ટધરોની શ્રમણચર્યા શુદ્ધ અને નિર્દોષ ન રહી.

આમ કહી શકાય કે ક્રિયોદ્ધારની આ શૃંખલામાં પૂર્ણ ક્રિયોદ્ધાર તો વીર નિર્વાણ ૨૦૦૦માં લોકાશાહ દ્વારા જ થયો. જેમણે શિથિલતાના મૂળ દ્રવ્ય-ચૈત્યના સ્થાને જ્ઞાન-દર્શન-ચારિત્ર્યરૂપી ભાવ-ચૈત્યની સાધના - આરાધના પર વિશેષ ભાર મૂક્યો.

'અણહિલપુર-પાટણમાં દુર્લભરાજની સભામાં જિનેશ્વરસૂરિએ ચૈત્યવાસીઓને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી ગુજરાતમાં પુનઃ વસતિ-વાસની સ્થાપના કરી.' આ ઘટનાની ઐતિહાસિકતા અને પ્રમાણભૂતતા સિદ્ધ કરવાનું સર્વાધિક પ્રબળ પ્રમાણ છે જિનેશ્વરસૂરિના પટ્ટશિષ્ય જિનચંદ્રસૂરિ દ્વારા પ્રણીત 'ગણધર સાર્ધશતક'નો તે વિષય પરનો ઉલ્લેખ.

વર્ધમાનસૂરિએ પોતાના જીવનકાળમાં જ પોતાના પટ્ટશિષ્ય જિનેશ્વરસૂરિ તથા જિનેશ્વરસૂરિના લઘુભ્રાતા મુનિ બુદ્ધિસાગરને આચાર્યપદ પ્રદાન કર્યું. 'ખરતરગચ્છ ગુર્વાવલી' અનુસાર આચાર્ય વર્ધમાનસૂરિ વિક્રમ સં. ૧૦૮૦(વી. નિ. સં. ૧૫૫૦)ની આસપાસ આબુ પર્વત પર સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. 'પ્રભાવક ચારિત્ર' અનુસાર અભયદેવસૂરિને સૂરિપદ પ્રદાન કર્યા પછી થોડો સમય વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરતાં આચાર્ય વર્ધમાનસૂરિ પલ્યપદ્રપુર નગરમાં પધાર્યા. પોતાના જીવનનો અંત સમય જાણીને ત્યાં જ તેમણે સંથારો ગ્રહણ કરી સમાધિમૃત્યુનું વરણ કર્યું.

આચાર્ય જિનેશ્વરસૂરિ

વર્ધમાનસૂરિ બાદ સંવિગ્ન પરંપરાના આચાર્ય જિનેશ્વરસૂરિ થયા. વર્ધમાનસૂરિએ પોતાના જીવનકાળમાં જ એમને આચાર્યપદ પ્રદાન કરી પોતાના પટ્ટધર બનાવ્યા. એમના ભાઈ બુદ્ધિસાગરને પણ વર્ધમાનસૂરિએ આચાર્યપદ પ્રદાન કર્યું. આ બંને આચાર્યબંધુનો જીવન-પરિચય 'પ્રભાવક ચારિત્ર'માં પ્રાપ્ત થાય છે.

'પ્રભાવક ચરિત્ર' અનુસાર ધારાનગરીમાં લક્ષ્મીપતિ નામના અતિ સમૃદ્ધ શ્રેષ્ઠી રહેતા હતા. તેઓ ખૂબ ધર્મનિષ્ઠ અને ઉદાર હતા. એ

સમયે મધ્યપ્રદેશના કોઈ ગામમાં રહેનાર કૃષ્ણ નામના એક બ્રાહ્મણના શ્રીપતિ અને શ્રીધર નામના બે પુત્ર વેદ-વેદાંત અને અનેક વિદ્યાઓમાં પ્રવીણતા પ્રાપ્ત કરીને દેશાટન-હેતુ પોતાના ઘરેથી નીકળ્યા. અનેક સ્થાનો પર ફરતાં-ફરતાં બંને ભાઈ ધારાનગરીમાં પહોંચ્યા.

શ્રેષ્ઠીવર્ય લક્ષ્મીપતિની દાનશીલતા અને પરોપકારિતાની ખ્યાતિ સાંભળીને તેઓ ભિક્ષાર્થે તેના ઘરે ગયા. શ્રેષ્ઠીએ ખૂબ પ્રેમથી ભિક્ષા અને ઇચ્છા પ્રમાણે વસ્ત્ર-પાત્ર આદિ દાન કર્યું. બંને બ્રાહ્મણ કુમારો એ થોડા દિવસ ધારાનગરીમાં રોકાઈ જવાનો વિચાર કર્યો. તેઓ દરરોજ લક્ષ્મીપતિના ઘરે ભિક્ષાર્થે જતા અને લક્ષ્મીપતિ એમને યથાઇચ્છા ભિક્ષા પ્રદાન કરતો.

લક્ષ્મીપતિના ઘરમાં બેઠકની પાસે જ એક વિશાળ પ્રાચીન શિલાલેખ હતો. શિલાલેખમાં ધર્મ, શ્રેષ્ઠીના પૂર્વજો, એમના દ્વારા થયેલાં ઉલ્લેખનીય કાર્યો આદિના સંબંધમાં તિથિ, વાર, વર્ષ આદિ ઉલ્લેખોની સાથે મહત્ત્વની બાબતોનું વિવરણ આપવામાં આવેલું.

શ્રીપતિ અને શ્રીધર બંને ભાઈઓની દૃષ્ટિ એ શિલાલેખ પર પડી. એ બંને ભાઈઓએ શિલાલેખોને છેવટ સુધી વાંચ્યા. બંનેને આ શિલાલેખ ખૂબ મહત્ત્વનો અને રુચિકર લાગ્યો. બંને ભાઈ દરરોજ ભિક્ષા માટે જ્યારે શ્રેષ્ઠીના ઘરે જતા તો એકાગ્રચિત્ત થઈને શિલાલેખ વાંચતા. આ રીતે બંને ભાઈઓએ અનેક વખત વાંચીને શિલાલેખને આત્મસાત્ કર્યો.

એક દિવસ શેઠ લક્ષ્મીપતિના ઘરમાં આગ લાગી અને તેની વિપુલ સંપત્તિની સાથે એ પ્રાચીન શિલાલેખ પણ અગ્નિની પ્રચંડ જ્વાળા-ઓમાં આવીને નષ્ટ થઈ ગયો. શિલાલેખને નષ્ટ થયેલો જોઈ લક્ષ્મીપતિ ખૂબ વ્યથિત થયો.

બીજા દિવસે શ્રેષ્ઠી લક્ષ્મીપતિ જ્યારે ચિંતાગ્રસ્ત વદને બેઠા હતા, ત્યારે શ્રીપતિ અને શ્રીધર તેના ઘરે આવ્યા. અગ્નિ-તાંડવે વેરેલા વિનાશને જોઈ તેમને પણ દુઃખ થયું. શ્રીપતિએ ઉદારમનવાળા શ્રેષ્ઠીને દુઃખની ક્ષણે સાંત્વન આવ્યું, ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું : "મને અન્ન, વસ્ત્ર,

ભંડાર આદિ નષ્ટ થયાનું વિશેષ દુઃખ નથી, મને વિશેષ તો આ પ્રાચીન શિલાલેખના પૂર્ણતઃ ધ્વસ્ત થઈ જવાનું દુઃખ છે. સંપત્તિ તો પુનઃ ઉપાર્જિત થઈ જશે, પણ આ મહત્ત્વપૂર્ણ પ્રાચીન શિલાલેખ તો હવે ફરી તૈયાર નહિ થઈ શકે.''

શ્રેષ્ઠીની વાત સાંભળી બંને ભાઈનાં મુખમંડળ પર નૂતન આશાનો સંચાર થયો. બંને ભાઈઓએ શ્રેષ્ઠીને આશ્વસ્ત કરતાં ઉત્સાહપૂર્વક જણાવ્યું : ''શ્રેષ્ઠીવર્ય ! અગર આપ શિલાલેખ બાબતે ચિંતિત છો તો આ ક્ષણે જ નિશ્ચિંત થઈ જાવ. અમે બંને ભાઈઓએ જ્યારે પ્રથમ વખત એ અભિલેખ વાંચ્યો ત્યારે જ ધાર્મિક, સામાજિક અને વંશ-પરંપરાનુગત કૌટુંબિક વિવરણ આદિ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ અને મનનીય પ્રતીત થયો. એથી તો બંને ભાઈઓએ અભિલેખ ઉત્કંઠા-પૂર્વક વારંવાર વાંચ્યા અને સંપૂર્ણ શિલાલેખ અમને અક્ષરશઃ કંઠસ્થ થઈ ગયો છે. જે સ્વરૂપે એ અભિલેખ હતો એ સ્વરૂપે જ એનું પુનર્લેખન અમે આપને કરી આપીશું.''

આશ્ચર્યચકિત થયેલા શ્રેષ્ઠીએ કહ્યું : ''ધન્ય છો આપ ! આવી સ્થિતિમાં તો મારું કાંઈ નષ્ટ નથી થયું. બધું જ સુરક્ષિત છે એમ હું અનુભવું છું.''

શ્રીપતિ અને શ્રીધરે અથથી ઇતિ સુધી, તિથિવાર, વર્ષ, નક્ષત્ર આદિ સહિત એ સંપૂર્ણ શિલાલેખને પત્રો પર લખી શ્રેષ્ઠીને સમર્પિત કર્યો. શિલાલેખની પ્રત જોઈ શ્રેષ્ઠીની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ.

શ્રેષ્ઠી લક્ષ્મીપતિએ બંને દ્વિજ કિશોરોને સન્માન સાથે પોતાના ઘરમાં રાખ્યા ને એમનાં ખાન-પાન-વસ્ત્ર આદિની વ્યવસ્થાનો સમુચિત પ્રબંધ કર્યો. શ્રીપતિ ને શ્રીધર પણ શ્રેષ્ઠીના ઘરે આનંદપૂર્વક રહેવા લાગ્યા.

થોડા જ દિવસો પસાર થયા કે મહાન ક્રિયોદ્ધારક આચાર્ય વર્ધમાનસૂરિનું ધારાનગરીમાં પદાર્પણ થયું. શ્રેષ્ઠી લક્ષ્મીપતિ બંને દ્વિજ કુમારોને લઈ આચાર્યશ્રીનાં દર્શનાર્થે તથા પ્રવચન સાંભળવા ધર્મસ્થાનકે પહોંચ્યા. શ્રેષ્ઠીએ શ્રદ્ધા-ભક્તિપૂર્વક આચાર્યશ્રીને પ્રણામ કર્યા અને બંને ભાઈ એમની સમક્ષ હાથ જોડીને બેસી ગયા.

બંને દ્વિજ કુમારોની મુખાકૃતિ, આંખોની ચમક અને સામુદ્રિક લક્ષણોથી યુક્ત ભવ્ય વ્યક્તિત્વને જોઈને વર્ધમાનસૂરિએ અનુભવ કર્યો કે - 'આ બંને કિશોરો આત્મ-વિજયની સાથે સાથે પર-વિજય કરવામાં પણ સર્વથા સક્ષમ રહેશે.'

વર્ધમાનસૂરિનો ઉપદેશ સાંભળી શ્રીપતિ અને શ્રીધરને સંસારના સર્વ કાર્યકલાપો અને સંબંધોથી વિરક્તિ થઈ ગઈ. શ્રેષ્ઠી લક્ષ્મીપતિની અનુજ્ઞા - પ્રાર્થનાથી વર્ધમાનસૂરિએ શ્રીપતિ અને શ્રીધર બંને દ્વિજ કુમારોને શ્રમણધર્મમાં દીક્ષિત કર્યા. દીક્ષા બાદ બંને ભ્રાતા મુનિઓના નામ ક્રમશઃ જિનેશ્વર અને બુદ્ધિસાગર રાખવામાં આવ્યા. અમુક સમય પછી બંને ભાઈઓનાં બહેન કલ્યાણમતિએ વર્ધમાનસૂરિની છત્ર-છાયામાં શ્રમણીધર્મની દીક્ષા ગ્રહણ કરી.

શ્રીપતિ અને શ્રીધરે શ્રમણધર્મમાં દીક્ષિત થયા પછી ગુરુ વર્ધમાન-સૂરિની સેવામાં રહીને શાસ્ત્રોનું અધ્યયન કર્યું અને ટૂંકાગાળામાં જૈન સિદ્ધાંતોનો તલઃસ્પર્શી અભ્યાસ કર્યો.

પાટણમાં ચાલુક્ય રાજા દુર્લભરાજની રાજસભામાં જિનેશ્વર-સૂરિએ ચોર્યાશી ગચ્છોના ચૈત્યવાસી આચાર્યોને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી સુવિહિત પરંપરાની પુનઃ પ્રતિષ્ઠા કરી.

વર્ધમાનસૂરિએ જિનેશ્વરસૂરિને આચાર્યપદ પ્રદાન કરી પોતાના પટ્ટધર તરીકે નિયુક્ત કર્યા. બુદ્ધિસાગરસૂરિને પણ એમણે દ્વિતીય આચાર્યના પદે અધિષ્ઠિત કર્યા. આ બંને ભાઈઓની સહોદરા સાધ્વી કલ્યાણમતિને વર્ધમાનસૂરિએ મહત્તરા-પદ પ્રદાન કર્યું.

જિનેશ્વરસૂરિએ જિનચંદ્રસૂરિ અને અભયદેવસૂરિને આચાર્યપદ પ્રદાન કર્યું. 'પ્રભાવક ચરિત્ર' અનુસાર જિનેશ્વરસૂરિએ પોતાના ગુરુ વર્ધમાનસૂરિના આદેશથી અભયદેવસૂરિને આચાર્યપદ પ્રદાન કર્યું.

જિનેશ્વરસૂરિની અદ્‌ભુત રચનાશક્તિ અને સંસ્કૃત ભાષા પર પૂર્ણ અધિકાર હતો. એમણે ડિયાણા નગરમાં ચાતુર્માસના પ્રારંભે 'કથાનક કોશ' નામના વિશાળ ગ્રંથની રચનાનો પ્રારંભ કર્યો અને ચાર માસમાં રચના સંપન્ન કરી દીધી. બુદ્ધિસાગરસૂરિએ પોતાના જ નામ-શીર્ષકથી સાત હજાર શ્લોકના 'બુદ્ધિસાગર વ્યાકરણ'ની રચના કરી.

ચૈત્યવાસીઓને પરાજિત કર્યા પછી જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ પોતાના સંત-સમુદાય સાથે જાબાલિપુર (જાલોર) ગયા. ત્યાં આચાર્ય જિનેશ્વરસૂરિએ વિ. સં. ૧૦૮૦માં પ્રમાલક્ષ્મ આદિ થોડા ગ્રંથોની રચના કરી.

'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં અને ખરતરગચ્છના બીકાનેર નગરમાં સ્થિત 'શ્રી પૂજ્ય દાનસાગર જૈન જ્ઞાન ભંડાર'ના ઉપાશ્રયની શ્રી ક્ષમાકલ્યાણ દ્વારા રચિત ગુર્વાવલીમાં શ્રી જિનેશ્વરસૂરિના ગૃહસ્થ-જીવનનો પરિચય ઉપર જણાવ્યા મુજબના પરિચયથી તદ્દન ભિન્ન પ્રકારનો જ આપવામાં આવ્યો છે. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં જિનેશ્વરસૂરિના લઘુભ્રાતા બુદ્ધિસાગરનો નામોલ્લેખ પણ કરવામાં આવ્યો નથી, જે ખરેખર વિચારણીય છે.

પ્રભાવક ચરિત્રકારે જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને મધ્યપ્રદેશ નિવાસી કૃષ્ણ નામના બ્રાહ્મણના શ્રીધર અને શ્રીપતિ નામના પુત્ર તરીકે ઓળખાવી ધારાનગરીના શ્રેષ્ઠી લક્ષ્મીપતિના માધ્યમથી તેમના દીક્ષિત થવાનો ઉલ્લેખ કર્યો છે. એનાથી વિપરીત 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં જિનેશ્વરસૂરિને ગૃહાવસ્થામાં જગ્ગા નામના પુષ્કરણા બ્રાહ્મણ તરીકે દર્શાવ્યા છે. એમાં જિનેશ્વરસૂરિનું દીક્ષાસ્થળ સિદ્ધપુર અને દીક્ષાનું કારણ શુદ્ધિ-અશુદ્ધિના પણમાં પરાજિત થયા હોવાનું બતાવ્યું છે.

દાનસાગર જૈન જ્ઞાનભંડાર બીકાનેરની 'ખરતરગચ્છ ગુર્વાવલી'માં જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરનો પરિચય વારાણસીના સોમ નામના બ્રાહ્મણના પુત્ર તરીકે આપવામાં આવ્યો છે. એની સાથે જ સરસા નગરમાં સોમનાથ મહાદેવના નિર્દેશથી વર્ધમાનસૂરિના સંપર્કમાં આવવું અને ત્યાં સરસાનગરમાં જ વર્ધમાનસૂરિની પાસે એમના દીક્ષિત હોવાનો ઉલ્લેખ છે.

પરસ્પર ભિન્ન જાણતાં આ પ્રકારનાં વિવરણોમાં વસ્તુતઃ કયું વિવરણ પ્રમાણભૂત છે, એ બાબતે પ્રમાણના અભાવે સુનિશ્ચિત સ્વરૂપે કંઈ પણ કહી ન શકાય, માત્ર અનુમાન થઈ શકે કે - 'પ્રભાવક

ચરિત્રકાર'એ જિનેશ્વરસૂરિના ગૃહસ્થજીવનનો જે પરિચય આપ્યો છે, એ સંભવતઃ વાસ્તવિકતાથી વધારે સન્નિકટ છે.

ઉપરોક્ત ત્રણેય પ્રકારના ઉલ્લેખોથી એક વાત તો સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જિનેશ્વરસૂરિ બ્રાહ્મણકુળના નરરત્ન હતા, અને એમણે ચૈત્યવાસી પરંપરાની આગમ વિરુદ્ધ માન્યતાઓથી પૂર્ણ આચ્છાદિત જૈન ધર્મના વિશુદ્ધ સ્વરૂપનો સંસાર સમક્ષ પુનઃ પ્રકાશિત કરી જિનશાસનની મહત્તમ સેવા કરી.

અગર મહાપ્રતાપી જિનેશ્વરસૂરિએ ચૈત્યવાસી પરંપરાનાં મૂળિયાં હચમચાવ્યાં ન હોત તો આજે ભાવ પરંપરાનાં, જૈન ધર્મના વિશુદ્ધ સ્વરૂપના, સુવિહિત શ્રમણ પરંપરા અને આગમાનુસાર વિશુદ્ધ શ્રમણાચારનાં દર્શન દુર્લભ થઈ ગયા હોત. એમના દ્વારા થયેલી જિનશાસનની ઉલ્લેખનીય સેવા જૈન ઇતિહાસમાં સદા-સર્વદા સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

આચાર્ય જિનચંદ્રસૂરિ

જિનેશ્વરસૂરિ પછી જિનચંદ્રસૂરિ સંવિગ્ન પરંપરાનાં આચાર્ય થયા. એમને અને અભયદેવસૂરિને જિનેશ્વરસૂરિએ પોતાના ગુરુ વર્ધમાન-સૂરિના આદેશથી આચાર્યપદ પ્રદાન કર્યું.

જિનચંદ્રસૂરિએ ૧૮ હજાર શ્લોક - પ્રમાણ 'સંવેગ-રંગશાળા' નામક એક ગ્રંથની રચના કરી, જે પ્રત્યેક મુમુક્ષુ માટે પઠનીય અને અધ્યાત્મપથ પર અગ્રેસર હોવા ઇચ્છુક સાધકો માટે પ્રકાશસ્તંભ તુલ્ય છે. 'સંવેગ રંગશાળા' નામથી એવો અભિપ્રાય નીકળે છે કે વર્ધમાનસૂરિ દ્વારા ક્રિયોદ્ધાર બાદ શરૂ થયેલી પરંપરા જિનચંદ્ર સૂરિના સમય સુધી સંવિગ્ન પરંપરાના નામથી જ અભિહિત કરવામાં આવતી હતી.

નવાંગી વૃત્તિકાર આચાર્ય અભયદેવસૂરિ

જૈન ઇતિહાસમાં નવાંગી વૃત્તિકારના બિરુદથી વિભૂષિત અભયદેવ-સૂરિ વીર નિર્વાણની સોળમી-સત્તરમી શતાબ્દીના આગમ-મર્મજ્ઞ મહાન ટીકાકાર અને પ્રભાવક આચાર્ય હતા. એમણે આચારંગ અને સૂત્રકૃતાંગ સિવાય બાકીનાં નવ અંગો પર વૃત્તિઓની રચના કરી જિન-શાસનની મહાન સેવા કરી છે, જેના માટે જૈનજગત એમનું સદાસર્વદા કૃતજ્ઞ રહેશે.

અભયદેવનો જન્મ વિ. સં. ૧૦૭૨માં માલવ પ્રદેશની ઇતિહાસ-પ્રસિદ્ધ ધારાનગરીના સમૃદ્ધ શ્રેષ્ઠી મહીધરની ધર્મપત્ની ધનદેવીની કૂખે થયો. તેઓ મહાન ક્રિયોદ્ધારક અને સંવિગ્ન પરંપરાના સૂત્રધાર આચાર્ય વર્ધમાનસૂરિના પ્રશિષ્ય અને જિનેશ્વરસૂરિના શિષ્ય હતા.

એમના જીવન બાબતે પ્રભાવક ચરિત્રકારે લખ્યું છે કે - 'એક વખત જિનેશ્વરસૂરિ વિહારક્રમથી ધારાનગરીમાં પધાર્યા. એમનો ઉપદેશ સાંભળી બાળક અભયકુમારને સંસારની અસારતા અને ક્ષણ-ભંગુરતાનો બોધ થયો, વૈરાગ્ય ભાવના જન્મી. વૈરાગી પુત્રએ માતા-પિતા પાસેથી દીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા માંગી. આ વાતથી માતા-પિતા ઉદાસ થઈ ગયાં. એમણે શ્રમણજીવનની મુશ્કેલીઓથી પોતાના પુત્રને અવગત કરાવી સમજાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો, પણ તે દીક્ષિત થવાના પોતાના નિર્ણય પર અટલ રહ્યા. માતા-પિતા જાણતાં હતાં કે અભયકુમારે એક વખત જે નિશ્ચય કર્યો, એમાંથી એને કોઈ ડગાવી નહિ શકે. અંતે એમણે અશ્રુસભર નયનોથી દીક્ષિત થવાની આજ્ઞા આપી.

શ્રમણધર્મની દીક્ષા પ્રદાન બાદ ગુરુ દ્વારા અભયકુમારનું નામ અભયદેવ રાખવામાં આવ્યું. મુનિ અભયદેવે ગુરુના સાંનિધ્યમાં રહી નિષ્ઠાપૂર્વક સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓનું અધ્યયન કર્યું. આગમોનો પણ તલઃસ્પર્શી અભ્યાસ કર્યો. થોડા જ સમયમાં બહુભાષાવિદ્ અને આગમમર્મજ્ઞ બની તેમણે વિદ્વદ્ સમાજને આશ્ચર્યચકિત કરી દીધો. દરેક વિદ્યાઓમાં નિપુણતા અને આગમોના ગૂઢતમ જ્ઞાનના જ્ઞાતા થઈ જવાના કારણે અભયદેવની કીર્તિ દિગ્દિગંતમાં વ્યાપ્ત થઈ ગઈ.

એ સમયના અગ્રગણ્ય વિદ્વાનોમાં તેમની ગણના થવા લાગી. પોતાના વિદ્વાન પ્રશિષ્ય અભયદેવના સદ્‌ગુણો અને યશોગાથાઓ પર મુગ્ધ થઈને મહાન-ક્રિયોદ્ધારક વર્ધમાનસૂરિએ પોતાના પ્રભાવક શિષ્ય જિનેશ્વરસૂરિને આદેશ આપ્યો કે - 'અભયદેવનો આચાર્યપદે અધિષ્ઠિત કરે.' ગુરુઆજ્ઞાને શિરોધાર્ય કરી જિનેશ્વરસૂરિએ વિક્રમ સં. ૧૦૮૮માં માત્ર સોળ વર્ષની કિશોરવયમાં અભયદેવને સૂરિ-(આચાર્ય)પદ પર પ્રતિષ્ઠિત કર્યા.

સૂરિપદ પર પ્રતિષ્ઠિત થયા બાદ પણ અભયદેવસૂરિ પોતાના ગુરુની સાથે વિભિન્ન ક્ષેત્રોમાં વિહાર કરતાં કરતાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરતા રહ્યા. એક વખત પોતાના શિષ્યોને આગમોની વાચના આપતી વખતે અભયદેવસૂરિએ અનુભવ કર્યો કે એકાદશાંગીનાં પ્રથમ બે અંગો (આચારંગ અને સૂત્રકૃતાંગ) પર આચાર્ય શીલાંક રચિત ટીકાઓ ઉપલબ્ધ છે. આ કારણે આ બંને સૂત્રોને હૃદયંગમ કરવામાં આગમોના શિક્ષાર્થીઓને અધિક મુશ્કેલીનો અનુભવ થતો નથી, પણ બાકીની સ્થાનાંગ આદિ નવ અંગો પર શીલાંકાચાર્ય દ્વારા નિર્મિત ટીકાઓ વિલુપ્ત થઈ જવાના કારણે અધ્યેતાઓને એ આગમોના અર્થઘટનમાં અને સૂત્રોને હૃદયંગમ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેથી આચાર્ય અભયદેવસૂરિએ આગમોના અધ્યેતાઓની સુવિધા માટે આ ગુરુતર કાર્યને સંપન્ન કરવાનો સંકલ્પ મનોમન કર્યો.

ત્યાર બાદ અભયદેવસૂરિ પાટણમાં પધાર્યા. પાટણમાં 'કરડિહટ્ટી' નામની વસતિમાં બિરાજ્યા. ત્યાં રહેતા એમણે સ્થાનાંગ પ્રભૃત્તિ નવ અંગ શાસ્ત્રો પર નવ વૃત્તિઓની રચના કરી. સ્થાનાંગાદિ નવ અંગશાસ્ત્રોની વૃત્તિઓનું નિર્માણ કરી એમણે ચતુર્વિધસંઘ પર અસીમ ઉપકાર કર્યો.

નવ અંગોની વૃત્તિઓના નિર્માણ જેવા ગુરુતર કાર્યના નિષ્પાદનમાં એમને સહાયતા પ્રદાન કરનાર નિવૃત્તિ કુળના આચાર્ય અજિતસિંહના શિષ્ય યશોદેવગણિના નામનો ઉલ્લેખ અભયદેવસૂરિએ કર્યો છે. એટલું જ નહિ, અભયદેવસૂરિએ સ્થાનાંગ, જ્ઞાતાધર્મકથાંગ, અને વિપાક સૂત્રની વૃત્તિઓની પ્રશસ્તિઓમાં દ્રોણાચાર્યનું આ વૃત્તિઓના સંશોધક તરીકે ખૂબ આદરની સાથે સ્મરણ કર્યું છે.

જિનેશ્વરસૂરિ દ્વારા અણહિલપુર-પાટણમાં ચૈત્યવાસી પરંપરાઓથી ભિન્ન જૈન પરંપરાઓનાં સાધુ-સાધ્વીવર્ગ પર પ્રવેશ વિષયક રાજકીય પ્રતિબંધને નિરસ્ત કરાવતી વખતે જ આચાર્ય વર્ધમાનસૂરિની પરંપરાની સાથે ચૈત્યવાસી પરંપરાના સાધુઓનો વ્યવહાર મોટે ભાગે કટુતાપૂર્ણ રહ્યો. પરંતુ અભયદેવસૂરિની વિનમ્રતા અને તેમના આગમ વિષયક ગહન જ્ઞાનના કારણે ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્ય પણ એમનો ખૂબ આદર જાળવતા. એ સંદર્ભમાં 'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી'નો ઉલ્લેખ આજે પણ ઉપલબ્ધ છે, જેનો સારાંશ નીચે મુજબ છે :

અભયદેવસૂરિ જે વખતે અણહિલપુર-પાટણ કરડિહટ્ટી નામની વસતિમાં બિરાજમાન હતા, એ વખતે નગરમાં ચૈત્યવાસી પરંપરાના પ્રમુખ આચાર્ય દ્રોણસૂરિએ અંગશાસ્ત્રો પર વિવેચનાત્મક વ્યાખ્યાન આપવાનો પ્રારંભ કર્યો. પાટણમાં વિદ્યમાન દરેક આચાર્ય અંગોની વ્યાખ્યા સાંભળવા ઉપસ્થિત રહેતા હતા. અભયદેવસૂરિ પણ ત્યાં જતા હતા. દ્રોણાચાર્ય સદાય અભયદેવસૂરિને પોતાની પાસે એક આસન પર જ બેસાડતા હતા. સૂત્રોની વ્યાખ્યા કરતી વખતે જે કોઈ વખતે એમને અર્થ વિષયક સંદેહ થાય કે તેઓ મંદ સ્વરમાં બોલતા, જેથી બીજા કોઈને કશું સંભળાય નહિ. દ્રોણાચાર્યને બીજા દિવસે જે સૂત્રોની વ્યાખ્યા કરવાની હતી, અભયદેવસૂરિ બીજા દિવસે એના વિશે સ્વરચિત વૃત્તિ લઈને વ્યાખ્યાન સ્થળે પહોંચ્યા. એમણે દ્રોણાચાર્યને નિવેદન કર્યું કે - "આ વૃત્તિને જોઈને, તેના પર મનન કરીને આપ આજના સૂત્રોની વ્યાખ્યા કરો." એ વૃત્તિના અમુક અંશ વાંચતાં જ દરેક ચૈત્યવાસી આચાર્ય ચમત્કૃત થઈ ગયા. દ્રોણાચાર્યના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ વૃત્તિને વાંચતાં જ દ્રોણાચાર્ય વિચાર કરવા લાગ્યા - 'શું આ વૃત્તિનું નિર્માણ સાક્ષાત્ ગણધરોએ કર્યું છે કે આ અભયદેવસૂરિ દ્વારા જ રચિત છે ?!' દ્રોણાચાર્યના માનસમાં અભયદેવ પ્રત્યે અગાધ આદરભાવ જાગૃત થયો. બીજા દિવસે અભયદેવસૂરિને વ્યાખ્યાન સ્થળ પર આવતા જોઈને દ્રોણાચાર્ય પોતાના આસન પરથી ઊભા થઈ ગયા. સુવિહિત પરંપરાના એક આચાર્ય પ્રત્યે ચૈત્યવાસી પરંપરાના સહુથી વરિષ્ઠ આચાર્યનો આ રીતનો આદરભાવ જોઈને

દરેક ચૈત્યવાસી આચાર્ય નારાજ થઈ ગયા. તેઓ રિસાઈને ઊભા થઈ પોતપોતાની વસતિ તરફ પાછા ફર્યા. પોતપોતાના મઠ તરફ પાછા ફરી એમણે દ્રોણાચાર્યને કહેવરાવ્યું - "અભયદેવસૂરિમાં અમારા કરતાં એવી કઈ અધિક વિશેષતા છે, એવો કયો ગુણ છે કે જેના કારણે અમારા પ્રમુખ આચાર્ય તેમના પ્રત્યે આટલો આદરભાવ પ્રગટ કરે છે ? અન્ય પરંપરાના આચાર્ય માટે આટલો આદરભાવ પ્રગટ કરવામાં આવે તો આપણી સ્થિતિ શી થશે ?" નારાજ થયેલા ચૈત્યવાસી આચાર્યોની આ રીતની પારસ્પરિક મંત્રણાથી માહિતગાર થયેલા ગુણગ્રાહી વિદ્વાન દ્રોણાચાર્યએ એક શ્લોકની રચના કરી અને તેની નકલો કરાવી દરેક ચૈત્યવાસી આચાર્યોને એમના મઠમાં મોકલી. એ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે :

'આમ તો દરેક, મઠ, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોમાં ઘણા એવા આચાર્ય છે, જેમના નિર્મળ ચારિત્ર્યથી આ ધરતી પવિત્ર છે. જેમની મહિમાનું અનુમાન લગાવવાનું અસાધારણ વ્યક્તિ માટે પણ મુશ્કેલ છે. પરંતુ શું આજના યુગમાં કોઈ એક પણ એવા વિદ્વાન આચાર્ય છે, જે કોઈ એક ગુણમાં પણ અભયદેવસૂરિની સમક્ષ ઊભા રહી શકે ? અગર કોઈ હોય તો અમને જણાવો.'

આ શ્લોક વાંચતાં જ દરેક ચૈત્યવાસી આચાર્ય હતપ્રભ થઈ પૂર્ણતઃ શાંત થઈ ગયા અને અભયદેવસૂરિ દ્વારા રચિત વૃત્તિઓના આધારે દ્રોણાચાર્ય અંગશાસ્ત્રોની વ્યાખ્યા પહેલાંની જેમ કરવા લાગ્યા.

આચાર્ય અભયદેવસૂરિની ઉચ્ચકોટિની વિદ્વત્તા અને વિનમ્રતાનો જ ચમત્કાર હતો કે સુવિહિત પરંપરાની નિતાંત વિરોધિની ચૈત્યવાસી પરંપરાના પ્રમુખ આચાર્ય પણ અંતર્મનથી એમનો આદર કરવા લાગ્યા.

આ સર્વ ગુણો સિવાય પ્રતિભાની પરખ અને સત્પાત્રના ચયન ગુણમાં પણ તેઓ અપ્રતિમ હતા. આ બાબતે જિનવલ્લભસૂરિનું ઉદાહરણ ઉલ્લેખનીય છે. કૂર્ચપુરીય ચૈત્યવાસી આચાર્ય જિનેશ્વર-સૂરિએ પોતાના જિનવલ્લભ નામના એક મેધાવી શિષ્યને અભયદેવ-સૂરિની પાસે અંગશાસ્ત્રોના અધ્યયન માટે મોકલ્યો. શિક્ષાર્થી પર પ્રથમ દૃષ્ટિ નિક્ષેપથી જ એમણે અનુભવ કરી લીધો કે આ શિક્ષાર્થી આગળ જતાં ઉચ્ચ કક્ષાનો વિદ્વાન અને શાસનપ્રભાવક થશે. એમણે ખૂબ

સ્નેહપૂર્વક જિનવલ્લભને સિદ્ધાંતોના શિક્ષણની સાથોસાથ દરેક વિદ્યાઓનું ગહન અધ્યયન કરાવ્યું, અને તેને વિદ્વાનોમાં અગ્રણી બનાવ્યો. અભયદેવસૂરિની પાસે સિદ્ધાંતો અને વિભિન્ન વિદ્યાઓનું અધ્યયન કર્યા પછી એમણે પોતાના ચૈત્યવાસી ગુરુની પાસે જઈને નિવેદન કર્યું : "હું સ્વ-પરકલ્યાણની કામનાથી ચૈત્યવાસનો પરિત્યાગ કરી સુવિહિત પરંપરાના આચાર્ય અભયદેવનું શિષ્યત્વ સ્વીકારીશ."

ગુરુ દ્વારા પુનઃ પુનઃ અનુરોધ કરવા છતાં જિનવલ્લભસૂરિએ ચૈત્યવાસનો પરિત્યાગ કરી દીધો અને જીવનભર સુવિહિત પરંપરાના પ્રચાર-પ્રસાર અને ઉત્કર્ષ માટે સમર્પિત રહ્યા. આ બધા ઉલ્લેખોથી એમ સિદ્ધ થાય છે કે અભયદેવસૂરિ અતિ મૃદુ, મંજુલ પ્રકૃતિના પોતાના યુગના અપ્રતિમ વિદ્વાન અને જન-જનને પ્રભાવિત કરનાર લોકપ્રિય આચાર્ય હતા. એમણે નવ અંગો પર વૃત્તિઓ રચી અને પરમોપયોગી સાહિત્યની રચના કરી. જિનશાસનની મહત્તમ સેવા કરી, જે જૈન ઇતિહાસમાં સદાય સુવર્ણ અક્ષરે અંકિત રહેશે. આગમોના તલસ્પર્શી જ્ઞાનનું અર્જન કરવાના અભિલાષી ભવ્ય આત્માઓ દ્વારા તેમની કાલજયી શ્રુતસેવા અપાર શ્રદ્ધાની સાથે સ્મરણમાં રહેશે.

આચાર્ય અભયદેવસૂરિ દ્વારા જે વિપુલ સાહિત્યનું નિર્માણ થયું એનો સારરૂપ પરિચય અહીં આપવામાં આવ્યો છે :

૧. **સ્થાનાંગ વૃત્તિ** : એકાદશાંગીના ત્રીજા આગમ સ્થાનાંગ સૂત્ર પ ૧૪૨૫૦ શ્લોક-પ્રમાણ વૃત્તિનું નિર્માણ વિ. સં. ૧૧૨૦માં થયું આ કામમાં સંવિગ્ન પક્ષના આચાર્ય અજિતસિંહના શિષ્ય યશોદેવગણિએ એમને મદદ કરી. દ્રોણાચાર્ય જેવા વિદ્વાનોએ આ વૃત્તિને સમગ્રપણે જોઈ અને સરાહના કરી.

૨. **સમવાયાંગ વૃત્તિ** : ચોથા આગમ સમવાયાંગ પર ૬૫૭૫ શ્લોક પ્રમાણ, આ વૃત્તિની રચના વિ. સં. ૧૧૨૦માં અણહિલપુર પાટણમાં થઈ.

૩. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ વૃત્તિ** : એકાદશાંગીના પાંચમા આગમ ભગવતી સૂત્ર પર ૧૮૬૧૬ શ્લોક-પ્રમાણ, આ વૃત્તિની રચના વિ. સં. ૧૧૨૮માં અણહિલપુર-પાટણમાં સંપન્ન થઈ.

૪. **જ્ઞાતાધર્મકથાંગ વૃત્તિ** : છઠ્ઠા આગમ જ્ઞાતાધર્મકથા પર ૩૮૦૦ શ્લોક-પ્રમાણ, આ વૃત્તિની રચના વિ. સં. ૧૧૨૦માં અણહિલપુર-પાટણમાં સંપન્ન કરી. આચાર્ય દ્રોણસૂરિએ આનું સંશોધન કર્યું.

૫. **ઉપાસકદશાંગ વૃત્તિ** : સાતમા આગમ ઉપાસકદશાંગ પર ૧૮૧૨ શ્લોક-પ્રમાણ, આ વૃત્તિની રચના કરી.

૬. **અંતકૃદશાંગ વૃત્તિ** : આઠમા આગમ અંતકૃતદશાંગ પર ૮૯૯ શ્લોક-પ્રમાણ વૃત્તિની રચના કરી.

૭. **અનુત્તરોપપાતિકદશાંગ વૃત્તિ** : આ વૃત્તિ એકાદશાંગીના નવમા આગમ પર રચવામાં આવી.

૮. **પ્રશ્નવ્યાકરણ વૃત્તિ** : દસમા આગમ પ્રશ્નવ્યાકરણ સૂત્ર પર રચિત આ વૃત્તિ ૧૬૩૦ શ્લોક - પ્રમાણ છે.

૯. **વિપાક વૃત્તિ** : અગિયારમા આગમ વિપાક સૂત્ર પર ૩૧૨૫ શ્લોક-પ્રમાણ, આ વૃત્તિની રચના અણહિલપુર - પાટણમાં સંપન્ન કરી. આ વૃત્તિને પણ આચાર્ય દ્રોણસૂરિએ સંશોધિત કરી.

નવ અંગ આગમ ગ્રંથો પર નવ વૃત્તિઓ સિવાય અભયદેવસૂરિએ ઔપપાતિક નામક ઉપાંગ સૂત્ર પર પણ ૩૧૨૫ શ્લોક-પ્રમાણ વૃત્તિની રચના કરી. નવ અંગો અને એક ઉપાંગ પર આ દસ વૃત્તિઓની રચના સિવાય એમણે પ્રજ્ઞાપના તૃતીય પદ-સંગ્રહણી, પંચાશક વૃત્તિ, જયતિહુયણ સ્તોત્ર, પંચનિર્ગ્રંથી અને ષષ્ઠ કર્મગ્રંથ-સપ્તતિકા ભાષ્યની પણ રચના કરી.

આચાર્ય અભયદેવસૂરિ દ્વારા ૯ (નવ) અંગો પર રચિત આ વૃત્તિઓ આ નવ અંગોનાં ગૂઢાર્થપૂર્ણ સૂત્રો અને શબ્દો પર સ્પષ્ટ પ્રકાશ પાથરનાર છે. ન તો એ અતિ સંક્ષિપ્ત સ્વરૂપમાં છે કે ન તો અતિ વિસ્તારપૂર્ણ.

વૃત્તિઓની પ્રતિલિપિઓ લખવાને વિશે પ્રભાવક ચરિત્રકાર અને ખરતરગચ્છ ગુર્વાવલીકારે એક બીજાથી ભિન્ન એવા બે પ્રકારના ઉલ્લેખ કર્યા છે. પ્રભાવક ચરિત્ર અનુસાર અભયદેવસૂરિ દ્વારા વૃત્તિઓની રચના થઈ ગયા પછી શ્રાવકોએ એ વૃત્તિઓની પ્રતિલિપિઓ કરવાનું કાર્ય હાથ પર લીધું. ત્યાર બાદ પાટણ, તામ્રલિપ્તિ, આશાપલ્લી અને

ધવલ્લક નગરના ૮૪ શ્રાવકોએ એ નકલોની બીજી અનેક પ્રતિલિપિઓ પ્રચુરમાત્રામાં લખાવીને અભયદેવસૂરિને સમર્પિત કરી.

અભયદેવસૂરિએ નવ અંગોની વૃત્તિઓમાંથી ચાર અંગોની વૃત્તિના અંતે આપવામાં આવેલી પ્રશસ્તિમાં લખ્યું છે કે - 'આ વૃત્તિઓની રચના પાટણમાં પૂરી કરી.' ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે - 'નવાંગી વૃત્તિકારે પાટણસ્થિત કરડિહટ્ટી વસતિમાં બિરાજીને નવ અંગો પર વૃત્તિઓની રચના કરી.' એનાથી વિપરીત પ્રભાવચંદ્રસૂરિએ પ્રભાવક ચરિત્રમાં લખ્યું છે કે - 'નવાંગી વૃત્તિકારે વૃત્તિઓની રચના પલ્યપદ્રપુરમાં કરી.'

જૈનજગતના વિદ્વત્વર્ગનું ધ્યાન આચાર્ય અભયદેવસૂરિના અનુપમ મહાન ગુણ તરફ આકર્ષિત કરવાના હેતુથી એમની વૃત્તિઓનાં બે ઉદ્ધરણ અહીં પ્રસ્તુત છે.

નવ અંગો પર વૃત્તિઓની રચના કરતી વખતે એમની સમક્ષ સાત મુશ્કેલીઓ ઉપસ્થિત થઈ. તત્કાલીન જિનોપાસકો અને એમની ભાવિ પેઢીઓ સમક્ષ મુશ્કેલીઓ રજૂ કરતાં એમણે સ્થાનાંગ વૃત્તિમાં એનો ઉલ્લેખ કર્યો છે.

એમાંની પ્રથમ મુશ્કેલી - 'સત્સમ્પ્રદાયહીનત્વાત્' પર ગહનતાથી વિચાર કરવાની આવશ્યકતા પ્રશસ્તિના પ્રથમ શ્લોકના ઉક્ત પ્રથમ ચરણમાં અભયદેવસૂરિએ કોઈ પણ પ્રકારનાં સાંપ્રદાયિક વ્યામોહ વગર પૂરી નિર્ભીકતા સાથે જૈન-વિશ્વ સમક્ષ સ્પષ્ટ રીતે સત્ય પ્રગટ કર્યું કે - 'આજે (વૃત્તિકારના યુગમાં) સત્સંપ્રદાય અર્થાત્ આગમોના ગૂઢાર્થસભર શબ્દો અને સૂત્રોના વાસ્તવિક અર્થનો બોધ કરાવનારી *સત્ એટલે કે શ્રેષ્ઠ સમ્યક્ ગુરુ પરંપરાનો અભાવ છે. પોતાના વૃત્તિ* નિર્માણકાળથી લગભગ છ શતાબ્દી પૂર્વે શરૂ થયેલી વિશુદ્ધ આગમિક પરંપરાના હ્રાસે વી. નિ. સં. ૧૫૫૦ આવતા-આવતા આત્યંતિક હ્રાસનું સ્વરૂપ ધારણ કરી લીધું. એનાથી સંપ્રદાય અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીરની મૂળ વિશુદ્ધ પરંપરાની દુર્દશા થઈ. એ સ્થિતિનું અભયદેવ-સૂરિએ વાસ્તવિક ચિત્ર પ્રગટ કરતાં કોઈ પણ મતાગ્રહ રાખ્યા વગર સ્પષ્ટ રૂપે કહ્યું કે - "આજે સત્સંપ્રદાયનો એક પ્રકારે અભાવ છે." આ

સત્ય પ્રત્યે અભયદેવસૂરિના પરમ પ્રગાઢ પ્રેમગુણને પ્રગટ કરનારું પ્રબળત્તમ પ્રમાણ છે.

અભયદેવસૂરિના આ પ્રકારના ગુણને એનાથી પણ અધિક સ્પષ્ટ રૂપે ઉદ્‌ઘાટિત કરતું બીજું પ્રબળ પ્રમાણ છે એમના દ્વારા રચિત 'આગમ અષ્ટોત્તરી'ની ઐતિહાસિક ગાથા, જેના પર ઈતિહાસ ગ્રંથમાળાના તૃતીય ભાગમાં યથાશક્ય પ્રકાશ પાડવામાં આવ્યો છે. એ ગાથા આ પ્રકારે છે -

देवड्ढिखमासमण जा, परंपरं भावओ वियाणेमि ।
सिढिलायारे ठविया, दव्वओ परंपरा बहुआ ।।

અર્થાત્ - હું એ સારી રીતે માનું છું કે આર્ય દેવર્ધિગણિ ક્ષમા-શ્રમણની વિદ્યમાનતા (વી. નિ. સં. ૧૦૦૦) સુધી, આપણી આર્ય ધરા પર શ્રમણ ભગવાન મહાવીરના ધર્મસંઘમાં વિશુદ્ધ મૂળ ભાવ પરંપરા ચાલતી રહી અથવા પ્રવાહિત રહી. પરંતુ દેવર્ધિગણિના સ્વર્ગવાસ પછી વિશુદ્ધ મૂળ પરંપરાના પક્ષધર શિથિલાચાર-પરાયણ થઈ ગયા અને પ્રભુના ધર્મસંઘમાં અનેક પ્રકારની દ્રવ્ય પરંપરાઓ પ્રચલિત થઈ ગઈ.

આ રીતે નિષ્પક્ષ ભાવથી નિર્ભીક રીતે અભયદેવસૂરિ જે તથ્ય સામે લાવ્યા એ વાતથી તેમની સત્યપ્રિયતાના મહાન ગુણનો પરિચય થાય છે.

અભયદેવસૂરિનું સમગ્ર જીવન જિનશાસનનાં ઉત્કર્ષકારી કાર્યો માટે સમર્પિત રહ્યું. વિક્રમ સં. ૧૦૮૮મા સોળ વર્ષની વયે એમને આચાર્યપદે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. આ વાતથી જ સહજ અનુમાન થઈ શકે કે તેઓ અસાધારણ પ્રતિભાના ધારક હતા. ૫૧ વર્ષ સુધી આચાર્યપદ પર રહીને તેમણે વિશાળ વૃત્તિ સાહિત્ય સિવાય વિવિધ વિષયો પર વિપુલ સાહિત્યની રચના કરી. વિક્રમ સંવત ૧૧૩૯માં જે વખતે તેઓ કપડવંજ(ગુર્જર પ્રદેશ)માં બિરાજમાન હતા એ વખતે એક દિવસ તેમણે પોતાની આયુષ્યની અવધિ સમાપનનો સમય નજીક જાણ્યો, એટલે આલોચનાપૂર્વક અનશન કરી સમાધિપૂર્વક ૬૭ વર્ષની આયુ પૂર્ણ કરી સ્વર્ગસ્થ થયા. ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલીકારે સ્વર્ગસ્થ હોવાના સમયનો નિર્દેશ આપ્યો નથી અને માત્ર એટલું જ લખ્યું છે કે - 'તેઓ પાટણમાં સમાધિપૂર્વક ચતુર્થ દેવલોકમાં ગયા.'

ખરતરગચ્છીયા કતિપય પટ્ટાવલીઓમાં અભયદેવસૂરિનો સ્વર્ગારોહણકાળ વિ. સં. ૧૧૩૫નો ઉલ્લેખ છે. તથા અન્ય માન્યતાનુસાર એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૩૯માં કપડવંજમાં થયાનો ઉલ્લેખ પણ છે. પ્રભાવક ચરિત્રકારે અભયદેવસૂરિના સ્વર્ગગમનકાળનો ઉલ્લેખ કર્યો નથી, અને માત્ર એટલું જ લખ્યું છે કે - 'અભયદેવસૂરિ પાટણ નગરમાં પાટણના રાજા કર્ણરાજના શાસનકાળમાં સ્વર્ગસ્થ થયા.' આ બાબતે તથ્યાતથ્યના પ્રતિપ્રેક્ષ્યમાં વિચાર કરતાં અભયદેવસૂરિનો સ્વર્ગારોહણકાળ વિ. સં. ૧૧૩૫ને બદલે વિ. સં. ૧૧૩૯ની સંભાવના વધારે તર્કસંગત છે.

એ તો ઐતિહાસિક તથ્ય છે કે વર્ધમાનસૂરિ દ્વારા થયેલા ક્રિયોદ્ધારના પરિણામ સ્વરૂપે શતાબ્દીઓથી સુદૃઢ ચાલી આવતી ચૈત્યવાસી પરંપરાની આધારશિલા વિક્રમની અગિયારમી શતાબ્દીના અંતિમ ચરણમાં હચમચી ગઈ. અણહિલપુર-પાટણના રાજા દુર્લભરાજની રાજસભામાં આયોજિત શાસ્ત્રાર્થમાં જિનેશ્વરસૂરિએ ચૈત્યવાસીઓને પરાસ્ત કરી શિથિલાચાર અને અનાગમિક આચાર-વિચારની ધાત્રી ચૈત્યવાસી પરંપરાનાં મૂળિયાં હચમચાવી નાખ્યાં. ભગવાન મહાવીર દ્વારા ઉદ્‌ઘાટિત મુક્તિના મૂળ માર્ગથી ભટકી ગયેલાં નર-નારી વિશ્વકલ્યાણકારી જૈન ધર્મના સાચા સ્વરૂપથી અવગત થયા. વિપથગામી શ્રાવક-શ્રાવિકાઓ આશ્વસ્ત થઈને પુનઃ મુક્તિના મૂળ સત્પથ પર આરૂઢ થવા લાગ્યા.

આ અપ્રત્યાશિત પરાજયના કારણે પરિવર્તિત પરિસ્થિતિઓના પરિણામ સ્વરૂપે ચૈત્યવાસી પરંપરાની પ્રતિષ્ઠાને આઘાત લાગ્યો. આ વાતથી અનુમાન લગાવી શકાય કે શરૂઆતમાં ચૈત્યવાસી પરંપરાએ વસતિવાસી પરંપરાની સાથે વિરોધાત્મક વ્યવહાર જ કર્યો હશે. પરંતુ જ્યારે ચૈત્યવાસી પરંપરાના કર્ણધાર વિદ્વાન અને દૂરદર્શી આચાર્યોએ એવો અનુભવ કર્યો હશે કે વસતિવાસી પરંપરાના આગમિક ઉપદેશોથી પ્રભાવિત થઈ જનમાનસ એમની તરફ આકર્ષિત થઈ રહ્યો છે, ત્યારે ચૈત્યવાસીઓએ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા પોતાનાં આચાર-વિચાર, કાર્યરીતિ-નીતિમાં ધીમે ધીમે આંશિક પરિવર્તન કર્યા હશે,

જેના કારણે એમની પરંપરાથી વિમુખ થતો જતો જનસમૂહ પુનઃ તેમના તરફ વળે. અનુમાન કરવામાં આવે છે કે પરિવર્તનકારી પ્રયાસોના કારણે થોડી ઘણી સફળતાથી પ્રભાવિત થઈ ચૈત્યવાસી પરંપરાના પ્રમુખ આચાર્યોએ સમન્વયવાદનું અવલંબન લઈ વસતિવાસી શ્રમણોની સાથે સંપર્ક વધારવાનું વલણ પણ રાખ્યું હશે.

આ વાતની પુષ્ટિ થાય એવો પ્રસંગ દ્રોણાચાર્યના વ્યવહારમાંથી મળે છે. ચૈત્યવાસી પરંપરાના સર્વાધિક પ્રભાવશાળી આચાર્ય દ્રોણસૂરિએ અને તેમના પરામર્શ મુજબ ચૈત્યવાસી પરંપરાના દરેક આચાર્યોએ સામૂહિક રીતે સુવિહિત પરંપરાના આગમમર્મજ્ઞ વિદ્વાન આચાર્ય અભયદેવસૂરિની સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર વધારીને સમન્વયાત્મક નીતિનું અવલંબન લીધું.

અભયદેવસૂરિ દ્વારા સ્થાનાંગ વૃત્તિ, જ્ઞાતાધર્મકથાંગ વૃત્તિ અને ઔપપાતિક વૃત્તિની પ્રશસ્તિઓમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખોથી છેવટે એમ સિદ્ધ થાય છે કે નવાંગી વૃત્તિઓને ચૈત્યવાસી અને સુવિહિત બંને પરંપરાઓમાં સાધકો માટે સમાનરૂપે ગ્રાહ્ય બનાવવાના લક્ષ્યથી અભયદેવસૂરિએ નવાંગી વૃત્તિઓને ચૈત્યવાસી પરંપરાના પ્રમુખ આચાર્ય દ્રોણસૂરિ દ્વારા પણ સંશોધિત કરાવી. એનાથી ગુણગ્રાહકતા અને પારસ્પરિક સહયોગની પ્રબળ પ્રેરણા પણ મળે છે.

અભયદેવસૂરિના સ્વર્ગારોહણનાં લગભગ વીસ વર્ષ સુધી ચૈત્યવાસી પરંપરાનું પૂરા ગુર્જર પ્રદેશમાં શક્તિશાળી સંગઠન રહ્યું. પૂર્ણિમાગચ્છના સંસ્થાપક આચાર્ય ચંદ્રપ્રભસૂરિએ વિ. સં. ૧૧૫૯માં એક વ્યાપક ક્રિયોદ્ધાર કર્યો, ત્યાં સુધી પાટણનો સંપૂર્ણ જૈનસંઘ ચૈત્યવાસી પરંપરાના પ્રભુત્વમાં રહ્યો હતો.

આ રીતે પોતાના પ્રતિપક્ષીની સશક્ત સ્થિતિને જોતાં આચાર્ય અભયદેવસૂરિએ સુવિહિત પરંપરાના હિતને ધ્યાનમાં રાખી ચૈત્યવાસી પરંપરાની સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો રાખી પરસ્પર સહયોગાત્મક આદાન-પ્રદાનની નીતિ રાખી, એ તત્કાલીન પરિસ્થિતિઓ સંદર્ભે આવકાર્ય ગણાય.

આચાર્ય દ્રોણસૂરિ

વીર નિર્વાણની સોળ-સત્તરમી સદી (વિક્રમની અગિયારમી-બારમી અને ઈ.સ.ની અગિયારમી સદીના જૈનાચાર્યોમાં ચૈત્યવાસી પરંપરાના આચાર્ય દ્રોણસૂરિ(દ્રોણાચાર્ય)નું જીવનવૃત્ત તત્કાલીન જૈન ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. દ્રોણાચાર્ય નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિના સમકાલીન અને અભયદેવસૂરિ કરતાં સંભવતઃ વયોવૃદ્ધ હતા. તેમ છતાં દ્રોણાચાર્ય સદાય અભયદેવસૂરિને વિશેષ સન્માન આપતા હતા. વરિષ્ઠને જે રીતે આદર અપાય તે રીતે તેઓ અભયદેવસૂરિ પ્રત્યે આદર વ્યક્ત કરતા હતા. એમના જીવનની આ વિશેષતા હતી કે તેઓ ગુણજ્ઞ અને ગુણાનુરાગી હતા, તેનું પ્રમાણ અભયદેવસૂરિ પ્રત્યેના વ્યવહારમાં મળી આવે છે.

વિ. સં. ૧૦૮૦ સુધી ચૈત્યવાસી પરંપરાનો સંઘ અતિ વિશાળ અને શક્તિશાળી હતો. એમાં ચોર્યાશીગચ્છ અને ચોર્યાશી આચાર્ય હતા. એ સર્વમાં સૂરાચાર્ય સર્વોપરી આચાર્ય મનાતા હતા. ચોર્યાશી ગચ્છોમાંથી પ્રત્યેક ગચ્છની વ્યવસ્થાનું સંચાલન એ ગચ્છના આચાર્ય કરતા હતા. એ ચોર્યાશી આચાર્યોમાંથી સંઘ જેને પ્રધાનાચાર્યપદે અધિષ્ઠિત કરે તેની આજ્ઞાનું બાકી સર્વ આચાર્ય શિરોધાર્ય ગણી પાલન કરતા હતા. જિનશાસનના પ્રચાર-પ્રસાર માટે પ્રત્યેક ગચ્છની ગતિવિધિને સમીચીન સ્વરૂપે સંચાલિત કરવાનું ઉત્તરદાયિત્વ પ્રત્યેક ગચ્છના આચાર્યનું રહેતું હતું. બધા સંઘોને એક સૂત્રમાં બાંધીને દરેક ગચ્છ માટે એક જ પ્રકારની નીતિ નિર્ધારિત કરી દરેક આચાર્યો પાસે એ નીતિનું પરિપાલન કામ પ્રધાનાચાર્યને અધીન હતું. કોઈ પણ ગચ્છની કાર્યપ્રણાલીમાં ગુણદોષ જણાય તો તેનું નિવારણ કરવું કે ગુણવૃદ્ધિ હેતુ સંબંધિત આચાર્યને યોગ્ય નિર્દેશ આપવાનું કાર્ય પ્રધાનાચાર્યના અધિકારોમાં જ સમાવિષ્ટ હતું. ચૈત્યવાસી પરપરાની બે મોટી વિશેષતાઓ ખાસ પ્રકાશમાં આવે છે. - પ્રથમ તો એ કે ચૈત્યવાસી પરંપરાની તેના ગચ્છોની પાટણથી સુદૂરસ્થ પ્રદેશ કૂર્ચપુરમાં શાખા અને આશીદુર્ગ ઉપખંડમાં ઉપશાખાની જેમ દેશના વિભિન્ન ભાગોમાં શાખાઓ અને ઉપશાખાઓની જાળ ફેલાયેલી હતી. બીજી વિશેષતા એ

કે પ્રત્યેક પ્રદેશના પ્રત્યેક ખંડની શાખામાં અને ઉપખંડોની ઉપ-શાખાઓમાં સ્થાનીય અને અડોશ-પડોશનાં ક્ષેત્રોમાં સમુચિત શિક્ષણ આપવાની વ્યવસ્થા હતી.

ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્ય આગમોમાં પણ જ્ઞાતા હતા. તેઓ પોતાના અધીનસ્થ અથવા આજ્ઞાનુવર્તી દરેક આચાર્યોને આગમોનું અધ્યયન પણ કરાવતા હતા. આ ઉલ્લેખથી જણાય છે કે ચૈત્યવાસી પરંપરામાં શાસ્ત્રજ્ઞાન પ્રત્યે અભિરુચિ અને જાગરુકતા હતી. અનુમાન થઈ શકે કે દેશના વિભિન્ન ભાગોમાં આવેલા દરેક મઠોમાં શ્રમણ-શ્રમણીવર્ગને શાસ્ત્રોનું અધ્યયન કરાવવાની વ્યવસ્થા પણ હશે. ત્યાં સમુચિત શિક્ષણના માધ્યમથી વિદ્વાન અને સેવાભાવી સદ્‌ગૃહસ્થ પણ તૈયાર થતા હશે.

એ તો સ્પષ્ટ છે કે વિક્રમની બારમી સદીમાં ચૈત્યવાસી પરંપરા માત્ર ગુર્જર પ્રદેશની જ નહિ, પણ દેશના વિભિન્ન ભાગોની બહુજન સંમત એક મોટી શક્તિશાળી પરંપરા હતી. આ પરંપરામાં ચોર્યાશી ગચ્છ હતા અને એ દરેક ગચ્છના પૃથક્-પૃથક્ ચોર્યાશી આચાર્ય હતા; તેમ છતાં દરેક ગચ્છ એકસૂત્રમાં બંધાયેલા હતા. દ્રોણાચાર્ય એ સર્વમાં પ્રધાનાચાર્ય હતા. એમનો આદેશ દરેક ગચ્છના આચાર્યથી લઈ સામાન્ય સદસ્ય સુધી અનિવાર્યરૂપે શિરોધાર્ય ગણાતો. આ રીતે દ્રોણાચાર્ય વિક્રમની અગિયારમી-બારમી સદીના ચૈત્યવાસી પરંપરાના એક સર્વશક્તિસંપન્ન મહાન આચાર્ય હતા.

'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી'માં એમની બાબતે જે પરિચય પ્રાપ્ત થાય છે તે મુજબ તેઓ ચૈત્યવાસી પરંપરાના પ્રમુખ આચાર્ય અને આગમજ્ઞાતા હતા. તેઓ પોતાના આજ્ઞાનુવર્તી આચાર્યોના વિશાળ સમૂહને આગમોની વાચના પણ આપતા હતા. જે વખતે આચાર્ય અભયદેવસૂરિએ પાટણનગરીની કરડિહટ્ટી વસતિમાં વૃત્તિઓના નિર્માણકાર્યનો પ્રારંભ કર્યો, એ વખતે તેમને જાણ થઈ કે દ્રોણાચાર્ય પોતાના આજ્ઞાનુવર્તી આચાર્યોને આગમોની વાચના પ્રદાન કરી રહ્યા છે; તો તેઓ પણ એમની પાસે આગમોની વાચના સાંભળવા જવા લાગ્યા. દ્રોણાચાર્યએ એમને સન્માનપૂર્વક પોતાની નજીક બેસાડ્યા.

અભયદેવસૂરિએ વાચના સાંભળતી વખતે જ્યારે એમ જોયું કે દ્રોણાચાર્ય જે પદમાં સંદેહ થાય તેવા પદની વ્યાખ્યા કર્યા વગર આગળ વધે છે, તો બીજા દિવસે પોતાની સાથે એ અંગશાસ્ત્રની વૃત્તિના એ સંદેહસ્પદ અંશોને દ્રોણાચાર્ય પાસે લઈ ગયા અને વિનમ્રભાવે કહ્યું : "અંગસૂત્રો પર વ્યાખ્યાન પૂર્વે આપ આ વાંચી જાવ. આમાં એ સૂત્રો વિશે વિવરણ છે, જેનાથી આપને વ્યાખ્યાનમાં સહાયતા મળશે." અંગવૃત્તિના એ પત્રોને ત્યાં ઉપસ્થિત ચૈત્યવાસી આચાર્યોએ પણ જોયા - વાંચ્યા. સર્વ આચાર્ય આશ્ચર્ય સાથે અભિભૂત થયા. દ્રોણાચાર્યએ પણ આદર વ્યક્ત કર્યો. આગમના ગૂઢાર્થને આટલી સરળ, સુબોધગમ્ય ભાષામાં વર્ણિત જોઈને દ્રોણાચાર્યના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ અભયદેવસૂરિથી ખૂબ પ્રભાવિત થયા. એમણે અભયદેવસૂરિને અભ્યુત્થાનપૂર્વક સન્માન આપ્યું અને અભયદેવસૂરિને જણાવ્યું : "આપ જેટલી પણ વૃત્તિઓનું નિર્માણ કરશો, એ સર્વ વૃત્તિઓનું હું સંશોધન કરીશ."

'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી'ના ઉપર વર્ણિત ઉલ્લેખના અંતિમ અંશની પુષ્ટિ સ્વયં અભયદેવસૂરિએ સ્થાનાંગ વૃત્તિ, જ્ઞાતધર્મકથાંગ વૃત્તિ અને ઔપપાતિક સૂત્ર વૃત્તિની પ્રશસ્તિઓમાં કરી છે. એમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે - 'નિવૃત્તિકુળના પ્રમુખ આચાર્ય દ્રોણસૂરિએ મારી આવૃત્તિઓનું સંશોધન કર્યું.'

'પ્રભાવક ચરિત્ર'માં દ્રોણાચાર્યના સંબંધમાં એક ઉલ્લેખ દૃષ્ટિગોચર થાય છે કે - 'અણહિલપુર-પાટણમાં ગુર્જરેશ્વર ભીમ નામનો રાજા હતો. એના રાજગુરુનું નામ દ્રોણાચાર્ય હતું. આચાર્ય દ્રોણનો જન્મ ક્ષત્રિયકુળમાં થયો અને તે રાજા ભીમના મામા હતા. દ્રોણાચાર્યએ બાલ્યાવસ્થામાં જ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી લીધી અને તેઓ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા. એનાથી એ અનુમાન થઈ શકે કે ચૈત્યવાસી પરંપરાના આચાર્ય દ્રોણ, પ્રભાવક ચરિત્રમાં વર્ણિત ક્ષત્રિય કુળોત્પન્ન દ્રોણાચાર્ય હોઈ શકે છે.'

'પ્રભાવક ચરિત્રકારે' સૂરાચાર્ય નામના એક પ્રભાવક આચાર્યને દ્રોણાચાર્યના પશ્ચાદ્વર્તી અને એમને પોતાના શિષ્ય આચાર્ય બતાવ્યા

છે. એનાથી વિપરીત 'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી'માં સૂરાચાર્યને દ્રોણાચાર્યના પૂર્વવર્તી આચાર્ય બતાવ્યા છે. ઉપરોક્ત પટ્ટાવલીમાં લિખિત સૂરાચાર્ય અને દ્રોણાચાર્યનાં નામ જોઈને વાચકોને સહજ આભાસ થવા લાગે કે દ્રોણાચાર્ય એમનાથી પૂર્વમાં વર્ણિત સૂરાચાર્યના શિષ્ય હતા.

ઐતિહાસિકકાળ-ગણના અનુસાર સૂરાચાર્યનો સમય અથવા એમનું અસ્તિત્વ વિ. સં. ૧૦૮૦ સુધી નિશ્ચિત થાય છે. અભયદેવસૂરિ અને દ્રોણાચાર્ય બંને સમકાલીન અને એક બીજા પ્રત્યે પૂર્ણ સૌહાર્દભાવ રાખનાર આચાર્ય હતા. અભયદેવસૂરિએ સ્થાનાંગ વૃત્તિ અને જ્ઞાતા-ધર્મકથાંગ વૃત્તિનું નિર્માણ વિ. સં. ૧૧૨૦માં કર્યું. આ બંને વૃત્તિઓનું સંશોધન દ્રોણાચાર્યએ કર્યું. આ ઐતિહાસિક તથ્યથી દ્રોણાચાર્યની સત્તા વિ. સં. ૧૧૨૦ની સિદ્ધ થાય છે. એનાથી એ નિષ્કર્ષ નીકળે છે કે - વિ. સં. ૧૦૮૦માં સૂરાચાર્ય ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્ય હતા અને તેમના ૪૦ વર્ષ બાદ ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્યપદ પર દ્રોણાચાર્ય વિદ્યમાન હતા. એનાથી સહજ સિદ્ધ થાય છે કે સૂરાચાર્ય દ્રોણાચાર્યના પૂર્વવર્તી આચાર્ય હતા અને સંભવતઃ દ્રોણાચાર્યના ગુરુ પણ હતા.

ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્ય દ્રોણસૂરિએ સુવિહિત પરંપરાના આચાર્ય અભયદેવસૂરિની સાથે સદ્‌ભાવ અને આદર દર્શાવી પોતાની પરંપરાની ખરડાતી પ્રતિષ્ઠાને પુનઃ પ્રતિષ્ઠિત કરી. પોતાની પરંપરાનો ગઢ તૂટતો બચાવ્યો અને સુદૃઢ કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. દ્રોણાચાર્યની આ દૂરદર્શિતાનું ચૈત્યવાસી પરંપરા માટે સુખદ પરિણામ એ આવ્યું કે જે ચૈત્યવાસી પરંપરા વિક્રમની અગિયારમી શતાબ્દી સમાપ્ત થવાની સાથે જ આર્ય ધરતી પરથી સમાપ્ત થનાર હતી, એ પુનર્જીવિત થઈ અને વિક્રમથી સત્તરમી શતાબ્દીના અંતિમ ચરણ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. અંતે સત્તરમી સદીમાં ચૈત્યવાસી પરંપરા સમાપ્ત થઈ ગઈ, પણ દ્રોણાચાર્યની સૂઝબૂઝ અને દૂરદર્શિતાના પરિણામે ચૈત્યવાસી પરંપરા દ્વારા આવિષ્કૃત અનેક પ્રકારની અનાગમિક માન્યતાઓ, આગમ વિરુદ્ધ અનુષ્ઠાન, બાહ્યાડંબર આદિ અમુક તો પોતાના મૂળ સ્વરૂપે અને કંઈક

પરિવર્તિત સ્વરૂપે આજે પણ સુવિહિત ગણાતી પરંપરાઓમાં મુખ્ય ધાર્મિક કાર્યોમાં વિદ્યમાન છે.

બીજી તરફ દ્રોણાચાર્યના આ પગલાનું સુવિહિત પરંપરા માટે એ દુષ્પરિણામ આવ્યું કે ધર્મની વિશુદ્ધ મૂળ પરંપરા સ્વરૂપમાં ચૈત્યવાસીઓ દ્વારા પ્રવિષ્ટ થયેલી અનેક પ્રકારની વિકૃતિઓ ભળી ગઈ. દ્રોણાચાર્યની દૂરદર્શિતાપૂર્ણ સમન્વયવાદી નીતિએ, સંપર્ક સહયોગે વસતિવાસી પરંપરાની ધર્મક્રાંતિને લાંબા સમય સુધી ઠંડી કરી દીધી. એકમાત્ર આગમના આધારે સર્વ પ્રકારની વિકૃતિઓને દૂર કરી ધર્મના વિશુદ્ધ સ્વરૂપની પુનુર્પ્રતિષ્ઠાનું વર્ધમાનસુરિનું સ્વપ્ન દ્રોણાચાર્યની અનોખી સૂઝબૂઝના પરિણામે સાકાર ન થઈ શક્યું. દ્રોણાચાર્યની દૂરદર્શિતાએ એમને સુવિહિત પરંપરામાં પણ અમર કરી દીધા. જ્યાં સુધી અભયદેવસૂરિ દ્વારા નિર્મિત નવાંગી વૃત્તિઓ પ્રચલિત રહેશે ત્યાં સુધી અભયદેવસૂરિની સાથે સાથે દ્રોણાચાર્યનું નામ પણ સાધકો દ્વારા સ્મૃતિમાં રહેશે.

અભયદેવસૂરિ પ્રત્યે સમન્વયપરક પારસ્પરિક સહયોગનો હાથ આગળ વધારી, એમના પ્રત્યે અસીમ સન્માન પ્રદર્શિત કરી દ્રોણાચાર્યએ અભયદેવસૂરિ દ્વારા રચિત વૃત્તિઓને સંશોધિત કરવાની એમની પાસેથી સ્વીકૃતિ પ્રાપ્ત કરીને વૃત્તિઓને શોધિત પણ કરી. એ વાતથી એવું અનુમાન લગાવી શકાય કે દ્રોણાચાર્યએ વૃત્તિઓનું સંશોધન કરતી વખતે પોતાની ચૈત્યવાસી પરંપરાની થોડી માન્યતાઓ પણ એ વૃત્તિઓમાં દાખલ કરવાનો પ્રયાસ કર્યો હોય. અભયદેવ-સૂરિનો પ્રગાઢ વિશ્વાસ પ્રાપ્ત કર્યા બાદ એમણે એ વિશ્વાસનો આ રીતે લાભ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હોય તો એમાં આશ્ચર્યની વાત નથી. સંભવ છે કે આ સ્વર્ણિમ અવસરથી લાભ ઉઠાવી પોતાની પરંપરાની થોડી ઘણી માન્યતાઓને એ વૃત્તિઓમાં સમાવિષ્ટ કરવાના લોભનું સંવરણ ન કરી શક્યા હોય. આ સર્વ તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી ચૈત્યવાસી પરંપરાના પ્રધાનાચાર્ય દ્રોણસૂરિનું જીવનવૃત્ત જૈન ઈતિહાસમાં ખૂબ મહત્ત્વપૂર્ણ સિદ્ધ થાય છે.



ગજનવીનું ભારત પર આક્રમણ

વિ. સં. ૧૦૫૮ થી ૧૦૮૭ની વચ્ચે ૨૯ વર્ષની અવધિમાં મહમૂદ ગજનવીએ ભારત પર ૧૭ વખત આક્રમણ કરી ભારતના અનેક ભાગોમાં જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું અને ભયગ્રસ્ત વાતાવરણ ઊભું કર્યું. એ વખતે ભગવાન મહાવીરના પચાસમા પટ્ટધર વિજય-ઋષિના આચાર્યકાળ(વી. નિ. સં. ૧૫૨૪-૧૫૮૯)નો સમય હતો. પોતાના પ્રથમ અભિયાનમાં જ ગજનવીને રત્નજડિત અણમોલ આભૂષણો, સોનામહોરો, હાથી આદિ સ્વરૂપે અપાર ધન-સંપદા પ્રાપ્ત થઈ. આમ, 'સોનાની ચીડિયા' ભારતના ધનથી પોતાના દેશને સમૃદ્ધ અને માલામાલ બનાવવા માટે કુલ ૧૭ વખત ભારતના વિભિન્ન ભાગો પર આક્રમણ કર્યાં અને ભરપૂર લૂંટ ચલાવી. ભારત પરનાં સશસ્ત્ર આક્રમણોથી ગજનવીએ માત્ર આપણા દેશની સંપત્તિની બેફામ લૂંટ ચલાવી, એટલું જ નહિ, ભારતનાં અનેક પવિત્ર તીર્થસ્થળો અને મંદિરોને ધ્વંસ કર્યાં, મૂર્તિઓ તોડી અને ભીષણ જનસંહાર કરી અનેક નગરો ને ગ્રામનિવાસીનું બળજબરીથી ધર્મપરિવર્તન પણ કરાવ્યું.

મહમૂદના પિતા સુબુક્તગીનના મૃત્યુ બાદ લાહોરના રાજા જયપાલે વિ. સં. ૧૦૩૪માં સ્વીકારેલા ગજનીના આધિપત્યનો ઇન્કાર કર્યો. જયપાલે પોતાને સ્વતંત્ર ઘોષિત કરી, ગજનવીની હકૂમતને સાલિયાણું આપવાનું બંધ કર્યું. જયપાલના આ પગલાથી નારાજ થઈ મહમૂદે વિ. સં. ૧૦૫૮માં એક મોટી સેના લઈ લાહોર તરફ પ્રયાણ કર્યું. લાહોરના રાજા જયપાલે પણ એક શક્તિશાળી સેના તૈયાર કરી. જયપાલની સેનામાં ૩૦૦ હાથીઓ પણ સામેલ હતા. તેમણે પેશાવરની પાસે મહમૂદ ગજનીની સેનાનો માર્ગ રોક્યો. બંને સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ઘોર સંગ્રામ બાદ મહમૂદે રાજા જયપાલને તેના ભાઈ, પુત્ર આદિ ૧૫ આત્મીયજનો સાથે કેદ કરી લીધો. મહમૂદ ગજનવીને આ લૂંટમાં વિપુલ માત્રામાં સંપત્તિ મળી. જેમાં ૧૬ રત્નજડિત બહુમૂલ્ય હાર પણ હતા. રત્નપારખુ ઝવેરીઓએ એક હારનું મૂલ્ય ૧,૮૦,૦૦૦ સુવર્ણ દીનાર બરાબર જણાવ્યું. લૂંટમાં પ્રાપ્ત કરેલી આ સંપત્તિ સિવાય મહમૂદે કેદ કરેલા જયપાલને ત્રણ મહિનાના કારાવાસ પછી મુક્ત કરવા માટે પણ યથેચ્છા ધન પ્રાપ્ત કર્યું.

મહમૂદની જેલમાંથી મુક્ત થયેલા રાજા જયપાલે પોતાના પુત્રને રાજ્ય સોંપી દીધું. એ વખતના ક્ષત્રિય રાજાઓમાં પ્રચલિત પારંપરિક રીતિનીતિનું અનુસરણ કરતાં, બે વખત યુદ્ધમાં પરાજિત થવાના કારણે અગ્નિપ્રવેશ કરી પોતાના જીવનનો અંત લાવ્યા.

આ ઘટનાના અમુક વર્ષ પછી મુલતાનના અબુલ ફતહ દાઉદ નામના શાસકે પોતાને સ્વતંત્ર ઘોષિત કરી મહમૂદને સાલિયાણું આપવાનું બંધ કરી દીધું. મહમૂદ જે વખતે દાઉદ પર આક્રમણ કરવા આવ્યો એ વખતે આનંદપાલે મહમૂદથી પ્રતિશોધ લેવા માટે દાઉદની સહાયતા કરી. એનાથી ક્રોધિત થઈને મહમૂદે વિ. સં. ૧૦૬૬માં આનંદપાલની વિરુદ્ધ સૈનિક અભિયાન ચલાવ્યું.

ત્યાં સુધીમાં ભારતના અનેક રાજાઓના મનમાં મુગલોના આક્રમણથી એવી ભાવના જાગૃત થઈ ગઈ હતી કે મુસલમાનોના રાજ્યને યેન કેન પ્રકારે ભારતમાંથી ઉખાડી ફેંકવા માટે એક થઈને યુદ્ધ કરવું જોઈએ. આનંદપાલે ભારતના વિભિન્ન રાજાઓને દૂત મોકલી મહમૂદના સૈનિક અભિયાનને વિફળ કરવા અને તેની સૈનિકશક્તિને નષ્ટ કરવાના હેતુથી સૈનિક સહાય માંગી. મુસ્લિમ આતતાયીને સદાયને માટે ભારતથી ખદેડવા માટે ભારતીય માનસમાં એક લહેર જાગી. ભારતના વિભિન્ન ભાગોમાંથી મહિલાઓએ પણ પોતાનાં ઘરેણાં વેચી ધનરાશિ એકત્ર કરી અને મહમૂદનાં સૈનિક-અભિયાન વિરુદ્ધ યુદ્ધ માટે તે ધનરાશિ આનંદપાલને મદદ તરીકે મોકલી. ઉજ્જૈન, ગ્વાલિયર, કાલિંજર, કનોજ, દિલ્હી અને અજમેરના શાસક પણ પોતપોતાની સેનાઓ સાથે આનંદપાલની સહાયતા અર્થે મહમૂદ સાથે યુદ્ધ કરવા તત્પરતાપૂર્વક ઉપસ્થિત થયા. ભારતીય સેનાઓએ લગભગ ૪૦ દિવસ સુધી પેશાવરની પાસે છાવણી રાખી. લાંબી પ્રતીક્ષા પછી મહમૂદની સેના ભારતીય સેનાની સામે આવી. મહમૂદે પોતાના ધનુર્ધારીઓને બાણવર્ષા દ્વારા ભારતીય સેનામાં ભાગદોડ મચાવવા આદેશ આપ્યો. ૩૦,૦૦૦ ગક્ખર યોદ્ધાઓએ પૂરી બહાદુરીથી નિરંતર આગળ વધતાં રહી મહમૂદના ધનુર્ધારીઓને પરાસ્ત કરી પાછળ ધકેલતા રહ્યા. મહમૂદની સેનાના મધ્યભાગ સુધી

પહોંચી તેમણે શત્રુઓનો સંહાર કર્યો. એ ભીષણ સંગ્રામમાં શૌર્યશાળી ગક્ખર યોદ્ધાઓએ થોડા જ સમયમાં મહમૂદની સેનાના ૫૦૦૦ યોદ્ધાઓને મોતને ઘાટ ઉતાર્યા. વિજય ભારતીય સેનાના હાથવેંતમાં હતો કે અચાનક સાળગતું તીર આનંદપાલના હાથીના કપાળમાં વાગ્યું અને ઊંડે સુધી ઘૂસી ગયું. આનંદપાલનો હાથી નેપ્થાયુક્ત તીરની દાહક જ્વાળાઓથી ત્રસ્ત થઈ કર્ણભેદક રીતે ચિંઘાડતો રણમેદાનથી ભાગ્યો. એનાથી ભારતીય સેનાઓએ સમજી લીધું કે રાજા આનંદપાલ રણમેદાનમાં પીઠ બતાવીને ભાગ્યા છે. આ ગેરસમજના કારણે યુદ્ધમાં મગ્ન અન્ય છ રાજાઓની સેનાઓ પણ રણભૂમિથી પલાયન કરવા લાગી. અને આ રીતે થોડી ક્ષણોમાં જે વિજય પ્રાપ્ત થવાનો હતો ત્યાં ભરપૂર શક્તિ હોવા છતાં પરાજય થયો. મહમૂદને અતુલ ધન-સંપત્તિની સાથે જ પ્રચુર માત્રામાં હાથી આદિ અન્ય સૈન્ય-સામગ્રી હાથ લાગી.

વિક્રમ સંવત ૧૦૭૫માં મહમૂદ ગજનવીએ કનોજ પર આક્રમણ કરી ત્યાંના રાજા રાજ્યપાલને પોતાને અધીન કર્યા. ત્યાંથી પણ પ્રચુર માત્રામાં ધન-સંપત્તિ પ્રાપ્ત થઈ. ત્યાર બાદ એણે યમુનાતટ પર વસેલા મહાવન પર આક્રમણ કર્યું. ત્યાંના રાજા કૂલચંદ્રએ શત્રુ સાથે યુદ્ધ કરવા માટે પ્રયાણ તો કર્યું, પરંતુ શત્રુસૈન્યની શક્તિ સમક્ષ પોતાની સૈન્ય-શક્તિને અપર્યાપ્ત સમજી પરાજયના કલંકથી બચવા માટે પોતાના પરિવારને મારીને શત્રુથી યુદ્ધ કરતાં પૂર્વ જ આત્મઘાત કરી લીધો. મહાવનની લૂંટમાં મહમૂદને ૮૦ હાથી અને વિપુલ ધનરાશિ મળી.

મહાવનને લૂંટ્યા બાદ મહમૂદે મથુરા પર આક્રમણ કર્યું. નામમાત્રની એક નાનકડી લડાઈમાં જ હરદત્ત રાજાને હરાવીને મહમૂદે મથુરા પર સહજ રીતે અધિકાર પ્રાપ્ત કરી લીધો. મહમૂદે સોના-ચાંદીની મૂર્તિઓને પણ તોડી પાડી. એ મૂર્તિઓમાં જડેલાં અણમોલ લાલ હીરા-પન્ના આદિ રત્નોને મહમૂદે પોતાના તાબામાં લીધા. મથુરાના દરેક મંદિરની મૂર્તિઓને ગળાવી સોના-ચાંદીની શિલાઓ હસ્તગત કરી. આ રીતે લૂંટમાં પ્રાપ્ત થયેલી અપાર ધન-સંપદાને સાથે લઈ તે ગજની તરફ પાછો ફર્યો અને માર્ગમાં જેટલાં પણ મંદિર મળ્યાં તેની મૂર્તિઓને તોડી.

મહમૂદ ગજનવીએ વિ. સં. ૧૦૮૨માં સોમનાથ મંદિરની અપાર સંપત્તિને લૂંટવા અને ત્યાંની એ સમયની સર્વાધિક ચમત્કારિક મનાતી સોમનાથ મૂર્તિને તોડવાના લક્ષ્યથી સોમનાથ પર આક્રમણ કર્યું. સોમનાથ પર તેણે મુલતાન અને એનાથી આગળના જનશૂન્ય રેગિસ્થાનના માર્ગથી આક્રમણ કર્યું. રેગિસ્તાની માર્ગમાં અન્ન-જળનાં દર્શન પણ દુર્લભ હતાં, તેથી એણે ૩૦૦૦૦ ઊંટ પર વિપુલ માત્રામાં અન્ન-જળનો સંગ્રહ કરી સોમનાથ તરફ પ્રયાણ કર્યું. એ પોષ માસના શુક્લ પક્ષમાં ગુરુવારના દિવસે સોમનાથ પહોંચ્યા.

વિશાળ ગુર્જર રાજ્યના મહારાજા ભીમદેવ પ્રથમ (વિ.સં. ૧૦૭૯-૧૧૨૯) સોમનાથના મંદિરની રક્ષા માટે પોતાની સાથે સોમનાથ પહોંચ્યા. બીજા દિવસે શુક્રવારે મહમૂદે સમુદ્ર તટે આવેલા સુદૃઢ કિલ્લા પર આક્રમણ કર્યું. ભયંકર લડાઈ થઈ. આ યુદ્ધમાં સોમનાથની રક્ષા અર્થે એકત્રિત યોદ્ધાઓએ મહમૂદની સેના પર શસ્ત્રાસ્ત્રોથી ભીષણ પ્રહાર કર્યો. પોતાની અત્યધિક સૈનિક ક્ષતિ થતી જોઈને મહમૂદના સૈનિક સીડીઓ લગાવી કિલ્લા પર ચડી ગયા. સોમનાથની રક્ષાર્થે આવેલા અણહિલવાડના મહારાજા ભીમદેવે ૩૦૦૦ મુસલમાન સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા. રાત્રિ થઈ જવાના કારણે એ દિવસની લડાઈ બંધ થઈ અને બીજા દિવસે સૂર્યોદય સાથે જ યુદ્ધનો ભીષણ યુદ્ધનો પ્રારંભ થયો. આ યુદ્ધમાં ભીષણ નરસંહાર થયો. અંતે મહમૂદે સોમનાથ મંદિરમાં પ્રવેશ કર્યો. મંદિરમાં સીસાથી મઢેલાં સાગવાનના ૫૬ સ્તંભ હતા. સોમનાથની મૂર્તિ નક્કર પથ્થરની હતી, જે પાંચ હાથ ઊંચી અને બે હાથ જમીનમાં જડાયેલી હતી. એની પરિધિ ૩ હાથની હતી. આ મૂર્તિ એક અંધારા ઓરડામાં હતી, જેમાં રત્નજડિત દીપકોનો પ્રકાશ ફેલાતો. મૂર્તિની નજીક ૨૦૦ મણ વજનની સોનાની સાંકળ હતી, જેમાં ઘંટ લટકતા હતા. જેને દરેક પ્રહરના અંતે સોનાની સાંકળથી હલાવીને વગાડવામાં આવતા હતા. મૂર્તિની પાસે જ ભંડાર હતો; જેમાં સોના-ચાંદીની ઘણી બધી મૂર્તિઓ અને બહુમૂલ્ય રત્નોથી જડિત વસ્ત્રો હતાં. મહમૂદે મૂર્તિને તોડી. એનો એક હિસ્સો એણે ત્યાં જ બળાવી દીધો અને બીજો ભાગ એ લૂંટમાં સોમનાથના મંદિરથી પ્રાપ્ત થયેલાં સોના-ચાંદી, રત્નરાશિ આદિ બહુમૂલ્ય વસ્તુઓની

સાથે ગજની લઈ ગયો અને સોમનાથની મૂર્તિના ટુકડાની ગજનીની જામા મસ્જિદના દરવાજાની એક સીડી બનાવી.

સોમનાથ પર મહમૂદ ગજનવી દ્વારા થયેલા આ ભીષણતમ જનસંહારકારી આક્રમણમાં બધા મળીને ૫૦ હજારથી પણ વધારે ભારતવાસીઓએ પોતાના પ્રાણની આહુતિ આપવી પડી અને ૨૦ લાખ દિનાર કરતાં પણ અધિક મૂલ્યનો માલ મહમૂદ ગજનીને મળ્યો જે પોતાની સાથે લઈ ગયો.

સાધારણ વ્યક્તિ પણ એમ વિચારે છે કે - 'જે ભારત આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજનૈતિક અને વિશ્વકલ્યાણકારિણી રીત-નીતિઓ અને ગતિવિધિઓમાં સહસ્રાબ્દીઓ સુધી વિશ્વના નાયકપદે રહેલો દેશ, વિક્રમની દસમી-અગિયારમી શતાબ્દીનો પ્રાદુર્ભાવ થતાં જ આ પ્રકારની વિપરીત અને દયનીય દશામાં શા કારણે આવી પડ્યો ?'

ભારતીય ઈતિહાસના અતીતમાં ઘટિત આત્યંતિક ઐતિહાસિક મહત્ત્વની ઘટનાઓના પરિપ્રેક્ષ્યમાં તટસ્થ દૃષ્ટિએ ગહન ચિંતન બાદ ભારત અને ભારતીયોને આ પ્રકારની અસમંજસપૂર્ણ દયનીય દુર્દશામાં પહોંચાડનાર નિમ્નલિખિત એકમાત્ર કારણ નિષ્કર્ષ રૂપે અમારી નજર સમક્ષ આવે છે. અલબેરૂની, આર. સી. મજૂમદાર આદિ અનેકાનેક લબ્ધપ્રતિષ્ઠિત ઈતિહાસવિદો દ્વારા પ્રસ્તુત થયેલી વિગતોને અંતે સારરૂપ કારણ સમજીએ તો -

'સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહનૌ વીર્યં કરવાવહૈ, તેજસ્વિ નાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ.'

અર્થાત્ આપણે સાથે મળીને ઉઠીએ, બેસીએ, સમાનરૂપે ભોગ-પભોગ કરીએ, સાથે મળી નિષ્ઠાપૂર્વક પરિશ્રમ કરીએ, આપણું સર્વાંગીણ અધ્યયન તેજસ્વિતાપૂર્ણ અર્થાત્ ઉત્કૃષ્ટ કરવાનું હોય અને આપણે પરસ્પર એકબીજાથી કદી દ્વેષ ન કરીએ. નરશાર્દૂલ સમાન સન્માનપૂર્ણ જીવન જીવવાના આવશ્યક મંત્ર તરીકે ઉપરની વાતનું આપણને ભારતીયોને જાણે વિસ્મરણ થયું. પ્રગતિપથ પર અગ્રેસર કરનારા મૂળમંત્રને ભૂલી જવાના કારણે ભારતીયોએ વખતોવખત અનેક ઝટકા સહન કર્યા અને અધઃપતન તરફ ઉન્મુખ થયા. જ્યારે

જ્યારે આ મૂળમંત્રની સ્મૃતિ થઈ અને એ પ્રમાણે જીવવાનો પ્રારંભ કર્યો ત્યારે પુનઃ પ્રગતિ તરફ વળ્યા. આ પ્રકારની ઉન્નતિ-અવનતિની પ્રક્રિયાના દોરમાં વિક્રમની દસમી શતાબ્દીના આવિર્ભાવની આસપાસ પ્રગતિના આ મૂળમંત્રને ભારતીયો પોતાની કથની-કરણીમાં સદંતર ભૂલી ગયા.

દેશવ્યાપી જનમાનસમાં વ્યાપ્ત વર્ણવિદ્વેષ, ઉચ્ચ વર્ણ, ઉચ્ચ જાતિ, ઉચ્ચ કુળના દંભ, ધાર્મિક અસહિષ્ણુતા, હઠાગ્રહો, મિથ્યા મતાગ્રહો અને જન-જનના મનમાં પોતપોતાની શ્રેષ્ઠતાના અહંકારે ઉઘાડેછોગ જાણે તાંડવ નૃત્ય કર્યું. જેનું સર્વનાશી દુષ્પરિણામ એ આવ્યું કે ભારતના કોઈ પણ પ્રદેશ, નગર અથવા ગામનું વાતાવરણ પારસ્પરિક કલહ-ક્લેશથી અછૂતું રહ્યું નહિ અને સામૂહિક સદ્‌ભાવ, સામૂહિક સત્પ્રયાસના દર્શન ભારતમાં દુર્લભ થઈ ગયા. આ રીતની કલહપૂર્ણ-વિદ્વેષજન્ય સાર્વજનિક સ્થિતિના પરિણામે મહાન આર્ય-ધરતીના અભ્યુદય-ઉત્થાનનું દ્વાર એક રીતે અવરોધાયું અને અધ-પતનના દરવાજા ખૂલી ગયા.

આ મહામંત્રના વિસ્મરણના પરિણામ સ્વરૂપે આતતાયીઓ દ્વારા ભારતીયોનો અનેક વખત ભીષણ સંહાર થયો. ભારતની અતુલ-અપરિમેય ધન-સંપત્તિને લૂંટવામાં આવી. ભારતીયોને બળપૂર્વક ધર્મપરિવર્તન માટે ફરજ પાડવામાં આવી. સાથોસાથ આર્થિક, રાજનૈતિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક આદિ દરેક દૃષ્ટિએ ભારત-વાસીઓને ક્યારેય પૂરી ન શકાય એવી ક્ષતિ પહોંચાડવામાં આવી.

વિક્રમની આઠમી સદીના પ્રારંભથી લઈ અનેક શતાબ્દીઓ સુધી ચાલતા રહેલાં વિદેશી આતતાયીઓનાં આક્રમણોથી ભારતના શાસકવર્ગની, કુબેરભંડારી એવા વેપારીવર્ગની, અને સામાન્ય ભારતીય નાગરિકોની પ્રત્યેક વર્ગની ધન અને મનોબળની જે અસાધારણ ક્ષતિ થઈ એની સ્મૃતિ માત્રથી પ્રત્યેક ભારતીયનું હૃદય કમકમી ઊઠે છે.

ભારત પર ૧૭ આક્રમણ દરમિયાન કરેલી લૂંટથી પોતાના દેશને માલામાલ અને ગજનીની હકૂમતને એક શક્તિશાળી હકૂમતમાં પરિવર્તિત કર્યા પછી વિ. સં. ૧૦૮૭(વી. નિ. સં. ૧૫૫૭)માં

મહમૂદ ગજનીનું મૃત્યુ થયું. એના મૃત્યુ પછી એના પુત્રો અપાર દોલત અને સત્તા માટે પરસ્પર લડવા લાગ્યા. મહમૂદના નાના દીકરા મસૂદે પોતાના મોટા ભાઈ સુલતાન મુહમ્મદને ગજનીની ગાદીએથી હટાવી તેને આંધળો બનાવીને ખુદ ગજની રાજ્યનો સ્વામી થઈ ગયો. થોડા સમય બાદ ગજનીની સેનાએ મસૂદને પદચ્યૂત કરી એના દ્વારા આંધળા કરવામાં આવેલા એના મોટા ભાઈ મુહમ્મદને પુનઃ ગજનીનો સુલતાન બનાવી દીધો. થોડા સમય બાદ મુહમ્મદના પુત્ર અહમદે વી. નિ. સં. ૧૫૬૯માં મસૂદને મોતને ઘાટ ઉતાર્યો. એ જ વર્ષે મસૂદના પુત્ર મૌદૂદે મુહમ્મદને મારી ગજની પર અધિકાર જમાવ્યો. આ રીતે ગજનવીના ઉત્તરાધિકારી પુત્ર-પૌત્ર આદિ પરસ્પર લડી-કપાઈ મૂઆ. એના દ્વારા સંસ્થાપિત અને ભારતથી લૂંટમાં પ્રાપ્ત કરેલ અપાર દોલતના બળ પર જમાવેલ ગજનીની સલ્તનન પર અન્ततोગત્વા વિ. સં. ૧૨૦૯ (વિ. નિ. સં. ૧૬૭૯)ની આસપાસ સૈફુદ્દીન ઘોરીના ભાઈ અલ્લાઉદ્દીન હુસેન ઘોરીએ અધિકાર જમાવ્યો અને ગજનીના તુર્ક રાજ્યનો અંત આણ્યો.

ઉપરોક્ત અવધિની વચ્ચે મહમૂદ ગજનવીની મૃત્યુના લગભગ ૧૪ વર્ષ પછી વી. નિ. સં. ૧૫૭૧માં દિલ્હીના હિન્દુ રાજાએ હાંસી, થાણેશ્વર, સિંધ અને નગરકોટ પર અધિકાર કરી ત્યાંથી મુસલમાનોને ભગાડ્યા. ત્યાં મંદિરોમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા-પૂજા અને મંદિરોના નવનિર્માણ આદિના કાર્યનો પુનઃ પ્રારંભ થયો. આ સમયગાળા બાદ પંજાબના નાના-મોટા રાજાઓએ મળીને લાહોર પર પણ આક્રમણ કર્યું. પરંતુ સાત માસના કઠોર સંઘર્ષ પછી પંજાબના હિન્દુ રાજાઓનો યુદ્ધમાં પરાજય થયો અને આ રીતે લાહોરનું રાજ્ય ગજનવીના સુલતાનોના હાથમાં જ રહ્યું.

આ રીતે વીર નિર્વાણની સોળમી શતાબ્દીનો અધિકાંશ સમય ભારતીય ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ દુર્ભાગ્યપૂર્ણ અને ભારતવાસીઓ માટે ત્રાસદાયક રહ્યો.

દક્ષિણમાં જૈન ધર્મ પર પુનઃ સંકટ

પ્રસ્તુત ગ્રંથમાળાના તૃતીય ભાગમાં પ્રામાણિક શિલાલેખો અને ઐતિહાસિક ઘટનાઓના આધારે એ દર્શાવી દેવામાં આવ્યું છે કે ગંગ, કદંબ, રાષ્ટ્રકૂટ અને હોય્સલ રાજવંશોના શાસનકાળમાં દક્ષિણમાં જૈન ધર્મ અને સમાજની ઉલ્લેખનીય અભિવૃદ્ધિ થઈ. એમના રાજ્યકાળમાં જૈન ધર્મની ગણના દક્ષિણ ભારતના ધર્મોમાં એક મુખ્ય ધર્મ તરીકે થવા લાગી હતી. ઈસુની બીજી શતાબ્દીથી સાતમી શતાબ્દી સુધી દક્ષિણમાં જૈન ધર્મ બહુજન-સંમત, સર્વાધિક વર્ચસ્વશાળી અને શક્તિસંપન્ન ધર્મ મનાતો રહ્યો. વી. નિ. સં. ૧૫૦૧ (ઈ. સ. ૯૭૪)માં રાષ્ટ્રકૂટવંશીય રાજા ઇન્દ્ર ચોથાના સંલેખનાપૂર્વક દેહાવસાન બાદ પશ્ચિમી ચાલુક્યોનો શાસનકાળ આવ્યો.

પશ્ચિમી ચાલુક્યોના શાસનકાળમાં જૈન ધર્મની પ્રગતિ એક રીતે અવરોધાઈ હતી. પશ્ચિમી ચાલુક્યોના શાસનકાળમાં રાજ્યાશ્રય ન મળવાથી જૈન ધર્મ ધીમે-ધીમે ગૌણ થતો ગયો. જૈન વસતિઓમાંથી જૈનોનાં આરાધ્યદેવોની મૂર્તિઓ ઉખાડીને ફેંકી દેવામાં આવી. જૈન પ્રતિમાઓના સ્થાને પૌરાણિક શૈવ અથવા વૈષ્ણવ મૂર્તિઓ પ્રતિષ્ઠાપિત કરવામાં આવી. પણ આવી સ્થિતિ બહુ લાંબો વખત ચાલી નહિ.

ઈ.સ. ૧૧૨૬માં કલચુરી રાજા વિજ્જલે ચાલુક્ય રાજાના સિંહાસન પર અધિકાર મેળવી પોતાને સાર્વભોમ મહારાજા ઘોષિત કર્યો. વિજ્જલના પ્રારંભિક શાસનકાળમાં જૈન ધર્મની પુનઃ પ્રગતિ થવા લાગી. વિજ્જલ પોતે જૈન હતા અને પોતાને ચક્રવર્તી ઘોષિત કરેલ. એ વખતે જૈનસંઘે પોતાની ગુમાવેલી શક્તિ પુનઃ અર્જિત કરી અને પ્રભાવશાળી ધર્મસંઘ તરીકે પ્રભાવ વિસ્તાર્યો. પરંતુ જૈન ધર્મનું આ વર્ચસ્વ પણ બુઝાતા દીપકના ઝગમગાટ જેવું જ હતું. મહારાજા વિજ્જલનો બસવા નામનો એક મંત્રી ગુપ્ત સ્વરૂપે લિંગાયત ધર્મનો પ્રચાર કરવા લાગ્યો. આ પ્રચાર માટે તે કલ્યાણીના રાજકોષનો પોતાની ઇચ્છા અનુસાર વ્યય કરવા લાગ્યો. જ્યારે વિજ્જલને આ જાણ થઈ કે એનો રાજદ્રોહી મંત્રી બસવા રાજકોષમાંથી વિશાળ

ધનરાશિ લિંગાયત ધર્મના પ્રસાર-પ્રચારમાં વ્યય કરી રહ્યો છે ત્યારે તેણે રાજકોષની દેખભાળનું કામ પોતાના હાથમાં લઈ લીધું.

આખરે મંત્રી બસવાએ મહારાજા વિજ્જલને દગાથી ઝેર આપીને મારી નાખ્યા. વિજ્જલના કુમારોએ બસવાને મારવા તેના ઘર પર આક્રમણ કર્યું, પણ અપરાધી બસવા ત્યાંથી પહેલાં જ ભાગી નીકળ્યો હતો. રાજકુમારોએ સેનાની સાથે બસવાનો પીછો કર્યો. ધારવાડની પાસે જ્યારે બસવાએ આ જોયું કે રાજકુમાર પોતાની સેના સાથે પીછો કરી રહ્યા છે ત્યારે બચવાનો કોઈ ઉપાય ન જણાતા તેણે એક કૂવામાં છલાંગ લગાવી દીધી. બસવાના પ્રાણનો અંત આવ્યો, પરંતુ તેની ગણના ધર્મ પર પ્રાણ ન્યોછાવર વીર નર રૂપે થવા લાગી.

લિંગાયતોએ ચોતરફ જૈન ધર્માવલીઓનો સામૂહિક સંહાર કરવાનું શરૂ કરી દીધું. લિંગાયત સાધુઓ દ્વારા રચિત ક્રાંતિ ગીતોનો જન-જનનાં માનસ પર એવો પ્રભાવ પડ્યો કે વિશાળ કલચુરી રાજ્યની સીમાઓમાં જૈનો પર અનેક પ્રકારનાં ભીષણ અત્યાચાર થવા લાગ્યા. શતાબ્દીઓથી જૈન ધર્મની અનુયાયી વણિંજક જાતિનું લિંગાયતોએ બળપૂર્વક સામૂહિક ધર્મપરિવર્તન કરાવી આખી જાતિને લિંગાયત ધર્મની અનુયાયી જાતિ બનાવી દીધી. આમ થવાના કારણે એક તરફ જૈન ધર્મ પર અનુયાયીઓની સંખ્યા ઓછી થવાનો ભયંકર આઘાત પહોંચ્યો અને બીજી તરફ ધનાઢ્ય જૈનો તરફથી જૈન ધર્મના પ્રચાર-પ્રસાર માટે પ્રાપ્ત થનારી વિપુલ ધનરાશિ પણ આવતી બંધ થઈ જવાના કારણે જૈન ધર્મના પ્રસાર-પ્રચાર પર ખૂબ પ્રતિકૂળ પ્રભાવ પડ્યો.

લિંગાયતોના મનોબળને વધારનાર અને જૈનોના મનોબળને કુંઠિત કરનારી અનેક કથાઓ લિંગાયત સંપ્રદાયના કર્ણધારો દ્વારા કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પ્રસારિત કરવામાં આવી. એવા વિપરીત અને વિષાક્ત વાતાવરણમાં એ વખતે આંધ્રપ્રદેશમાં જૈનોનું અસ્તિત્વ નહિવત્ થઈ ગયું.

આ બધી વિકટ પરિસ્થિતિઓ છતાં પણ જૈન ધર્મ કર્ણાટક-પ્રદેશમાં પૂર્ણતઃ નષ્ટ ન થયો. પોતાના વર્ચસ્વના આ હ્રાસોન્મુખ સંક્રાંતિકાળમાં

પણ સારી સંખ્યામાં કર્ણાટક પ્રદેશમાં જૈન વિદ્યમાન રહ્યા. મૈસૂરના ઉત્તરવર્તી રાજવંશ દ્વારા જૈન ધર્માવલંબીઓને વખતોવખત સહાયતા પ્રાપ્ત થતી રહી. વિદેશી શાસકો દ્વારા પણ જૈનો સાથે યત્કિંચિત્ ઉદારતાપૂર્ણ વ્યવહાર રહ્યો. ઉદાહરણ તરીકે જોઈએ તો હૈદર નાઈકે જૈન મંદિરોને ગ્રામદાન પણ આપ્યું.

ઈ. સ. ૧૩૨૬ની આસપાસ મુસ્લિમ આક્રાંતાઓએ હોય્સલ રાજ્યને ઉખાડી ફેંકયું. મુસલમાનોના આક્રમણથી જે અરાજકતા ઉત્પન્ન થઈ એના પરિણામ સ્વરૂપે વિજયનગરમાં એક શક્તિશાળી હિન્દુ રાજ્યનો અભ્યુદય થયો. વિજયનગરના ચાલુક્યવંશી રાજા મોટેભાગે વૈષ્ણવધર્મી હતા અને મંત્રી પણ મોટેભાગે બ્રાહ્મણો જ હતા. આ કારણે જૈનધર્મીઓને પોતાની શક્તિના સંચયનો કોઈ અવસર મળ્યો નહિ, પરંતુ વિજયનગરના શાસકોએ વૈષ્ણવ ધર્માવલંબીઓ દ્વારા જૈનધર્માવલંબીઓ વિરુદ્ધ કરવામાં આવેલાં અભિયાનોથી જૈનોનું રક્ષણ અવશ્ય કર્યું. વિજયનગરના કોઈ પણ રાજાએ કોઈ જૈનને કદી સતાવ્યા નહિ. ખરેખર તો વિજયનગરના રાજાઓએ જૈનોને સંકટની ઘણી ક્ષણોમાં બધી રીતે સંરક્ષણ આપ્યું.

ઉદાહરણ સ્વરૂપ ઈ. સ. ૧૩૫૩ થી ૧૩૭૭ સુધીના વિજયનગર રાજ્ય પર ચાલુક્યરાજ બુક્કરાયનું શાસન હતું. તેણે પોતાના શાસનકાળમાં જૈનો અને વૈષ્ણવોની વચ્ચે એક ઐતિહાસિક સંધિ કરાવી ખરાબ સમયમાં જૈન ધર્મની સહાયતા કરી. આ સંધિ સંસારમાં અન્યત્ર દુર્લભ અને અનુકરણીય આદર્શ છે. ડૉ. પી. બી. દેસાઈએ બુક્કરાયના આ અનુશાસન સંબંધમાં ઐતિહાસિક કૃતિ 'એ હિસ્ટ્રી ઑફ કર્ણાટક'માં જે લખ્યું છે એનો અનુવાદ અહીં આપવામાં આવ્યો છે.

જૈનોને બુક્કરાય દ્વારા મળેલું સંરક્ષણ

વિજયનગરના મહારાજા બુક્કરાયના શાસનકાળની એક મહત્ત્વપૂર્ણ ઘટનાથી બુક્કરાયની સામાજિક અને ધાર્મિક ન્યાય સંબંધી અત્યંત ઉદારતાપૂર્ણ વૃત્તિ પ્રકાશમાં આવે છે. આ ઘટના છે જૈન-રામાનુજ સંઘર્ષની સમસ્યાનું સમાધાન કરાવનાર બુક્કરાયનું અનુશાસન. બુક્કરાયના શાસનકાળમાં જૈનો અને રામાનુજાચાર્યના અનુયાયી વૈષ્ણવોની વચ્ચે પોતાના અધિકારો, સુવિધાઓ અને ધાર્મિક અનુષ્ઠાનોના પ્રશ્નો સંદર્ભે ખૂબ સંઘર્ષ ઉત્પન્ન થયો. અલ્પસંખ્યક થઈ ચૂકેલા જૈન ધર્માવલંબીઓની એ વખતે બહુસંખ્યક વૈષ્ણવો દ્વારા સતામણી થવા લાગી, આ બાબતે પીડિત જૈનોએ વિજયનગરના મહારાજા બુક્કરાય સમક્ષ ન્યાયની યાચના કરી અને પોતાનો પક્ષ રજૂ કર્યો. મહારાજા બુક્કરાયે બંને ધર્મના અગ્રણીઓને પોતાની ન્યાયસભામાં બોલાવ્યા. બુક્કરાયના ન્યાયને સાંભળવા દરેક પ્રજાના દરેક વર્ગના પ્રતિનિધિઓ પણ વિશાળ સંખ્યામાં બુક્કરાયની સભામાં ઉપસ્થિત થયા. બંને પક્ષોને ધ્યાનપૂર્વક સાંભળ્યા પછી મહારાજા બુક્કરાયે પોતાનો નિર્ણય સંભળાવ્યો. જેમાં મહત્ત્વની વાત એ હતી કે બહુસંખ્યક સંપ્રદાયના લોકોનું સૌથી મોટું અને પ્રાથમિક કર્તવ્ય એ સ્થાપિત કર્યું કે - 'તેમણે અલ્પસંખ્યક વર્ગના લોકોનાં અધિકારો, હિતો અને તેમની સુવિધાઓનું રક્ષણ કરવું. બીજા શબ્દોમાં કહીએ તો અલ્પસંખ્યકોના અધિકારોની સુરક્ષા કરનારી આ એક રાજકીય ઘોષણા હતી.

સંસારના ઈતિહાસમાં આ પ્રકારના ઉદાહરણ અન્યત્ર અલભ્ય છે, જેમાં વિભિન્ન ધર્માવલંબીઓના સંઘર્ષ-કલહને શાંત કરનાર અને સમન્યાયી વ્યવસ્થાનો નિર્ણય આપવામાં આવ્યો હોય. સાર્વભૌમ સત્તા-સંપન્ન મહારાજા બુક્કરાય દ્વારા અપાયેલ આ નિર્ણય એમની મહાન ઉદારતા અને બુદ્ધિકૌશલનું એક આદર્શ અને અનુકરણીય ઉદાહરણ છે.

મહારાજા બુક્કરાયનો એ ઐતિહાસિક નિર્ણય ખૂબ પ્રભાવક સિદ્ધ થયો. એનાથી વિજયનગર સામ્રાજ્યની વિશાળ સીમાઓમાં રહેતાં પ્રજાજનોમાં વિભિન્ન જાતિઓ, વર્ગો ને ધર્માવલંબીઓમાં પરસ્પર ધાર્મિક

સહિષ્ણુતા, પારસ્પરિક સૌહાર્દપૂર્ણ પ્રીતિનો પુનઃ પ્રાદુર્ભાવ પ્રાબલ્ય સાથે થયો. બુક્કરાયના એ આદર્શ માનવીય દૃષ્ટિકોણનો એમની ભાવિ પેઢીના ઉત્તરાધિકારીઓ પર પણ દૂરગામી પ્રભાવ પડ્યો. બુક્કરાયના પવિત્ર માનવીય અભિગમને સદાય ધ્યાનમાં રાખીને એમની ઉત્તરાધિકારીઓએ સંકુચિત મનોવૃત્તિનો પરિત્યાગ કરી વિશાળ સહૃદયતા અને ઉદારતા પ્રગટ કરતાં પ્રજાના દરેક વર્ગને સમાન ન્યાય આપ્યો.

મહારાજા બુક્કરાયનું શાસન ઈ. સ. ૧૩૫૩ થી ૧૩૭૭ સુધીનું ઐતિહાસિક પ્રમાણોથી ઇતિહાસવિદો દ્વારા માન્ય થયું છે. જૈન-વૈષ્ણવ સંઘર્ષની આ ઘટના ઈ. સ. ૧૩૬૮(શક સં. ૧૨૯૦)માં બુક્કરાયના શાસનના પંદરમા વર્ષની ઘટના છે. જૈનો અને વૈષ્ણવોના પ્રતિનિધિઓને પોતાનો નિર્ણય સંભળાવતા બુક્કરાયે જૈન પ્રતિનિધિઓનાં હાથ વૈષ્ણવ પ્રતિનિધિઓનાં હાથમાં સોંપીને કહ્યું : "આજથી આપ સર્વ એકબીજાના મિત્ર થયા. આપ બંનેનું પરમ કર્તવ્ય હશે કે એકબીજાનાં ધાર્મિક કાર્યોમાં કોઈ પ્રકારની બાધા ન પહોંચાડવી. સહુ પોતપોતાનાં ધાર્મિક અનુષ્ઠાન, ધર્મકાર્ય સંપૂર્ણ સ્વતંત્રતાથી કરતા રહો." ત્યાર બાદ બુક્કરાયે વૈષ્ણવોને આજ્ઞા આપી કે - 'તેઓ સંપૂર્ણ વિજયનગર રાજ્યની સીમામાં આવેલા પોતાનાં મંદિરોમાં આ અનુશાસનને અક્ષરશઃ અંકિત કરાવી તેનું સાચા મનથી પૂર્ણતઃ પરિપાલન કરતા રહે.'

જૈનો અને વૈષ્ણવોમાં સૌહાર્દપૂર્ણ સંધિ કરાવનારા મહારાજા બુક્કરાયના અનુશાસનને વિવિધ મંદિરોમાં શિલાઓ અને સ્તંભો પર અંકિત કરવામાં આવ્યો. જૈનોનાં ધર્મસ્થાન શ્રવણ બેલગોડાની પહાડી પર મંદિર સમક્ષ એક પ્રસ્તર ખંડ પર પણ આ અનુશાસનને અંકિત કરવામાં આવ્યો, જે આજે પણ શ્રવણ બેલગોડામાં વિદ્યમાન છે.

અગાઉ આપણે જણાવ્યું તેમ જૈનો પર અનેક વખત દેશવ્યાપી સંકટ આવ્યાં. પહેલું સંકટ એ હતું કે ઈસાની સાતમી શતાબ્દીના પ્રારંભિકકાળમાં પલ્લવરાજ કાંચીપતિ મહેન્દ્રવર્મન અને મદુરાના પાણ્ડ્યરાજ સુંદરપાણ્ડ્યના શાસનકાળમાં તિરુ જ્ઞાનસંબંધર અને તિરુ અપ્પર દ્વારા શૈવધર્મના ઉદ્ધારના રૂપમાં જૈનોનો વિરોધ અને સંહારનું અભિયાન.

જૈનો પર બીજું સંકટ આવ્યું ઈસાની સાતમી-આઠમી શતાબ્દીમાં *પ્રથમ કુમારિલ્લ ભટ્ટ અને ત્યાર બાદ શંકરાચાર્યના દિગ્વિજયના રૂપે.* એમાં પ્રથમ સંકટ ઘાતક હતું. એ સંકટે ટૂંકાગાળામાં તામિલનાડુમાં શતાબ્દીઓથી સર્વાધિક શક્તિશાળી ધર્મના સ્વરૂપે રહેલા જૈનસંઘને લુપ્તપ્રાય કરી દીધો. બીજું જે સંકટ આવ્યું એ વસ્તુતઃ શીતયુદ્ધના સ્વરૂપે લાંબા સમય સુધી દેશવ્યાપી અભિયાન રહ્યું. આ બીજા સંકટમાં શંકરાચાર્ય દ્વારા ભારતના સુદૂરવર્તી વિભિન્ન દિશાઓ અને ભાગોમાં સ્થાપિત કરવામાં આવેલ પીઠોના માધ્યમથી યોજનાબદ્ધ રીતે બ્રહ્મદ્વૈત સિદ્ધાંતનું દેશવ્યાપી પ્રચાર-પ્રસારનું કાર્ય અવિરત ચાલતું રહ્યું. પરિણામ સ્વરૂપ જૈનોની પ્રચાર-પ્રસારાત્મક પ્રગતિ અવરોધાવાની સાથે-સાથે ધીમે-ધીમે ધર્માવલંબીઓની સંખ્યા પણ ક્ષીણ થવા લાગી.

જૈનો પર ત્રીજું સંકટ રામાનુજાચાર્ય દ્વારા ઈ.સ. ૧૧૧૦ની આસપાસ પ્રારંભ કરવામાં આવેલ રામાનુજ વૈષ્ણવ સંપ્રદાયના ઉત્થાનપરક અભિયાનના રૂપે આવ્યું. ઈ.સ. ૧૧૩૦-૩૫ની આસપાસ લિંગાયતોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું, જેના કારણે આવેલું ત્રીજું સંકટ ખૂબ ભીષણ સ્વરૂપ લાવનારું રહ્યું. જૈનો વિરુદ્ધ શરૂ થયેલ લિંગાયતોનું આ અભિયાન તિરુ અપ્પર અને તિરુ જ્ઞાન સંબંધર દ્વારા તમિલનાડુમાં શરૂ થયેલ શૈવ અભિયાનની જેમ જૈનો માટે ખૂબ ઘાતક હતું. લિંગાયતોનું આ અભિયાન ઈ.સ.ની પંદરમી-સોળમી સદીમાં લાંબા સમય સુધી વિવિધ તબક્કે ચાલતું રહ્યું. અંતિમ ચરણ સુધી લિંગાયતોના ધર્મોન્માદે જે ભીષણ સ્વરૂપે જૈનોનો સંહાર કર્યો તેની ઝલક શ્રી શૈલમ પર અવસ્થિત શ્રી મલ્લિકાર્જુન મંદિરના સ્તંભો પર અંકિત લિંગાયત પ્રધાન લિંગાના અભિલેખથી પ્રગટ છે.

જ્યાં સુધી વૈષ્ણવ સંપ્રદાયના જૈન વિરોધી અભિયાનનો પ્રશ્ન છે, એ શ્રી રામાનુજાચાર્યના જીવનકાળ સુધી શાંતિપૂર્ણ રહ્યું. એ ગાળા દરમિયાન જૈનોનો સંહાર કે બળજબરીથી ધર્મપરિવર્તનની ઘટના ઘટી નથી. રામાનુજાચાર્યના હાથે લખાયેલ એક તાડપત્રીય અનુશાસનથી એટલું સ્પષ્ટપણે સિદ્ધ થાય છે કે એમણે પોતાના અનુયાયીઓને જૈનો સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહારનો નિર્દેશ આપ્યો અને જૈન મંદિરોને પણ વૈષ્ણવ મંદિરોની સમાન જ સંરક્ષણ આપવાનો આદેશ આપ્યો.

વિ. સં. ૧૪૮૮ સુધી દક્ષિણ કર્ણાટકમાં જૈનોની જનસંખ્યા ઘણી હતી અને જનસામાન્યથી લઈ શાસકવર્ગ પર એમનો સર્વાધિક પ્રભાવ હતો. વિક્રમની પંદરમી સદીના અંતિમ દશકમાં દક્ષિણી કર્ણાટકમાં વિદ્યાનગરના જૈન ધર્માવલંબી સામંતરાજ વીર પાણ્ડ્યના ઉત્તરાધિકારીઓએ લિંગાયત સંપ્રદાયના અનુયાયી બનીને ધર્મોન્માદથી વશીભૂત થઈને દક્ષિણી કર્ણાટકથી જૈન ધર્મને નષ્ટ કરવાના લિંગાયતોના અભિયાનનું નેતૃત્વ લીધું.

આ રીતે ઈસાની બારમી શતાબ્દીના તૃતીય અથવા ચતુર્થ દશકમાં જૈન ધર્માવલંબીઓ વિરુદ્ધ જે ધર્મોન્માદનું તાંડવ નૃત્ય આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં શરૂ થયું, એનું અંતિમ ચરણ ઈસાની પંદરમી સદીના અંતમાં સમાપ્ત થયું. જૈનોના અસ્તિત્વને ખતમ કરવા લિંગાયતો દ્વારા શરૂ થયેલું આ હિંસાત્મક અભિયાન લગભગ ચારસો વર્ષ સુધી ચાલતું રહ્યું. અંતે ચારસો વર્ષના હિંસક વાતાવરણના પરિણામ સ્વરૂપે આંધ્રપ્રદેશમાં જૈનોનું અસ્તિત્વ પૂર્ણતઃ સમાપ્ત થઈ ગયું.

ઉપર જણાવ્યા મુજબનાં ઐતિહાસિક તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરતાં એક સુસ્પષ્ટ ચિત્ર એમ પ્રકાશમાં આવે છે કે ઈસાની છઠ્ઠી-સાતમી શતાબ્દીથી લઈને ઈસાની પંદરમી સદીના અંત સુધી દક્ષિણ ભારતમાં જૈન ધર્મ પર એક પછી એક ભીષણ પ્રહાર થતા રહ્યા.

અવિરત નવસો વર્ષોના જૈન-વિરોધી હિંસાત્મક તથા ઘૃણાત્મક અભિયાન ઉપરાંત પણ જૈન ધર્મનું અસ્તિત્વ તામિલનાડુ પ્રદેશના ઉત્તરી આરકાટમાં અવશિષ્ટ રહ્યું હતું. કર્ણાટકમાં આટલાં ભીષણ હિંસાત્મક અભિયાનો છતાં પણ જૈન ધર્મ કર્ણાટકના મોટાભાગના દરેક ક્ષેત્રમાં થોડી સંખ્યામાં પણ બચી શક્યો. આનાથી એમ અનુમાન થાય છે કે દક્ષિણમાં જૈન ધર્માવલંબી પૂર્વકાળમાં અત્યધિક પ્રચુર સંખ્યામાં તથા દક્ષિણના અમુક પ્રદેશમાં બહુસંખ્યક સ્વરૂપે વિદ્યમાન હતા.

દક્ષિણમાં જૈન ધર્મ પર સંકટ વિષય પર પ્રસ્તુત થયેલાં પ્રમાણો અને ઐતિહાસિક વિવરણોથી નિષ્કર્ષ સ્વરૂપે ત્રણ તથ્ય પ્રકાશમાં આવે છે :

(૧) જૈન ધર્માવલંબીઓ વિરુદ્ધ શરૂ થયેલાં સંહારપરક શૈવ અભિયાનોથી પૂર્વે, દક્ષિણ ભારતમાં જૈનોની સંખ્યા એક તૃત્યાંશ અથવા તેનાથી પણ પર્યાપ્ત માત્રામાં વધારે હતી. જૈન ધર્મ એ વખતે રાજવંશોનો પરમપ્રિય રાજધર્મ હોવાની સાથે સાથે પ્રજાના મોટાભાગના વર્ગોનો પણ લોકપ્રિય ધર્મ હતો. જ્યાં સુધી જૈન ધર્મનું વર્ચસ્વ રહ્યું, રાજા-પ્રજાના દરેક વર્ગો દ્વારા જનકલ્યાણનાં અગણિત કાર્ય થતાં રહ્યાં. દેશ દરેક રીતે સુખી અને સમૃદ્ધિશાળી રહ્યો.

(૨) સંહારાત્મક શૈવ અભિયાનોના પરિણામ સ્વરૂપ ઈસાની સાતમી શતાબ્દીથી લઈ પંદરમી-સોળમી સદી સુધીની લગભગ ૯૦૦ વર્ષોની સમયાવધિમાં જૈનોનો જે રીતે સામૂહિક સ્વરૂપે સંહાર અને ધર્મપરિવર્તન કરવામાં આવ્યું તેની કલ્પના પણ થાય તેમ નથી.

(૩) જો વિજયનગરના મહારાજા બુક્કરાયે ઈ.સ. ૧૩૬૮માં જૈન ધર્માવલંબીઓને ન્યાયપૂર્ણ રક્ષણ ન આપ્યું હોત તો સંભવતઃ કર્ણાટકમાં વર્તમાનકાળમાં જૈનોની જે થોડી-ઘણી સંખ્યા છે તે પણ ન હોત.

卐

આચાર્ય જિનવલ્લભસૂરિ

મહાન ક્રિયોદ્ધારક આચાર્ય વર્ધમાનસૂરિ ખરતરગચ્છ પરંપરામાં જિનવલ્લભસૂરિ નામના એક મહાન પ્રભાવક આચાર્ય થયા. તેઓ ઉચ્ચ-કોટિના આગમમર્મજ્ઞ વાદી, નિમિત્ત શાસ્ત્રજ્ઞ અને ક્રાંતિદૂત તુલ્ય મહામુનિ હતા. એમનું સંપૂર્ણ જીવન સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિઓમાં પસાર થયું. એમને માત્ર પ્રતિપક્ષી ચૈત્યવાસી પરંપરાના આચાર્યો સાથે જ સંઘર્ષ નહોતો, ઉપરાંત સુવિહિત નામથી ઓળખાતી અમુક પરંપરાઓના વિદ્વાનો સાથે પણ સંઘર્ષ કરવો પડ્યો. ચૈત્યવાસી પરંપરાની સાથે તો એમનો સંઘર્ષ જીવનભર ચાલતો રહ્યો. ચૈત્યવાસી પરંપરાના વર્ચસ્વને સમાપ્ત કરવામાં વર્ધમાનસૂરિ અને જિનેશ્વરસૂરિ પછી એમનું સર્વાધિક યોગદાન રહ્યું.

'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી' મુજબ એમનું જન્મસ્થાન આશીદુર્ગ હતું. એમની શૈશવ અવસ્થામાં જ પિતાનું દેહાવસાન થયું હતું. એમની વિધવા માતાએ ખૂબ પરિશ્રમ કરી એમનું લાલન-પાલન કર્યું. આશીદુર્ગમાં ચૈત્યવાસી પરંપરાના કૂર્ચપુરીય ચૈત્યના અધિષ્ઠાતા આચાર્ય જિનેશ્વરસૂરિ હતા. એમના મઠમાં આશીદુર્ગના નિવાસી શ્રાવકોના દીકરાઓ અધ્યયન અર્થે આવતા હતા. જિનવલ્લભની માતાએ પણ પોતાના પુત્રને અધ્યયન યોગ્ય આયુમાં તેમને મઠમાં મોકલ્યા. શૈશવકાળથી જિનવલ્લભ કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા. એમણે નિષ્ઠાપૂર્વક અધ્યયનનો પ્રારંભ કર્યો અને થોડા સમયમાં જ તેમની ગણના મઠના સર્વશ્રેષ્ઠ છાત્ર તરીકે થવા લાગી.

આચાર્ય જિનેશ્વરસૂરિએ મનોમન વિચાર કર્યો કે - 'આ બાળક ખૂબ હોનહાર અને ગુણસંપન્ન છે. આને શિષ્ય અવશ્ય બનાવવો જોઈએ. આગળ જતાં પ્રભાવક આચાર્ય બનવાની તેનામાં ક્ષમતા છે.' આ રીતે વિચાર કરી જિનેશ્વરસૂરિએ જિનવલ્લભની માતાને સારી રીતે સમજાવીને એ બાળકને પોતાનો શિષ્ય બનાવ્યો. દીક્ષા બાદ જિનેશ્વરસૂરિએ તેમને નિમિત્તજ્ઞાન આદિ અનેક પ્રકારની વિદ્યાઓનું અધ્યયન કરાવ્યું. આ રીતે મુનિ જિનવલ્લભ અનેક વિદ્યાઓમાં નિષ્ણાત થઈ ગયા.

એક દિવસ જિનેશ્વરસૂરિને કોઈ આવશ્યક કામ માટે ગામતરે જવાની આવશ્યકતા ઊભી થઈ, તેથી મઠનો કાર્યભાર પંડિત મુનિ જિનવલ્લભને સોંપ્યો.

જિનેશ્વરસૂરિના પ્રસ્થાન પછી બીજા દિવસે જિનવલ્લભે એક મંજૂષામાં રાખવામાં આવેલાં પુસ્તકોમાંથી આગમગ્રંથ કાઢીને વાંચવાનું શરૂ કર્યું. એ આગમગ્રંથનાં આર્ષવચન વાંચીને જિનવલ્લભને મનમાં હલચલ મચી ગઈ. એમના મુખમાંથી સહસા સરી પડ્યું કે - 'આજે આપણા યતિ લોકોનું આચરણ આગમવચનોથી નિતાન્ત વિપરીત છે. આપણા આ પ્રકારે આગમવિરોધી આચાર-વિચાર આપણને શ્રેય તરફ નહિ પણ રસાતલ તરફ લઈ જનાર છે.' મનોમન સંકલ્પ કરી ગ્રંથને યથાસ્થાને મૂકી દીધો. એ જ વખતે આચાર્ય જિનેશ્વરસૂરિ ગામંતરેથી મઠમાં પરત ફર્યા. મઠની વ્યવસ્થામાં કોઈ ખામી ન જાણતા મનોમન તેમને સંતોષ થયો. એમણે જિનવલ્લભને યોગ્ય સમજી આચાર્યપદે બેસાડવાનો નિશ્ચય કરી લીધો.

જિનવલ્લભે અન્યાન્ય વિદ્યાઓમાં તો તજ્ઞતા પ્રાપ્ત કરી લીધી હતી, પણ હજી સુધી સિદ્ધાંતોનું જ્ઞાન મેળવવાનું બાકી હતું. એટલે જિનવલ્લભને અભયદેવસૂરિ પાસે મોકલી આગમોના મર્મજ્ઞ બનાવવાનું પરમ આવશ્યક જણાયું. અભયદેવસૂરિ પાસે આગમોનું અધ્યયન કરીને જિનવલ્લભ પરત ફરશે ત્યારે આચાર્યપદે અધિષ્ઠિત કરવા એવો સંકલ્પ કરી જિનેશ્વરસૂરિએ પોતાના શિષ્ય જિનવલ્લભને વાચનાચાર્ય-પદ ઉપર પ્રતિષ્ઠિત કર્યા. ત્યાર બાદ એમને અભયદેવસૂરિ પાસે આગમોના અધ્યયન માટે અણહિલપુર-પાટણ તરફ મોકલ્યા. જિનવલ્લભની સાથે એમણે જિનશેખર નામના શિષ્યને એમની વૈયાવચ્ચ આદિ માટે ૫૦૦ સુવર્ણમુદ્રાઓ સાથે મોકલ્યા. જિનવલ્લભે સહયાત્રી જિનેશ્વરની સાથે પ્રસ્થાન કર્યું. રસ્તામાં મરુકોટ્ટ નામના નગરમાં રાત્રિ-નિવાસ માણુ શ્રાવકના દેવગૃહમાં કર્યો. ત્યાંથી બીજા દિવસે પ્રસ્થાન કરી તેઓ અણહિલપુર-પાટણ પહોંચ્યા અને અભયદેવસૂરિની સેવામાં ઉપસ્થિત થયા. અભયદેવસૂરિએ એમને જોતાં જ તેમની વિશિષ્ટ પ્રજ્ઞા દ્વારા જાણી લીધુ કે - 'આ કોઈ સુયોગ્ય ભવ્યાત્મા છે.' અભયદેવસૂરિ દ્વારા આગમનનું પ્રયોજન પૂછતાં જિનવલ્લભસૂરિએ વિનમ્ર સ્વરે નિવેદન કર્યું : "પૂજ્ય આચાર્યદેવ ! મારા ગુરુજી જિનેશ્વરસૂરિએ મને આપનાં ચરણોમાં આગમોનાં અધ્યયન માટે મોકલ્યો છે."

જિનવલ્લભસૂરિ તરફ હૃદયસ્પર્શી દૃષ્ટિથી જોતાં અભયદેવ-સૂરિએ મનોમન વિચાર કર્યો - 'ચૈત્યવાસી પરંપરાના આચાર્યનો શિષ્ય હોવા છતાં આ સુયોગ્ય વ્યક્તિ છે.' આગમમાં સ્પષ્ટ વિધાન છે કે - 'કોઈ પણ આગમજ્ઞએ કોઈ પણ સંજોગોમાં અપાત્રને આગમનું જ્ઞાન નહિ આપવું જોઈએ. પણ અગર આગમજ્ઞાન માટે કોઈ સુપાત્ર મળે તો તેની અવમાનના કે ઉપેક્ષા નહિ કરવી જોઈએ.' આ રીતે વિચાર કરી અભયદેવસૂરિએ જિનવલ્લભને કહ્યું : "સારું થયું કે આગમની વાચના માટે અહીં આવ્યા." એમણે શુભ મુહૂર્ત જોઈને આગમોનો અભ્યાસ શરૂ કરાવ્યો. વાચના વખતે જિનવલ્લભ એકાગ્રચિત્ત થઈ અભયદેવસૂરિના મુખારવિંદથી પ્રગટ થતાં એક એક અક્ષર અને વાક્યને અમૃતતુલ્ય સમજી તેનું પાન કરવા લાગ્યા. જિનવલ્લભસરિના અંતર્ચક્ષુ ખૂલતાં ગયાં. અભયદેવસૂરિ પણ જ્યારે સમય મળતો ત્યારે, દિવસ-રાત જિનવલ્લભને આગમોની વાચના આપવા લાગ્યા. આ રીતે થોડા સમયમાં જ અભયદેવસૂરિએ જિનવલ્લભને દરેક આગમોની પૂર્ણ વાચના પ્રદાન કરી.

અગાઉ એક જ્યોતિષવિદ્યાના વિદ્વાને અભયદેવસૂરિને નિવેદન કર્યું હતું કે - 'એમનો કોઈ મેધાવી સુયોગ્ય શિષ્ય હોય તો તેને જ્યોતિષ-વિદ્યાના અભ્યાસ માટે મોકલવો.' અભયદેવસૂરિએ જિનવલ્લભને આગમોની વાચના પ્રદાન કર્યા પછી એ જ્યોતિષી પાસે જ્યોતિષ-વિદ્યાના અધ્યયન માટે મોકલ્યા. એ જ્યોતિષવિદે બહુ ઓછા સમયમાં જિનવલ્લભને જ્યોતિષવિદ્યાના નિષ્ણાત વિદ્વાન તરીકે તૈયાર કર્યા. ત્યાર બાદ જિનવલ્લભ ફરી પાછા અભયદેવસૂરિની નિશ્રામાં રહેવા લાગ્યા.

એક દિવસ શુભ ઘડીએ અભયદેવસૂરિની આજ્ઞા પ્રાપ્ત કરી જિનવલ્લભ પોતાના ગુરુ જિનેશ્વરસૂરિને મળવા માટે જે માર્ગેથી વિહાર કરીને પાટણ આવ્યા હતા, એ માર્ગે જ વિહાર માટે પ્રસ્થાન કર્યું. માર્ગમાં મરુકોટ્ટ નગરમાં એ જ શ્રાવકના ચૈત્યમાં રોકાયા. એમણે એ દેવગૃહમાં એ પ્રકારે વિધિ લખી, જેનાથી અવિધિ-ચૈત્ય પણ વિધિ-ચૈત્ય થઈ જાય છે. વિધિનાં છ બિંદુઓમાં ઉત્તમ શ્રમણાચારનો સંદેશ અને ઉપાસનામાં જાતિ, કુળ આદિના ભેદનો નિષેધ કરવામાં આવ્યો છે.

ત્યાર બાદ પોતાના ગુરુને મળવા માટે જિનવલ્લભે મરુકોટ્ટથી પ્રસ્થાન કર્યું. આશીદુર્ગથી ત્રણ કોસ અગાઉ માઈયડ નામના ગામમાં જિનવલ્લભ રોકાઈ ગયા. સ્વયં પોતાના ગુરુની પાસે જવાને બદલે એમણે એક પત્રવાહક દ્વારા ગુરુજીને સંદેશો મોકલ્યો કે - 'આપની કૃપાથી સદ્‌ગુરુ શ્રી અભયદેવસૂરિ પાસે સંપૂર્ણ આગમોની વાચના ગ્રહણ કરી હું માઈયડ ગામમાં આવી ગયો છું. કૃપા કરી ગુરુદેવ અહીં પધારે.'

પત્ર વાંચી ચૈત્યવાસી આચાર્ય જિનેશ્વરસૂરિને ખૂબ આશ્ચર્ય થયું. મનોમન વિચારવા લાગ્યા કે - 'અરે જિનવલ્લભ સ્વયં કેમ ન આવ્યા ? આવો નિર્દેશાત્મક પત્ર કેમ લખ્યો ?'

આમ થવા છતાં એમના શિષ્યએ આગમોની વાચના પ્રાપ્ત કરી છે એ સમાચારથી પારાવાર હર્ષ હતો. બીજા દિવસે જિનેશ્વરસૂરિ અનેક વિદ્વાનો, પ્રતિષ્ઠિત નાગરિકો અને અનુયાયીઓના વિશાળ સમૂહ સાથે માઈયડ ગામમાં જિનવલ્લભ પાસે આવ્યા. જિનવલ્લભ પણ ગુરુની સન્મુખ ઉપસ્થિત થયા અને વંદન કર્યા. પારસ્પરિક કુશળક્ષેમ વાર્તાલાપ પછી બ્રાહ્મણ વિદ્વાનોની જિજ્ઞાસા શાંત કરવા જિનવલ્લભે પોતાના જ્યોતિષજ્ઞાનનાં અનેક ચમત્કાર બતાવ્યા. પોતાના જ્યોતિષ-જ્ઞાનના આધારે થોડી ક્ષણોમાં જ બનનારી ઘટનાઓની જિનવલ્લભે ભવિષ્યવાણી પણ કરી. જેને તત્કાળ સાચી પડતી જોઈ આચાર્ય જિનેશ્વર-સૂરિ પણ આશ્ચર્યવિભોર થઈ ગયા. અંતે જિનેશ્વરસૂરિએ પોતાના શિષ્ય જિનવલ્લભને એકાંતમાં પૂછ્યું : "વત્સ ! એવું તે શું કારણ છે કે તમે આશીદુર્ગ ન આવ્યા અને વચ્ચેના આ ગામમાં જ રોકાઈ ગયા ?"

જિનવલ્લભસૂરિએ પોતાના ગુરુના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું : "ભગવાન ! સાચા ગુરુના મુખેથી જિનેશ્વર પ્રભુનાં વચનામૃતનું પાન કર્યા પછી હવે હું આચાર-શિથિલ ચૈત્યવાસનો અંગીકાર કઈ રીતે કરી શકું ?"

જિનેશ્વરસૂરિએ તેમને સમજાવવાનો પ્રયાસ કરતાં એમની સમક્ષ પ્રલોભનપૂર્વક કહ્યું : "વત્સ ! મેં એમ વિચાર્યું હતું કે - 'તમને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરી ગચ્છ અને દેવગૃહ તથા શ્રાવક-શ્રાવિકા-વર્ગની વ્યવસ્થા તમને સોંપી હું અભયદેવસૂરિ પાસે વસતિ-નિવાસને ગ્રહણ કરી લઉં.'"

જિનવલ્લભે જવાબ આપ્યો : "ભગવાન ! અગર આપે આ પ્રકારનો નિશ્ચય કરી લીધો છે તો પછી વસતિવાસને અંગીકાર કરવામાં આપ આટલો વિલંબ કેમ કરી રહ્યા છો ? વિવેકશીલ વ્યક્તિએ તો તત્કાળ અનુચિત માર્ગનો ત્યાગ કરી ઉચિત માર્ગને અંગીકાર કરી લેવો જોઈએ."

ચૈત્યવાસી આચાર્યએ કહ્યું : "મારા અંતરમનમાં હજી સુધી આ પ્રકારની નિઃસ્પૃહતા ઉત્પન્ન જ નથી થઈ કે હું સમર્થ અને સુયોગ્ય વ્યક્તિને પોતાના ગચ્છ ને દેવમંદિરનો ભાર સોંપ્યા વગર જ વસતિવાસને સ્વીકાર કરી લઉં. હા, હવે તમે વસતિવાસ સહર્ષ સ્વીકારી શકો છો."

પોતાના દીક્ષાગુરુ ચૈત્યવાસી આચાર્ય જિનેશ્વરસૂરિની આ રીતે સંમતિ પ્રાપ્ત થઈ જવાથી જિનવલ્લભે એમને વંદન કરી પાટણ તરફ પ્રસ્થાન કર્યું અને અભયદેવસૂરિની સેવામાં ઉપસ્થિત થઈને એમને ભક્તિપૂર્વક વંદન કર્યા. અભયદેવસૂરિને ખૂબ સંતોષ થયો. મનોમન એમણે વિચાર્યું - 'જેવી ભવ્યતા વિશે વિચાર્યું હતું એ સિદ્ધ થયું. ખરેખર મારી જવાબદારી સંભાળવાની પાત્રતા છે. પરંતુ ચૈત્યવાસી પરંપરાના આચાર્યના શિષ્ય હોવાના કારણે અત્યારે એમને આચાર્યપદે બેસાડવા એ મારા ગચ્છનાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા-વર્ગને યોગ્ય નહિ લાગે.' આ રીતે વિચાર કરી અભયદેવસૂરિએ પોતાના વર્ધમાન નામના શિષ્યને પોતાના ગચ્છનાં આચાર્યપદે પ્રતિષ્ઠિત કર્યા અને જિનવલ્લભગણિને પોતાની ઉપસંપદા પ્રદાન કરતાં જણાવ્યું : "વત્સ ! અમારી આજ્ઞાથી તમે જ્યાં ઇચ્છો ત્યાં વિચરણ કરી શકો છો."

ત્યાર બાદ એકાંત જોઈને અભયદેવસૂરિએ પોતાના વિશ્વાસપાત્ર પ્રસન્નચંદ્રાચાર્યને કહ્યું : "મારી પાટ પર કોઈ શુભ મુહૂર્ત્ત જોઈને તમે જિનવલ્લભગણિને આચાર્યપદ પ્રદાન કરજો."

આ રીતે નિર્દેશ આપ્યા પછી થોડા સમયમાં અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૩૯ની આસપાસ સ્વર્ગારોહણ કર્યું. પ્રસન્નચંદ્રાચાર્ય પણ અભયદેવસૂરિના નિર્દેશાનુસાર જિનવલ્લભને તેમના પટ્ટધરપદ પર પ્રતિષ્ઠિત કરવાના સમુચિત અવસરની પ્રતીક્ષામાં જ રહી ગયા. કરપટક વાણિજ્ય નામના સ્થાનમાં પોતાનો અંતિમ સમય નજીક જોઈને એમણે દેવભદ્રાચાર્યને અભયદેવસૂરિની અંતિમ ઇચ્છા સંભળાવતા કહ્યું : "હું

તો ગુરુવર્યની આજ્ઞાનું પાલન કરી શક્યો નથી અને હવે પરલોક સિધાવીશ. આપ જિનવલ્લભને અભયદેવસૂરિની પાટ પર પ્રતિષ્ઠિત કરી એમની અંતિમ ઇચ્છાની પૂર્તિ અવશ્ય કરજો.''

અભયદેવસૂરિ સ્વર્ગસ્થ થયા પછી જિનવલ્લભગણિ થોડા સમય સુધી અણહિલપુર-પાટણ અને તેની આસપાસનાં ક્ષેત્રોમાં વિચરણ કરતાં રહ્યા. પણ એમણે એવું અનુભવ્યું કે અહીં રહેતાં એમના દ્વારા એવું કોઈ કાર્ય નથી થતું કે થઈ રહ્યું, જેનાથી અંતરમનને આનંદ થાય અને જિનશાસનની ઉન્નતિ થાય. તેથી એમણે પોતાના બે સાધુઓ સાથે શુભ મુહૂર્તમાં પાટણથી વિહાર કરી જિનેન્દ્ર પ્રભુ દ્વારા પ્રદર્શિત વિધિધર્મના પ્રચાર-પ્રસારના લક્ષ્યથી ચિત્રકૂટ આદિ વિભિન્ન નગરો અને પ્રદેશોમાં વિહાર કર્યો. વિહારક્રમમાં જિનવલ્લભસૂરિ જે જે ગામ, નગરો અથવા પ્રદેશોમાં ગયા, ત્યાં એ સમય સુધી ચૈત્યવાસીઓનું પૂર્ણ વર્ચસ્વ હતું. આ પ્રકારનાં ક્ષેત્રોમાં વિધિમાર્ગનો પ્રચાર-પ્રસાર કરતાં કરતાં જિનવલ્લભસૂરિ ચિત્રકૂટ નગરમાં પધાર્યા. ત્યાં ચૈત્યવાસીઓનું પૂર્ણ વર્ચસ્વ હોવાના કારણે એમણે પ્રયત્ન કરવા છતાં કોઈ સમુચિત ઠેકાણું રહેવા માટે મળ્યું નહિ. ત્યાંના ચૈત્યવાસી શ્રાવકોએ નગર બહારના નિર્જન એકાંત સ્થાનમાં આવેલ ચંડિકા મઠમાં રહેવાનું સૂચવ્યું. દેવ ગુરુનું સ્મરણ કરી શાસનદેવીને અનુજ્ઞાપિત કરી જિનવલ્લભસૂરિ એ ચંડિકા મઠમાં રોકાયા. જિનવલ્લભનાં જ્ઞાન-ધ્યાન અને અનુષ્ઠાનથી પ્રસન્ન એવા શાસનદેવી સર્વ પ્રકારનાં અશુભ અનિષ્ટોથી એમનું રક્ષણ કરવા લાગ્યાં.

જિનવલ્લભસૂરિના સંબંધમાં ચિત્તોડ(ચિત્રકૂટ)ના નાગરિકોમાં એ વાત વિદ્યુતવેગે ફેલાઈ ગઈ કે તેઓ માત્ર ભારતીય દર્શનો જ નહિ ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, પાણિનિ વ્યાકરણ, નાટ્યશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, છંદશાસ્ત્રના તલઃસ્પર્શી પ્રકાંડ પંડિત પણ છે, આ પ્રકારની પ્રશંસાપૂર્ણ પ્રસિદ્ધિ થતાં વેદ-વેદાંગો અને સર્વ દર્શનોના વિદ્વાન એમની પાસે ચંડિકા મઠમાં આવવા લાગ્યા. જે-જે વિદ્વાનને પોતાના શાસ્ત્ર સંબંધી જે કાંઈ પણ સંશય હતા, એ સર્વ વિદ્વાનોએ જિનવલ્લભસૂરિની સમક્ષ રજૂ કર્યા. જિનવલ્લભસૂરિએ પ્રમાણસર યુક્તિસંગત જવાબો દ્વારા વિદ્વાનોના સંશયોનું પરમ સંતોષકારી સમાધાન કર્યું. દરેક વિદ્વાન પરમ સંતુષ્ટ થયા.

જિનવલ્લભસૂરિની યશ-પતાકા આખા નગરમાં લહેરાવા લાગી કે - 'તેઓ દરેક દર્શનો, શાસ્ત્રો અને વિદ્યાઓના પ્રકાંડ પંડિત છે. આવા વિદ્વાન મહાપુરુષનું ચિત્તોડનિવાસીઓના ભાગ્યથી જ ચિત્તોડમાં પદાર્પણ થયું છે.' નગરમાં જિનવલ્લભની કીર્તિથી આકર્ષિત થઈને અનેક શ્રાવક પણ જિનવલ્લભસૂરિની સેવામાં ઉપસ્થિત થયા. આગમ વચન અનુસાર એમના શ્રમણચારને જોઈને અનેક શ્રાવકોએ વાચનાચાર્ય જિનવલ્લભગણિને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા.

એ સમયે ચિત્તોડમાં વિધિ ચૈત્યનો અભાવ હતો. એવી સ્થિતિમાં જિનવલ્લભગણિને એક શ્રાવકના ભવનનાં એક કક્ષમાં ચોવીસ તીર્થંકરોનું જિનપટ્ટક ધર્યું અને આસો વદ તેરશના દિવસે ભગવાન મહાવીરના ગર્ભવિહાર નામના છઠ્ઠા કલ્યાણકનો મહોત્સવ મનાવ્યો. એનાથી સહુ સંતુષ્ટ થયા અને એમણે પરસ્પર મંત્રણા કરી જિનવલ્લભસૂરિને નિવેદન કર્યું - "અગર આપને એ ઉચિત લાગે તો અમે લોકો એક જ ભવનમાં નીચે-ઉપર બે જિનમંદિરોનું નિર્માણ કરાવીએ." આ પ્રસ્તાવ પર જિનવલ્લભસૂરિની અનુજ્ઞા મળવાથી એ શ્રાવકોએ મંદિર-નિર્માણનો નિશ્ચય કર્યો.

પોતાના નિશ્ચય અનુસાર જિનવલ્લભગણિના શ્રાવકોએ એક વિશાળ ભવનનું નિર્માણ કરાવ્યું અને તેના બંને માળ પર બે જિનમંદિર બનાવ્યાં. શ્રાવકોએ બંને મંદિરોમાં જિનવલ્લભગણિના હાથે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગથી જિનવલ્લભગણિની કીર્તિ ચોતરફ પ્રસરી અને તેમના ગુરુપદનો પણ મહિમા વધ્યો.

જિનવલ્લભસૂરિના જીવન સાથે અનેક ચમત્કાર પણ જોડાયેલા છે. એમણે ચિત્તોડમાં રહીને ધારાનગરીના રાજા નરવર્માની રાજ્યસભાના સન્માનની રક્ષા કરી. અમુક સમય બાદ જિનવલ્લભસૂરિ ધારાનગરી ગયા. ત્યાં રાજા નરવર્માએ ખૂબ શ્રદ્ધા અને ભક્તિથી એમનું સન્માન કરીને ત્રણ લાખ મુદ્રા અને ત્રણ ગામ ભેટ સ્વીકારવાની પ્રાર્થના કરી. જિનવલ્લભગણિએ રાજાની વિનંતીનો જવાબ આપતા કહ્યું : "રાજન્ ! અમે પંચમહાવ્રતધારી સાધુ છીએ. ધનરાશિ અને ગામ્રાદિનો ભેટ તરીકે સ્વીકાર કરવાની વાત તો ઠીક, અમે તો ધન કે મુદ્રાનો સ્પર્શ પણ ન કરી શકીએ. અગર આ ધનરાશિ અને ત્રણ ગામડાંની આવક કોઈ સત્કાર્યમાં જ વ્યય કરો તો ચિત્તોડમાં શ્રાવકોએ

થોડા સમય પહેલાં જે બે જિનમંદિર બનાવ્યાં છે, એની વ્યવસ્થા માટે દાન કરી દો.''

રાજા આં રીતે જિનવલ્લભગણિની નિઃસ્પૃહતા જોઈને ચમત્કૃત અને સંતુષ્ટ થયા અને એમણે ચિત્રકૂટના બંને જૈનમંદિરો માટે શાશ્વત દાનની રાજાજ્ઞા પ્રસારિત કરી.

ત્યાર બાદ જિનવલ્લભગણિ અનેક ક્ષેત્રમાં ધર્મપ્રચાર કરતાં નાગપુર-નાગૌર પધાર્યા. આ બાજુ અનેક સ્થાનો પર વિચરણ કરતાં દેવભદ્રાચાર્ય અણહિલપુર-પાટણ પધાર્યા. ત્યાં દેવભદ્રાચાર્યએ વિચાર કર્યો કે પ્રસન્નચંદ્રાચાર્યએ સ્વર્ગારોહણથી પૂર્વે મને એમ કહ્યું હતું કે - 'જિનવલ્લભગણિને અભયદેવસૂરિની પાટ પર બેસાડી દેવા.' એ કાર્ય માટે અત્યારે ઉપયુક્ત સમય છે. એમણે તત્કાળ નાગપુર-નાગૌરમાં વિરાજિત જિનવલ્લભગણિને પત્ર દ્વારા ચિત્રકૂટ પહોંચવાનો સંદેશ મોકલ્યો.

ત્યાર બાદ જિનવલ્લભગણિ અને દેવભદ્રાચાર્ય પોતપોતાના સમુદાયની સાથે ચિત્તોડ પહોંચ્યા. પં. સોમચંદ્રને પણ એ વખતે બોલાવવામાં આવ્યા હતા, પણ તેઓ ચિત્તોડ પહોંચી શક્યા ન હતા. શુભ મુહૂર્ત જોઈને દેવભદ્રસૂરિએ વિક્રમ સં. ૧૧૬૭ની અષાઢ સુદ છઠ્ઠના દિવસે ચિત્તોડસ્થિત વીર વિધિ ચૈત્યમાં જિનવલ્લભસૂરિને નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિની પાટ પર આચાર્યપદ પ્રદાન કર્યું. આ રીતે જિનવલ્લભસૂરિને અભયદેવસૂરિના પટ્ટધર નિયુક્ત કરી દેવભદ્રાચાર્યએ પોતાના શિષ્ય પરિવાર સહિત વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરવા લાગ્યા.

આચાર્યપદ પર પ્રતિષ્ઠિત થયા બાદ જિનવલ્લભસૂરિ વિધિમાર્ગના પ્રસાર-પ્રચાર માટે નિરંતર પ્રયાસ કરતા રહ્યા અને અચાનક તેમનું સ્વાસ્થ્ય કથળ્યું. વ્યાધિનાં આકસ્મિક આક્રમણને જોઈને નિમિત્તજ્ઞાનના બળથી એમણે જાણી લીધું કે એમનો અંતિમ સમય આવી ચૂક્યો છે. એમણે વિક્રમ સં. ૧૧૬૭ની કારતક વદ દશમના દિવસે પોતાનાં સર્વ દુષ્કૃત્યોની આલોચના કરી સંથારો લીધો. નમસ્કારમંત્રનો નિરંતર જાપ કરતાં કરતાં વિક્રમ સંવત ૧૧૬૭ની કારતક વદ બારશના દિવસે રાત્રિના અંતિમ પ્રહરમાં ત્રણ દિવસના સંથારા બાદ તેઓ ચતુર્થ દેવલોકના અધિકારી થયા.

તટસ્થ દૃષ્ટિએ અગર જિનવલ્લભસૂરિના જીવનવૃત્ત પર વિચાર કરવામાં આવે તો જણાશે કે તેઓ એક મહાન ક્રાંતિકારી વિદ્વાન હતા. શ્રી વર્ધમાનસૂરિએ વિક્રમ સં. ૧૦૮૦માં ક્રિયોદ્ધાર અને શિથિલાચાર વિરુદ્ધ જે અભિયાનનો પ્રારંભ કર્યો હતો, એને જિનવલ્લભસૂરિએ વેગ આપ્યો. વિભિન્ન ક્ષેત્રોમાં વિહાર કરી એમણે ચૈત્યવાસીઓની માન્યતાઓને પરિમાર્જિત કરી. 'સંઘપટ્ટક' જેવી ક્રાંતિકારી કૃતિનું નિર્માણ કરી એમણે જનજનના મનમાં શિથિલાચાર વિરુદ્ધ વિદ્રોહની આગ ભડકાવી દીધી.

એમ પ્રતીત થાય છે કે વર્ધમાનસૂરિના શિષ્ય જિનેશ્વરસૂરિના સ્વર્ગસ્થ થયા બાદ પણ ચૈત્યવાસીઓનું અણહિલપુર-પાટણમાં પ્રાબલ્ય હતું. જિનેશ્વરસૂરિના પ્રયાસોથી વસતિવાસ પરંપરાને પાટણમાં ધર્મપ્રચારની સ્વતંત્રતા મળી ચૂકી હતી, તેમ છતાં ગુર્જર રાજ્યના ઉચ્ચ હોદ્દાઓ, વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો અને સામાજિક સંગઠનો પર ચૈત્યવાસી પરંપરાના અનુયાયીઓનો ગાઢ પ્રભાવ હતો. આ કારણે પાટણના સંઘ પર ચૈત્યવાસી પરંપરાના આચાર્યોનું પ્રભુત્વ રહ્યું. એ સમય એવો હતો કે કોઈ પણ શક્તિશાળી પરંપરા કેમ ન હોય, ચૈત્યવાસી પરંપરા સાથે હળીમળીને રહેવાથી જ સમસ્ત ગુર્જર રાજ્યમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તેમ હતી. એ કારણથી જ અભયદેવસૂરિએ ચૈત્યવાસી દ્રોણાચાર્યએ પહેલ કરી તો તેમની સાથે સમન્વયાત્મક સહયોગનો હાથ લંબાવ્યો. અભયદેવસૂરિતા જીવનકાળમાં ચૈત્યવાસી પરંપરા અને સુવિહિત પરંપરાની વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર રહ્યો.

જે વખતે જિનવલ્લભસૂરિ પાટણથી ચિત્તોડ પહોંચ્યા, એ વખતે ચિત્તોડમાં પણ ચૈત્યવાસીઓનું જ પ્રભુત્વ હતું. એ કારણે જ જિનવલ્લભસૂરિને પ્રારંભે નિવાસ યોગ્ય જગ્યા ન મળી, એટલે જ ચામુંડાના મઠમાં નિવાસ કરવો પડ્યો.

અભયદેવસૂરિના સ્વર્ગસ્થ થયા બાદ બંને પરંપરાઓના સંબંધોમાં તનાવ ઉત્પન્ન થયાના સંકેત જૈન સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. એનું પ્રમુખ કારણ એ જ રહ્યું કે જિનવલ્લભસૂરિ ક્રાંતિકારી વિચારધારાના વિદ્વાન હતા. તેઓ ચૈત્યવાસી પરંપરાના શિથિલાચાર અને ચૈત્યવાસીઓ દ્વારા જિનશાસનામાં પ્રવેશ પામી ગયેલી વિકૃત્તિઓના ઉન્મૂલન માટે શીઘ્રાતિશીઘ્ર વ્યગ્ર થઈ ચૂક્યા હતા. એમણે અણહિલપુર-પાટણમાં પણ

વિધિ-ચૈત્યના નામે અનેક ચૈત્યાલયોનું નિર્માણ કરાવ્યું હતું; પણ રાજયાશ્રય પ્રાપ્ત ચૈત્યવાસી પરંપરાએ એ વિધિચૈત્યો પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી સુવિહિત પરંપરાના શબ્દોમાં એને અવિધિચૈત્ય રૂપે પરિવર્તિત કર્યું. જિનવલ્લભસૂરિના આ પ્રકારના ક્રાંતિકારી પ્રયાસોએ કેવળ માત્ર ચૈત્યવાસી પરંપરાને જ નહિ, પણ અણહિલપુર-પાટણમાં વિરાજિત શ્રમણોને પણ નારાજ કર્યા. એમના સુધારાવાદી પ્રયાસોથી ચૈત્યવાસી પરંપરાની નારાજગી સ્વાભાવિક હતી. પરંતુ સુવિહિત પરંપરાના જે આચાર્ય, ઉપાધ્યાય, શ્રમણ આદિ જિનવલ્લભનાં આ કાર્યોથી નારાજ થયા, એની પાછળ એક કારણ એ હતું કે સુવિહિત પરંપરાની દૃઢ માન્યતા હતી કે ચૈત્યવાસી પરંપરાની સાથે સંબંધો બગાડીને વિશાળ ગુર્જર પ્રદેશ પર અસ્તિત્વ ટકાવી રાખવુ મુશ્કેલ છે.

આમ ચૈત્યવાસી પરંપરા તો રૂષ્ટ થતાં જ સુવિહિત પરંપરાના કર્ણધાર પણ જિનવલ્લભસૂરિથી નારાજ થયા. કારણ કે તેઓ ચૈત્યવાસી પરંપરાની સાથે મધુર વ્યવહાર રાખવામાં જ પોતાનું હિત સમજતા હતા. આ રીતે પોતાના પ્રતિપક્ષીઓ અને પક્ષના સમુદાયોની નારાજગીથી જિનવલ્લભસૂરિને અણહિલપુર-પાટણ છોડવા વિવશ થવું પડ્યું અને ગુર્જર પ્રદેશથી મેવાડ તરફ વિહાર કર્યો.

સમસ્ત મેદપાટ(મેવાડ)માં વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધથી લગભગ દોઢ સદી સુધી ચૈત્યવાસીઓનું જ વર્ચસ્વ હતું. આ તથ્યની પુષ્ટિ જિનવલ્લભસૂરિના જીવનની એ ઘટનાથી સારી રીતે થાય છે કે જ્યારે એમણે ભગવાન મહાવીરના ગર્ભાપહારનું છઠ્ઠુ કલ્યાણક કોઈ જિનમંદિરમાં મનાવવાનું નક્કી કર્યું, તો ચિત્તોડના કોઈ પણ જિનમંદિરમાં એમને પ્રવેશ ન મળ્યો. આ કારણે એમણે ૨૪ જિનેશ્વરોના ચિત્રપટને એક ગૃહસ્થના ઘરમાં રાખી છઠ્ઠા કલ્યાણનો ઉત્સવ મનાવવો પડ્યો. ત્યાર બાદ એમણે જોયું કે તેમને કે તેમના ઉપાસકોને પૂજા-અર્ચના કે દર્શન માટે ચિત્તોડમાં કોઈ જિનમંદિર ઉપલબ્ધ થવાનું નથી, કારણ કે દરેક જિનાલયોમાં ચૈત્યવાસી પરંપરાનું સ્વામિત્વ છે. એમણે ઉપાસના માટે અભિનવ જિનમંદિરમાં નિર્માણ માટે શ્રાવક-શ્રાવિકાઓના પ્રસ્તાવનું અનુમોદના કર્યું અને શીઘ્રાતિશીઘ્ર બે માળના ભવનનું નિર્માણ કરાવી એને બે જિનમંદિરોનું સ્વરૂપ આપ્યું.

એમ પ્રતીત થાય છે કે નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિની પાસે આગમોનું અધ્યયન કર્યા બાદ જિનવલ્લભસૂરિએ દૃઢ સંકલ્પ કરી લીધો હતો કે - 'ચૈત્યવાસી પરંપરા દ્વારા ચોતરફ ફેલાયેલ શિથિલાચારના દલદલથી સંઘનો ઉદ્ધાર કરીને જ વિશ્રામ લેશે.' પોતાના આ સંકલ્પ અનુસાર એમણે ચૈત્યવાસી પરંપરાના ઉન્મૂલનના અભિયાનનો પ્રારંભ કર્યો અને પરિણામે એમણે ચૈત્યવાસી અને સુવિહિત બંને પરંપરાના અનુયાયીઓના રોષનો ભોગ બનવું પડ્યું, છતાં પણ એમણે સાહસ છોડ્યું નહિ. ગુર્જર પ્રદેશમાં અને મુખ્યતઃ અણહિલપુર-પાટણમાં તેઓ પોતાના સંકલ્પને ક્રિયાન્તિત નહિ કરી શકે એવા વિચારથી જિનવલ્લભગણિ ગુર્જર પ્રદેશને છોડીને અન્ય ક્ષેત્રોને પોતાનું કાર્યક્ષેત્ર બતાવ્યું. તેઓ જીવનભર ચૈત્યવાસી પરંપરાથી સંઘર્ષ કરતાં રહ્યા. સંઘપટ્ટક દ્વારા પ્રગટ થયેલાં યુક્તિસંગત તથ્યોથી જનમાનસને તેમના તરફ આકર્ષણ થયું. મોટી સંખ્યામાં લોકો તેમના ઉપાસક બનવા લાગ્યા. જિનવલ્લભસૂરિની પ્રેરણાથી ચિત્તોડ બાદ દેશનાં વિભિન્ન નગરોમાં વિધિ-ચૈત્યોના નિર્માણ થવા લાગ્યા.

એ વિધિ-ચૈત્યોમાં ચૈત્યવાસી પરંપરાના વિધિ-વિધાન, આચાર-વિચાર, વ્યવહાર આદિથી નિતાંત વિપરીત નિમ્નલિખિત આજ્ઞાઓ અંકિત કરવામાં આવી :

(૧) અહીં આગમ વિરુદ્ધ કોઈ કામ નહિ થાય.
(૨) રાત્રે આ વિધિ-ચૈત્યોમાં સ્નાત્રનું આયોજન નહિ થાય.
(૩) આ વિધિ-ચૈત્યો પર કોઈ પણ સાધુનું સ્વામિત્વ નહિ રહે.
(૪) આ વિધિ ચૈત્યોમાં રાત્રિના સમયે કોઈ સ્ત્રી પ્રવેશ નહિ કરી શકે. રાત્રિના સમયે સ્ત્રીઓનો પ્રવેશ નિષેધ રહેશે.
(૫) આ વિધિ-ચૈત્યોમાં જાતિ, વંશ, કુળ આદિનો કોઈ પ્રકારનો ભેદભાવ નહિ રહે.
(૬) આ વિધિ-ચૈત્યોમાં ઉપાસકવર્ગ તાંબુલ ચર્વણ કદી નહિ કરી શકે.

જિનવલ્લભસૂરિના આ પ્રકારના સુધારાવાદી અને ક્રાંતિકારી વિચારોનો જનમાનસ પર ખૂબ ચમત્કારપૂર્ણ પ્રભાવ પડ્યો. દેશના ખૂણે-ખૂણે જનમાનસ એમની તરફ આકર્ષાયો અને લોકો ચૈત્યવાસી પરંપરાનો ત્યાગ કરી મહાનદીના વેગની જેમ વિધિમાર્ગના અનુયાયી થવા લાગ્યા.

આ રીતે જે ચૈત્યવાસી પરંપરાના સુવિશાળ, સુગઠિત અને શક્તિશાળી સંગઠનના મહાન ક્રિયોદ્ધારક વર્ધમાનસૂરિના શિષ્ય જિનેશ્વરસૂરિએ વિક્રમ સં. ૧૦૮૦માં હચમચાવી નાખ્યું એને વિક્રમ સં. ૧૧૬૫ થી પૂર્વે જ જિનવલ્લભસૂરિએ છિન્ન-ભિન્ન, અશક્ત અને નિષ્પ્રભાવક બનાવી દીધું. ફળસ્વરૂપ સુવિહિત પરંપરા ઉત્તરોત્તર પ્રગતિ તરફ અગ્રેસર થવા લાગી.

આ બધાં તથ્યોનાં પરિપ્રેક્ષ્યમાં વિચાર કરતાં એ જ નિષ્કર્ષ નીકળે છે કે જિનવલ્લભસૂરિ પોતાના સમયના એક મહાન સાહસિક, ક્રાંતિકારી વિચારધારાના વાહક એવા ઉત્તમ વિદ્વાન હતા. એમણે પોતાના સંઘને શિથિલાચારના ખદબદતા કીચડમાંથી બહાર કાઢવાનું અદ્‌ભુત કામ કર્યું. ઘર અને બહારના વિરોધ છતાં તેઓ ચૈત્યવાસી પરંપરાના બાહ્ય વર્ચસ્વને સદાયને માટે સમાપ્ત કરવામાં સફળ થયા.

સાહસિક ધર્મપ્રચારક હોવાની સાથે સાથે તેઓ એક સફળ સાહિત્ય-સર્જક અને શ્રેષ્ઠ કવિ પણ હતા. એમની નિમ્નલિખિત સત્તર કૃતિઓ આજે પણ જૈન સાહિત્યમાં નોંધપાત્ર શ્રીવૃદ્ધિ ગણાય છે.

(૧) આગમિક વસ્તુ વિચાર સાર.
(૨) પ્રશ્નષષ્ઠિ શતક
(૩) શૃંગાર શતક
(૪) પિંહડ વિશુદ્ધિ પ્રકરણ
(૫) ગણધર સાર્દ્ધ શતક
(૬) સંઘ પટ્ટક
(૭) પૌષધ વિધ પ્રકરણ
(૮) ધર્મ શિક્ષા
(૯) ધર્મોપદેશમય દ્વાદશમૂલક રૂપ પ્રકરણ
(૧૦) સ્વપ્નાષ્ટક વિચાર
(૧૧) પ્રશ્નોત્તર શતક
(૧૨) ચિત્ર કાવ્ય
(૧૩) અજિત શાંતિ સ્તવન
(૧૪) જિન કલ્યાણક સ્તોત્ર

(૧૫) ભવારિ-વારણ સ્તોત્ર

(૧૬) જિન સ્તોત્ર

(૧૭) મહાવીર ચરિત્રમય વીરસ્તવ

આચાર્ય જિનવલ્લભસૂરિના ક્રાંતિકારી વિચારોની એમના પટ્ટધર આચાર્ય જિનદત્તસૂરિ પર એવી અમીટ છાપ અંકિત થઈ કે તેઓ જીવનભર પોતાના પૂર્વાચાર્યનાં પદચિહ્નો પર ચાલતાં-ચાલતાં જિન-શાસનની દિગ્‌દિગંત પ્રભાવનાનાં કાર્યોમાં ખૂંપેલાં રહ્યાં. જિનદત્તસૂરિના જીવનવૃત્તથી સ્પષ્ટ પ્રગટ થાય છે કે જિનવલ્લભસૂરિ કરતાં પણ અતિ કઠોર સંઘર્ષનો સામનો તેમણે કરવો પડ્યો; પરંતુ તેઓ પોતાના નિર્ધારિત લક્ષ્યથી સહેજ પણ વિચલિત થયા નહિ.

આચાર્ય દેવઋષિ (દ્વિતીય)

જન્મ	:	વી. નિ. સં. ૧૫૫૪
દીક્ષા	:	વી. નિ. સં. ૧૫૬૪
આચાર્યપદ	:	વી. નિ. સં. ૧૫૮૯
સ્વર્ગારોહણ	:	વી. નિ. સં. ૧૬૪૪
ગૃહવાસપર્યાય	:	૧૦ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૨૫ વર્ષ
આચાર્યપર્યાય	:	૫૫ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	:	૮૦ વર્ષ
પૂર્ણ આયુ	:	૯૦ વર્ષ

શ્રમણ ભગવાન મહાવીરની વિશુદ્ધ મૂળ પરંપરાના પચાસમા પટ્ટધર આચાર્ય વિજયઋષિના સ્વર્ગારોહણ બાદ ચતુર્વિધસંઘે વી. નિ. સં. ૧૫૮૯માં મુનિશ્રેષ્ઠ શ્રી દેવઋષિ(દ્વિતીય)ને પ્રભુ મહાવીરના એકાવનમા પટ્ટધર આચાર્યપદ પર અધિષ્ઠિત કર્યા.

આચાર્ય જિનદત્તસૂરિ (દાદાગુરુ)

દાદાગુરુના બિરુદથી વિખ્યાત આચાર્ય જિનદત્તસૂરિ વિક્રમની બારમી સદીના પ્રભાવક આચાર્ય થયા, જેમની કીર્તિ આજે પણ ભારતના અનેક પ્રાંતોમાં દૂર દૂર સુધી ફેલાયેલી છે. તેઓ નિર્ભીક અને સ્પષ્ટવક્તા હતા. એમનો બોધ ખૂબ માર્મિક અને અંતઃસ્તલને સ્પર્શે તેવો હતો. ભારતના ખૂણે ખૂણે અવિરત વિહાર કરી તેમણે માત્ર જૈનો જ નહિ પણ જૈનેતરોના સામાજિક, ધાર્મિક, નૈતિક ઉત્કર્ષમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું. હજારો જૈનેતરો તેમનાથી પ્રેરિત થઈને વિશ્વ-કલ્યાણકારી મહાવીરમાર્ગના આરાધક જૈન થયા.

જિનદત્તસૂરિના પિતાનું નામ વાચ્છિગ હતું. વાચ્છિગ ગુજરાતના પ્રતિષ્ઠિત અને રાજમાન્ય શ્રેષ્ઠીવર્ય હતા. એમનું મૂળ નિવાસસ્થાન ગુજરાતના ઐતિહાસિક નગર ધવલકપુર (ધોળકા) હતું. વાચ્છિગ તત્કાલીન ગુજરાતના અમાત્ય (મંત્રી) હતા. એમની ધર્મપત્નીનું નામ બાહડદેવી હતું. બાહડદેવી ધર્મનિષ્ઠ ને પતિપરાયણ નારીરત્ન હતી.

વિ. સં. ૧૧૩૨માં વાચ્છિગની પત્ની બાહડદેવીએ ધવલકપુરમાં એક પુત્રરત્નને જન્મ આપ્યો. એ બાળક હુમ્મડ કુળદીપક જિનશાસન પ્રભાવક જિનદત્તસૂરિ નામે વિખ્યાત થયા. યોગ્ય સમયે સુયોગ્ય શિક્ષક પાસે અધ્યયનનો પ્રારંભ કરાવવામાં આવ્યો. કુશાગ્રબુદ્ધિ બાળકે નિષ્ઠાપૂર્વક અધ્યયન શરૂ કર્યું.

જિનેશ્વરસૂરિના શિષ્ય ધર્મદેવ ઉપાધ્યાયના આજ્ઞાનુવર્તિની વિદુષી સાધ્વીઓએ વિ. સં. ૧૧૪૧નો વર્ષાવાસ ધવલકપુરમાં કર્યો. પોતાના પુત્રને સાથે લઈને ધર્મનિષ્ઠ બાહડદેવી એ સાધ્વીઓનાં દર્શન, સત્સંગ અને વ્યાખ્યાનશ્રવણ માટે નિયમિત ઉપાશ્રય જવા લાગી. સાધ્વીઓને બાહડદેવીના પુત્રને જોઈને જ ખ્યાલ આવી ગયો કે આગળ જતાં આ બાળક ખૂબ હોનહાર થશે. પોતાના સામુદ્રિક અને જ્યોતિષ જ્ઞાનના આધારે એ સાધ્વીઓએ એવી ધારણા કરી કે - 'આ બાળક ભવિષ્યમાં જિનશાસનની પ્રભાવક રીતે સેવા કરશે.' આમ જાણી તેમણે બાહડદેવીને તેમના હોનહાર પુત્રને શ્રમણધર્મની દીક્ષા માટે સમજાવ્યા. જ્યારે એ સાધ્વીઓને પ્રતીત થઈ કે બાહડદેવી પોતાના પુત્રને દીક્ષા માટે સહમત

થઈ જશે, એટલે તરત એમણે ધર્મદેવ ઉપાધ્યાયની સેવામાં એ સંદેશ મોકલ્યો કે - 'અહીં એક સુયોગ્ય પાત્ર સાંપડેલ છે, અમને પ્રતીતિ છે કે સુપાત્રને જોઈને આપને પણ આનંદ થશે.'

ચાતુર્માસની અવધિ સમાપ્ત થઈ ગઈ હતી. જેવો આ સંદેશ પહોંચ્યો કે ધર્મદેવ ઉપાધ્યાય ત્વરિત વિહાર કરી ધવલકપુર પહોંચ્યા. પોતાની આશા-અપેક્ષા મુજબના તેજસ્વી બાળકને જોઈ ધર્મદેવ સંતુષ્ટ થયા. વિ. સં. ૧૪૪૧માં શુભ મુહૂર્ત જોઈને ધર્મદેવે નવ વર્ષની ઉંમરના એ બાળકને શ્રમણધર્મની દીક્ષા આપી અને નવદીક્ષિત મુનિનું નામ મુનિ સોમચંદ્ર રાખ્યું. ધર્મદેવ ઉપાધ્યાયે સર્વદેવગણિને નવદીક્ષિત મુનિ બાબતે આદેશ આપ્યો કે - 'તેઓ નવદીક્ષિત મુનિની દિનચર્યા, ધર્મચર્યા આદિ દરેક કાર્ય નિયમિત રૂપે થાય તેમાં ધ્યાન આપે.'

ધવલકપુરથી મુનિ સોમચંદ્ર પોતાના અભિભાવક ગુરુશ્રી સર્વદેવ-ગણિ સાથે વિચરણ કરતાં પાટણ આવ્યા. ત્યાં એમના અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી. તેઓ ભાવડાચાર્ય પાસે અધ્યયન કરવા લાગ્યા.

ભાવડાચાર્યની પાસે પ્રગાઢ નિષ્ઠાપૂર્વક અધ્યયન કરતા મુનિ સોમચંદ્રએ લક્ષણ પંજિકા આદિ અનેક વિષયના ગ્રંથોનું અધ્યયન કર્યું અને પ્રવીણતા પ્રાપ્ત કરી. ભાવડાચાર્ય મુનિ સોમચંદ્રની પ્રતિભાથી પ્રભાવિત હતા. તેઓ મુનિ સોમચંદ્રને સર્વ વિદ્યાર્થી શિષ્યોમાં સર્વશ્રેષ્ઠ માનતા હતા. તેઓ એમને 'કસ્તૂરી'ની ઉપમાથી ઉપમિત કરતા હતા. મુનિ સોમચંદ્રએ થોડા સમયમાં જ વ્યાકરણ, છંદશાસ્ત્ર, નીતિ, ન્યાય આદિ વિષયોમાં પ્રકાંડ પાંડિત્ય પ્રાપ્ત કરી આગમોના અધ્યયનનો પ્રારંભ કર્યો. હરિસિંહાચાર્યએ મુનિ સોમચંદ્રને યથાક્રમ દરેક આગમોનું અધ્યયન કરાવ્યું. પ્રગાઢ શ્રદ્ધાભક્તિ અને નિષ્ઠાપૂર્વક આગમોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ પંડિત મુનિ સોમચંદ્ર વિભિન્ન ક્ષેત્રોમાં વિહાર કરી અનેક ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપતા આપતા જિન-શાસનનાં અભ્યુત્થાનકારી કાર્યો તેમજ સર્વનાં કલ્યાણનાં કાર્યોમાં લીન થઈ ગયા. વર્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ આદિએ ચૈત્યવાસીઓના વર્ચસ્વનું ઉન્મૂલન કરનારી ધર્મક્રાંતિનો સૂત્રપાત્ર કરેલ, એ ક્રાંતિપથ પર મુનિ સોમચંદ્ર અગ્રેસર રહ્યા. થોડા સમયમાં જ મુનિ સોમચંદ્રના ગુણોની સૌરભ દૂર-દૂર સુધી ફેલાવા લાગી. આમ થવાથી દેવભદ્રાચાર્યનો

(જેમણે જિનવલ્લભસૂરિને આચાર્યપદે પ્રતિષ્ઠિત કર્યા હતા.) ધર્મસ્નેહ સોમચંદ્ર મુનિ પર વધતો ગયો.

વિ. સં. ૧૧૬૭ની કારતક વદ બારશની રાત્રિના અંતિમ પ્રહરમાં જિનવલ્લભસૂરિનું સમાધિપૂર્વક સ્વર્ગારોહણ થયું. એમના આકસ્મિક સ્વર્ગવાસથી દેવભદ્રાચાર્ય ચિંતિત રહેવા લાગ્યા. એમણે જિનવલ્લભ-સૂરિની પાટ ઉપર કોઈ સુપાત્રને પ્રતિષ્ઠિત કરવાનો નિર્ધાર કર્યો.

જિનવલ્લભસૂરિની પાટ પર બિરાજીને જિનશાસનની શોભામાં અભિવૃદ્ધિ કરે એવા પ્રતિભાશાળી વિદ્વાન સાધુ વિશે ચિંતન કરી રહેલા દેવભદ્રાચાર્યજીના મસ્તિષ્કમાં મુનિ સોમચંદ્રજીનું નામ ઊભરી આવ્યું. દેવભદ્રાચાર્યએ અનુભવ્યું કે મુનિ સોમચંદ્રમાં એ દરેક ગુણ છે, જે એક સક્ષમ-સમર્થ આચાર્યમાં હોવા જોઈએ. તેઓ વિદ્વાન છે, વક્તા છે, નિતાંત નિર્ભીક છે અને સ્પષ્ટવાદી પણ. પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ - દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં સંઘને આગળ વધારવાની મુનિ સોમચંદ્રમાં અદ્‌ભુત ક્ષમતા છે. તેમનું વ્યક્તિત્વ ગૌરવશાળી, ઓજસ્વી, ગંભીર અને પ્રતિભાશાળી છે. એમનું હૃદય નવનીત જેવું સુસ્નિગ્ધ, સુકોમળ અને મનોબળ વજથી પણ કઠોર છે. તેઓ જિનેશ્વરસૂરિના પટ્ટધરપદે બધી દૃષ્ટિએ સર્વથા યોગ્ય છે.

દેવભદ્રાચાર્યએ ચતુર્વિધસંઘ સાથે મંત્રણા બાદ મુનિ સોમચંદ્રને સંદેશ મોકલ્યો કે - 'તેઓ સીધા ચિતોડ પહોંચે, જેથી એમને જિનવલ્લભ-સૂરિની પાટ પર પ્રતિષ્ઠિત કરી શકાય.' ખરેખર તો જિનવલ્લભ-સૂરિની પણ એ જ ઇચ્છા હતી. શિષ્ય પરિવાર સહિત દેવભદ્રાચાર્ય અને વર્ધમાનસૂરિના ગચ્છના અનેક સાધુ અને શ્રાવક આદિ ચિતોડ પહોંચ્યા. ચતુર્વિધસંઘે પટ્ટાભિષેકના અવસર પર થતી તમામ પ્રકારની વ્યવસ્થા કરી. એક દિવસ દેવભદ્રાચાર્યએ પંડિત મુનિ સોમચંદ્રને એકાંતમાં જણાવ્યું : "અમુક દિવસે આપને જિનવલ્લભસૂરિની પાટ પર બેસાડવામાં આવશે."

સોમચંદ્રમુનિએ ઉત્તર આપ્યો : "આપે જે વિચાર કર્યો છે તે યોગ્ય જ છે, પરંતુ આ મુહૂર્ત પર અગર મને જિનવલ્લભસૂરિની પાટ પર બેસાડશો તો હું ચિરંજીવી નહિ થઈ શકું. આ મુહૂર્તના છ દિવસ પછી

શનિવારે શુભ મુહૂર્ત આવે છે. અગર છ દિવસ બાદના એ મુહૂર્તમાં મને આચાર્ય પ્રદાન થશે તો ચારેય દિશાઓમાં મારા વિહારથી ભૂમંડળમાં દૂર-દૂર સુધી આપણા ગચ્છનાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યામાં અભૂતપૂર્વ વૃદ્ધિ થશે. આપણો ચતુર્વિધસંઘ ખૂબ જ શક્તિશાળી અને સુવિકસિત થશે.''

મુહૂર્ત બાબતે આ નિર્ણય માન્ય રાખી વિ. સં. ૧૧૬૯ના વૈશાખ સુદ એકમ ને શનિવારના દિવસે ઠાઠમાઠપૂર્ણ મહોત્સવની સાથે મુનિ સોમચંદ્રને દેવભદ્રાચાર્ય દ્વારા ચિતોડનગરમાં પ્રતિષ્ઠિત મહાવીર ચૈત્યમાં શ્રી જિનવલ્લભના પદ પર પ્રતિષ્ઠિત કર્યા. સૂરિપદ પર અધિષ્ઠિત કરવાના અવસરે પંડિત મુનિ સોમચંદ્રનું નામ 'જિનદત્તસૂરિ' રાખવામાં આવ્યું.

એક દિવસ ચિતોડ નગરમાં જ જિનશેખરની મુનિવ્રત સંબંધી કોઈ સ્ખલનાના અપરાધને જોઈ દેવભદ્રાચાર્યએ તેમને ગચ્છમાંથી નિષ્કાસિત કર્યા. જિનશેખર નગરની બહાર એક એવા સ્થાને જઈને બેસી ગયા, જ્યાંથી જિનદત્તસૂરિ શૌચાદિથી નિવૃત્તિ માટે જંગલ તરફ જતા હતા. જિનદત્તસૂરિ જેવા એ જગ્યાએ પહોંચ્યા તેવા જ જિનશેખર તેમનાં ચરણોમાં ઝૂકી પડ્યા અને વિનંતીપૂર્વક કહ્યું : ''સૂરિવર ! મારા આ અપરાધને ક્ષમા કરી દો. ભવિષ્યમાં હું આવી ભૂલનું પુનરાવર્તન ક્યારેય નહિ થવા દઉં.''

ક્ષમાસાગર જિનદત્તસૂરિએ જિનશેખરને ક્ષમા પ્રદાન કરી સંઘમાં સામેલ કરી લીધા. જ્યારે દેવભદ્રાચાર્યને સંભવતઃ જિનદત્તસૂરિના મુખેથી એ જાણવા મળ્યું તો તેમણે જિનદત્તસૂરિને કહ્યું : ''આ જિનશેખર આપના માટે સુખપ્રદ સિદ્ધ નહિ થાય.''

જિનદત્તસૂરિએ કહ્યું : ''સૂરિવર ! હું એ જાણું છું, પરંતુ આ જિનશેખર આચાર્ય જિનવલ્લભસૂરિના પડછાયાની જેમ અનુસરણ કરતાં કરતાં ચૈત્યવાસનો પરિત્યાગ કરીને આવ્યા હતા. જેટલા દિવસ આપણી સાથે ચાલે છે તેટલા દિવસ નિભાવી લઈએ.''

ત્યાર બાદ દેવભદ્રાચાર્ય શ્રી જિનદત્તસૂરિને એવો પરામર્શ આપી પોતાના ઉપાશ્રય તરફ વળ્યા કે થોડા સમય સુધી તેઓ અણહિલપુર-

પાટણ સિવાય અન્ય સ્થળોએ વિચરણ કરે. 'કઈ બાજુ વિહાર કરવો ?' પોતાના અંતર્મનમાં ઉઠેલા આ પ્રશ્નના સમાધાન માટે જિનદત્તસૂરિએ ત્રણ ઉપવાસની તપસ્યાની સાથે પોતાના વિદ્યાગુરુ હરિસિંહસૂરિનું સ્મરણ કર્યું. સ્વર્ગસ્થ આચાર્યએ ત્રણ ઉપવાસની તપસ્યાની અંતિમ રાત્રિએ પ્રગટ થઈને પૂછ્યું : "કેમ યાદ કર્યો મને ?" જિનદત્તસૂરિએ કહ્યું : "હું કઈ દિશામાં વિચરણ કરું ?"

જવાબ મળ્યો : "મરુધરા આદિ પ્રદેશોમાં વિચરણ કરો."

ત્યાર બાદ જિનદત્તસૂરિએ ચિતોડથી મરુધરા તરફ વિહાર કર્યો. વિહારક્રમમાં જ્યાં જ્યાં જિનદત્તસૂરિએ પદાર્પણ કર્યું, ત્યાં ત્યાં એમનાં દર્શન અને પ્રવચન-શ્રવણ માટે શ્રાવક-શ્રાવિકા વર્ગ ઊમટી પડ્યો. લોકોએ પોતાના પરિવારની સાથે જિનદત્તસૂરિને વિધિવત્ પોતાના ગુરુ બનાવ્યા અને યથાશક્તિ વ્રત-નિયમ આદિ ગ્રહણ કરી શ્રાવક-શ્રાવિકા તરીકે એમનું શિષ્યત્વ અંગીકાર કર્યું.

ત્યાર બાદ આચાર્ય જિનદત્તસૂરિએ નાગૌર, અજમેર તરફ વિહાર કર્યો. અજમેર નજીક પહોંચ્યા કે ત્યાંના અગ્રણી શ્રાવક આસધર, રાસલ આદિએ શ્રાવક-સમૂહની સાથે આચાર્યશ્રીનું સ્વાગત કર્યું અને એમને વસતિમાં રોક્યા. ત્યાર બાદ જિનદત્તસૂરિએ વાગડ પ્રદેશ તરફ વિહાર કર્યો. વાગડમાં જિનદત્તસૂરિના ઉપદેશનો અદ્‌ભુત અને અમીટ પ્રભાવ પડ્યો કે અગણિત લોકોએ સમ્યક્‌ત્વ ગ્રહણ કર્યું. અનેકોએ શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. અણુવ્રતનો સ્વીકાર કરનાર અગણિત લોકો હતા.

વાગડ વિહારના પ્રથમ ચરણમાં જ જિનદત્તસૂરિના ઉપદેશથી પ્રભાવિત અનેક ભવ્યાત્માઓ સંસારથી વિરક્ત થયા. અનેક નર-નારી એમની પાસે પંચમહાવ્રત સ્વીકારી શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી. 'ખરતરગચ્છ ગુર્વાવલી' અનુસાર એ અવસર પર મહિલાઓ શ્રમણીધર્મમાં દીક્ષિત થઈ. ત્યાં જિનદત્તસૂરિએ જિનશેખરને ઉપાધ્યાય-પદ પ્રદાન કરી પોતાના વિશાળ શિષ્ય પરિવારમાંથી થોડા મુનિઓની સાથે એમને રુદ્રપલ્લી જવાની આજ્ઞા આપી.

વાગડ વિહારમાં સહુથી મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ જિનદત્તસૂરિને એ પ્રાપ્ત થઈ કે - (૧) જયદેવાચાર્ય, (૨) જિનપ્રભાચાર્ય, (૩) વિમલચંદ્રગણિ,

(૪) ગુણચંદ્રગણિ, (૫) રામચંદ્રગણિ અને (૬) બ્રહ્મચંદ્રગણિ નામના છ પ્રભાવશાળી લોકપ્રિય ચૈત્યવાસી આચાર્ય પોતાના વિશાળ શિષ્ય પરિવારની સાથે જિનદત્તસૂરિના ઉપદેશોથી પ્રબુદ્ધ થઈને એમની સુવિહિત પરંપરામાં સામેલ થયા. રામચંદ્રગણિના પુત્ર મુનિ જીવાનંદે પણ પોતાના પિતાની સાથે જિનદત્તસૂરિના સંઘમાં શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરી. જયદત્ત નામના એક પ્રસિદ્ધ મંત્રવાદી ચૈત્યવાસી સાધુએ પણ જિનદત્તસૂરિની પાસે પંચ મહાવ્રતોની ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. પોતાના પ્રભાવશાળી આચાર્યો અને સાધુ-સાધ્વીઓને જિનદત્તસૂરિની પાસે મોટી સંખ્યામાં દીક્ષિત થયેલા જોઈ ચૈત્યવાસી પરંપરાના મોટાભાગનો શ્રાવક-શ્રાવિકા સમૂહ જિનદત્તસૂરિનો ઉપાસક થઈ ગયો. એ અવસરે જિનરક્ષિત અને શીલભદ્ર અને તેમની માતા તથા સ્થિરચંદ્ર અને વરદત્ત નામના બે ભાઈઓએ પણ જિનદત્તસૂરિની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

આ રીતે વાગડ પ્રદેશમાં જિનદત્તસૂરિના વિહાર અને પ્રભાવશાળી ઉપદેશોનું સરસ પરિણામ મળ્યું. ચૈત્યવાસી આચાર્યો અને શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા જિનદત્તસૂરિને પોતાના ગુરુ તરીકે સ્વીકારવાની સાથે પુણ્યાત્મા યુવક-યુવતીઓ દ્વારા દીક્ષિત થવાના કારણે જિનદત્તસૂરિનો ખરતરગચ્છ એક વિશાળ શક્તિશાળી ગચ્છ સ્વરૂપે ઊભરી આવ્યો.

પોતાનાં વિશાળ નવદીક્ષિત શ્રમણ-શ્રમણી પરિવારના વિશિષ્ટ પ્રતિભાશાળી શિક્ષાર્થી જિનરક્ષિત, સ્થિરચંદ્ર આદિ અનેક શ્રમણો અને જિનમતિ, પૂર્ણશ્રી આદિ અનેક સાધ્વીને જિનદત્તસૂરિએ આગમ આદિના અધ્યયન માટે ધારાનગરી મોકલ્યાં અને પોતે વિશાળ સંત-સતી સમુદાય સાથે રુદ્રપલ્લી તરફ વિહાર કર્યો. માર્ગમાં એક ગામમાં વ્યંતર-બાધાથી પીડિત એક શ્રાવક હતો. તેને તે પીડાથી મુક્ત કરવા માટે અને ધર્મનિષ્ઠ ભક્તોનાં કલ્યાણ માટે જિનદત્તસૂરિએ 'ગણધર સત્તરી' નામક મંત્રગર્ભિત ગ્રંથની રચના કરી. તે ગ્રંથને હાથમાં રાખવા માત્રથી તે શ્રાવકની વ્યંતર-બાધા કાયમ માટે દૂર થઈ ગઈ. આ ચમત્કારથી જિનદત્તસૂરિની યશકીર્તિ દૂર-દૂર સુધી ફેલાઈ ગઈ.

રુદ્રપલ્લીની નજીક પહોંચ્યા કે શ્રાવકોના વિશાળ સમૂહની સાથે જિનશેખર ઉપાધ્યાયે શ્રીજિનદત્તસૂરિનું સ્વાગત કર્યું નેં ખૂબ હર્ષોલ્લાસ

સાથે તેમનો નગરપ્રવેશ કરાવ્યો. જિનદત્તસૂરિના ઉપદેશોથી રુદ્રપલ્લીમાં ૧૨૦ અજૈન પરિવારોએ જૈન ધર્મ અંગીકાર કર્યો. ત્યાં દેવપાલ આદિ શ્રાવકોએ જિનદત્તસૂરિની પાસે શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરી.

ત્યાર બાદ વિહારક્રમમાં જિનદત્તસૂરિ વ્યાઘ્રપુરમાં આવ્યા. ત્યાં જયદેવાચાર્યને રુદ્રપલ્લી અને તેની આસપાસના વિસ્તારમાં જ વિચરણ કરવાનો તથા જિનશાસનનો પ્રચાર-પ્રસાર કરવાનો આદેશ આપ્યો.

થોડા દિવસ વ્યાઘ્રપુરમાં રહીને જિનદત્તસૂરિએ જિનવલ્લભસૂરિ દ્વારા પ્રરૂપિત ચૈત્યગ્રહ-વિધિ પર 'ચચ્ચરી' (ચર્ચરી) નામના ગ્રંથની રચના કરી, તેના પર એક ટિપ્પણક લખાવ્યું. એ ચચ્ચરી ટિપ્પણક એમણે અગ્રણી શ્રાવકોને ચૈત્યગૃહ-વિધિ સંબંધી ખરતરગચ્છની માન્યતાઓનું પરિજ્ઞાન કરાવવા માટે મોકલ્યું. જે વખતે જિનદત્તસૂરિના શ્રાવક પૌષધશાળામાં એકઠા થઈ ચચ્ચરી ટિપ્પણક પોટલામાંથી બહાર કાઢી રહ્યા હતા, એ વખતે દેવધર નામના એક યુવકે શ્રાવકોના હાથમાંથી ટિપ્પણક છીનવી લેતાં કહ્યું કે - "આ ચચ્ચરી ટિપ્પણક નહિ, કચ્ચરી ટિપ્પણક છે." અને ટિપ્પણક ફાડી નાંખ્યું. શ્રાવકોએ દેવધરના પિતાને તેની ઉદ્દંડતાની વાત કહી. તેમણે ક્ષમાયાચના કરતાં કહ્યું કે - "દેવધર ખરેખર ઘણો ઉદ્દંડ અને મદોન્મત્ત છે; તેમ છતાં હું તેને સમજાવીશ કે ભવિષ્યમાં તે આવી ઉદ્ધતાઈ ન કરે."

શ્રાવકોએ જિનદત્તસૂરિની સેવામાં 'ચચ્ચરી ટિપ્પણક'ને દેવધર દ્વારા નષ્ટ કરી દેવાયાની ઘટનાની જાણ કરી.

જિનદત્તસૂરિએ 'ચચ્ચરી ટિપ્પણક'ની બીજી નકલ આસલ આદિ શ્રાવકોને મોકલી અને તેમને નિર્દેશ કર્યો કે - 'દેવધરને કશું જ ન કહેવું. દેવધરને પણ સાચી પ્રતીતિ થશે અને ગચ્છની ઉન્નતિમાં સહાયક સિદ્ધ થશે.'

ચચ્ચરી ટિપ્પણકની બીજી નકલ પહોંચી કે સહુએ તે વાંચી. શ્રાવકોની અનેક શંકાઓનું સમાધાન થયું. દેવધરને જ્યારે એ વાતની જાણ થઈ કે જે 'ચચ્ચરી ટિપ્પણક'ની નકલ તેણે ફાડી નાખી હતી તેની બીજી પ્રત આવી ગઈ છે, ત્યારે તેણે એવું અનુભવ્યું કે - 'ચચ્ચરી ટિપ્પણક વસ્તુતઃ કોઈ મહત્ત્વપૂર્ણ કૃતિ છે, તેથી અવશ્ય વાંચવી જોઈએ.'

આ રીતે નિશ્ચય કરી દેવધર પોતાના ઘરની છતની પૌષધ-શાળામાં પ્રવેશ્યો અને 'ચચ્ચરી ટિપ્પણક' ઉત્સુકતાપૂર્વક વાંચવાનું શરૂ કર્યું. ગ્રંથ ખૂબ મહત્ત્વપૂર્ણ અને રોચક લાગ્યો. જેમ જેમ તે 'ચચ્ચરી ટિપ્પણક' વાંચતો ગયો તેમ તેમ તેની શંકાનું સમાધાન થતું ગયું. આદિથી અંત સુધી વાંચી લીધા બાદ મનમાં માત્ર બે શંકા રહી ગઈ-પહેલી તો અનાયતન બિંબ સંબંધી અને બીજી શંકા એ રહી કે સ્ત્રી દ્વારા જિનપૂજા ન કરવા બાબત.

વાગડ પ્રદેશમાં વિહાર કરતી વખતે આચાર્ય જિનદત્તસૂરિએ ઉજ્જૈન અધ્યયન અર્થે મોકલેલાં સાધુ-સાધ્વીઓને પોતાની પાસે બોલાવી લીધાં. એ સહુને તથા અન્ય સાધુ-સાધ્વીઓને આચાર્યશ્રીએ શાસ્ત્રોની વાચના પ્રદાન કરી, એ સમય સુધી ખરતરગચ્છનો શ્રમણ-શ્રમણી સમૂહ પર્યાપ્ત માત્રામાં વિશાળ થઈ ગયો હતો. અનુશાસન, અધ્યયન, અધ્યાપન - વિભિન્ન ક્ષેત્રોમાં ધર્મપ્રચાર, જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના, પાલન આદિ સર્વ તથ્યોને ધ્યાનમાં રાખીને જિનદત્તસૂરિએ પોતાના હાથે દીક્ષિત થયેલા શિષ્ય જીવદેવને આચાર્યપદ પ્રદાન કર્યું. મુનિચંદ્ર ઉપાધ્યાયના જયસિંહ નામના શિષ્યને પંણ આચાર્યપદ પ્રદાન કરી ચિતોડ ક્ષેત્રમાં વિચરણ અને ધર્મપ્રચાર કરતા રહેવાનો આદેશ આપ્યો. જયસિંહાચાર્યના શિષ્ય જયચંદ્રને પણ એમણે આચાર્યપદ પ્રદાન કરી પાટણમાં ધર્મપ્રચાર માટે નિયુક્ત કર્યા.

આ રીતે ત્રણ વિદ્વાન મુનિઓને સૂરિપદ પ્રદાન કરવાની સાથે-સાથે જિનચંદ્રગણિ, શીલભદ્રગણિ આદિ ૧૦ વિદ્વાન શિષ્યોને તેમણે વાચનાચાર્યપદ પ્રદાન કર્યું. શ્રીમતી, જિનમતી, પૂર્ણશ્રી, જિનશ્રી અને જ્ઞાનશ્રી આ પાંચ વિદુષી સાધ્વીઓને મહત્તરાપદ અને જીવાનંદ નામના પોતાના વિદ્વાન શિષ્યને ઉપાધ્યાયપદ પ્રદાન કર્યું. જિનદત્ત-સૂરિએ પોતાનાં સર્વ શ્રમણ-શ્રમણીઓને એમના વિહાર સંબંધી અને આવશ્યક કર્તવ્ય સંબંધી દિશા-નિર્દેશ આપ્યા. ત્યાર બાદ તેમણે અજમેર તરફ પ્રસ્થાન કર્યું. અજમેર પહોંચ્યા કે શ્રાવકોએ ખૂબ આદર અને ઉત્સાહથી તેમનો નગરપ્રવેશ કરાવ્યો. જિનદત્તસૂરિના પહેલી વખત અજમેરમાં આગમનના ઉપલક્ષ્યમાં મહારાજા અર્ણોરાજે અજમેરના દક્ષિણી ભાગમાં તળેટીથી લઈ શિખર સુધી વિશાળ જમીન

જૈનસમાજને ભેટ કરી, ત્યાં શ્રાવકવર્ગે જિનમંદિર, અંબિકાનું સ્થાન આદિનું નિર્માણ જિનદત્તસૂરિના પુનઃ પદાર્પણ પૂર્વે જ સંપન્ન કરાવી લીધુ હતું. જિનદત્તસૂરિએ શુભ મુહૂર્તમાં એ મંદિરોના મૂળ નિવેશમાં વાસક્ષેપ કર્યો. અજમેરના પ્રમુખ શ્રાવક આસલે જૈનસંઘના ભાવિ અભ્યુદય-હેતુ પોતાના સાતવર્ષીય પુત્રને આચાર્ય જિનદત્તસૂરિને સમર્પિત કર્યો. વિક્રમ સં. ૧૨૦૩ની ફાગણ સુદ નોમના દિવસે એમણે આસલના પુત્રને અજમેરમાં દીક્ષા આપી અને તેનું નામ જિનચંદ્ર રાખ્યું. વિ. સં. ૧૨૦૫ની વૈશાખ સુદ છઠ્ઠના દિવસે વિક્રમપુરમાં જિનદત્તસૂરિએ નવ વર્ષની વયમાં જ શિષ્ય જિનચંદ્રની પ્રતિભા જાણીને આચાર્યપદ પ્રદાન કરી પોતાના ઉત્તરાધિકારી તરીકે ઘોષિત કર્યો. એ જ આચાર્ય મુનિ જિનચંદ્ર આગળ જતા મણિધારી આચાર્ય જિનચંદ્રસૂરિના નામથી વિખ્યાત થયા.

જિનદત્તસૂરિનો સમય તથા એમની પહેલાનો સમય ચર્ચાનો સમય હતો. આયતન (વિધિ ચૈત્ય) - અનાયતન (અવિધિ ચૈત્ય) વિષયક ચર્ચાઓના પ્રસંગે મોટે ભાગે પારસ્પરિક કટુતા ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતી. દૂરદર્શી આચાર્ય જિનદત્તસૂરિએ આ વિષયમાં જિનવલ્લભ-સૂરિને અનુસરવાનું નક્કી રાખ્યું. એમણે ચૈત્યવાસીઓની સાથે પ્રત્યક્ષ ચર્ચાઓમાં ગૂંચવાઈ જવા કરતાં જન-સામાન્યને એ વિષયમાં વાસ્તવિક જ્ઞાન કરાવે એવા બોધપ્રદ લઘુ ગ્રંથોની રચના કરવાનું વિશેષ શ્રેયસ્કર લાગ્યું. ચૈત્યવાસી પરંપરાની આધારશિલાને તળે ઉપર કરી પોતાની જે રચનાઓથી જિનદત્તસૂરિએ સુવિહિત પરંપરાની ચિરસ્થાયી સેવા કરી તે રચનાઓ નીચે મુજબ છે :

ઔપદેશિક અને આચાર વિષયક રચનાઓ

૧. સંદેહ દોહાવલી	પ્રાકૃત	ગદ્ય	૧૫૦
૨. ચચ્ચરી	અપભ્રંશ	ગદ્ય	૪૭
૩. ઉત્સૂત્ર પદોપઘાટન કુલક	પ્રાકૃત	ગદ્ય	૩૦
૪. ચૈત્યવંદન કુલક	પ્રાકૃત	ગદ્ય	૨૮
૫. ઉપદેશ ધર્મ રસાયન	અપભ્રંશ	ગદ્ય	૮૦
૬. ઉપદેશ કુલક	પ્રાકૃત	ગદ્ય	૩૪
૭. કાલ સ્વરૂપ કુલક	અપભ્રંશ	ગદ્ય	૩૨

સ્તુતિપરક રચનાઓ

૮. ગણધર સાર્દ્ધ શતક	પાકૃત	ગદ્ય	૧૫૦
૯. ગણધર સપ્તતિકા	પાકૃત	ગદ્ય	૨૬
૧૦. સર્વાધિષ્ઠાયી સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૨૬
૧૧. ગુરુ પારતંત્રય સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૨૧
૧૨. વિઘ્ન વિનાશી સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૧૪
૧૩. શ્રુતસ્તવ	પાકૃત	ગદ્ય	૨૭
૧૪. અજિત શાંતિ સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૧૫
૧૫. પાર્શ્વનાથ મંત્ર ગર્ભિત સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૩૯
૧૬. મહાપ્રભાવક સ્તોત્ર	પાકૃત	ગદ્ય	૩
૧૭. ચક્રેશ્વરી સ્તોત્ર	સંસ્કૃત	શ્લોક	૧૦
૧૮. સર્વ જિન સ્તુતિ	સંસ્કૃત	શ્લોક	૪
૧૯. વીર સ્તુતિ	સંસ્કૃત	શ્લોક	૪
૨૦. યોગિની સ્તોત્ર			

પ્રકીર્ણક રચનાઓ

૨૧. અવસ્થા કુલક

૨૨. વિંશિકા

૨૩. પદ વ્યવસ્થા

૨૪. શાંતિપર્વ વિધિ

૨૫. વાડી કુલક

૨૬. આરાત્રિક વૃત્તાનિ

૨૭. અધ્યાત્મ ગીતાનિ

આચાર્ય જિનદત્તસૂરિની રચનાઓથી જૈનસમાજમાં એક અભિનવ જાગરણની અમીટ લહેર તરંગિત થઈ ગઈ. તેનું દૂરગામી અને ચિરસ્થાયી પરિણામ એ આવ્યું કે શતાબ્દીઓથી ચૈત્યવાસી પરંપરા તરફ વહી રહેલો લોકપ્રવાહ સુવિહિત પરંપરા તરફ વળ્યો.

આ રચનાઓથી જણાય છે કે જિનદત્તસૂરિનો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાઓ પર પૂરો અધિકાર હતો અને એમની શૈલી અને અભિવ્યંજનાશક્તિ અદ્‌ભુત હતી. એમની રચનાઓ તત્કાલીન સાહિત્ય અને ભાષા વિજ્ઞાનના ઈતિહાસની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે.

ચમત્કારિક મહાપુરુષ ખરતરગચ્છના ઉન્નાયક દાદા જિનદત્ત-સૂરિના જીવનનો અધિકાંશ ભાગ ચમત્કારોથી ભરપૂર છે. કર્ણ-વેધ પૂર્વેની બાળવયમાં જ એમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોની દીક્ષા ગ્રહણ કરી. જીવન-પર્યંત આ ઉત્કટ ભાવના સાથે જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં તેઓ અહર્નિશ સંલગ્ન રહ્યા. સંસારના પ્રત્યેક મનુષ્યને જિનશાસન પ્રતિ પ્રગાઢ રુચિ, શ્રદ્ધા ધરાવતા કરવાની તેમની ઉચ્ચ ભાવના હતી. ત્યાગ, તપ, સંયમ અને અખંડ બ્રહ્મચર્યના પ્રતાપે જિનદત્તસૂરિ દુઃસાધ્ય કાર્યો કરી શક્યાં. અદ્‌ભુત ઈચ્છાશક્તિ અને પ્રબળ આત્મશક્તિ પ્રાપ્ત થઈ કે લોકો તેમની સિદ્ધિને ચમત્કારની સંજ્ઞા આપવા લાગ્યા. સુવિહિત પરંપરા પ્રત્યે પ્રગાઢ શત્રુતા રાખનાર ચૈત્યવાસી પરંપરાના મહાપ્રભાવશાળી આચાર્ય પોતાના શિષ્ય પરિવાર સહિત જિનદત્તસૂરિની સેવામાં ઉપસ્થિત થયા અને ભવોભવ જિનદત્તસૂરિ જ ગુરુ તરીકે મળે એવી ભાવના વ્યક્ત કરી શિષ્યત્વ સ્વીકાર્યું. આ કોઈ મંત્રનો ચમત્કાર નહિ પણ જિનદત્તસૂરિની જિનશાસન પ્રત્યે ઉત્કટ ભાવનાનો ચમત્કાર હતો. જિનદત્તસૂરિનાં મહાન કાર્યોએ એમની કીર્તિને અમર બનાવી. આજે દેશના વિભિન્ન પ્રાંતોનાં અનેક નગરમાં દાદાવાડીઓ, મંદિરોમાં એમની મૂર્તિઓ અને ચરણપાદુકાઓ પ્રત્યેક શ્રદ્ધાળુને પ્રેરણા આપે છે કે તમે પણ ત્યાગ-તપ અને શુદ્ધ ભાવનાથી સેવા કરીને પૂજનીય બની શકો છો.

ગચ્છ વ્યામોહજન્ય વિદ્વેષનું તાંડવ

ચૈત્યવાસીઓ દ્વારા વિકૃત કરવામાં આવેલ, આમૂલ પરિવર્તિત કરવામાં આવેલ જૈન ધર્મના મૂળ વિશુદ્ધ આગમિક સ્વરૂપની પુનઃ પ્રતિષ્ઠાપનાની દિશામાં વર્ધમાનસૂરિની પરંપરાના જિનેશ્વરસૂરિ, જિનચંદ્રસૂરિ, અભયદેવસૂરિ અને જિનદત્તસૂરિ આદિ આચાર્યોએ જે ભગીરથ પ્રયાસ કર્યો, એ જૈન ઇતિહાસમાં સદા-સર્વદા માટે ખૂબ સન્માન સાથે યાદ કરાશે. આજે ભારત દેશનાં વિભિન્ન પ્રદેશો, ક્ષેત્રો, નગરો કે ગામડાંઓમાં શાસ્ત્ર-સંમત શ્રમણાચારનું પાલન કરીને જૈન ધર્મના આગમપ્રણીત સ્વરૂપનું પ્રચાર-પ્રસાર કરનાર જે સાધુ-સાધ્વીઓ વિચરણ કરી રહ્યાં છે, એ ઉપરોક્ત આચાર્યો દ્વારા જૈનશાસન સમાજ પર કરવામાં આવેલા અસીમ ઉપકારોનું જ પ્રતિફળ છે.

આવી વસ્તુસ્થિતિ હોવા છતાં સાંપ્રદાયિક વિદ્વેષથી વશીભૂત અમુક મધ્યયુગીન વિદ્વાન શ્રમણોએ પોતાના ગચ્છને જ સત્ય અને અન્ય ગચ્છોને, એમની રીતિ-નીતિઓને અસત્ય સિદ્ધ કરવાના પ્રયાસમાં પરસ્પર, એકબીજાના ગચ્છ પર, તેમના આચાર્યો પર કીચડ ઉછાળવાની શરૂઆત કરી દીધી.

તપાગચ્છના સત્તાવનમા પટ્ટધર વિજયદાનસૂરિના શિષ્ય ઉપાધ્યાય ધર્મસાગરે પોતાના ગ્રંથ 'પ્રવચન પરીક્ષા ભાગ-૧'માં દાદા જિનદત્તસૂરિની અસન્માનજનક ભાષામાં કટુ આલોચના કરી. તેમણે પોતાના અન્ય ગ્રંથ 'કુપક્ષ કૌશિક સહસ્ત્ર કિરણ'માં ૧. દિગંબર, ૨. પૌર્ણિમીયક, ૩. ઔષ્ટ્રિક (ખરતરગચ્છ) ૪. પાશચંદ્રગચ્છ, ૫. સ્તનિક (અંચલગચ્છ) ૬. સાર્ધ પૌર્ણિમીયક, ૭. આગમિક, ૮. કટુક, ૯. લુમ્પાક (લોકાગચ્છ) ૧૦. બીજામતી - આ દસે દસ ગચ્છની કટુતાપૂર્વક અશોભનીય ભાષામાં આલોચના કરી. આ ગ્રંથમાં એકમાત્ર પોતાના ગચ્છને જ સર્વશ્રેષ્ઠ સિદ્ધ કરવાના પ્રયાસની સાથે ઉપરોક્ત દસે દસ ગચ્છ-સમુદાયોને ઉત્સૂત્ર પ્રરૂપક અને તીર્થ બાહ્ય બતાવવામાં આવ્યા છે. આ ગ્રંથની રચનાથી સંપૂર્ણ જૈનસંઘમાં વિક્રમની સત્તરમી શતાબ્દીના બીજા દાયકામાં ભીષણ વિદ્વેષ ફેલાઈ ગયો: એ વિદ્વેષપૂર્ણ

વાતાવરણને શાંત કરવા માટે ધર્મસાગરના ગુરુ આચાર્ય વિજયદાનસૂરિએ એ ગ્રંથને જળમાં વહાવી દીધો. આ રચના માટે ધર્મસાગરે ચતુર્વિધ-સંઘની ક્ષમાયાચના કરવી પડી. વિજયદાનસૂરિના સ્વર્ગવાસના ૭ વર્ષ બાદ વિ. સં. ૧૬૨૯માં ધર્મસાગરના આ ગ્રંથને વિજયદાનસૂરિના પટ્ટધર આચાર્ય હીરવિજયસૂરિએ પુનઃ પ્રગટ કરાવી પોતાના તરફથી ગ્રંથનું ઉપનામ 'પ્રવચન પરીક્ષા' રાખ્યું.'

દાદાગુરુ જિનદત્તસૂરિએ પોતાના આચાર્યકાળમાં જિનશાસનની કેટલી મહાન પ્રભાવના કરી હશે એનો અંદાજ એ તથ્યથી સહજ રીતે આવે છે કે ભારતના દૂર-સુદૂર પ્રદેશોમાં એમનાં પગલાંથી અંકિત મંદિરોમાં સુશોભિત દાદાવાડીઓ આજે પણ હજારોની સંખ્યામાં વિદ્યમાન છે. વિરોધીઓના અપપ્રચારની લેશમાત્ર અસર એમની લોકપ્રિયતા કે લોકપૂજ્યતા પર પડી નહિ. આવા મહાન પ્રભાવક આચાર્યનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે :

પિતાનું નામ	:	વાચ્છિગ (હુમ્મડ કુળ)
માતાનું નામ	:	બાહડદેવી
જન્મસ્થાન	:	ધવલકપુર (ધોળકા)
જન્મ	:	વિ. સં. ૧૧૩૨
દીક્ષા	:	વિ. સં. ૧૧૪૧
દીક્ષાનામ	:	મુનિ સોમચંદ્ર
આચાર્યપદ	:	વિ. સં. ૧૧૬૯ વૈ. સુ. ૧. શનિવાર
દીક્ષાદાતા	:	ધર્મદેવ ઉપાધ્યાય
અભિભાવક	:	સર્વદેવગણિ
શિક્ષાદાતા	:	ભાવડાચાર્ય
વાચનાચાર્ય	:	હરિસિંહાચાર્ય
પૂર્વ પટ્ટધર	:	જિનવલ્લભસૂરિ

પ્રભાવક આચાર્યો

(વાદિદેવસૂરિ, વૃત્તિકાર મલયગિરિ, મલધારી અભયદેવ, મલધારી હેમચંદ્ર અને ચંદ્રપ્રભસૂરિ)

આચાર્ય વાદિદેવસૂરિ

જન્મ નામ	:	પૂર્ણચંદ્ર
પિતાનું નામ	:	નાગ (પ્રાગ્વાટવંશીય)
માતાનું નામ	:	જિનદેવી
જન્મસ્થાન	:	મદાહત
જન્મ	:	વિ. સં. ૧૧૪૩
દીક્ષા	:	વિ. સં. ૧૧૫૨
દીક્ષાનું નામ	:	રામચંદ્ર
દીક્ષાદાતા	:	આચાર્ય મુનિ ચંદ્રસૂરિ
આચાર્યપદ	:	વિ. સં. ૧૧૭૪
આચાર્યપદ નામ	:	દેવસૂરિ
સ્વર્ગારોહણ	:	વિ. સં. ૧૨૨૬ શ્રાવણ વદ ૭ ગુરુવાર
ગૃહવાસ	:	૯ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૨૨ વર્ષ
આચાર્યપર્યાય	:	૫૨ વર્ષ
પૂર્ણ આયુ	:	૮૩ વર્ષ

વિક્રમની બારમી-તેરમી શતાબ્દીમાં વાદિદેવસૂરિ અને કલિકાલ-સર્વજ્ઞના બિરુદથી વિભૂષિત હેમચંદ્રાચાર્ય નામના બે મહાન ગ્રંથકાર, સમર્થ વિદ્વાન અને જિનશાસનના પ્રભાવક આચાર્ય થયા. વાદિદેવ-સૂરિનો જન્મ આચાર્ય હેમચંદ્રથી ૨ વર્ષ પૂર્વ, દીક્ષા ૨ વર્ષ પછી, આચાર્યપદ ૮ વર્ષ પછી અને સ્વર્ગારોહણ ૩ વર્ષ પૂર્વ થયું હતું. આ

રીતે આ બંને આચાર્યો એકબીજાના સમકાલીન હોવાની સાથે પૂર્ણ પરિચિત અને પરસ્પર સહયોગી પણ હતા. વાદિદેવસૂરિએ પોતાના સમયના ઉચ્ચકોટિના વાદવિદ્યા નિષ્ણાત દિગંબર આચાર્ય કુમુદચંદ્રને અણહિલપુર-પાટણના પ્રતાપી રાજા જયસિંહની રાજસભામાં શાસ્ત્રાર્થમાં પરાજિત કરી ભારતવર્ષમાં શ્વેતાંબર પરંપરાની પ્રતિષ્ઠાને ઊંચા આસને પ્રતિષ્ઠિત કરી.

આચાર્ય હેમચંદ્રએ સિદ્ધરાજ જયસિંહના હૃદય પર પોતાના ત્યાગ, વિરાગ અને પાંડિત્યની અમીટ છાપ અંકિત કરી. સિદ્ધરાજ પછી મહારાજા કુમારપાળને તેમણે પ્રતિબોધ આપી જિનશાસનના અગ્રણી ઉપાસક બનાવ્યા, તથા ઉચ્ચકોટિના વિપુલ સાહિત્યનું નિર્માણ કરી જિનશાસનની ગૌરવ-ગરિમામાં અભિવૃદ્ધિ કરી.

એ વખતે ગુજરાત પ્રદેશના મદાહત નામના નગરમાં વીર નાગ નામનો એક પ્રાગ્વાટવંશીય વેપારી રહેતો હતો. તેની પત્નીનું નામ જિનદેવી હતું. પતિ-પરાયણા જિનદેવીએ રાત્રે એક સ્વપ્ન જોયું કે પૂર્ણચંદ્ર તેના મુખમાં પ્રવેશી રહ્યો છે. સ્વપ્નનું ફળ પૂછતાં મુનિચંદ્ર-સૂરિએ જિનદેવીને જણાવ્યું કે - "તમને પુત્રરત્નની પ્રાપ્તિ થશે અને તમારો એ પુત્ર આગળ જતા જન-જનને આનંદિત કરનારો થશે."

યોગ્ય સમય પૂરો થતાં વિ. સં. ૧૧૪૩માં જિનદેવીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. ચંદ્રનાં સ્વપ્નદર્શનને ધ્યાનમાં રાખી તેનું નામ પૂર્ણચંદ્ર રાખ્યું. પૂર્ણચંદ્રનાં શૈશવકાળમાં જ મદાહત નગરમાં મહા-મારીનો પ્રકોપ થયો, પરિણામે વીર નાગ અને જિનદેવી પોતાના પુત્રને લઈ લાટપ્રદેશના ભૃગુકચ્છપુર (ભરૂચ) નગરમાં આવીને વસ્યાં.

સંકટના એ દિવસોમાં આઠવર્ષીય બાળક પૂર્ણચંદ્રએ જીવિકોપાર્જનમાં પિતાને ઉપયોગી થવાનો નિશ્ચય કર્યો. અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ વ્યંજનો બનાવી શ્રીમંતોના ઘરે વેચવા જવા લાગ્યો. પુણ્યવાન બાળક પૂર્ણચંદ્રને પોતાના નાનકડા વ્યવસાયથી પર્યાપ્ત આવક થવા લાગી.

મુનિચંદ્રસૂરિએ મનોમન વિચાર કર્યો - 'આ બાળક કોઈ ભાવિ મહાન પુરુષોત્તમ છે.' થોડા સમય સુધી એના વિશે મનોમન ચિંતન કર્યા પછી મુનિચંદ્રસૂરિએ વીર નાગ પાસે તેના હોનહાર બાળક

પૂર્ણચંદ્રની યાચના કરી. વીર નાગે અતિ વિનમ્ર સ્વરે ગુરુદેવ સમક્ષ પોતાના મનોભાવ પ્રગટ કરતાં કહ્યું : "ભગવાન ! અમે તો વંશ પરંપરાથી જ આપના ઉપાસક છીએ, પરંતુ આ અમારો એક માત્ર પુત્ર છે અને અમારા જીવનનો એકમાત્ર સહારો છે. તેમ છતાં અગર આપશ્રી એને આપની શરણમાં લેવા ઇચ્છો છો તો હું આપની આજ્ઞાને શિરોધાર્ય કરું છું. આપ તેને લઈ જાવ."

વીર નાગની આ પ્રકારની અપૂર્વ ત્યાગપૂર્ણ ઉદારતાથી દ્રવિત થઈને મુનિચંદ્રસૂરિએ કહ્યું : "શ્રાવકોત્તમ ! મારા જે પાંચસો શિષ્યો છે, તે સર્વ આજથી આપના પુત્ર છે. એ સાથે જ મારા સર્વ ઉપાસકો, સધર્મી બંધુઓ છે, તે સર્વ જીવનપર્યંત તમારી સેવા-શુશ્રૂષા કરશે. હવે તમે બધા પ્રકારની ચિંતા છોડી પરલોકનું પાથેય એકમાત્ર ધર્મારાધનાનું અવલંબન રાખો."

આ રીતે આચાર્ય મુનિચંદ્રએ પૂર્ણચંદ્રની માતા જિનદેવીને પણ સહમત કરી લીધાં અને વિ. સ. ૧૧૫૨માં તેમણે પૂર્ણચંદ્રને દીક્ષા આપી પોતાનો શિષ્ય બનાવી લીધો. દીક્ષા પ્રદાન કરતી વખતે આચાર્યશ્રીએ પૂર્ણચંદ્રનું નામ રામચંદ્ર રાખ્યું.

દીક્ષિત થયા બાદ મુનિ રામચંદ્રએ તર્કશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર, વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, દર્શન અને આગમ શાસ્ત્રોમાં ક્રમશઃ પ્રવીણતા પ્રાપ્ત કરી. જૈનદર્શન સિવાય બૌદ્ધ, વૈશેષિક, સાંખ્ય આદિ સર્વ દર્શનોનું પણ ગહન અધ્યયન કરી રામચંદ્ર પોતાના સમયમાં પ્રતિભાસંપન્ન વિદ્યાપુરુષ તરીકે ઓળખ પામ્યા. મહાવાદી મુનિ રામચંદ્રએ ધોળકા નગરમાં ધન્ધ નામના શિવાદ્વૈતવાદીને, સત્યપુરમાં કાશ્મીરી મહાવાદી સાગરને, નાગપુરમાં દિગંબરવાદી ગુણચંદ્રને, ચિત્રકૂટમાં શિવભૂતિ નામના ભાગવત મતાવલંબીને, ગોપગિરિમાં ગંગાધર નામના વાદીને, ધારાનગરીમાં ધરણીધર નામના વાદીને, પુષ્કરિણીમાં બ્રાહ્મણ વિદ્વાન પદ્માકારને અને ભૃગુકચ્છમાં કૃષ્ણ નામના બ્રાહ્મણને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી વાદજયી રૂપે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી. વિમલચંદ્ર, હરિચંદ્ર, સોમચંદ્ર, પાર્શ્વચંદ્ર, પ્રજ્ઞાધની શાંતિ અને અશોકચંદ્ર આદિ અનેક સમર્થ વિદ્વાન મુનિ રામચંદ્રના અભિન્ન મિત્ર થઈ ગયા. આ રીતે મુનિ રામચંદ્રની યશોપતાકા દિગ્‌દિગંતમાં લહેરાવા લાગી.

આચાર્ય મુનિચંદ્રસૂરિએ મુનિ રામચંદ્રની પ્રતિભા જોઈ વિ. સં. ૧૧૭૪માં આચાર્યપદ પ્રદાન કર્યું, અને તેમનું નામ દેવસૂરિ રાખ્યું. આચાર્યપદ-પ્રદાનના પ્રસંગે શ્રીમુનિચંદ્રસૂરિએ તેમના પિતા વીર નાગને પંચમહાવ્રત ધારણ કરાવી ભાગવતી દીક્ષા પ્રદાન કરી અને અગાઉ દીક્ષિત થયેલાં માતેશ્વરી સાધ્વી જિનદેવીને મહત્તરાપદ પ્રદાન કરી તેમનું નામ ચંદનબાળા રાખ્યું.

આચાર્યપદ પર અભિષિક્ત કર્યા બાદ ગુરુઆજ્ઞા મુજબ દેવસૂરિએ ધોળકા આદિ અનેક ક્ષેત્રોમાં વિચરણ કરી જૈન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી અને પોતાના ઉપદેશોથી જિનશાસનનો ઉલ્લેખનીય પ્રસાર-પ્રચાર કર્યો. તપશ્ચરણની સાથે સાથે અહર્નિશ આત્મચિંતનમાં લીન રહેવાના પરિણામે આચાર્ય દેવસૂરિને અનેક પ્રકારની લબ્ધિ-સિદ્ધિ અનાયાસ જ ઉપલબ્ધ થઈ.

આચાર્ય દેવસૂરિએ થોડા સમય સુધી આબુ પર્વત પર રહીને સપાદલક્ષ (સાંભર) તરફ વિહાર કરવાનો વિચાર કર્યો, પરંતુ એમને અદૃષ્ટ શક્તિથી પ્રેરણા મળી કે તેઓ સાંભર તરફનો વિહાર ન કરે અને યથાશક્ય શીઘ્રતાથી અણહિલપુર-પાટણ પહોંચી જાય, કારણ કે એમના ગુરુ શ્રી મુનિચંદ્રસૂરિનું આયુષ્ય કેવળ ૬ માસ જ બાકી રહી ગયું છે. આ પ્રકારના ભાવિનો બોધ થતા જ દેવસૂરિએ આબુથી અણહિલપુર-પાટણ તરફ વિહાર કર્યો ને પાટણ પહોંચી ગુરુની સેવામાં લાગી ગયા.

દેવસૂરિ લગભગ ૫ માસ સુધી પોતાના ગુરુની સેવામાં રહ્યા અને તેમણે શ્રદ્ધા-ભક્તિપૂર્વક સેવા કરી. શ્રી મુનિચંદ્રસૂરિએ અંતિમ સમય નજીક સમજીને સંલેખના સંથારો કરી વિ. સં. ૧૧૭૮માં સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.

ગુરુના સ્વર્ગારોહણ બાદ આચાર્ય દેવસૂરિને લગભગ ૬ માસ સુધી પાટણમાં જ રોકાવુ પડ્યું. એમની પ્રેરણાથી ધર્મનિષ્ઠ શ્રેષ્ઠી થાહડ દ્વારા પ્રારંભ થયેલ ભગવાન મહાવીરના મંદિરનું કાર્ય નિર્માણાધીન હતું. નિર્માણકાર્ય પૂરું થતાં જ શ્રેષ્ઠીવર્ય થાહડે એ મંદિરની પ્રતિષ્ઠા દેવસૂરિના કરકમળ દ્વારા કરાવી. આમ બધું મળીને ૧ વર્ષ સુધી પાટણમાં રહીને દેવસૂરિએ નાગપુર તરફ વિહાર કર્યો.

નાગપુરમાં પહોંચતાં જ ત્યાંના મહારાજા આહ્લાદન દેવસૂરિ સમક્ષ ઉપસ્થિત થઈ તેમનું સ્વાગત કરી વંદન-નમન કરી એમને ઘણા ઠાઠ-માઠથી નગરપ્રવેશ કરાવ્યો. તત્ત્વદર્શી દેવસૂરિએ ભવ્ય-જનોને ઉપદેશ આપી સ્વ-પરના કલ્યાણ કરવાવાળા ધર્મનાં માર્ગે તેમને આરૂઢ કરી ઉત્તરોત્તર આગળ વધવા પ્રેરણા કરી.

જે વખતે દેવસૂરિ નાગપુરમાં બિરાજમાન હતા, એ વખતે પાટણા-ધીશ સિદ્ધરાજ જયસિંહે પોતાની વિશાળ ચતુરંગિણી સેના લઈને નગરને ચોતરફથી ઘેરી લીધું, પરંતુ જેવી સિદ્ધરાજ જયસિંહને જાણ થઈ કે આચાર્ય દેવસૂરિ નાગપુરમાં બિરાજમાન છે, એટલે તરત નગર ફરતો ઘેરો હટાવી લઈ પોતાના વિશાળ લશ્કર સાથે પાટણ પરત ફર્યા. વિશ્વાસુ નગરજનોને દેવસૂરિની સેવામાં મોકલી, ભક્તિપૂર્વક પ્રાર્થના કરી પુનઃ અણહિલપુર-પાટણમાં બોલાવી લીધા અને ચાતુર્માસ પણ કરાવ્યું. જે વખતે દેવસૂરિ પાટણમાં બિરાજમાન હતા, એ વખતે આસો મહિનામાં સિદ્ધરાજ જયસિંહે પોતાની સેના સાથે નાગપુર પર આક્રમણ કર્યું, અને બહુ ઓછા સમયમાં કિલ્લા પર કબજો જમાવ્યો.

આ ઘટનાથી સહજ એવું અનુમાન લગાવી શકાય કે જૈનાચાર્ય દેવસૂરિ પ્રતિ ચાલુક્યરાજ સિદ્ધરાજ જયસિંહના હૃદયમાં કેટલી પ્રગાઢ શ્રદ્ધા-ભક્તિ હતી. એક મહત્ત્વપૂર્ણ સૈનિક અભિયાનમાં વિપુલ ધનરાશિ અને સમય વ્યય કરી નાગપુરને ઘેરો ઘાલ્યા પછી જ્યારે સિદ્ધરાજ જયસિંહને જાણ થઈ કે દેવસૂરિ નાગપુરમાં બિરાજમાન છે તો તત્કાળ ઘેરો હટાવી પાટણ પરત ફર્યા. જ્યાં સુધી દેવસૂરિ નાગપુરમાં રહ્યા ત્યાં સુધી એમણે નાગપુરમાં આક્રમણ ન કર્યું. અંતે એમને પાટણમાં ચાતુર્માસ કરાવ્યા બાદ જ નાગપુર પર આક્રમણ અને અધિકાર જમાવ્યો.

આચાર્યશ્રીનું અણહિલપુર-પાટણનું ચાતુર્માસ પૂર્ણ થયા બાદ કર્ણાવતી નગરના સંઘે વિનંતી કરી. વિનંતી અનુસાર અણહિલપુર-પાટણથી વિહાર કરી તેઓ કર્ણાવતી પધાર્યા અને ત્યાં ચાતુર્માસ અર્થે ઉપાશ્રયમાં બિરાજમાન થયા.

આચાર્ય દેવસૂરિના કર્ણાવતી ચાતુર્માસના સમયે પાટણપતિ સિદ્ધરાજ જયસિંહના નાના કર્ણાટકાધીશ જયકેશિદેવના ધર્મગુરુ દિગંબરાચાર્ય

કુમુદચંદ્ર પણ કર્ણાવતીમાં ભગવાન વાસુપૂજ્યના મંદિરમાં બિરાજમાન હતા. કર્ણાવતીના સુદૂરસ્થ પ્રદેશોના વિશાળ જનસમૂહને માત્ર દેવસૂરિનાં દર્શન-પ્રવચન-શ્રવણ માટે છલકાતો જોઈ મહાવાદી દિગંબરાચાર્યની મનોભૂમિમાં દેવસૂરિ પ્રત્યે ઈર્ષાનાં બીજ અંકુરિત થઈ ઊઠ્યાં. 'પ્રભાવક ચરિત્ર' અનુસાર દિગંબર મહાવાદી કુમુદચંદ્રએ પોતાના ઉપાસકો અને કવિઓના માધ્યમથી આચાર્ય દેવસૂરિને ઉત્તેજિત કરવાનો પ્રયાસ કર્યો. વંદીગણ (કવિગણ) વ્યાખ્યાન સ્થળે જઈને સંપૂર્ણ શ્વેતાંબર સમુદાયને અને વિશેષતઃ દેવસૂરિને લોકોની દૃષ્ટિમાં ઉપહાસાસ્પદ અને તિરસ્કૃત કરવાના અભિપ્રાયથી અનેક પ્રકારનાં ગદ્યગીત સંભળાવતાં હતાં.

એક દિવસ દેવસૂરિના શ્રમણીસંઘની એક વૃદ્ધા સાધ્વી ગોચરી માટે પોતાના ચૈત્ય આગળથી જતી જોઈને કુમુદચંદ્રના ઉપાસકોએ એમને ઉપસર્ગ પહોંચાડવાની શરૂઆત કરી. કુમુદચંદ્રના ઈશારે ઉપાસકોએ વૃદ્ધા સાધ્વીને ઉપાડીને એક કુંડમાં ફેંકી દીધાં. એમને નૃત્ય કરવાની ફરજ પાડી. જે રીતે મોતીને યુક્તિપૂર્વક વીંધવામાં આવે છે, એ રીતે જ કુમુદચંદ્રનો પરાભવ યુક્તિપૂર્વક કરવા માટે દેવસૂરિએ અણહિલપુર-પાટણમાં સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં આચાર્ય કુમુદચંદ્રની સાથે શાસ્ત્રાર્થનું આયોજન કર્યું.

રાજસભામાં શાસ્ત્રાર્થ માટે યોગ્ય વ્યવસ્થા થઈ ગયા બાદ બંને આચાર્યને મહારાજ સિદ્ધરાજ જયસિંહે રાજસભામાં બોલાવ્યા. બંને વાદી-પ્રતિવાદી ચાલુક્યરાજ સિદ્ધરાજની રાજસભામાં ઉપસ્થિત થયા. મહારાજાએ ઘોષણા કરી કે - 'બંને પક્ષમાંથી જે પક્ષ શાસ્ત્રાર્થમાં પરાજિત થશે એ પક્ષને સદાયને માટે વિશાળ ગુર્જર રાજ્યની સીમાઓથી બહાર જવું પડશે અને જે પક્ષનો વિજય થશે એ જ ગુર્જર રાજ્યની સીમાઓમાં રહી શકશે.' આ પ્રણની સાથે બંને પક્ષોની વચ્ચે વિક્રમ સં. ૧૧૮૧ ની વૈશાખ સુદ પૂર્ણિમાના દિવસે પાટણમાં સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં શાસ્ત્રાર્થની શરૂઆત થઈ. સ્ત્રીમુક્તિની બાબતમાં બંને મહાન તાર્કિકોમાં પરસ્પર વાદ-વિવાદ થયો. દિગંબરાચાર્ય કુમુદચંદ્રએ

પોતાનો પક્ષ રજૂ કરતાં કહ્યું : "કોઈ પણ પ્રાણીની સ્ત્રીભવમાં મુક્તિ થતી નથી. સ્ત્રી વસ્તુતઃ નિર્બળ હોય છે. સંસારમાં જેટલાં પણ સામાન્ય સત્ત્વવાળાં પ્રાણી છે, એમની મુક્તિ થતી નથી. એનું સાક્ષાત્ ઉદાહરણ છે બાળક, નિઃસત્ત્વ યુવા પુરુષ અને અબળા-નારી. આ બધાં તથ્યોના આધારે હું મારો મત સ્પષ્ટ કરું છું કે - 'અબળા હોવાના કારણે સ્ત્રીની એ જ ભવમાં મુક્તિ કદાપિ સંભવ નથી.'"

સ્ત્રીઓ તુચ્છ સત્ત્વા હોવાના અભિપ્રાય સાથે કુમુદચંદ્રએ પોતાનો ઉપરોક્ત વિચાર રજૂ કર્યો, જેના પ્રત્યુત્તર તરીકે શ્વેતાંબરાચાર્ય દેવસૂરિએ પોતાનો વિપરીત પક્ષ રજૂ કર્યો : "પૌરુષસભર પુરુષોની જેમ જ સ્ત્રી પણ મહાસત્ત્વા હોય છે. મહાસત્ત્વા હોવાના કારણે સ્ત્રી પણ મુક્તિની અધિકારી છે. એનું પ્રમાણ શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે કે - 'ભગવાન ઋષભદેવની માતા મરુદેવીએ પોતાના સ્ત્રીભવમાં જ મુક્તિ પ્રાપ્ત કરી. વર્તમાન અવસર્પિણીકાળમાં સર્વપ્રથમ મુક્તિ મેળવનારી સ્ત્રી માતા મરુદેવી જ છે; જે સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોમાં સ્પષ્ટ રૂપે લખવામાં આવ્યું છે. આમ, દિગંબરાચાર્ય દ્વારા રજૂ કરવામાં આવેલો તર્ક નિતાંત નિરાધાર અને તથ્યહીન છે. પ્રત્યક્ષ જોવા મળે છે કે સ્ત્રીઓ મહાસત્ત્વશાલિની હોય છે. એનું સાક્ષાત્ પ્રમાણ છે વિશાળ ગુર્જર રાજ્યની રાજમાતા મહાદેવી મયણલ્લમા. મહાસતી સીતા, માતા કુંતી, સુભદ્રા આદિ મહાસત્ત્વશાલિની નારીરત્નોના અતુલ સાહસ અને અનુપમ શૌર્યનાં આખ્યાન માત્ર આપણાં ધર્મશાસ્ત્રોમાં જ નથી, પણ અન્ય ધર્મોના પ્રામાણિક આર્ષ ગ્રંથોમાં પણ છે. શું આ ન્યાયવાદિની રાજસભામાં કોઈ એક પણ વ્યક્તિ એવી છે કે જે સીતા, કુંતી આદિ મહાસતીઓ અને રાજમાતા મયણલ્લમાને તુચ્છસત્ત્વાસિદ્ધ કરવાની ધૃષ્ટતા કરવાનું સાહસ કરે ? હું સમજુ છું કે મારા માનનીય મિત્ર શ્રી કુમુદચંદ્ર પણ આવું દુઃસાહસ નહિ કરી શકે. એ સિવાય એમ જોવા મળે છે કે અનેક સ્ત્રીઓ તો પુરુષોની સરખામણીએ મહાસત્ત્વ-શાલિની હોય છે. મહાસત્ત્વશાલિની હોવાના કારણે જ અનેક સ્ત્રીઓ ભૂતકાળમાં મુક્તિ પ્રાપ્ત કરી ચૂકી છે. વર્તમાનમાં પણ પંચ મહાવિદેહ ક્ષેત્રોમાં મુક્ત થાય છે, અને અનંત ભવિષ્યકાળમાં પણ અનેક સ્ત્રીઓ

સ્ત્રીભવમાં જ મોક્ષ મેળવશે. મારી આ વાત માત્ર યુક્તિપૂર્વકની નથી પણ સમ્યક્ રીતે શાસ્ત્રસંમત અને પરિપુષ્ટ છે.'''

દિગંબરાચાર્ય કુમુદચંદ્ર પોતાના પ્રતિપક્ષી દેવસૂરિ દ્વારા રજૂ થયેલ વિચારને મિથ્યા સિદ્ધ કરવાની કોઈ સબળ યુક્તિ ન સૂઝતા તેમણે રાજસભા સમક્ષ પ્રશ્ન કર્યો : "શું કહ્યું, શું કહ્યું ?"

મહાવાદી દેવસૂરિએ બીજી વખત ફરીને પોતાની વાત એ રીતે જ રજૂ કરી. તે છતાં દિગંબરાચાર્યએ ફરી પ્રશ્ન કર્યો : "શું કહ્યું ? શું કહ્યું ?"

આ વખતે દેવસૂરિએ સિંહગર્જનાની જેમ ઊંચા અવાજે પોતાના પક્ષને ત્રીજી વખત રાજસભા સમક્ષ રજૂ કર્યો.

ત્રીજી વખત દેવસૂરિ દ્વારા રજૂઆત થવા છતાં એનો યોગ્ય પ્રત્યુત્તર મસ્તિષ્કમાં ન આવતા કિંકર્તવ્યમૂઢની જેમ કુમુદચંદ્રએ કહ્યું : "મારા પ્રતિવાદીના કથનને લિખિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવે."

આ વાત પર પ્રમુખ નિર્ણાયકે મહારાજા સિદ્ધરાજને અભિવાદન કરીને સભાસદોને સંબોધિત કરતાં નિર્ણાયક સ્વરે કહ્યું : "દિગંબરાચાર્ય કુમુદચંદ્રની વાણી મુદ્રિત અર્થાત્ ગૂંગી થઈ ગયેલી જણાય છે. શ્વેતાંબરાચાર્ય દેવસૂરિએ દિગંબરાચાર્ય કુમુદચંદ્ર પર શાસ્ત્રાર્થમાં વિજય પ્રાપ્ત કરી લીધો છે."

મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહે પ્રમુખ નિર્ણાયકના કથનનું અનુમોદન કરતાં તત્કાળ દેવસૂરિને વિજયી ઘોષિત કર્યા અને જયપત્ર લખવાનો આદેશ આપ્યો. ચાલુક્યરાજના આદેશનું તત્કાળ પાલન કરવામાં આવ્યું અને સિદ્ધરાજ જયસિંહે સ્વયં પોતાના હાથે એ જયપત્ર દેવસૂરિને અર્પણ કર્યો. બંને મહાન આચાર્યોની વચ્ચે થયેલા એ શાસ્ત્રાર્થ વખતે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પણ ઉપસ્થિત હતા.

દેવસૂરિની અદ્‌ભુત વાદશક્તિ, એમના તર્કકૌશલ અને પ્રકાંડ પાંડિત્ય પર અપાર હર્ષ પ્રગટ કરતાં સિદ્ધરાજ જયસિંહે એક લાખ સુવર્ણ મુદ્રાઓ દેવસૂરિને ભેટ આપવાની ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ દેવસૂરિએ તેનો અસ્વીકાર કરતાં કહ્યું : "રાજન્ ! અમો નિઃસ્પૃહ સાધુઓ માટે દ્રવ્યનો સ્પર્શ કરવાનો પણ નિષેધ છે. "

દેવસૂરિ દ્વારા સુવર્ણમુદ્રાઓનો અસ્વીકાર કર્યા બાદ પોતાના મંત્રીઓના પરામર્શથી સિદ્ધરાજ જયસિંહે ભગવાન ઋષભદેવનું એક વિશાળ મંદિર એ ધનરાશિથી બનાવ્યું. વિ. સં. ૧૧૮૩માં દેવસૂરિએ અન્ય ત્રણ આચાર્યોની સાથે એ મંદિરમાં ભગવાન આદિનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

આચાર્યશ્રી દેવસૂરિએ 'પ્રમાણ નયતત્વાલોક કી રત્નાકરાવતારિકા' નામની ટીકાના ગ્રંથની રચના કરી જિનશાસનના ન્યાયશાસ્ત્રના ભંડારની શ્રીવૃદ્ધિ કરી. આ પ્રકારે પોતાના પાંડિત્ય, તર્કબળ અને આત્મબળથી એમણે જિનશાસનની મહત્તમ પ્રભાવના કરી. વિ. સં. ૧૨૨૬માં શ્રાવણ વદ સાતમ ગુરુવારે એમણે ભદ્રેશ્વરસૂરિને પોતાના ઉત્તરાધિકારી આચાર્ય તરીકે નિયુક્ત કર્યા. ત્યાર બાદ સંથારો ધારણ કરી સમાધિમરણનું વરણ કરી સ્વર્ગારોહણ કર્યું. ૮૩ વર્ષની પોતાની પૂર્ણ આયુમાં ૯ વર્ષ ગૃહવાસ, ૨૨ વર્ષ સુધી સાધારણ શ્રમણપર્યાય અને ૫૨ વર્ષ સુધી આચાર્યપદ પર રહ્યા.

દેવસૂરિને જૈન સાહિત્યમાં સર્વત્ર 'વાદી' બિરુદથી વિભૂષિત કરવામાં આવ્યા છે. 'પ્રભાવક ચરિત્ર'ના બે શ્લોકોથી સ્પષ્ટતઃ પ્રગટ થાય છે કે મહારાજ સિદ્ધરાજ જયસિંહની સભામાં દેવસૂરિથી પરાજય સ્વીકારતા સ્વયં પ્રતિવાદી દિગંબરાચાર્ય કુમુદચંદ્રએ રાજસભા સમક્ષ દેવસૂરિને મહાન વાદીના બિરુદથી વિભૂષિત કર્યા હતા. ત્યાર બાદ તેઓ વાદિદેવ-સૂરિના નામથી વિખ્યાત થઈ ગયા.

વાદિદેવસૂરિ બડગચ્છ (બૃહદ્‌ગચ્છ)ના મહાન પ્રભાવક આચાર્ય હતા. એમના ગુરુ મુનિચંદ્રસૂરિ મહાન તપસ્વી હતા. 'તપાગચ્છ પટ્ટાવલી'માં મુનિચંદ્રસૂરિને ભગવાન મહાવીરના ચાલીસમા પટ્ટધર બતાવવામાં આવ્યા છે. એ પટ્ટાવલીમાં એમના મોટા ગુરુભાઈ અજિતદેવસૂરિને ભગવાન મહાવીરના એકતાલીસમા પટ્ટધર બતાવાયા છે. જ્યારે બૃહદ્‌-ગચ્છ ગુર્વાવલીમાં આચાર્ય વાદિદેવસૂરિને એકતાલીસમા પટ્ટધર બતાવ્યા છે. મુનિચંદ્રસૂરિના ગુરુભાઈ ચંદ્રપ્રભસૂરિએ વિ. સં. ૧૧૪૯માં ક્રિયોદ્ધાર કર્યો અને તેના ૧૦ વર્ષ બાદ વિ. સં. ૧૧૫૯માં પૌર્ણમીયક-ગચ્છની સ્થાપના કરી.

વૃત્તિકાર આચાર્ય મલયગિરિ

મલયગિરિ વીર નિર્વાણની સત્તરમી (વિક્રમની બારમી) શતાબ્દીના એક મહાન વૃત્તિકાર આચાર્ય થયા. પોતાની લગભગ ૧ લાખ ૯૬ હજાર ૬૦૦ થી પણ અધિક શ્લોક - પ્રમાણની વૃત્તિઓમાં એમણે પોતાનો કોઈ પરિચય આપ્યો નથી. તેઓ કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર-સૂરિના સમકાલીન આચાર્ય હતા. હેમચંદ્રસૂરિના પ્રકાંડ પાંડિત્યનો એમની ઉપર ઊંડો પ્રભાવ હતો અને તેઓ એમનો ગુરુ સમાન આદર કરતા હતા. આચાર્ય મલયગિરિ દ્વારા નિર્મિત આગમ ગ્રંથો પર નિમ્નલિખિત ૨૦ વૃત્તિઓ વર્તમાનમાં ઉપલબ્ધ છે :

	ગ્રંથનું નામ	શ્લોક-પ્રમાણ
૧.	ભગવતી સૂત્ર દ્વિતીય શતક વૃત્તિ	૩૭૫૦
૨.	રાજપ્રશ્નીયોપાંગ ટીકા	૩૭૦૦
૩.	જીવાજીવાભિગમોપાંગ ટીકા	૧૬૦૦૦
૪.	પ્રજ્ઞાપનોપાંગ ટીકા	૧૬૦૦૦
૫.	ચંદ્રપ્રજ્ઞપ્ત્યુપાંગ ટીકા	૯૫૦૦
૬.	સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગ ટીકા	૯૫૦૦
૭.	નંદીસૂત્ર ટીકા	૭૭૩૨
૮.	વ્યવહારસૂત્ર વૃત્તિ	૩૪૦૦૦
૯.	બૃહત્કલ્પપીઠિકા વૃત્તિ (અપૂર્ણ)	૪૬૦૦
૧૦.	આવશ્યક વૃત્તિ (અપૂર્ણ)	૧૮૦૦૦
૧૧.	પિંડનિર્યુક્તિ ટીકા	૬૭૦૦
૧૨.	જ્યોતિષ્કરણ્ડ ટીકા	૫૦૦૦
૧૩.	ધર્મસંગ્રહણી વૃત્તિ	૧૦૦૦૦
૧૪.	કર્મપ્રકૃતિ વૃત્તિ	૮૦૦૦
૧૫.	પંચસંગ્રહ વૃત્તિ	૧૮૮૫૦

૧૬. ષડશીતિ વૃત્તિ	૨૦૦૦
૧૭. સપ્તતિકા વૃત્તિ	૩૭૮૦
૧૮. બૃહત્સંગ્રહણી વૃત્તિ	૫૦૦૦
૧૯. બૃહત્ક્ષેત્રસમાસ વૃત્તિ	૯૫૦૦
૨૦. મલયગિરિશબ્દાનુ શાસન	૫૦૦૦

આ ઉપલબ્ધ કૃતિઓ સિવાય આચાર્ય મલયગિરિ દ્વારા જે કૃતિઓનો નામોલ્લેખ પોતાની કૃતિઓમાં કર્યો છે, પણ વર્તમાનમાં તે ગ્રંથ અનુપલબ્ધ છે, એનાં નામ આ રીતે છે :

આચાર્ય મલયગિરિની અનુપલબ્ધ કૃતિઓ :

૧. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા

૨. ઓઘનિર્યુક્તિ ટીકા

૩. વિશેષાવશ્યક ટીકા

૪. તત્ત્વાર્થાધિગમ સૂત્ર ટીકા

૫. ધર્મસારપ્રકરણ ટીકા

૬. દેવેન્દ્ર નરેન્દ્ર પ્રકરણ ટીકા

મહામનસ્વી આચાર્ય મલયગિરિએ આગમ સાહિત્ય પર કૃત્તિઓનું નિર્માણ કરી મુમુક્ષુઓના સાધનાપથને પ્રશસ્ત કર્યો. એમની ઉલ્લેખનીય શ્રુતારાધના માટે જૈનજગત એમનું ચિરકાળ સુધી કૃતજ્ઞ રહેશે.

આચાર્ય અભયદેવ મલધારી

મલધારી અભયદેવ વિક્રમની બારમી શતાબ્દીના પૂર્વાર્ધથી લઈને પાશ્ચાદ્ વચ્ચેની એક અવધિના એક મહાન પ્રભાવક આચાર્ય થયા છે. તેઓ કૌટિક ગણના પ્રશ્નવાહન કુળની મધ્યમ શાખાના હર્ષપુરીય નામના ગચ્છના યશસ્વી આચાર્ય હતા. ઉત્તરવર્તી કાળના અમુક ઉલ્લેખો અનુસાર એમનું વિહારક્ષેત્ર અતિ વિશાળ હતું.

તેઓ હર્ષપુરીય ગચ્છના આચાર્ય જયદેવસૂરિના શિષ્ય હતા. એમનો ત્યાગ ઉચ્ચ કોટિનો હતો. એમના પ્રશિષ્ય શ્રીચંદ્રસૂરિ દ્વારા રચિત મુનિસુવ્રત ચરિત્રની પ્રશસ્તિ અનુસાર ગુર્જરેશ્વર સિદ્ધરાજ એમના ત્યાગ-તપથી

અત્યંત પ્રભાવિત હતા. પોતાના સમયના શ્રમણવર્ગમાં વ્યાપ્ત શિથિલાચારના ઉન્મૂલન અને સ્વ-પર કલ્યાણના ઉદ્દેશથી એમણે વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. એમણે પોતાનાં વસ્ત્રો અને શરીરની સફાઈ પર પણ ધ્યાન આપવાનું છોડી દીધું, પરિણામે એમનું શરીર અને વસ્ત્રો પણ મેલથી મલિન થઈ ગયાં. એમની આ પ્રકારની નિઃસ્પૃહતા અને નિર્મમત્વ ભાવનાથી પ્રભાવિત થઈને ગુર્જરાધિપતિ સિદ્ધરાજ જયસિંહે એમને 'મલધારી'ની ઉપાધિથી વિભૂષિત કર્યા. અમુક વિદ્વાનોનો અભિમત છે કે એમને મલધારીની ઉપાધિથી સિદ્ધરાજે નહિ, પરંતુ એમના પૂર્વવર્તી રાજા કર્ણએ આપી હતી. ઇતિહાસવિદોએ પરિપુષ્ટ ઐતિહાસિક આધારો પર ગુર્જરેશ્વર કર્ણનો શાસનકાળ વિ. સં. ૧૧૨૯ થી ૧૧૫૧ સુધીનો ને સિદ્ધરાજનો રાજ્યકાળ વિ.સં. ૧૧૫૧ થી ૧૨૦૦ સુધીનો મનાયો છે. મલધારી આચાર્ય અભયદેવસૂરિનો આચાર્યકાળ વિ. સં. ૧૧૩૫ થી ૧૧૬૦ સુધીનો લગભગ હોવાનું અનુમાન છે. મલધારીની ઉપાધિ મહારાજા કર્ણએ આપી હોય અથવા મહારાજા સિદ્ધરાજે પણ એ નક્કી છે કે એમના સમયના ગુર્જરેશ્વરે એમના અપૂર્વ ત્યાગથી પ્રભાવિત થઈને ભક્તિવશ આ રીતે પદવી પ્રદાન કરી.

'મુનિસુવ્રત ચરિત્ર'ની પ્રશસ્તિ અનુસાર મલધારી અભયદેવસૂરિએ સંલેખનાપૂર્વક ૪૭ દિવસના અનશન કર્યા. એમના અનશનના સમાચાર સાંભળી મહારાજ સિદ્ધરાજ એમનાં દર્શનાર્થે અજમેરમાં ઉપસ્થિત થયા હતા. અનશનપૂર્ણ પૂર્ણ થતા એમની અંતિમયાત્રામાં અજમેર નગરનાં આબાલવૃદ્ધ સહુ ઊમટી પડ્યાં હતાં. અગ્નિ સંસ્કાર બાદ એમના ભૌતિક શરીરની અવશિષ્ટ ભસ્મ માટે અજમેર અને આસપાસના વિસ્તારોના નાગરિકો ઊમટી પડ્યા. લોકોના મનમાં એવી શ્રદ્ધા હતી કે આ મહાન ત્યાગી યોગેશ્વરની ભસ્મથી દરેક પ્રકારના રોગ શમી જશે, પરિણામે ભસ્મ ખલાસ થઈ ગયા પછી લોકોએ દાહ સંસ્કાર સ્થળની માટી પણ ખોદી ખોદીને લઈ જવાનું શરૂ કર્યું અને ત્યાં એક ઊંડો ખાડો પડી ગયો.

એમનાં તપ-ત્યાગ અને અંતર્મુખી જીવનનો ગાઢ પ્રભાવ એમના શિષ્યવૃંદ પર અને ઉપાસકો પર પડ્યો. એટલે જ એમના સ્વર્ગવાસ પછી એમના બિરુદવાળી મલધારી પરંપરા શતાબ્દીઓ સુધી લોકપ્રિય રહી.

મલધારી આચાર્ય હેમચંદ્રસૂરિ

મલધારી હેમચંદ્રસૂરિ વિક્રમની બારમી શતાબ્દીના ઉત્તરાર્ધના એક મહાન પ્રભાવક રાજમાન્ય મહાપુરુષ અને ગ્રંથકાર આચાર્ય હતા. તેઓ પ્રશ્નવાહન કુળની મધ્યમ શાખાના હર્ષપુરીય-ગચ્છના આચાર્ય મલધારી અભયદેવસૂરિના પ્રમુખ શિષ્ય અને પટ્ટધર હતા. 'યથા ગુરુસ્તથા શિષ્યઃ' આ ઉક્તિ અનુસાર આચાર્ય હેમચંદ્રસૂરિ પણ પોતાનું શરીર અને વસ્ત્ર-પ્રક્ષાલન બાબતે કાળજી રાખતા ન હતા. આ કારણે જ ગુરુની જેમ જીવનભર મલધારી બિરુદથી જાણીતા હતા.

મલધારી આચાર્ય હેમચંદ્રસૂરિના ત્રણ મુખ્ય શિષ્ય હતા - વિજયસિંહ, શ્રીચંદ્ર અને વિબુધચંદ્ર. એમાંથી શ્રીચંદ્ર એમના પટ્ટધર આચાર્ય હતા. આચાર્ય શ્રીચંદ્રએ પોતાની કૃતિ 'મુનિસુવ્રત ચરિત્ર'ની પ્રશસ્તિમાં પોતાના ગુરુ મલધારી હેમચંદ્રસૂરિ અને દાદાગુરુ મલધારી અભયદેવ-સૂરિનો પરિચય આપ્યો છે. હેમચંદ્રસૂરિ પોતાના સમયના એક સમર્થ પ્રવચન પારગામી વ્યાખ્યાતા હતા. 'વિયાહ પણ્ણતિ' (ભગવતી સૂત્ર) જેવો વિશાળકાય આગમ એમને કંઠસ્થ હતો. એમણે પોતાના અધ્યયન-કાળમાં મૂળ આગમો, ભાષ્યો અને આગમિક ગ્રંથોની સાથે સાથે વ્યાકરણ, ન્યાય, સાહિત્ય આદિ અનેક વિષયોનું તલસ્પર્શી અધ્યયન કર્યું હતું. એમનો રાજાઓ, અમાત્યો અને પ્રજાના દરેક વર્ગ પર મોટો પ્રભાવ હતો. તેઓ જિનશાસનની પ્રભાવનાનાં કાર્યોમાં ખૂબ રુચિ ધરાવતા હતા. તેઓ વ્યાખ્યાનલબ્ધિ સંપન્ન હતા. ઉપમિતિ ભવ પ્રપંચ કથા જેવા દુરુહ ગ્રંથ પર શ્રદ્ધાળુ ભક્તોની વિનંતીને માન આપી લગાતાર ત્રણ વર્ષ સુધી પ્રવચન આપ્યાં એમની સરળ સુગમ વ્યાખ્યાન શૈલીથી ઉપમિતિ ભવ પ્રપંચ કથા એમના સમયમાં ખૂબ લોકપ્રિય થઈ.

મલધારી હેમચંદ્રએ અનેક ગ્રંથોની રચના કરી. વિશેષાવશ્યક ભાષ્ય ટીકા એમનું સર્વાધિક મહત્ત્વપૂર્ણ કાર્ય છે. એમણે વિ.સં. ૧૧૬૪ની ચૈત્ર સુદ ચોથ સોમવારના રોજ અણહિલપુર-પાટણમાં સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળ દરમિયાન 'જીવસમાસ વૃત્તિ'ની રચના કરી.

છેલ્લે પોતાનો અંતિમ સમય નજીક આવતો જાણી મલધારી હેમચંદ્રસૂરિએ પોતાના સ્વર્ગસ્થ ગુરુ અભયદેવસૂરિની જેમ આલોચનાપૂર્વક સંથારો સ્વીકાર્યો. ૭ દિવસના સંથારા બાદ તેમણે નશ્વરદેહનો ત્યાગ કર્યો. રાજા સિદ્ધરાજ સ્વયં તેમની મહાપ્રયાણયાત્રામાં સામેલ થયા હતા.

પૌર્ણમીયક-ગચ્છ

'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર શ્રમણ ભગવાન મહાવીરના ચાલીસમા પટ્ટધર ('સૂરિનામાનિ' અનુસાર એકતાલીસમા પટ્ટધર) આચાર્ય મુનિચંદ્રસૂરિના ગુરુભાઈ ચંદ્રપ્રભસૂરિએ વિક્રમ સં. ૧૧૫૯માં પૂર્ણિમા કે પૌર્ણમીયક-ગચ્છની સ્થાપના કરી. સંસ્થાપક હોવાની સાથે સાથે ચંદ્રપ્રભસૂરિ આ ગચ્છના પ્રથમ આચાર્ય પણ હતા. આ ગચ્છ મૂળતઃ ચંદ્રગચ્છની એક શાખા છે.

ચંદ્રપ્રભસૂરિનો જન્મ વિ.સં. ૧૧૧૪માં થયો. એમણે ૧૦ વર્ષની ઉંમરે વિ.સં. ૧૧૨૪માં દીક્ષા લીધી. વિ.સં. ૧૧૩૬માં એમને જયસિંહસૂરિએ આચાર્યપદે બેસાડ્યા. આચાર્યપદે બેસતાં જ એમણે વિધમાર્ગની પ્રરૂપણા પ્રારંભી. આ કારણે એમને ચતુર્દશીને પાક્ષિક પર્વ માનનારા તથા સાધુ દ્વારા મૂર્તિની પ્રતિષ્ઠા કરવાના પક્ષધર અનેક આચાર્યો સાથે શાસ્ત્રાર્થ કરવા પડ્યા. વાદમાં અનેક આચાર્યોને પરાજિત કર્યા. ૫૨ વર્ષની વયે તેઓ વિ. સં. ૧૧૬૬માં સ્વર્ગસ્થ થયા.

પૂર્ણિમાના દિવસે જ પાક્ષિક પ્રતિક્રમણ કરવાનો જે સિદ્ધાંત આગમોમાં ઉલ્લેખ છે, એને ચંદ્રપ્રભસૂરિએ છોડ્યો નહિ. એમણે કદી મૂર્તિ-પ્રતિષ્ઠા કરી નહિ, અને દરેક વર્ષે માસકલ્પ કર્યા. એકલા એમણે અવિધિનું અર્થાત્ ચતુર્દશીના પાક્ષિક પ્રતિક્રમણ કરનારા અને સાધુ દ્વારા જ જિનબિંબની પ્રતિષ્ઠા કરવાના માર્ગનું ખંડન કરી વિધિમાર્ગનું પ્રવર્તન કર્યું. આચાર્ય ચંદ્રપ્રભસૂરિએ ચતુર્દશીને પાક્ષિક પ્રતિક્રમણની માન્યતાવાળા અનેક આચાર્યોને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા. એમાંથી પાંચ આચાર્યોને પોતાના મતમાં દીક્ષિત કર્યા.

ચંદ્રપ્રભસૂરિના આચાર્યપદે બેસતા પૂર્વે જૈન ધર્મસંઘમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા અમુક અપવાદને બાદ કરતાં મોટેભાગે સાધુઓ દ્વારા જ થતી હતી, એ સમય સુધી સુવિહિત પરંપરાના વિભિન્ન ગચ્છોમાં પણ ચૈત્યવાસી પરંપરા દ્વારા પ્રચલિત થયેલી પ્રતિષ્ઠા-વિધિઓનું પ્રચલન હોવાનું અનુમાન છે. આચાર્ય પાદલિપ્તસૂરિ દ્વારા નિર્મિત પ્રતિષ્ઠા-વિધિમાં પ્રતિષ્ઠાચાર્યને

સધવા મહિલાઓના હાથે અભ્યંગ આદિ કરાવ્યા બાદ મૂલ્યવાન સુંદર વસ્ત્રો પહેરાવવાં તથા હાથોમાં સુવર્ણ કંકણ અને સુવર્ણ મુદ્રિકા પહેરાવવાનું પ્રચલન રહ્યું. ચંદ્રપ્રભસૂરિએ આને શ્રમણાચારથી નિતાંત વિરુદ્ધ અને અનાગમિક સિદ્ધ કર્યું. એમણે એક નૂતન ક્રાંતિનો સૂત્રપાત કર્યો કે - "જિનબિંબની પ્રતિષ્ઠા સાધુ દ્વારા નહિ, પરંતુ શ્રાવક દ્વારા જ કરાવવી જોઈએ." આ બાબતે ચોતરફ એમનો ઘોર વિરોધ થયો. ચતુર્દશીના પાક્ષિક પ્રતિક્રમણ અને ચતુર્થીનાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાની પરંપરામાં માનનારની સંખ્યા પણ અત્યાધિક હતી. આ કારણે આચાર્ય ચંદ્રપ્રભસૂરિનો ઘરમાં તથા બહાર અર્થાત્ સુવિહિત પરંપરાના વિવિધ ગચ્છોના આચાર્યો અને ચૈત્યવાસી પરંપરાના આચાર્યો દ્વારા પણ ઘોર વિરોધ થયો. આ રીતના પ્રબળ વિરોધનો સાહસપૂર્વક સામનો કરતાં ચંદ્રપ્રભસૂરિએ પૌર્ણમીયક-ગચ્છનો પ્રચાર-પ્રસાર અને વિસ્તાર કર્યો. એમના દ્વારા પૌર્ણમીયક-ગચ્છની સ્થાપના કરવાના સમય સુધી અણહિલપુર-પાટણના સંઘ પર ચૈત્યવાસી પરંપરાનું જ વર્ચસ્વ હતું. એ સમય સુધી ચૈત્યવાસી પરંપરા પર્યાપ્ત રૂપે સશક્ત હતી તથા એને રાજ્યાશ્રય પણ પ્રાપ્ત હતો. આ કારણે ચંદ્રપ્રભસૂરિને ઘણા સમય સુધી પોતાની માન્યતાઓના પ્રચાર માટે ચૈત્યવાસીઓ અને સુવિહિત પરંપરાના અનેક સુગઠિત અને સશક્ત ગચ્છો તરફથી કટ્ટર વિરોધનો સામનો કરવો પડ્યો.

પૌર્ણમીયક-ગચ્છની સમયાંતરે અનેક શાખાઓ થઈ. જેમનાં નામ આ નીચે મુજબ છે :

૧. પૂર્ણિમા-ગચ્છ ઢંઢરિયા શાખા. આ શાખા મુખ્ય શાખા તરીકે માનવામાં આવી છે. ત્રીજા આચાર્ય સમુદ્રઘોષથી આ નામ પડ્યું.

૨. સાધુ-પૂર્ણિમા-ગચ્છ - આ વસ્તુતઃ પૌર્ણમીયક-ગચ્છની જ શાખા હતી, પરંતુ અમુક સમય બાદ સાધુ-પૂર્ણિમા-ગચ્છના નામથી સ્વતંત્ર ગચ્છ રૂપે ચાલતી હતી.

૩. ભીમપલ્લીય પૂર્ણિમાગચ્છ.

૪. પૂર્ણિમાગચ્છની ચોથી શાખા જેમાં ધર્મશેખર, વિશાલરાજ, પદ્મશેખર અને જિનહર્ષ આદિ પ્રભાવક આચાર્ય થયા.

૫. પૂર્ણિમાગચ્છ વટપદ્રીય શાખા.

૬. પૂર્ણિમાગચ્છ બોરસિદ્ધીય શાખા.

૭. પૂર્ણિમાગચ્છ ભૃગુકચ્છીય શાખા.

૮. પૂર્ણિમાગચ્છ છાપરિયા શાખા.

પૂર્ણિમાગચ્છમાં અનેક વિદ્વાન ગ્રંથકાર આચાર્ય થયા છે. આ ગચ્છની ઉત્પત્તિની પાછળ પણ બહુ મોટું કારણ ક્રિયોદ્ધારનું જ રહ્યું છે. સર્વજ્ઞપ્રણીત જિનાગમોમાં પ્રગાઢ આસ્થા રાખનાર શ્રમણોત્તમોએ ચૈત્યવાસી પરંપરાના ચરમોત્કર્ષ કાળમાં શ્રમણાચારમાં પ્રવિષ્ટ થયેલા શિથિલાચારને દૂર કરવા માટે વખતોવખત, અનેક વખત ક્રિયોદ્ધાર કર્યા. એ જ ક્રિયોદ્ધારની પ્રક્રિયામાં પૌર્ણમીયક મતની ઉત્પત્તિ થઈ.

ચંદ્રપ્રભસૂરિએ વિ.સં. ૧૧૪૯માં આચાર્યો અથવા મુનિઓ દ્વારા જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનો વિરોધ કરતાં ઘોષણા કરી કે - 'પ્રતિષ્ઠા કરાવવાનું કાર્ય મુનિઓનું નથી, શ્રાવકોનું કર્તવ્ય છે.' આચાર્ય ચંદ્રપ્રભની આ માન્યતાનો બડગચ્છના આચાર્ય અને અનુયાયીઓએ ઉગ્ર વિરોધ કર્યો. વિરોધના પરિણામે આચાર્ય ચંદ્રપ્રભુએ બડગચ્છનો પરિત્યાગ કરી વિવિધ સ્થળોએ પોતાની માન્યતાના પ્રસાર-પ્રચારનો પ્રારંભ કર્યો. જૈનસંઘમાં સાધુઓ દ્વારા થતી પ્રતિમા પ્રતિષ્ઠાની પ્રક્રિયા અથવા પરિપાટીનો વિરોધ કરતાં એમણે કહ્યું : "પ્રતિષ્ઠા કરવાનું કાર્ય સાધુઓનું નથી, પ્રતિષ્ઠાનું કાર્ય દ્રવ્યસ્તવ છે. જેમાં પુષ્પો, સચેતજળ આદિથી પ્રતિષ્ઠાની પ્રક્રિયા કરાવવામાં આવે છે, જે સાધુ માટે અનિવાર્ય એવા અહિંસા મહાવ્રત માટે નિતાન્ત પ્રતિકૂળ છે."

થોડા સમયમાં જ આચાર્ય ચંદ્રપ્રભના અનુયાયીઓની સંખ્યામાં કલ્પનાતીત અભિવૃદ્ધિ થઈ. વિ. સં. ૧૧૫૯માં એમણે પૂર્ણિમાના રોજ પાક્ષિકી પ્રતિક્રમણ, પાંચમનુ સંવત્સરી પર્વ મનાવવું અને મૂર્તિની પ્રતિષ્ઠા મુનિ ન કરે, શ્રાવક કરે, એવી માન્યતાઓ સાથે પૌર્ણમીયક-

ગચ્છની સ્થાપના કરી. આ તથ્યોનાં પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી એમ સિદ્ધ થાય છે કે આચાર્ય ચંદ્રપ્રભએ ક્રિયોદ્ધાર તો વિ.સં. ૧૧૪૯માં કર્યો, પરંતુ વિધિવત પોતાના પૃથક્ ગચ્છ 'પૌર્ણમીયક - ગચ્છ'ની સ્થાપના એમણે ક્રિયોદ્ધારનાં ૧૦ વર્ષ બાદ વિ.સં. ૧૧૫૯માં કરી.

પૌર્ણમીયક-ગચ્છની સ્થાપનાના સંબંધમાં 'તપાગચ્છીય પટ્ટાવલી'-ઓમાં નિમ્નલિખિત આશયનું વિવરણ ઉપલબ્ધ થાય છે :

"શ્રમણ ભગવાન મહાવીરની ચાલીસમી પાટ પર યશોભદ્રસૂરિ અને નેમિચંદ્રસૂરિ નામના બે વિદ્વાન આચાર્ય થયા. નેમિચંદ્રસૂરિએ પોતાના ગુરુભ્રાતા ઉપાધ્યાય વિનયચંદ્રના શિષ્ય મુનિચંદ્રને આચાર્યપદ માટે સુયોગ્ય સમજીને પોતાના ઉત્તરાધિકારી પટ્ટધર તરીકે ઘોષિત કર્યા. મુનિ ચંદ્રસૂરિએ વાદિ વૈતાલ શાંતિસૂરિની પાસે પ્રમાણ-શાસ્ત્રનું અધ્યયન કર્યું. મુનિચંદ્રસૂરિથી પ્રભાવિત અને પ્રસન્ન થઈને શાંતિસૂરિએ ખૂબ રુચિપૂર્વક એમને ન્યાયશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું."

ચાલુક્યરાજા કર્ણના શાસનકાળમાં ચંદ્રપ્રભસૂરિ, મુનિચંદ્રસૂરિ, દેવસૂરિ અને શાંતિસૂરિ નામના ચાર સાધુ એક જ ગુરુ(ઉપાધ્યાય વિનયચંદ્ર)ના શિષ્ય હતા. એક વખત શ્રીધર નામના એક વૈભવશાળી શ્રાવકે જિનેન્દ્ર પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનો નિશ્ચય કર્યો. આચાર્ય ચંદ્રપ્રભ આ ચારેયમાં મોટા હતા, એટલે એ શ્રાવક એમની પાસે ગયો અને નિવેદન કર્યું : "ભગવાન ! હું જિનેન્દ્ર પ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરવા ઇચ્છું છું. અતઃ આપ કૃપા કરી મુનિચંદ્રસૂરિને પ્રતિષ્ઠા કરવાની આજ્ઞા પ્રદાન કરો."

આ સાંભળીને ચંદ્રપ્રભના મનમાં મુનિચંદ્ર પ્રત્યે પ્રબળ ઈર્ષા જાગૃત થઈ. એમણે મનોમન વિચાર્યું - 'હું દીક્ષા આદિ દૃષ્ટિએ મુનિચંદ્રની અપેક્ષાએ મોટો છું, તેમ છતાં મારી અવગણના કરી મુનિચંદ્રસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવવાનો ઉપક્રમ થઈ રહ્યો છે.' પછી ચંદ્રપ્રભાચાર્યએ ઉત્તર આપ્યો : "સુજ્ઞ શ્રાવક ! વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવો. આગમોમાં ક્યાંય પણ સાધુ દ્વારા પ્રતિષ્ઠા કરવાનો ઉલ્લેખ નથી. વસ્તુત પ્રતિષ્ઠાકાર્ય દ્રવ્યસ્તવનની કક્ષામાં આવે છે.

અતઃ પ્રતિષ્ઠા કરવાનું શ્રાવક માટે જે યુક્તિસંગત કર્તવ્ય છે, સાધુનું કદાપિ નહિ.''

આ રીતે-વિ.સં. ૧૧૪૯માં ચંદ્રપ્રભાચાર્યએ એવી પ્રરૂપણા કરી કે મૂર્તિની પ્રતિષ્ઠા શ્રાવક દ્વારા જ થાય, ન કે મુનિ દ્વારા. સંઘે ચંદ્રપ્રભાચાર્યની અવમાનના કરી અને પ્રતિષ્ઠાકાર્ય મુનિચંદ્રસૂરિ પાસે જ કરાવ્યું.

આ રીતે ચંદ્રપ્રભાચાર્યએ વિ.સં. ૧૧૪૯માં મુનિની જગ્યાએ શ્રાવક દ્વારા પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાના, મુનિ દ્વારા પ્રતિષ્ઠા ન કરવાના આદિ ત્રણ વાતોનું વિધાન કરતાં ક્રિયોદ્ધાર કર્યો અને વિ.સં. ૧૧૫૯માં પોતાની આ માન્યતાની સાથે પૂર્ણિમાના પાક્ષિક પર્વ મનાવવાનું વિધાન કરતાં પૌર્ણમીયક ગચ્છની વિધિવત્ પ્રતિષ્ઠા કરી. આગમિક-ગચ્છ અને અંચલગચ્છે પણ સાધુ દ્વારા મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો વિરોધ કર્યો.

પૌર્ણમીયક-ગચ્છ દ્વારા થયેલા આ ક્રિયોદ્ધારના પરિણામે જૈન-સંઘમાં સાધુ દ્વારા પ્રતિષ્ઠા બાબતે, પાક્ષિક પ્રતિક્રમણ પૂર્ણિમાના દિવસે કરાય કે ચતુર્દશીના રોજ તથા સાંવત્સરિક પર્વારાધન પાંચમના કરવામાં આવે અથવા ચોથના રોજ - આ ત્રણ મુખ્ય વિષયોનો લઈને એક બહુ મોટો વિવાદ થયો. આવો વિવાદ શતાબ્દીઓ સુધી ચાલતો રહ્યો અને આજે પણ આ વિવાદ કોઈ ને કોઈ રીતે દેશના ઘણા ભાગોમાં ચાલી રહ્યો છે. વિધિ-ચૈત્ય, અવિધિ-ચૈત્ય, આયતન, અનાયતન આદિના વિવાદ વસ્તુતઃ વિક્રમની બારમી શતાબ્દીના પૂર્વાર્ધથી ઉત્પન્ન થયેલી મૂર્તિ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદનો જ ભાંગ છે.

આ રીતે સર્વ ઉપલબ્ધ તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરતાં એ સિદ્ધ થાય છે કે - 'ચંદ્રપ્રભસૂરિ દ્વારા વિક્રમ સં. ૧૧૪૯માં કરવામાં આવેલા મૂર્તિપૂજા વિષયક આ ક્રિયોદ્ધારના પરિણામસ્વરૂપ જૈનસંઘમાં ચૈત્યવાસી પરંપરા દ્વારા પ્રચલિત થયેલી દ્રવ્યપૂજા વિષયક રુઢિઓમાં સુધારની પ્રક્રિયાનો સૂત્રપાત્ર થયો હતો.'

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર

વિક્રમની બારમી-તેરમી શતાબ્દીમાં થઈ ગયેલા પ્રભાવક ગ્રંથકાર અને લોકપ્રિય જૈનાચાર્યોમાં કલિકાલસર્વજ્ઞના બિરુદથી વિભૂષિત આચાર્ય હેમચંદ્ર સર્વાધિક લોકપ્રિય રાજમાન્ય, સર્વોત્તમ ગ્રંથકાર અને જિનશાસનના મહાન આચાર્ય તરીકે સુખ્યાત છે. પોતાના તપ-ત્યાગ અને પ્રકાંડ પાંડિત્યથી પ્રભાવિત એવા તત્કાલીન બે-બે રાજાધિરાજો-(સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ)ને સમયોચિત્ત સત્યપરામર્શ અને લોકકલ્યાણકારી માર્ગદર્શન તેઓ આપતા હતા. જનસામાન્યના તથા પોતાના આત્મકલ્યાણ અર્થે તથા સમષ્ટિના અભ્યુદય માટે નૈતિક, સામાજિક, ચારિત્રિક અને ધાર્મિક ઉન્નતિ થાય એવાં સત્કાર્યોની પ્રેરણા આપી જન-જનનાં જીવનમાં સાચી માનવતાના સંસ્કાર આપી હેમચંદ્રસૂરિએ જિનશાસનની ચિરસ્થાયી સેવા કરી.

'પ્રભાવક ચરિત્ર'(રાજગચ્છીય આચાર્ય પ્રભાચંદ્રસૂરિની વિ.સં. ૧૩૩૪ની કૃતિ)ના ઉલ્લેખ અનુસાર સમૃદ્ધ ગુર્જર પ્રદેશમાં ચાલુક્યરાજ કર્ણના શાસનકાળમાં ધંધુકા નામના સુંદર નગરમાં ચાચો શાહ નામના મોઢ શ્રેષ્ઠી રહેતા હતા. શ્રેષ્ઠી ચાચિગ(ચાચો શાહ)ની પત્નીનું નામ પાહિની હતું. એક વખત રાત્રિના અંતિમ પ્રહરમાં શ્રેષ્ઠીપત્ની પાહિનીએ સ્વપ્નમાં જોયું કે એક દેદીપ્યમાન દિવ્ય ચિંતામણિ રત્ન એને પ્રાપ્ત થયું છે અને એ તેજોપુંજ અમૂલ્ય ચિંતામણિ રત્નને પોતાના આરાધ્ય ધર્મગુરુના કરકમળમાં સમર્પિત કરી રહી છે. સ્વપ્નદર્શન બાદ તરત જ પાહિનીની નિદ્રા ઊડી ગઈ તો એણે અનુભવ્યું કે રોમ-રોમ - પુલકિત થઈ રહ્યું છે.

એ દિવસોમાં ચંદ્રગચ્છીય આચાર્ય પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિ ધંધુકા નગરમાં 'મોઢ વસહી' નામના સ્થાનકમાં બિરાજમાન હતા. પ્રાતઃકાર્યોથી નિવૃત્ત થઈને પાહિની 'મોઢ વસહી' તરફ ચાલી. આચાર્ય દેવચંદ્રસૂરિનાં દર્શન-વંદન કર્યા પછી પાહિનીએ આચાર્યશ્રીને પોતાના સ્વપ્નદર્શનની વાત સંભળાવતાં સ્વપ્નફળ જણાવવાની વિનંતી કરી. આચાર્ય દેવચંદ્રસૂરિએ થોડી ક્ષણો પૃથ્વી પર નજર ટકાવી રાખી અને પછી પાહિનીને કહ્યું : "ધર્મનિષ્ઠ ! તમે

કૌસ્તુભ મણિની સમાન એક પુત્રરત્નને જન્મ આપશો. તમે એ પુત્રરત્ન મને પ્રદાન કરશો અને એ જિનશાસનની મહત્તમ પ્રભાવના કરી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશે.''

ગર્ભકાળ પૂર્ણ થતાં પાહિનીએ વિક્રમ સં. ૧૧૪૫ની કારતક સુદ પૂર્ણિમાના દિવસે એક મનોહર પુત્રને જન્મ આપ્યો. શ્રેષ્ઠી ચાચિગના હર્ષનો પાર ના રહ્યો. શ્રેષ્ઠીએ મુક્ત હાથે જરૂરતમંદોને દાન કર્યું. પુત્રનું નામ ચંગદેવ રાખ્યું અને સહુ સ્વજનો, સજ્જનોને વિવિધ ભેટ-સોગાદોથી સન્માનિત કરી વિદાય કર્યા.

શ્રેષ્ઠીવર્ય પિતા ચાચિગ અને માતા પાહિની લાડપૂર્વક કુળદીપક ચંગદેવનું લાલનપાલન કરવા લાગ્યા. શ્રેષ્ઠી દંપતીને સુર-દંપતી તુલ્ય સુખાનુભૂતિ કરાવતા બાળક ચંગદેવે પ વર્ષ પછી દ્વિતીય વર્ષમાં પ્રવેશ કર્યો. એક વખત ચાચિગ શેઠ ધંધાના કામે ગ્રામંતરે ગયા હતા એ વખતે આચાર્ય દેવચંદ્રસુરિનું ધંધુકા નગરમાં આગમન થયું.

ધર્માચાર્ય દેવચંદ્રસૂરિનાં દર્શન-વંદન માટે પાહિનીએ પુત્રને સાથે લઈ મોઢ વસહી તરફ પ્રસ્થાન કર્યું. બાળક ચંગદેવ માતાના ડાબા હાથની કનિષ્ઠિકા આંગળી પકડી વસહીમાં પ્રવેશ કર્યો. એ વખતે દેવચંદ્રસૂરિ પોતાના આસનથી થોડે જ દૂર વસહીમાં આવેલા જિન-મંદિરમાં જિનેશ્વરદેવના ચૈત્ય-વંદન કરી રહ્યા હતા. પાહિની આચાર્ય દેવને પ્રદક્ષિણાપૂર્વક વંદન કરવાના હેતુથી અટકી અને બીજી બાજુ બાળક ચંગદેવ આગળ વધીને આચાર્ય દેવસૂરિના આસન પર જઈને બેસી ગયો. આચાર્યશ્રીએ ચૈત્ય-વંદન બાદ જોયું તો એક તેજસ્વી બાળક એમના આસન પર પૂર્વાભ્યસ્ત જન્મજાત યોગીની જેમ આશ્વસ્ત મુદ્રામાં નિર્ભય બેઠો છે. આચાર્યશ્રીના તપોપૂત મુખમંડળ પર હર્ષાશ્ચર્ય મિશ્રિત મધુર સ્મિત ફરકી ગયું. પોતાની સમક્ષ વંદન મુદ્રામાં શીશ નમાવી ઊભેલી પાહિની તરફ જોતાં જ આચાર્યશ્રીને સમજાયું કે તે આસનસ્થ પુત્રની માતા છે. જિનશાસનને કોઈ અપૂર્વ લાભ થવાનો છે એવી આશાથી એમના હૃદયમાં આધ્યાત્મિક આનંદની તરંગો ઊભરાઈ.

પ્રભાવક ચરિત્ર અને પ્રબંધ ચિન્તામણિ (અંચલગચ્છીય આચાર્ય મેરુતુંગસૂરિની વિ.સં. ૧૩૬૧ની કૃતિ) વિક્રમની ચૌદમી શતાબ્દીના

આ ગ્રંથોના બે ઉલ્લેખોથી એ સ્પષ્ટ થાય છે કે વિ.સં. ૧૧૫૦માં ૫ વર્ષની વયનો બાળક ચંગદેવ દેવચંદ્રસૂરિના આસન પર અને ૩ વર્ષની શિશુવયે રાજકુમાર સિદ્ધરાજ જયસિંહ પોતાના પિતા ચાલુક્યરાજના રાજસિંહાસન પર બાળક્રીડા કરતાં કરતાં જ બેસી ગયા. આ અદ્‌ભુત સંયોગની જ વાત છે કે એક જ સમયમાં બે ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં ઊંચા આસને બિરાજનાર બંને બાળક પોતપોતાનાં ક્ષેત્રમાં પોતાના યુગમાં શીર્ષસ્થ યુગપુરુષ સિદ્ધ થયા. સમય આવ્યે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિના નામથી વિખ્યાત બાળક ચંગદેવે બે રાજાઓને જનકલ્યાણના માર્ગ પર આરૂઢ કરી પ્રજાજીવનમાં સંસ્કારનું સિંચન કર્યું. એમણે લાંબા સમય સુધી વિસ્તૃત ક્ષેત્ર-વિસ્તારમાં અમારિ-પ્રવર્તન (અહિંસાપ્રસાર) માધ્યમથી અસંખ્ય પશુ-પક્ષીઓને અભયદાન પ્રદાન કર્યું અને મોટી સંખ્યામાં આધ્યાત્મિક ગ્રંથ રત્નોના માધ્યમથી જૈન સાહિત્યની ગુણસમૃદ્ધિમાં વધારો કરી જિનશાસનની યશોગાથા ચિરકાલીન ટકે એવી સેવા-પ્રભાવના કરી.

બીજી બાજુ બાળક રાજકુમાર સિદ્ધરાજ જયસિંહે આગળ જતાં ગુજરાત રાજ્યની સીમાઓનો દૂર-દૂર સુધી વિસ્તાર કર્યો અને શક્તિશાળી ગુર્જર સામ્રાજ્યની સ્થાપના કરી.

આચાર્ય દેવચંદ્રસૂરિએ પ્રણામ કરતી પાહિની તરફ વરદ મુદ્રામાં જોઈને કહ્યું : "પુણ્યશાલિની ધર્મનિષ્ઠ ! તમને તમારા એ શ્રેષ્ઠ સ્વપ્નનું સ્મરણ હશે જ. આજે તમે સ્વયં પ્રત્યક્ષ નિહાળો. એ મહાસ્વપ્નના માધ્યમથી પોતાના આગમનની પૂર્વસૂચના આપતું તમારું આ તેજસ્વી બાળક તમારા આ અતિ સુંદર શ્રેષ્ઠ સ્વપ્નને સાકાર કરવાની ભૂમિકાનો શુભારંભ કરી રહ્યું છે." જિનશાસન આચાર્યના આ ઉચ્ચ આસન પર બેઠેલું આ બાળક માત્ર તમને કે મને નહિ, પણ સમગ્ર સંસારને પોતાની ચેષ્ઠાથી જણાવી રહ્યું છે કે તેનો જન્મ આ આસન કે પદ માટે જ થયો છે. શ્રાવિકા ! તમે શ્રેષ્ઠ સ્વપ્નમાં જે ચિંતામણિનું મને દાન કર્યું હતું, એ ચિંતામણિ રત્ન આ તમારો પુત્ર જ છે. આવો ! આ ચિંતામણિ મને સોંપીને સ્વપ્ન સાકાર કરો."

માતા પાહિનીએ દેવચંદ્રસૂરિની વાત સાંભળીને કહ્યું : "ભગવાન! આ બાળકના પિતા પાસે જ આપ એની માગણી કરો એ ઉચિત રહેશે, તેઓ અત્યારે અહીં નથી, કામથી અન્યત્ર ગયા છે."

'આ બાળકના પિતા શ્રેષ્ઠી ચાચિગ માગવા છતાં પણ પોતાના પુત્રને નહિ સોંપે.' એવી આશંકાથી દેવચંદ્રસૂરિ અસમંજસની અવસ્થામાં મૌન રહ્યા.

લગભગ ૬ વર્ષ પૂર્વે જોયેલા સ્વપ્ન પર વિચાર કરતાં પાહિનીએ મનોમન વિચાર્યું - 'સ્વપ્ન અનુસાર તો આ બાળક હું આચાર્યશ્રીને સમર્પિત કરી ચૂકી છું.' સાંકેતિક આદેશ તો એ જ છે કે માંગ્યા વગર જ આ પ્રાણપ્રિય પુત્રને આચાર્યશ્રીના ચરણોમાં સદાય માટે ભેટ આપી દઉં. એકમાત્ર શાસનહિતની દૃષ્ટિથી હવે તો તેઓ પોતે માંગી રહ્યાં છે. આધ્યાત્મિક દૃષ્ટિએ પણ વિચારું તો ધર્માચાર્યનો અભ્યર્થનાપૂર્ણ આદેશ ધર્મનિષ્ઠ ઉપાસક-ઉપાસિકા માટે અનુકરણીય હોય છે. આવી સ્થિતિમાં તો મારે આ બાળક માટે એ જ શ્રેયસ્કર છે કે હું મારા સ્વપ્ન, કર્તવ્ય અને શાસનહિતને નજર સામે રાખી પ્રાણપ્રિય પુત્રનો મોહ ત્યજીને તેને જિનશાસનની સેવા-હેતુ આચાર્યશ્રીને સદાયને માટે સમર્પિત કરી દઉં. દેશ-વિદેશમાં વેપાર ધંધા માટે ઘર, પરિવાર અને રાષ્ટ્રની સમૃદ્ધિ અને સાંસારિક સુખોપભોગો માટે તો ગુર્જર પ્રદેશની વીર-ધીર-સાહસી મહિલાઓ પોતાના પ્રાણાધાર, પતિ-પુત્રોને સાગરયાત્રા-હેતુ સદાય સહર્ષ વિદાય કરતી આવી છે. મારા પૂજ્ય ધર્માચાર્ય તો જિનશાસનની સેવા માટે, પરમાર્થ માટે, ધર્માભ્યુદય માટે મારા પુત્રની યાચના કરે છે. ઇહલોક અને પરલોકને સુધારવા માટે આ પારમાર્થિક પુનિત કાર્ય માટે પોતાનો પુત્ર સમર્પિત કરવામાં મને કોઈ પ્રકારનો વ્યામોહ કે ખચકાટ નહિ થવો જોઈએ.' આ રીતે વિચાર કરી પાહિનીએ પોતાના હૃદયમાં ઉભરાતા પુત્ર-વિયોગના દુઃખને સમજણથી, સાહસથી દબાવીને પોતાના હોનહાર પુત્ર ચંગદેવને ધર્મગુરુ દેવચંદ્રસૂરિનાં ચરણોમાં સદાયને માટે સમર્પિત કરી દીધો.

આચાર્ય દેવચંદ્રસૂરિએ પ્રેમથી બાળક ચંગદેવને પ્રશ્ન કર્યો : "બોલો સૌમ્ય ! શું તમે મારા શિષ્ય બનશો ?" બાળકે મધુર સ્મિતથી જવાબ આપ્યો : "હા, મહારાજ !"

અને બાળક ચંગદેવને પોતાની સાથે લઈને દેવચંદ્રસૂરિએ ધંધુકા નગરથી સ્તંભતીર્થ (હાલનું ખંભાત) તરફ વિહાર કર્યો. વિહારક્રમથી

સ્તંભતીર્થ પહોંચીને આચાર્યશ્રી પાર્શ્વનાથ મંદિરમાં રોકાયા, બાળક ચંગદેવ, મંત્રીશ્વર અને સામંત ઉદયનના ભવન પર સમવયસ્ક બાળકો સાથે અભ્યાસ કરવા લાગ્યો.

દેવચંદ્રસૂરિ સાથે બાળક ચંગદેવની ધંધુકાથી વિદાય બાદ થોડા દિવસ પછી શ્રેષ્ઠી ચાચિગદેવ પોતાની ધંધાકીય સફર પૂરી કરી ધંધુકા પાછા ફર્યા. ઘરમાં આવતાં જ પુત્રને ક્યાંય જોયો નહિ, તેથી ચાચિગે વ્યગ્ર સ્વરમાં પત્નીને પૂછ્યું : "ચંગ ક્યાં છે ?"

પાહિનીએ મધુર સ્વરમાં સમગ્ર વૃત્તાંત સંભળાવ્યું અને કહ્યું કે - "શાસનહિત અને સ્વપ્નના સંકેતને નજર સામે રાખી તેણે એ હોનહાર પુત્રને આચાર્ય દેવેન્દ્રસૂરિના કરકમળમાં સમર્પિત કરી દીધો છે." પોતાના પ્રાણપ્રિય એકમાત્ર પુત્રને સદાયને માટે આચાર્યશ્રીને સમર્પિત કરવાની વાત સાંભળી શ્રેષ્ઠી ચાચિગ ખૂબ નારાજ થયા. પુત્રવિરહમાં એમને ઘરસંસાર શૂન્ય ભાસવા લાગ્યો.

એમણે નિર્ધાર કર્યો કે - "જ્યાં સુધી હું મારા લાડલાને નજરે નિહાળીશ નહિ ત્યાં સુધી અન્ન ગ્રહણ નહિ કરું." આમ બોલીને તેમણે સ્તંભતીર્થ (ખંભાત) તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ક્ષણનો પણ વિશ્રામ કર્યા વગર તેઓ સ્તંભતીર્થ પહોંચ્યા અને સીધા દેવચંદ્ર-સૂરિની પાસે ઉપાશ્રયમાં ગયા. ક્રોધના અતિરેકથી એમનું મોં લાલચોળ હતું. પરંપરાગત સંસ્કારથી નમનની મુદ્રામાં ઊભા રહ્યા. પ્રથમ નજરે જ દેવચંદ્રસૂરિએ મુખાકૃતિથી ચાચિગને સુધાસિક્ત શાંત વાણીથી એમના ક્રોધનું શમન કરી દીધુ. સ્તંભતીર્થના સામંત મંત્રી ઉદયન પણ એ વખતે આચાર્યશ્રીની સેવામાં ઉપસ્થિત હતા. ચાચિગની સાથે આચાર્યશ્રીના સંવાદના પ્રથમ વાક્યથી જ ઉદયનને ખ્યાલ આવી ગયો કે નવાગંતુક હોનહાર બાળક ચંગદેવના જનક શ્રેષ્ઠી ચાચિગ જ છે.

મંત્રી ઉદયન શ્રેષ્ઠી ચાચિગને ભોજન-આરામ માટે પોતાની ૮ અશ્વવાળી બગીમાં બેસાડીને પોતાના વિશાળ ભવન પર લઈ ગયા. એ વખતે બાળક ચંગદેવ દોડતો-દોડતો આવ્યો અને ઉદયનને પૂછ્યું : 'મંત્રી પ્રવર ! આપે આટલો વિલંબ ક્યાં કર્યો ?'

મંત્રીએ વાત્સલ્યપૂર્વક કહ્યું : "જુઓ ચતુર ચંગે ચંગ ! આપણે ત્યાં આ કોણ આવ્યું છે ?" આમ કહીને ઉદયને પોતાના સેવકોને આદેશ આપ્યો કે ચાચિગની સ્નાનાદિની વ્યવસ્થા કરો.

બાળક ચંગદેવે મંત્રીના ઇંગિત તરફ જોયું અને "બાપુ ! આપ ક્યારે આવ્યા ?" કહેતાં પિતાનાં ચરણોમાં પ્રણામ કર્યાં. ચાચિગે પણ ચંગદેવને છાતી સરસો ચાંપ્યો અને મસ્તક ચૂમ્યું.

"બાપુ ! મેં વાંચવા-લખવાનું શીખી લીધું છે. સ્વયં મંત્રીશ્વર પણ મને ભણાવે છે. આપ જાણો છો ? બાપા ! મંત્રીશ્વર ઉદયન છે."

શ્રેષ્ઠી ચાચિગ સ્નાનાદિથી નિવૃત્ત થયા કે મંત્રીશ્વર ઉદયને એમને સાથે બેસાડી ભોજન કરાવ્યું. મંત્રીવર ઉદયનના આ પ્રકારના ઉદારતાપૂર્ણ વાત્સલ્યભાવનો ચાચિગ શેઠ પર ગહન પ્રભાવ પડ્યો. ભોજન બાદ વિશ્રાંતિકક્ષમાં મંત્રી ઉદયન અને ચાચિગે ઘડીભર વિશ્રામ કર્યો. શ્રેષ્ઠી ચાચિગનો થાક દૂર થયો.

ચાચિગને પૂર્ણરૂપેણ આશ્વસ્ત જોઈને ઉદયને સંભાષણનો પ્રારંભ કરતાં કહ્યું : "શ્રેષ્ઠીવર્ય ! આપનો આ પુત્ર ચંગદેવ ઉત્કૃષ્ટ મેધા અને ચમત્કારપૂર્ણ પ્રતિભાનો સ્વામી છે. આ બાળકે થોડા સમયમાં જ વાંચવા-લખવામાં અને સુસંસ્કારોને પોતાના જીવનમાં ઢાળવામાં પોતાની અસાધારણ મેધાશક્તિના પરિચયથી અમારા સહુનાં મન જીતી લીધાં છે. મારી એ સુદૃઢ ધારણા છે કે આ બાળક આગળ જતાં ન માત્ર ગુર્જરભૂમિના ગૌરવની, બલકે સંપૂર્ણ આર્યભૂમિની ગરિમાની કીર્તિપતાકા દિગ્‌દિગંત્‌માં લહેરાવશે. દેવચંદ્રસૂરિ જેવા મહાન આધ્યાત્મિક શિલ્પી મહાપુરુષના અહર્નિશ સાંનિધ્યમાં તો આ બાળક આગળ જતાં ધર્મધુરા ધારણ કરી જન-જનનાં હૃદયસમ્રાટ તરીકે યુગપુરુષ સિદ્ધ થશે."

ચાચિગે પોતાના અંતરમનની દ્વિધાને પ્રગટ કરતી મુદ્રામાં જણાવ્યું કે - "ઉદારમના મંત્રીશ્રી ! આપ જે નિર્ણય પર પહોંચ્યા છો, એ નિર્ણયથી હું પૂર્ણરૂપે સહમત છું. હું પણ વિચારું છું કે - 'આગળ જતાં આ બાળક અસાધારણ કાર્યો કરનાર મહાપુરુષ થશે.' પણ મંત્રીશ્વર ! વસ્તુસ્થિતિ એ છે કે મારી વૃદ્ધાવસ્થાનો સહારો, મારા અંધકારભર્યા ઘરનો દીપક આ એકમાત્ર પુત્ર છે. અગર તેને હું જિનશાસનને સમર્પિત

કરી દઈશ તો સંસારમાં મારું અને મારા પૂર્વજોનું નામ જ મટી જશે. આ એકપાત્ર કુળદીપકના જવાથી મારા ઘરમાં, મારી આંખો સમક્ષ ઘનઘોર અંધકાર છવાઈ જશે.''

ઉદયને શ્રેષ્ઠી ચાચિગની આક્રોશપૂર્ણ વ્યગ્રતાને શાંત કરતાં કહ્યું : ''બંધુ ! જિનશાસનના આ ભાવિ કર્ણધાર અને મહાન પ્રભાવક પુત્રરત્નને જિનશાસનની સેવા માટે, ભગવાન મહાવીરના ધર્મસંઘના ઉત્કર્ષ માટે સમર્પિત કરી દેવાથી આપનું નામ અસ્ત થવાનું નથી, બલકે આ બાળકની સાથે-સાથે આપનું, આપની રત્નગર્ભા ધર્મપત્નીનું, મોઢ જ્ઞાતિનું, આપના ધંધુકા ગામનું અને સમસ્ત ગુર્જર પ્રદેશનું નામ સદાયને માટે, જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર પ્રકાશમાન રહેશે ત્યાં સુધી અમર થઈ જશે.''

''શ્રેષ્ઠીવર્ય ! સંસારમાં ધનવૈભવ જ સર્વસ્વ નથી. જન્મ એનો જ સફળ છે, જે ભૂલા પડેલાં લોકોને સન્માર્ગ પર આરૂઢ કરી સમષ્ટિના કલ્યાણ માટે જીવન અર્પિત કરે. આપ સંસારમાં આ પુત્રને ભણાવશો, ગણાવશો અને પછી વ્યવસાય - કારોબારમાં લગાડી દેશો. વ્યવસાયમાં લાખોની સંપત્તિ એકત્રિત પણ કરી લેશે, તો એનાથી શું સિદ્ધ થશે ? આજે ગુર્જર પ્રદેશમાં એક એકથી ચડિયાતા કુબેર સમાન હજારો શ્રીમંતો છે. બહુ બહુ તો હજારો ધનકુબેરોમાં એકનો વધારો થશે. માનવજીવનની સાર્થકતા માત્ર એમાં જ નથી કે મનુષ્ય લાખો-કરોડોની સંપત્તિનો સ્વામી બને. ચિંતામણિ રત્ન તુલ્ય આ હોનહાર બાળકને અગર આપ માત્ર ધનને માટે થઈને મુક્તિમાર્ગથી વિમુખ કરવા ઇચ્છો છો, તો મારી પાસે સુવર્ણરાશિની કોઈ ખોટ નથી, લાખો, કરોડો જેટલી પણ સુવર્ણમુદ્રાઓ, આપને જોઈએ તેટલી આપ સહર્ષ લઈ શકો છો.''

શ્રેષ્ઠી ચાચિગનું આત્મસન્માન મંત્રી ઉદયનનું અંતિમ વાક્ય સાંભળતા સહસા જાગી ઊઠ્યું. એણે કહ્યું : ''મંત્રીશ્રી ! જૈનશાસન પ્રતિ પ્રગાઢ પ્રેમસભર, સમષ્ટિ કલ્યાણ પ્રત્યે આસ્થાપૂર્ણ આંતરિક આપના ઉદ્‌ગારો સાંભળી મારી મોહનિદ્રાનો સંપૂર્ણ ભંગ થયો છે. અગર હું મારા પુત્રને મારી પાસે જ રાખીશ તો એને મદારીના વાંદરાની જેમ સહુને નમસ્કાર કરવાના થશે અને અગર હું તેને ગુરુચરણોમાં સમર્પિત કરી દઈશ તો આ વિશ્વવંદ્ય થઈ જશે. રાજા,

મહારાજા, શ્રીમંત, સેનાપતિ યોદ્ધા અને સર્વ પ્રજાજન એને વંદન નમસ્કાર કરશે. હું મારા પ્રાણપ્રિય પુત્રને સહર્ષ જિનશાસનની સેવા અર્થે આચાર્યશ્રીની સેવામાં સમર્પિત કરવા માટે ઉત્સુક છું.''

ત્યાર બાદ મંત્રી ઉદયન, ચાચિગ શ્રેષ્ઠી અને બાળક ચંગદેવ દેવચંદ્ર-સૂરિની સેવામાં શીઘ્રતાથી પહોંચ્યા. વંદન-નમન બાદ શ્રેષ્ઠી ચાચિગે નમ્રતાપૂર્વક આચાર્યશ્રીને જણાવ્યું કે - ''ભગવાન ! મારા આ પ્રાણપ્રિય પુત્રને મારી ધર્મિષ્ઠા સહધર્મિણી પહેલેથી જ આપને સમર્પિત કરી ચૂકી છે, હવે હું તેને સહર્ષ આપની સેવામાં સદાયને માટે સમર્પિત કરું છું. હવે તેનાં માતા-પિતા, આરાધ્યદેવ સઘળું આપ છો.''

આટલું સાંભળતાં બાળક ચંગદેવના હર્ષનો પાર ન રહ્યો. એણે આચાર્યશ્રીનાં ચરણોમાં માથું મૂકી તેમનાં ચરણોને બંને કોમળ હાથોથી જકડી લીધા. સંઘમાં હર્ષની લહેર દોડી. દીક્ષાનું મુહૂર્ત કાઢવામાં આવ્યું. વિ. સં. ૧૧૫૦ની મહા સુદ ચોથને શનિવારના દિવસે શ્રેષ્ઠ મુહૂર્તમાં આચાર્ય દેવચંદ્રએ બાળક ચંગદેવને સ્તંભતીર્થમાં સ્થિત ભગવાન પાર્શ્વનાથ મંદિરના પ્રાંગણમાં પંચમહાવ્રતની શ્રમણ-ધર્મની દીક્ષા આપી. દીક્ષાના સમયે ચંગદેવનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું. મંત્રીવર્ય ઉદયને પોતે અભૂતપૂર્વ સમારોહના આયોજનની સાથે દીક્ષા મહોત્સવની સમુચિત દેખરેખ અને વ્યવસ્થા કરી. પ્રબંધ ચિંતામણિકારે 'કુમારપાલ પ્રબંધ'માં એ સ્પષ્ટ કર્યું છે કે - 'હેમચંદ્રાસૂરિના દીક્ષા મહોત્સવમાં એમના પિતા ચાચિગે જ ખર્ચનો બોજ ઉઠાવ્યો.'

'પ્રભાવક ચરિત્ર' મુજબ દીક્ષા વખતે બાળક ચંગદેવની વય ૫ વર્ષ ૩ માસની હતી. જ્યારે 'પ્રબંધ ચિંતામણિ' અનુસાર દીક્ષિત થયા તે વખતે ચંગદેવની વય લગભગ ૮ વર્ષની હતી. 'પ્રભાવક ચરિત્ર'માં થયેલ ઉલ્લેખ મુજબ જ અન્યત્ર તેમની દીક્ષાકાળની વય વિશે નોંધ મળે છે. એટલે જ્યાં સુધી અન્ય કોઈ પુષ્ટ પ્રમાણ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી 'પ્રભાવક ચરિત્ર'ના ઉલ્લેખને જ પ્રામાણિક માનવા સિવાય કોઈ ઉપાય નથી.

નવદીક્ષિત મુનિ સોમચંદ્ર પોતાના ગુરુની સેવામાં રહીને નિષ્ઠા-પૂર્વક અધ્યયન કરવા લાગ્યા. એમણે અનુક્રમે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાઓની સાથે સાહિત્ય, વ્યાકરણ, તર્કશાસ્ત્ર, છંદશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર આદિ અનેક વિદ્યાઓનું નિષ્ઠાપૂર્વક અધ્યયન કરતાં એ

સર્વ વિષયોમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. ગુરુસેવાની સમાંતરે એમણે જૈનાગમો અને આગમિક સાહિત્યનું પણ તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું. કિશોરવયમાં તેઓ સ્વપરદર્શનના પોતાના સમયના અપ્રતિમ વિદ્વાન સિદ્ધ થયા અને તેમનાં પાંડિત્યની ખ્યાતિ ચોતરફ પ્રસરી ગઈ.

ઘણી વિદ્યાઓમાં નૈપુણ્ય પ્રાપ્ત કરવા છતાં પણ મુનિ સોમચંદ્રને આત્મસંતોષ ન થયો. તેઓ મનોમન વિચારવા લાગ્યા કે - 'પદાનુસારિણી વિદ્યા જેવી વિલક્ષણ પ્રતિભા અથવા લબ્ધિ પ્રાપ્ત થાય ત્યારે જ્ઞાન ઉપાર્જિત કરી જિનશાસનના ઉત્કર્ષ, પ્રચાર, પ્રસાર માટે પરમોપયોગી ઉત્તમ સાહિત્યનું નિર્માણ થઈ શકે છે.' પર્યાપ્ત વિચાર કર્યા પછી એમણે સરસ્વતીની ઉપાસના કરવાનો દૃઢ સંકલ્પ કર્યો અને એક દિવસ પ્રાતઃકાળે પોતાના ગુરુ દેવચંદ્રસૂરિની અનુમતિ મેળવી થોડા ગીતાર્થ મુનિઓ સાથે વિદ્યાના કેન્દ્ર બ્રાહ્મી દેશ તરફ પ્રસ્થાન કર્યું.

વિહારક્રમે રૈવતાચળને પાર કરી મુનિ સોમચંદ્ર નેમિનાથ તીર્થમાં આવ્યા અને એકાંત જગ્યાએ રોકાયા. રાત્રે મુનિ સોમચંદ્ર બ્રાહ્મીની આરાધનામાં મગ્ન થઈ ગયા. વિદ્યાની દેવી બ્રાહ્મીની ઉપાસનાનાં ફળસ્વરૂપે લગભગ મધ્યરાત્રિએ બ્રાહ્મીદેવી એમની સમક્ષ પ્રગટ થયાં અને બોલ્યાં : "હે વિશુદ્ધમના વત્સ ! હવે તમારે દેશાંતર જવાની કોઈ આવશ્યકતા નથી. હું તમારી નિષ્ઠાપૂર્વક અનન્ય ભક્તિથી પ્રસન્ન છું. તમને તમે ઇચ્છો છો તે કાર્ય અહીં સિદ્ધ થઈ જશે."

બ્રાહ્મીદેવી આ રીતે મુનિ સોમચંદ્રને વરદાન આપી અદૃશ્ય થઈ ગઈ. દેવીના અંતર્ધાન થયા બાદ પણ સોમચંદ્રજીએ રાત્રિ બ્રાહ્મીની ઉપાસનામાં વ્યતીત કરી. આ રીતે કોઈ કષ્ટ વગર મુનિ સોમચંદ્ર સિદ્ધ સારસ્વત કવિ અને વિદ્વદ્ શિરોમણિ થઈ ગયા અને ગુરુની સેવામાં પરત ફર્યા. 'પ્રબંધ ચિંતામણિ'ની એક પ્રતમાં મુનિ સોમચંદ્ર પર સરસ્વતીના પ્રસન્ન થવાનું વિવરણ જોવા મળે છે.

મુનિ સોમચંદ્રનાં અપ્રતિમ પાંડિત્યની પ્રસિદ્ધિ દૂર-દૂર સુધી પ્રસરી ગઈ હતી. જન-જનના મુખ પર એ જ વાત પ્રગટ થતી હતી કે - 'મુનિ સોમચંદ્રના કંઠમાં સાક્ષાત્ સરસ્વતી બિરાજમાન છે. જટિલ સમસ્યાઓનું તેઓ તત્ક્ષણ સમાધાન કરી દે છે.' ચૌદ વિદ્યાઓના જાણકાર મુનિ સોમચંદ્ર સમક્ષ કોઈ વિદ્વાન ક્ષણ પણ ટકી શકે નહિ.

સુયોગ્ય શિષ્ય સોમચંદ્રની જન-જનનાં મુખે ખ્યાતિ સાંભળી દેવચંદ્ર-સૂરિએ તેમને આચાર્યપદ પ્રદાન કરવાનો સંકલ્પ કર્યો. એમણે સંઘના સદસ્યોને આમંત્રિત કરી એમની સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો. એ પ્રસ્તાવનું સંઘના સભ્યોએ હાર્દિક સ્વાગત કર્યું. ત્યાર બાદ વૈશાખ સુદ તૃતીયા-(અક્ષય તૃતીયા)ના દિવસે મુનિ સોમચંદ્રને આચાર્યપદે પ્રતિષ્ઠિત કરવાનો નિર્ણય લેવાયો. વિ. સં. ૧૧૯૯ની વૈશાખ સુદ તૃતીયાની મધ્યાહ્ન વેળાએ મહારાજ સિદ્ધરાજ જયસિંહ, સમસ્ત સંઘ અને નાગરિકો સમક્ષ વિવિધ વાદ્યયંત્રોની ધ્વનિ વચ્ચે મુનિ સોમચંદ્રને આચાર્યપદે અધિષ્ઠિત કરવામાં આવ્યા. ત્યાર બાદ નિઃસ્તબ્ધ શાંતિનું વાતાવરણ રચી આચાર્ય દેવચંદ્રએ મુનિ સોમચંદ્રના કાનમાં સૂરિમંત્રનું ઉચ્ચારણ કર્યું. આ રીતે મુનિ સોમચંદ્રને સૂરિપદ (આચાર્યપદ) પર અધિષ્ઠિત કરતી વખતે એમના ગુરુ દેવચંદ્રસૂરિએ એમનું નામ હેમચંદ્રસૂરિ રાખ્યું.

આ જ મંગળ મુહૂર્તમાં આચાર્ય હેમચંદ્રની માતા પાહિનીએ આચાર્ય દેવચંદ્રના મુખારવિંદથી પાંચ મહાવ્રતોની દીક્ષા ગ્રહણ કરી. એ જ વખતે આચાર્યપદ પર સદ્યઃ આસનસ્થ થયેલા હેમચંદ્રસૂરિએ પોતાના ગુરુ દેવચંદ્રસૂરિને વિનંતી કરી માતા પાહિનીને પ્રવર્તિનીપદ પ્રદાન કરાવી એમના માટે પાટ પર બેસવાનું પ્રાવધાન કરાવ્યું.

આચાર્યપદ પર પ્રતિષ્ઠિત થયા બાદ હેમચંદ્રસૂરિ વિભિન્ન ક્ષેત્રોમાં જિનશાસનનો પ્રચાર-પ્રસાર કરતાં કરતાં એક વખત અણહિલપુર-પાટણમાં પધાર્યા. બીજા દિવસે રાજવી ઠાઠ-માઠથી હાથી પર સવાર મહારાજા જયસિંહ રાજમાર્ગ પર પસાર થઈ રહ્યા હતા. એમણે નજીક આવેલા ઉપાશ્રયમાં હેમચંદ્રસૂરિને બેઠેલા જોઈ હાથીને આગળ વધતો અટકાવી આચાર્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયા. રાજાએ હેમચંદ્રસૂરિને જિજ્ઞાસાપૂર્ણ મુદ્રામાં કહ્યું : "કાંઈક કહો."

આ વાત પર સિદ્ધ-સારસ્વત કવિ હેમચંદ્રસૂરિએ તત્ક્ષણ એક શ્લોકની રચના કરી સિદ્ધરાજ જયસિંહને પરાક્રમપૂર્વક વિજયી બનવાના આશીર્વાદ આપ્યા. એ જ ક્ષણથી સિદ્ધરાજ અને સિદ્ધ-સારસ્વતમાં પ્રગાઢમૈત્રી થઈ ગઈ. બંનેનું પ્રાયઃ પ્રતિદિન મિલન થવા લાગ્યું. બંનેની

મૈત્રીના પ્રગાઢ સ્વરૂપના પરિણામે ગુર્જરભૂમિના સુસંસ્કારિત નવનિર્માણનો શુભારંભ થયો.

એક દિવસ પાટણની રાજસભાની વિદ્વાનોની મંડળી અવંતિથી આવેલ ગ્રંથો સિદ્ધરાજ જયસિંહને બતાવી રહી હતી. સિદ્ધરાજ જયસિંહે એક ગ્રંથ પર 'ભોજ વ્યાકરણ' લખેલું જોઈને વિદ્વાનોને પ્રશ્ન કર્યો કે - "આ શું છે ?" એક વયોવૃદ્ધ વિદ્વાને કહ્યું : "રાજન્ ! આ માલવરાજ ભોજ દ્વારા નિર્મિત વ્યાકરણ છે."

મહારાજ ભોજ સ્વયં વિદ્વાન હતા. એમણે અલંકાર, જ્યોતિષ, અર્થશાસ્ત્ર, આયુર્વેદ, રાજનીતિ, વાસ્તુકલા, અંકગણિત, શકુનશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને આધ્યાત્મિક વિષય પર અનેક ગ્રંથોની રચનાઓ કરી હતી.

'ભોજ વ્યાકરણ'ને જોઈને સિદ્ધરાજ જયસિંહને ગુર્જર રાજ્યના ગ્રંથાગાર માટે આવા ગ્રંથ તૈયાર કરાવવાની જિજ્ઞાસા થઈ. એમણે આચાર્ય હેમચંદ્રસૂરિને આવો વ્યાકરણ ગ્રંથ નિર્માણ કરવાની પ્રાર્થના કરી. આ કાર્યને નિષ્પન્ન કરવા માટે હેમચંદ્રસૂરિના કહેવાથી કાશ્મીર પ્રદેશમાં આવેલા સરસ્વતીદેવીના ગ્રંથાગારમાંથી વ્યાકરણ વિષયક ગ્રંથો મંગાવવામાં આવ્યા. દેવી ભારતીએ સ્વયં પ્રગટ થઈને સિદ્ધરાજના રાજપુરુષોને કહ્યું : "હેમચંદ્ર મારું જ બીજું સ્વરૂપ છે. એમની ઇષ્ટ સિદ્ધિ માટે એમને જરૂરી દરેક ગ્રંથ લાવવાની વ્યવસ્થા કરો." રાજપુરુષ દરેક આવશ્યક ગ્રંથ લઈને આવ્યા અને હેમચંદ્રાચાર્ય પર દેવીની અનન્ય કૃપાની વાત જણાવી.

મહારાજા જયસિંહે પોતાનો આંતરિક આનંદ પ્રગટ કરતાં કહ્યું : "ધન્ય છે મારો દેશ, જ્યાં આ પ્રકારના સમર્થ મહાપુરુષ છે."

આચાર્ય હેમચંદ્રસૂરિએ ભારતીના ગ્રંથાગારથી આવેલાં ગ્રંથ-રત્નોનો પૂર્ણ એકાગ્રતાથી નિષ્ઠાપૂર્વક અભ્યાસ કર્યો અને ચિંતન - મનન કરી 'સિદ્ધ-હેમ વ્યાકરણ' ગ્રંથની રચના કરી. સૂત્રવૃત્તિ તથા અનેકાર્થ બોધિકા નામમાલા સહિત આ ગ્રંથરત્નને જોઈને તત્કાલીન વિદ્વાનોએ હેમચંદ્રસૂરિની મુક્તકંઠે પ્રશંસા કરી અને સહુએ આ ગ્રંથરત્નને આદરપૂર્વક વધાવ્યો.

પૂર્વવર્તી દરેક વ્યાકરણ અપૂર્ણ અને દુર્બોધ હતા. એટલે વિદ્વદ્ સમાજે *સર્વસંમતિથી 'સિદ્ધહેમ વ્યાકરણ'ને પ્રમાણિત કર્યો.* સ્વયં સિદ્ધરાજ જયસિંહે વિદ્વાનોની સાથે 'સિદ્ધહેમ વ્યાકરણ'નું સાર્થ વાંચન કર્યું. એના વાંચનથી મહારાજ સિદ્ધરાજને અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ. એમણે તત્કાળ ઘોષણા કરી કે - 'પ્રતિવર્ષ ત્રણ લાખ રૌપ્ય મુદ્રાઓ સિદ્ધહેમ વ્યાકરણની પ્રત લખાવવા માટે રાજ્યકોષમાંથી ખર્ચ કરવામાં આવે.' સિદ્ધહેમ વ્યાકરણની પ્રત લખવા માટે વિભિન્ન નગરો અને ગામોમાંથી ત્રણસો પ્રખ્યાત લેખકો(લહિયાઓ)ને પાટણ બોલાવી લેખનકાર્યનો પ્રારંભ કરાવ્યો. સિદ્ધહેમ વ્યાકરણની વિપુલ-માત્રામાં નકલો એકસાથે તૈયાર થઈ ગયા બાદ સર્વપ્રથમ દરેક ધર્મના ગુરુઓ અને વિદ્યાલયોના અધ્યાપકોમાં તેનું વિતરણ થયું. 'સિદ્ધહેમ વ્યાકરણ'ની ઉપનિબંધ સહિત વીસ નકલ મહારાજા જયસિંહે કાશ્મીરના ભારતી મંદિરમાં સન્માનપૂર્વક ભેટ આપી, જે ભારતીના ગ્રંથાગારમાં મૂકવામાં આવી. ત્યાર બાદ વિશાળ ગુર્જર રાજ્યના દરેક નગર અને ગામમાં સિદ્ધહેમ વ્યાકરણની નકલ વિદ્વાનો અને વિદ્યાર્થીઓને અધ્યયનાર્થે વિતરિત કરવામાં આવી.

એ દિવસોમાં અણહિલપુર-પાટણમાં કાયસ્થ કુલોત્પન્ન કાકલ નામના એક વિદ્વાન રહેતા હતા. એમણે આઠ પ્રકારનાં વ્યાકરણોનું પારદર્શી અધ્યયન કર્યું હતું. આચાર્ય હેમચંદ્રસૂરિના પરામર્શથી સિદ્ધરાજ જયસિંહે કાકલને સિદ્ધહેમ વ્યકરણના અધ્યાયન અર્થે પ્રાધ્યાપક તરીકે નિયુક્ત કર્યા. એમની પાસે અધ્યયન અર્થે વિવિધ સ્થળેથી મોટી સંખ્યામાં વ્યાકરણના વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. મહારાજા જયસિંહે સ્વશાસિત ગુર્જર, માલવ આદિ ૧૮ પ્રદેશોમાં 'સિદ્ધહેમ વ્યાકરણ' ગ્રંથનાં અધ્યયન-અધ્યાપનની રાજાજ્ઞા પ્રસારિત કરાવી.

'સિદ્ધહેમ વ્યાકરણ' ગ્રંથના અધ્યયન-અધ્યાપનને સંપૂર્ણ પ્રોત્સાહન પ્રદાન કરવાના હેતુથી દરેક વર્ષની જ્ઞાન પાંચમના દિવસે અખિલ રાજ્યસ્તરે 'સિદ્ધહેમ વ્યાકરણ'ની પરીક્ષાનું આયોજન રાજ્ય તરફથી થતું હતું. જે શિક્ષાર્થી આ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકથી ઉત્તીર્ણ થતા હતા, એમને સ્વયં મહારાજા સિદ્ધરાજ જયસિંહ દ્વારા મહાર્ઘ્ય, શાલ,

સુવર્ણપદક આદિથી સન્માનિત કરવામાં આવતા હતા. સર્વશ્રેષ્ઠ શિક્ષકોને પણ સુખાસન આદિથી સ્વયં રાજા દ્વારા સન્માનિત કરવામાં આવતા. આ રીતે પારિતોષિકો, પ્રોત્સાહનોના પરિણામે 'સિદ્ધહેમ વ્યાકરણ'નો અભ્યાસ કરનારની સંખ્યા પ્રતિવર્ષ વધતી ગઈ. ભારતના વિશાળ ભૂ-ભાગમાં 'સિદ્ધહેમ વ્યાકરણ'ના અભ્યાસને ઘણી લોકપ્રિયતા મળી.

આચાર્ય હેમચંદ્રના મુખ્ય શિષ્ય શીઘ્ર કવિ મુનિ રામચંદ્રની આંખની પીડા વધી ગઈ અને એક આંખની દૃષ્ટિ વિલુપ્ત થઈ જવાના કારણે આચાર્યશ્રીને પાટણમાં જ ચાતુર્માસ કરવા રોકાવું પડ્યું. ચાતુર્માસના ગાળા દરમિયાન હેમચંદ્રસૂરિએ બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથના ચરિત્ર પર વિસ્તારપૂર્વક વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. જિનેશ્વર નેમિનાથના જીવનચરિત્ર અને આચાર્ય હેમચંદ્રસૂરિની અદ્‌ભુત વ્યાખ્યાન શૈલીની શ્રોતાઓના મુખે મહિમા સાંભળી દરેક ધર્મના અનુયાયીઓ વ્યાખ્યાન સાંભળવા આવવા લાગ્યા. વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં શ્રોતાઓ અનેક વખત ભાવવિભોર થઈ ઝૂમી ઊઠતા.

આચાર્ય હેમચંદ્રસૂરિએ જૈન ધર્મના પ્રસાર-પ્રચાર અને જિન-શાસનની પ્રભાવનાની સાથે-સાથે એ સમયના લોકોના અંતરમનમાં ઘર કરી ગયેલા ધાર્મિક અસહિષ્ણુતાના સંસ્કારોને નિર્મૂળ કરવાના અનેક ઉલ્લેખનીય કાર્યો કર્યાં. તેઓ દરેક ધર્મોનું સન્માન કરતા હતા. વિવિધ દર્શનોના વિદ્વાનો પ્રત્યે આદર અને ઉદારતાપૂર્વક વ્યવહાર હેમચંદ્રાચાર્ય તરફથી પ્રગટ થતો. એમની આ રીતની સમન્વયવાદી નીતિના માધ્યમથી ગુર્જર પ્રદેશમાં ધાર્મિક અસહિષ્ણુતાના ઉન્મૂલનની દિશામાં અથાક પ્રયત્ન કર્યા.

આચાર્ય હેમચંદ્રની ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતાનાં અનેક ઉદાહરણ છે. 'પ્રભાવક ચરિત્ર' અનુસાર એક દિવસ મહારાજ સિદ્ધરાજ જયસિંહે તીર્થયાત્રા માટે પ્રસ્થાન કર્યું. પોતાના આ નિશ્ચય પૂર્વે મહારાજા સિદ્ધરાજ જયસિંહે આચાર્ય હેમચંદ્રજીને પોતાની સાથે પધારવા વિનંતી કરી. તીર્થયાત્રા અર્થે પ્રસ્થાન કરતી વખતે મહારાજાએ હેમચંદ્રા-ચાર્યને અત્યંત આગ્રહ કર્યો કે - 'તેઓ એક પાંલખીમાં બેસી

તીર્થયાત્રામાં એમનો સાથ આપે.' પરંતુ હેમચંદ્રાસૂરિએ શ્રમણાચાર વિરુદ્ધ ચાલુક્યરાજ દ્વારા થયેલા અનુરોધનો અસ્વીકાર કર્યો અને દીર્ઘ પદયાત્રા કરી. પુત્રના અભાવથી દુઃખી સિદ્ધરાજ જયસિંહે આચાર્ય હેમચંદ્રની સાથે શેત્રુંજય, રૈવતકાચલ, ઉજ્જયંત મહાતીર્થ આદિ અનેક તીર્થોની યાત્રા કરી. આ તીર્થોમાં મહારાજા જયસિંહે સિંહાસન-આસન આદિનો ક્યારેય ઉપયોગ ન કર્યો. રાજાએ આ જૈન તીર્થોની યાત્રા દરમિયાન જમીનને જ સદાય પોતાનું સિંહાસન સમજીને સાદગી અપનાવી. આ તીર્થોમાં ચાલુક્યરાજ જયસિંહે પુણ્ય અર્જન કરવાના હેતુથી જૈનમંદિરોમાં ગ્રામદાન, દ્રવ્યદાન આદિ અનેક પ્રકારનાં દાન કર્યાં. ઉજ્જયંત તીર્થ પર ભગવાન નેમિનાથના બિંબને ભક્તિપૂર્વક વંદન-નમન કર્યા બાદ ગુર્જરનરેશે સદાયને માટે ત્યાં મર્યાદાઓ નિર્ધારિત કરી દીધી કે - 'આ તીર્થમાં કદાપિ કોઈ વ્યક્તિ મંચ-પલંગ આદિ પર નહિ સૂવે, સ્ત્રીસંગ-સૂતકકર્મ આદિનો પણ આ સ્થળે નિષેધ કરવામાં આવ્યો. ઉપર જણાવ્યા મુજબનાં તીર્થોની યાત્રા કર્યા બાદ સિદ્ધરાજ જયસિંહ હેમચંદ્રસૂરિની સાથે સોમેશ્વરતીર્થમાં ભગવાન સોમેશ્વરના મંદિરમાં ગયા. ત્યાં હેમચંદ્રાચાર્યને પરમાત્મસ્વરૂપથી પરમ સંતોષ થયો. કોઈનો વિરોધ ન કરવો અર્થાત્ 'સર્વધર્મસમન્વયની નીતિને અપનાવવી એ જ મુક્તિનું પરમ સાધન છે,' એ રીતે વિચાર કરતાં કરતાં આચાર્ય હેમચંદ્રજીએ નીચે લખેલ શ્લોકનું સસ્વર પઠન કરી ભગવાન સોમેશ્વરને નમસ્કાર કર્યા.

यत्र तत्र समये यथा तथा, योऽसि सोऽस्यमिधया यया तया ।
वीतदोषकलुषः स चेद भवान्नेक एव भगवन्नमोऽस्तु ते ॥

અર્થાત્ - હે ભગવાન ! વિભિન્ન દર્શનો દ્વારા વિભિન્ન સમયમાં આપને ભલે જેટલાં વિભિન્ન નામથી ઓળખવામાં આવ્યા હોય, પણ અગર આપ સમસ્ત દોષો અને કર્મકલુષથી પૂર્ણતઃ મુક્ત છો, તો આપ એ જ વિશ્વવંદ્ય ભગવાન છો. હું આપને નમસ્કાર કરું છું.

'પ્રભાવક ચરિત્ર'ના આ ઉલ્લેખથી સ્પષ્ટપણે સિદ્ધ થાય છે કે - 'આચાર્ય હેમચંદ્ર દરેક ધર્મ પ્રત્યે, દરેક ધર્મના આરાધ્યદેવો પ્રત્યે સન્માન પ્રગટ કરનારા અને સમન્વયવાદના પ્રબળ પક્ષધર હતા.'

સોમેશ્વરતીર્થમાં ભગવાન સોમેશ્વરની પૂજા, અર્ચના અને ત્યાં અનેક પ્રકારનાં મહાદાન પ્રદાન કરી મહારાજ સિદ્ધરાજ જયસિંહ આચાર્ય હેમચંદ્રની સાથે કોટિનગરમાં આવેલા અંબિકા મંદિરમાં પહોંચ્યા. ત્યાં ગુર્જરાધીશ જયસિંહે પોતાની સંતાનવિહીન અવસ્થાથી પ્રપીડિત થઈ અંબિકાની ઘણા દિવસ સુધી વિધિવત્ ઉપાસના કરી. આચાર્ય હેમચંદ્રએ પણ ત્રણ દિવસ ઉપવાસ પર રહી ધ્યાનમગ્ન થઈ શાસનાધિષ્ઠાત્રી અંબિકાદેવીનું આહ્વાન કરતાં આરાધના કરી. ત્રીજા દિવસના ઉપવાસની રાત્રિના અંતિમ પ્રહરમાં અંબિકા દેવી હેમચંદ્રસૂરિ સમક્ષ પ્રગટ થયાં અને એમને સંબોધીને કહ્યું : "સાંભળો મુનિ ! નરાધિપ જયસિંહ અને તેમના પિતરાઈ ભાઈના પુત્ર કુમારપાળને સંતાનનો યોગ નથી. રાજા જયસિંહ પછી એમનો ભ્રાતૃજ કુમારપાળ ગુર્જર રાજ્યનો રાજા થશે. તે વિપુલ, પુણ્ય અને યશોકીર્તિ અર્જિત કરનારો પ્રતાપિ રાજા થશે." આમ કહીને અંબિકા દેવી અદૃશ્ય થયાં.

જ્યારે સિદ્ધરાજ જયસિંહને હેમચંદ્રસૂરિ પાસે અંબિકા દ્વારા કહેવાયેલી વાત જાણવા મળી ત્યારે તેઓ ખૂબ દુઃખી થયા, અને ભારે મનથી આચાર્યશ્રી સાથે પાટણ પરત ફર્યા. રાજધાની પહોંચ્યા પછી સિદ્ધરાજે જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત અનેક જ્યોતિષીઓને પોતાના પ્રાસાદમાં બોલાવ્યા. એમને પૂછવામાં આવ્યું ત્યારે દરેક જ્યોતિષીઓએ સર્વસંમત નિર્ણય પર પહોંચીને સિદ્ધરાજને જણાવ્યું કે - 'એમને સંતાનનો યોગ નથી. સ્વર્ગીય ચાલુક્ય નરેશ્વર કર્ણનો પુત્ર દેવપ્રસાદ તથા દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાળ, જે આપના પિતરાઈ ભાઈનો પુત્ર છે, એ જ આપના પછી વિશાળ ગુર્જર રાજ્યના સિંહાસન પર બિરાજશે. કુમારપાળ એક મહાપ્રતાપી રાજા થશે અને તેના મૃત્યુ બાદ પ્રતાપી ચાલુક્યવંશ રાજ્ય નષ્ટપ્રાય થઈ જશે.' દરેક મુખ્ય નિમિત્તજ્ઞો પાસેથી આ વાત જાણી સિદ્ધરાજ જયસિંહને ખૂબ દુઃખ થયું. 'જે થવાનું છે તે કોઈ ટાળી શકતું નથી' - એ સારી રીતે જાણવા છતાં સિદ્ધરાજ જયસિંહ દ્વેષાભિભૂત થઈ કુમારપાળના પ્રાણ હરણ માટે વ્યગ્ર થઈ ગયો. સિદ્ધરાજ, કુમારપાળની હત્યા માટે કોઈ ષડ્યંત્ર રચે એ પહેલાં કોઈ પણ રીતે શંકા ઉત્પન્ન થવાથી કુમારપાળ અણહિલપુર-પાટણથી ચુપચાપ પલાયન કરી

શૈવદર્શનમાં જટાજૂટ તાપસનો વેશ ધારણ કરી રહેવા લાગ્યા. સિદ્ધરાજ જયસિંહે કુમારપાળને શોધી કાઢવા પોતાના વિશ્વસનીય માણસોને વિવિધ દિશામાં મોકલ્યા. થોડા સમય પછી રાજા જયસિંહને તેના ગુપ્તચરોએ સૂચના આપી કે - 'અણહિલપુર-પાટણમાં ૩૦૦ જટાધારી તાપસોની એક જમાત આવેલી છે. એ જમાતમાં કુમારપાળ પણ જટાજૂટધારી તાપસના વેશમાં વિદ્યમાન છે.'

સિદ્ધરાજ જયસિંહે કુમારપાળને શોધી અને મારી નાખવા માટે એ ત્રણસો તાપસોને ભોજન માટે પોતાના રાજમહેલમાં નિમંત્રિત કર્યા. મહારાજા જયસિંહને એ ખબર હતી કે - 'કુમારપાળના પગતળિયે પદ્મ અને વિશાળ ઊર્ધ્વ રેખાઓનાં ચિહ્ન અંકિત છે. એ ચિહ્નોને જોઈને કુમારપાળને ઓળખવા સહજ છે.' આ રીતે વિચાર કરીને રાજા પોતે અતિથિ તાપસોના પગ પખાળવા લાગ્યા. અનેક તાપસોના પગ પ્રક્ષાલન પછી તાપસનો વેશ ધારણ કરનાર કુમારપાળનો વારો આવ્યો અને રાજા તેના પગ ધોવા લાગ્યા ત્યારે અંગુલિસ્પર્શથી પણ પદચિહ્નોનો બોધ થઈ ગયો. સિદ્ધરાજ જયસિંહ સાશંક થયા. કુમારપાળને તત્કાળ આશંકા થઈ કે હવે શીઘ્રાતિશીઘ્ર એમના પ્રાણ પર સંકટ આવનારું છે. બીજા તાપસનાં ચરણ પખાળ્યાં પહેલાં મહારાજ જયસિંહ પોતાના અનુચરોને સંકેત કરે એનાથી પહેલાં જ કુમારપાળ તાપસોની આડશમાં છુપાતાં લપાતા ત્વરિત ગતિએ પૂર્વપરિચિત રાજમહેલના ગુપ્ત દ્વારથી બહાર નીકળી ગયા. 'પોતાના પ્રાણની રક્ષા માટે હેમચંદ્રસૂરિના ઉપાશ્રય સિવાય અન્ય કોઈ સર્વાધિક સુરક્ષાનું સ્થાન હોઈ ન શકે.' એમ વિચારી કુમારપાળ હેમચંદ્રસૂરિના ઉપાશ્રયમાં જઈ હાથ જોડી એમને નિવેદન કર્યું; "મહારાજ ! ચાલુક્યરાજ જયસિંહ મને મારવા ઈચ્છે છે. મને એમનાથી બચાવો." હેમચંદ્રસૂરિએ તત્કાળ કુમારપાળને તાડપત્રોથી ભરેલી એક કોઠીમાં તાડપત્રોથી ઢાંકી દીધા.

કુમારપાળની શોધમાં બધી તરફ ફરી વળેલા જયસિંહના સૈનિકોએ આચાર્ય હેમચંદ્રના ઉપાશ્રયમાં પ્રવેશી એમને પૂછ્યું અને ઉપાશ્રયમાં ચોતરફ નજર ફેરવી, પણ કુમારપાળ ક્યાંય દેખાયા નહિ, તેથી તેઓ પાછા ફર્યા. રાત્રે ચોતરફ નિઃસ્તબ્ધતા જોઈ આચાર્યશ્રીએ કુમારપાળને

કોઠીમાંથી બહાર કાઢ્યા અને કહ્યું : "હવે તમે નિર્જન વનમાંથી પસાર થઈ યશાશીઘ્ર ગુર્જર રાજ્યની સીમાથી બહાર જતા રહો."

વિકટ વનો અને પર્વતોને પાર કરતાં કુમારપાળ વામદેવના તપોવનમાં આવ્યા. આલિગ નામના એક કુંભારના ઘરની પાસે પહોંચી તેમણે ઘોડાનો અવાજ સાંભળ્યો. કુમારપાળ કુંભારના ઘરની અંદર પ્રવેશ્યા અને કહ્યું : "મને ક્યાંક છુપાવી દો અને મારા પ્રાણની રક્ષા કરો." કુંભારે તત્કાળ એને માટીનાં વાસણો પકાવવાના નિંભાડામાં માટલા વચ્ચે છુપાવી દીધા. અને ઉપર ઝાડી, ઝાંખરાં, કાંટા, ઘાસ વગેરે નાખી દીધું. કુંભારે ચતુરાઈપૂર્વક એ નિભાડાના એક ખૂણામાં આગ લગાડી દીધી. એ વખતે રાજ્યના માણસો શોધખોળ કરતા આવી પહોંચ્યા અને તેને પૂછ્યું કે - "કોઈ યુવાન અહીં આવ્યો હતો ?" કુંભારે તરત જવાબ આપ્યો : "ના, અહીં કોઈ આવ્યું નથી. આપ ઘર અને વાડામાં જોઈ શકો છો." સૈનિકોએ ઘરની અંદર-બહાર ચોતરફ જોયું. નિંભાડામાં આગની જ્વાળાઓ હતી, એટલે એ તરફ કોઈ સૈનિક ગયા નહિ. સૈનિકો દૂર નીકળી ગયા પછી કુમારપાળને નિભાડામાંથી બહાર કાઢ્યા અને એક ખૂણામાં કોઈ જુએ નહિ એ રીતે ભોજન કરાવ્યું.

રાત્રિના સમયે કુમારપાળે કુંભાર પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા પ્રગટ કરી અને વિકટ વન તરફ પ્રયાણ કર્યું. ફરતાં-ફરતાં પર્યાપ્ત સમય પસાર થયા પછી એક વખત કુમારપાળ સ્તંભતીર્થ (ખંભાત) ગયા. ત્યાં આચાર્ય હેમચંદ્ર ચાતુર્માસ અર્થે બિરાજમાન હતા. નગરમાં આમ-તેમ ફરી રહેલા કુમારપાળ સંયોગવશાત્ હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયમાં પહોંચ્યા, અને વ્યાખ્યાન સાંભળવા બેસી ગયા. આચાર્યશ્રીએ છદ્મવેશમાં હોવા છતાં પણ કુમારપાળને ઓળખી લીધા. વ્યાખ્યાન સમાપ્ત થયું કે તેઓ કુમારપાળને એકાંત સ્થળે લઈ ગયા અને કહ્યું : "રાજપુત્ર ! હજી થોડા સમય માટે ધીરજ રાખો. આજથી સાતમા વર્ષે તમે વિશાળ ગુર્જર રાજ્યના સ્વામી બનશો.

કુમારપાળે કહ્યું : "અગર એમ થશે તો એ રાજ્યના સ્વામી વાસ્તવમાં આપ જ હશો. પણ મારી વિનંતી છે કે આ સાત વર્ષ જેટલો લાંબો સમયગાળો કઈ રીતે પસાર થશે ? મારી પાસે તો આજના નિર્વાહ માટે પણ કાંઈ નથી."

આચાર્યશ્રીએ તત્કાળ પોતાના શ્રાવકને જણાવી કુમારપાળને ૩૨ દ્રમ્મ (એક પ્રકારની મુદ્રા) અપાવી અને કહ્યું : "મારી એક વાત સાવધાનીપૂર્વક સાંભળો. આજથી તમને દરિદ્રતાનું દુઃખ કદી નહિ આવે. તમને મારા શ્રાવકો તરફથી ભોજન, વસ્ત્ર આદિની યથાસમય પ્રાપ્તિ થતી રહેશે."

ત્યાર બાદ કુમારપાળ આચાર્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી એમને વંદન કરી અજ્ઞાત લક્ષ્ય તરફ પ્રયાણ કર્યું. ક્યારેક કાપાલિકનો વેશ ધારણ કર્યો, ક્યારેક કૌલનો તો ક્યારેક શૈવનો. આ રીતે અનેક વેશ ધારણ કરી કુમારપાળ વિવિધ ગામ, નગરમાં ભ્રમણ કરતા રહ્યા, અને એમ કરતાં કરતાં સાત વર્ષ પસાર થઈ ગયાં.

ભવિષ્યવાણી અનુસાર રાજસિંહાસન પર આરૂઢ થવાનો સમય નજીક આવ્યો અને કુમારપાળ અણહિલપુરપાટણ પહોંચ્યા. આચાર્ય હેમચંદ્રના ઉપાશ્રયમાં આચાર્યશ્રીની ખાલી પાટ પર બેસી તેમની પ્રતીક્ષા કરવા લાગ્યા. આચાર્યશ્રી ઉપાશ્રયમાં પ્રવેશ્યા અને કુમારપાળને પોતાની ખાલી પાટ પર બેઠેલા જોઈ તરત બોલ્યા : "કુમાર ! હવે તો આપ નિશ્ચિત રાજસિંહાસન પર બેસશો. મારી પાટ પર તમારું આ રીતે બેસવું એ ભાવિનો સંકેત છે."

ત્યાર બાદ કુમારપાળ રાજમહેલ તરફ આગળ વધ્યા. રાજમહેલની બહાર એમને ગુર્જર રાજ્યના મંત્રીઓએ જોયા અને આદરપૂર્વક રાજમહેલમાં લઈ ગયા. દરેક મંત્રીઓ આચાર્ય હેમચંદ્રસૂરિદ્વારા પૂર્વે થયેલી ભવિષ્યવાણીથી અવગત હતા. મંત્રી કૃષ્ણદેવે કુમારપાળને કહ્યું : "મહારાજ ! સિદ્ધરાજ જયસિંહનું દેહાવસાન થઈ ગયું છે. બે રાજકુમાર રાજસિંહાસનના દાવેદાર તરીકે અંદર બેઠા છે. આપ પણ આવો."

મંત્રી કૃષ્ણદેવે એક દાવેદાર રાજકુમારને તેની યોગ્યતાની પરીક્ષા માટે પાટ પર બેસાડ્યો. એ પાટ પર બેસતી વખતે પોતાનાં વસ્ત્રોને પણ સમેટી શકયો નહિ. તેનું ઉત્તરીય નીચે પડી ગયું. દરેક મંત્રીઓએ તેને અયોગ્ય ઘોષિત કરી બીજા દાવેદારને પાટ પર બેસાડ્યો. એ પાટ પર બેઠો કે તરત ઉપસ્થિત મંત્રીસમૂહને હાથ

જોડી માથું નમાવ્યું. એક વયોવૃદ્ધ મંત્રીએ કહ્યું : "આ તો વિશાળ ગુર્જર રાજ્યની ભૂમિનો ખૂણે ખૂણો શત્રુ રાજાઓને સમર્પિત કરી દેશે." બીજા ઉમેદવારને પણ અયોગ્ય ઘોષિત કરવામાં આવ્યો. પછી કુમારપાળને સિંહાસન પર બેસવાનું નિવેદન થયું, કારણ કે આચાર્ય હેમચંદ્ર અને નિમિત્તજ્ઞોએ પૂર્વે ભવિષ્યવાણી કરી હતી કે - 'સિદ્ધરાજ જયસિંહ પછી કુમારપાળ વિશાળ ગુર્જર રાજ્યના સિંહાસન પર બિરાજશે' અને ગુર્જર રાજ્યને અધિક શક્તિશાળી બનાવશે.' મંત્રીઓનો સંકેત થતાં જ કુમારપાળ ધીરગંભીર મુદ્રામાં શાર્દૂલની જેમ પરાક્રમ પ્રગટ કરતાં આગળ વધ્યા. વસ્ત્રોને સમુચિત રીતે સમેટી એક પૂર્ણ અભ્યસ્ત સમ્રાટની જેમ સિંહાસન પર બેસી ગયા.

રાજસિંહાસન પર બેસતાં જ પોતાની તલવારને મુઠ્ઠીમાં જકડી લીધી. સમ્રાટ જેવી કુમારપાળની મુખમુદ્રા જોઈને દરેક સામંતોએ સમવેત સ્વરમાં કહ્યું : "આપણા ગુર્જર રાજ્યના તેઓ મહાશક્તિશાળી રાજા થશે. તેઓ બાહુબળથી શત્રુઓનો સંહાર કરી ગુર્જર રાજ્યની સીમાઓ, પ્રતાપ અને કીર્તિને દિગ્‌દિગંતમાં વિસ્તારશે." તત્કાળ હર્ષોલ્લાસ સાથે ભવ્ય સમારોહમાં કુમારપાળનો વિશાળ ગુર્જર રાજ્યના રાજસિંહાસન પર રાજ્યાભિષેક થયો.

ગુર્જર રાજ્યની બાગડોર પોતાના હાથમાં સંભાળતા જ કુમારપાળે આંતર-બાહ્ય શત્રુઓનો નિગ્રહ કરી ટૂંકા સમયમાં જ રાજ્યની સીમાઓનો દૂર-દૂર સુધી વિસ્તાર કર્યો.

રાજસિંહાસન પર આરૂઢ થતાં પહેલાં પોતાના પર આવેલા પ્રાણ-સંકટની ઘડીઓમાં આચાર્ય હેમચંદ્રસૂરિએ જે રીતે એના પ્રાણની રક્ષા કરી, સહાયતા કરી અને ઉત્સાહ વધાર્યો, એ સર્વ બાબતોને ધ્યાનમાં રાખી કુમારપાળ આજીવન હેમચંદ્રાચાર્યના આભારી અને પરમ ભક્ત રહ્યા. સદાય તેમની સેવામાં ઉપસ્થિત થતા. એમના દરેક આદેશને શિરોધાર્ય કરી તેનું પરિપાલન કરવું તે પોતાનું અહોભાગ્ય સમજતા.

સમ્પ્રતિ મહારાજને બોધ આપીને જૈન ધર્મનો સુદૂરસ્થ પ્રદેશોમાં પ્રચાર કરનાર આચાર્ય સુહસ્તિ અને વીર વિક્રમાદિત્યને પ્રતિબોધ આપી જિનશાસનની પ્રભાવના કરનાર આચાર્ય સિદ્ધસેન પછી આચાર્ય હેમચંદ્ર જ વિગત ૨૫૦૦ વર્ષોમાં એવા મહાન જિનશાસન

પ્રભાવક આચાર્ય થયા, જેમણે સિદ્ધરાજ જયસિંહને જિનશાસનના હિતૈષી અને કુમારપાળ ચાલુક્યરાજને સાચા જૈન અનુયાયી, ધર્મનિષ્ઠ, બાર વ્રતધારી શ્રાવક બનાવી જૈન ધર્મની મહાન પ્રભાવના કરી. હેમચંદ્રસૂરિના ઉપદેશનો જ પ્રભાવ હતો કે કુમારપાળે પોતાના વિશાળ રાજ્યના વિસ્તૃત ભૂભાગમાં ૧૪ વર્ષ સુધી નિરંતર અમારિની ઘોષણા કરાવી કરોડો અબોલ પશુઓને અભયદાન પ્રદાન કરી અહિંસા, માનવતા અને જૈન ધર્મની પ્રતિષ્ઠાને આગળ વધારી.

આચાર્ય હેમચંદ્રના પ્રભાવશાળી ઉપદેશો, પ્રકાંડ પાંડિત્ય અને સમષ્ટિ કલ્યાણ માટે અપાયેલી પ્રેરણાઓનું જ સુફળ હતું કે વિશાળ ગુર્જર રાજ્યના બે મહારાજાઓ-સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના રાજ્યકાળમાં ગુર્જર પ્રદેશને એક સુગઠિત, માનવીય આદર્શોથી પ્રેરિત સુસંસ્કૃત, સમૃદ્ધ રાજ્યના રૂપે ઉભરવાનો અવસર મળ્યો.

આચાર્ય હેમચંદ્રએ સાહિત્ય-સર્જનના ક્ષેત્રમાં તો નૂતન કીર્તિમાન સ્થાપિત કર્યા. એમની પ્રેરણાથી સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળે સુદૂરસ્થ પ્રાંતોમાંથી પ્રાચીન ગ્રંથો, ઉપયોગી હસ્તપ્રતો અને દુર્લભ સાહિત્યને પાટણમાં મંગાવ્યું, અને ગુજરાતના જ્ઞાનભંડારને સમૃદ્ધ કરવાની સાથે વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, યોગ આદિ અનેક વિષયોના અભિનવ ગ્રંથ-રત્નોના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું.

આ તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી એ સિદ્ધ થાય છે કે હેમચંદ્રસૂરિ જિનશાસનના મહાન પ્રભાવક આચાર્ય હતા. એમણે માત્ર જિનશાસનના ઉત્કર્ષ અને પ્રસાર-પ્રચારનું જ કાર્ય ન કર્યું, પણ સમષ્ટિ કલ્યાણનાં અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યા. ઉપદેશક હોવાની સાથે સાથે તેઓ પોતાના સમયના એક મહાન આચાર્ય હતા. એમણે વિવિધ વિષયો પર મૌલિક ગ્રંથોની રચના કરી સરસ્વતીના ભંડારની શ્રીવૃદ્ધિ કરી. અનન્ય અલૌકિક પ્રતિભાસંપન્ન આચાર્યની પ્રતિભાથી પ્રભાવિત થઈ અનુગામી સાહિત્યકારોએ તેમને 'કલિકાલ-સર્વજ્ઞ'ના બિરુદથી વિભૂષિત કર્યા. આચાર્ય હેમચંદ્રસુરિ ચાલુક્યરાજ, સિદ્ધરાજ જયસિંહ અને મહારાજા કુમારપાળ આ ત્રણેય યુગપુરુષોના જીવન પરસ્પર પૂરક રહ્યા.

હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત ગ્રંથ

આચાર્ય હેમચંદ્રની રચનાઓ સંબંધમાં જૈન સાહિત્યમાં અમુક એ પ્રકારના ઉલ્લેખો મળે છે કે - 'તેમણે સાડા ત્રણ કરોડ શ્લોક-પરિમાણ ગ્રંથોની રચના કરી.' પરંતુ વર્તમાનમાં એમના દ્વારા રચિત જે ગ્રંથો ઉપલબ્ધ છે, એના શ્લોક-પરિમાણ સહિત સૂચિ નીચે મુજબ છે :

	ગ્રંથનામ	શ્લોક-પરિમાણ
૧	સિદ્ધહેમ લઘુવૃત્તિ	૬૦૦૦
૨	સિદ્ધહેમ બૃહદ્‌વૃત્તિ	૧૮૦૦૦
૩	સિદ્ધહેમ બૃહન્યાસ	૮૪૦૦૦
૪	સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ	૨૨૦૦
૫	લિંગાનુશાસન	૩૬૮૪
૬	ઉણાદિગણ વિવરણ	૩૨૫૦
૭	ધાતુ પારાયણ વિવરણ	૫૬૦૦
૮	અભિદાન ચિન્તામણિ	૧૦૦૦૦
૯	અભિધાન ચિન્તામણિ પરિશિષ્ટ	૨૦૪
૧૦	અનેકાર્થ કોષ	૧૮૨૮
૧૧	નિઘણ્ટુ કોષ	૩૬૯
૧૨	દેશી નામમાળા	૩૫૦૦
૧૩	કાવ્યાનુશાસન	૬૮૦૦
૧૪	છંદોનુશાસન	૩૦૦૦
૧૫	સંસ્કૃત દ્વયાશ્રય	૨૮૨૮
૧૬	પ્રાકૃત દ્વયાશ્રય	૧૫૦૦
૧૭	પ્રમાણ મીમાંસા (અપૂર્ણ)	૨૫૦૦
૧૮	વેદાંકુશ	૧૦૦૦

૧૯	ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર, મહાકાવ્ય, ૧૦ પર્વ	૩૨૦૦૦
૨૦	પરિશિષ્ટ પર્વ	૩૫૦૦
૨૧	યોગશાસ્ત્ર	૧૨૭૫૦
૨૨	વીતરાગ સ્તોત્ર	૧૮૮
૨૩	અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (કાવ્ય)	૩૨
૨૪	અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા કાવ્ય	૩૨
૨૫	મહાદેવ સ્તોત્ર	૪૪

આચાર્ય હેમચંદ્રની આ કૃતિઓથી જ અનુમાન લગાવી શકાય કે તેઓ કેટલા મહાન ગ્રંથકાર હતા. ૬૩ વર્ષના સુદીર્ઘ આચાર્યકાળ દરમિયાન એમણે નિરંતર સરસ્વતીની ઉપાસના કરતાં-કરતાં જન-જનનાં અંતર્મન પર જૈન ધર્મના સિદ્ધાંતોની અમિટ છાપ અંકિત કરી જિનશાસનની પ્રતિષ્ઠા વધારી.

છેવટે પોતાનો અંતિમ સમય નજીક જોઈ પોતાના યુગના મહાન યોગી હેમચંદ્રાચાર્યે પરમાર્હત મહારાજા કુમારપાળ, પોતાના શિષ્યો અને સંઘ પ્રમુખોને આમંત્રિત કરી એમને જિનશાસનની સેવામાં ઉત્તરોત્તર સંલગ્ન રહેવાનું ઉદ્‌બોધન આપી પોતાના દોષોની આલોચના કરી સંલેખનાપૂર્વક સંથારો કર્યો. સંસારનાં પ્રાણીમાત્ર પ્રત્યે ક્ષમાયાચના કરી, સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ કરી આત્મરમણમાં લીન આચાર્ય હેમચંદ્રસૂરિએ વિક્રમ સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની આયુ પૂર્ણ કરી સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.



સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ

સિદ્ધરાજ જયસિંહ

શ્રમણ ભગવાન મહાવીરના એકાવનમા પટ્ટધર દેવઋષિ વી. નિ. સં. ૧૫૮૯માં જ્યારે આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા. એ સમયે વિશાળ ગુર્જર રાજ્યના રાજસિંહાસન પર ચાલુક્યરાજ ભીમ હતા. આચાર્ય દેવઋષિના આચાર્યપદ પર આરોહણના બીજા વર્ષે વી. નિ. સં. ૧૫૯૦માં મહારાજા ભીમનું ૪૨ વર્ષના શાસન પછી દેહાવસાન થયું. ત્યાર બાદ વી. નિ. સં. ૧૫૯૦માં મહારાજા ભીમ પછી મહારાજા કર્ણ ચાલુક્ય રાજ્યના સિંહાસન પર આરૂઢ થયા.

મહારાજા કર્ણએ વી. નિ. સં. ૧૫૯૦ થી ૧૬૨૦ની પોષ કૃષ્ણા બીજ પર્યંત ૨૯ વર્ષ ૮ માસ અને ૨૧ દિવસ સુધી ગુર્જર રાજ્ય પર શાસન કર્યું. ત્યાર બાદ પોતાના ત્રણ વર્ષના પુત્ર સિદ્ધરાજ જયસિંહને વિ. સં. ૧૧૫૦(વિ. નિ. સં. ૧૬૨૦)ની પોષ વદ ત્રીજના શનિવારે ગુજરાત રાજ્યના સિંહાસન પર અભિષિક્ત કર્યા. ત્યાર બાદ મહારાજા કર્ણએ આશાપલ્લી પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું અને પોતાના નામ પરથી કર્ણાવતીપુર નામનું નગર વસાવ્યું અને સ્વયં ત્યાં રાજ્ય કરવા લાગ્યા. સાથે સાથે પોતાના પુત્ર જયસિંહના વિશાળ પાટણ રાજ્યનું પણ પુત્રના વયસ્ક થવા સુધી સંરક્ષણ કરતા રહ્યા.

રાજા કર્ણના દેહાંત પછી આશાપલ્લી કર્ણાવતીનું સમૃદ્ધ રાજ્ય પણ મહારાજા જયસિંહના વિશાળ ગુર્જર રાજ્યમાં સામેલ કરી દેવામાં આવ્યું. આ રીતે એક વિશાળ ગુર્જર રાજ્યના શાસનની બાગડોર મહારાજ જયસિંહના હાથમાં તેમના બાલ્યકાળમાં જ આવી ગઈ. કર્ણ પછી કર્ણની ઉદયમતી નામની રાણીના સહોદર મદનપાલને જયસિંહના સંરક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. પરંતુ મદનપાલના અત્યાચારોથી અણહિલપુર-પાટણની પ્રજા ત્રાસી ગઈ. યુવાનીમાં પ્રવેશેલા જયસિંહે પોતાના અંગરક્ષકો દ્વારા ગુપ્ત રીતે મદનપાલની હત્યા કરાવી અને મંત્રી શાન્તુને પ્રધાનમંત્રીપદે નિયુક્ત કર્યા.

'પ્રબંધ ચિંતામણિ'માં મહારાજા જયસિંહના જન્મ સંબંધે એક રહસ્યપૂર્ણ અને આશ્ચર્યજનક ઘટનાનો ઉલ્લેખ થયો છે. કર્ણાટકના મહારાજા જયકેશીની રાજરાણીએ એક કન્યાને જન્મ આપ્યો. એ કન્યાનું નામ મયણલ્લદેવી રાખવામાં આવ્યું. એક વખત તેને જાતિસ્મરણ જ્ઞાન થયું કે - 'પૂર્વજન્મમાં તે બ્રાહ્મણી હતી. મૃત્યુ પૂર્વે એણે એ નિદાન કર્યું કે - 'તે સોમેશ્વરના યાત્રીઓ પર લગાવવામાં આવનાર બાહુલોડ કરને આગામી જન્મમાં બંધ કરાવશે.' આ પ્રકારે નિદાન કરી એણે આમરણ અનશન કર્યું અને તે સોમેશ્વરતીર્થના નગરમાં નિધન પ્રાપ્ત કરી મહારાજ જયકેશીની રાજપુત્રી રૂપે જન્મી. ત્યાર બાદ એણે પ્રણ કર્યું કે - 'સોમેશ્વરના યાત્રીઓને બહુલોડ કરથી મુક્તિ અપાવવા તે ગુજરાતના મહારાજા સાથે જ વિવાહ કરશે, અન્ય કોઈની સાથે નહિ.'

કર્ણાટક રાજા જયકેશીને જ્યારે પોતાની પુત્રીના પ્રણની આ વાતની ખબર પડી તો તેણે પોતાના મંત્રીઓને મોકલી કર્ણને પ્રાર્થના કરી કે - 'એની દીકરીનું પાણિગ્રહણ કરી તેની રાણીરૂપે સ્વીકાર કરે.' પણ રાજકુમારી કુરૂપ હોવાના કારણે મહારાજા કર્ણએ તેની સાથે વિવાહ કરવાની વાતને ઠુકરાવી દીધી. એટલે હતાશ થયેલી રાજકુમારી મયણલ્લદેવીએ પોતાની આઠ સહેલીઓ સાથે સહર્ષ મૃત્યુનું વરણ કરવાનો નિશ્ચય કર્યો.

કર્ણની માતા ઉદયમતીએ જ્યારે આ પ્રકારની વાત સાંભળી તો એ દ્રવિત થઈ ગઈ અને તેણે એ રીતે જ મરવાનો સંકલ્પ કર્યો. પોતાની માતાના સ્વેચ્છા-મૃત્યુ વરણની વાત સાંભળી માતૃભક્ત કર્ણએ માતાના પ્રાણની રક્ષા કરવા માટે મયણલ્લદેવીની સાથે વિવાહ કરી લીધો. વિવાહ કરી લીધા પછી પણ કર્ણએ મયણલ્લદેવીના અંતઃપુરમાં જવાની વાત તો દૂર, એના તરફ ક્યારેય દૃષ્ટિ પણ ન કરી.

આ રીતે થોડા મહિના પસાર થઈ ગયા પછી એક દિવસ મંત્રી મુંજાલને રાજાના વિશ્વાસપાત્ર અનુચર દ્વારા જાણ થઈ કે મહારાજા કર્ણ એક નિમ્ન જાતિની નવોઢા પર મુગ્ધ છે અને એની સાથે સમાગમ

કરવા આતુર છે. મુંજાલે મયણલ્લદેવીને એ નિમ્ન જાતિની રમણી જેવાં વસ્ત્ર પરિધાન કરાવી એકાંત સ્થાનમાં મોકલી દીધાં. અંધારભર્યા કક્ષમાં મયણલ્લદેવીને જ પોતાની હીનકુલીના પ્રેયસી સમજતા કર્ણએ તેનો ઉપભોગ કર્યો. મયણલ્લદેવી એ રાતે ગર્ભવતી થઈ અને એણે રાજા પાસેથી વિદાય થતી વખતે રાજાની અંગૂઠી સ્મૃતિચિહ્ન તરીકે માંગી લીધી અને પોતાના મહેલમાં ચાલી ગઈ.

બીજા દિવસે પ્રાતઃકાળે રાજા કર્ણને રાત્રે કરેલાં પોતાના દુષ્કૃત્ય પર ભયંકર પસ્તાવો થયો અને પ્રાયશ્ચિત્ત રૂપે મરવાનો સંકલ્પ કર્યો. રાજાને મરવા માટે કૃતસંકલ્પ જોઈને મંત્રી મુંજાલે રાત્રિનું રહસ્ય ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું કે - 'જે સ્ત્રીની સાથે આપે સમાગમ કર્યો છે તે બીજું કોઈ નહિ પણ કર્ણાટકના મહારાજ જયકેશીની કુળવાન રાજપુત્રી અને મહારાજ કર્ણની પરીણીતા મહારાણી મયણલ્લદેવી હતાં. પોતાની મુદ્રિકા અને મહારાણી મયણલ્લદેવીને જોઈને એમને પૂરો વિશ્વાસ થયો કે તેમણે કોઈ દુષ્કૃત્ય કર્યું નથી. આમ તેઓ આશ્વસ્ત થયાં.'

આ ઘટના પછી મહારાજા કર્ણ મયણલ્લદેવીની સાથે સમુચિત સદ્‌વ્યવહાર કરવા લાગ્યા. ગર્ભકાળ પૂરો થતા મયણલ્લદેવીએ પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મથી મહારાજ કર્ણના હર્ષનો પાર ન રહ્યો અને તેણે પોતાના પુત્રનું નામ જયસિંહ રાખ્યું. આગળ જણાવ્યું તેમ ૩ વર્ષની ઉંમરમાં વિ. સં. ૧૧૫૦ની પોષ વદ ત્રીજ ને શનિવારના રોજ રાજકુમાર જયસિંહનો રાજ્યાભિષેક થયો.

ત્યાર બાદ અનેક વિદ્યાઓ અને રાજનીતિમાં નિષ્ણાત થઈ મહારાજા જયસિંહે ગુર્જર રાજ્યની યોગ્ય રીતે રાજ્યવ્યવસ્થા કરી. તેણે પોતાની માતા મયણલ્લદેવીના પ્રણ પૂરા કરવા માટે સોમનાથની યાત્રા પર લગાવાતા બાહુલોડ કરને સદાયને માટે સમાપ્ત કર્યો. ચાલુક્યરાજ જયસિંહ દ્વારા કરવામાં આવેલી મુક્તિની ઘોષણાથી મયણલ્લદેવીને અપાર હર્ષ થયો. એણે સોમેશ્વર મંદિરમાં જઈ સવા કરોડના મૂલ્યના સોનાથી સોમનાથની પૂજા કરી.

જે વખતે મહારાજ જયસિંહ પોતાની માતા મયણલ્લદેવીને સોમેશ્વરની યાત્રા કરાવી રહ્યા હતા, એ વખતે માલવરાજ યશોવર્માએ

એક વિશાળ રાજ્યને હસ્તગત કરવાનો સુઅવસર જોઈને ગુર્જર રાજ્ય પર આક્રમણ કર્યું. ગુપ્તચરો પાસેથી શત્રુના આક્રમણની વાત સાંભળી મહામંત્રી શાન્તુ તત્કાળ યશોવર્માની પાસે પહોંચ્યા અને પોતાના વાક્‌ચાતુર્યથી યશોવર્માને માલવ રાજ્ય તરફ પાછા વાળ્યા.

સોમેશ્વરની યાત્રાથી પાછા ફર્યા બાદ જ્યારે જયસિંહે માલવ-રાજના આક્રમણની વાત સાંભળી તો એ યશોવર્મા પર ખૂબ ગુસ્સે થયા અને તેના આ દુસ્સાહસનો પ્રતિશોધ લેવાનું નક્કી કર્યું. યુદ્ધની પૂરી તૈયારી કરી લીધા બાદ એક દિવસ મહારાજ જયસિંહે એક શક્તિ-શાળી વિશાળ સેનાની સાથે માલવરાજની રાજધાની ધારાનગરી તરફ પ્રસ્થાન કર્યું. યશોવર્માએ શત્રુની પ્રબળ સૈન્યશક્તિને દુર્દાન્ત અને અજેય સમજી રણમેદાનથી પલાયન કરી પોતાની સેના સાથે પોતાની રાજધાની ધારાનગરીમાં પ્રવેશ કર્યો અને નગરના કોટના લોખંડી દરવાજા બંધ કરી દીધા. ૧૨ વર્ષ સુધી સિદ્ધરાજની સેનાએ નગરને ઘેરો ઘાલ્યો. આખરે હાથીના શક્તિશાળી આક્રમણથી લોખંડી આગળાં તૂટી ગયા અને હાથી દ્વારની અંદર પ્રવિષ્ટ થવા લાગ્યા. જયસિંહ પોતાની સેના સાથે નગરમાં દાખલ થયા અને યશોવર્માને બંદી બનાવી લીધા. ત્યાર બાદ વિજયી જયસિંહે માલવ રાજ્યને પોતાના અધિકારમાં કરી સર્વત્ર પોતાની આજ્ઞા પ્રસારિત કરી.

યુદ્ધ વિજય પછી નગર પ્રવેશોત્સવ સંપન્ન થયા પછી મહારાજ જયસિંહની ઇચ્છાનુસાર આચાર્ય હેમચંદ્રએ દરેક વ્યાકરણ ગ્રંથોનું અવગાહન કરી સવા લાખ શ્લોક-પરિમાણ 'સિદ્ધહેમ વ્યાકરણ' નામનો સુંદર, સુગમ્ય અને દરેક દૃષ્ટિએ પૂર્ણ વ્યાકરણગ્રંથનું નિર્માણ કર્યું. ત્યાર બાદ સિદ્ધહેમ વ્યાકરણને હાથીની અંબાડી પર પ્રતિષ્ઠિત કરી શોભાયાત્રા કાઢી હતી. શોભાયાત્રા બાદ ગ્રંથને મહારાજા જયસિંહના રાજમંદિરે લાવવામાં આવ્યો અને પૂજા-અર્ચના બાદ એને રાજ્યના કોષાગારમાં રાખવામાં આવ્યો. આ વ્યાકરણના નામકરણમાં પ્રયુક્ત 'સિદ્ધ' અને 'હેમ' શબ્દોથી મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ અમર થઈ ગયું.

સિદ્ધરાજ જયસિંહે પોતાના રાજકાળમાં સ્વયં શૈવ ધર્માવલંબી હોવા છતાં પણ આચાર્ય હેમચંદ્રના માર્ગદર્શન અનુસાર, દરેક ધર્માવલંબીઓની સાથે સમાન રૂપે સન્માનજનક વ્યવહાર કર્યો. એના રાજ્યકાળમાં ગુર્જર રાજ્યની સમૃદ્ધિ ઉત્તરોત્તર વધતી રહી. માલવ જેવા સમૃદ્ધ અને સંપન્ન રાજ્યને ગુર્જર સત્તાને અધીન કરી એમણે ન્યાય-નીતિપૂર્વક પ્રજાનું પાલન કર્યું. તે પોતાના દરેક સૈનિક અભિયાનોમાં સદાય સફળ રહ્યો. આ કારણે અથવા ત્રણ વર્ષની વયમાં જ બાળલીલા કરતી વખતે સ્વયંમેવ રાજસિંહાસન પર સહજભાવે આરૂઢ થઈ ગયો, આ કારણે ગુર્જરેશ્વર મહારાજ જયસિંહને લોકો દ્વારા 'સિદ્ધરાજ' બિરુદથી વિભૂષિત કરવામાં આવ્યા. એ કારણે આજે પણ ઈતિહાસનાં પૃષ્ઠોમાં ગુર્જરેશ જયસિંહ સિદ્ધરાજ જયસિંહના નામથી ઉલ્લેખાય છે.

સિદ્ધરાજ જયસિંહના વિશાળ સામ્રાજ્યને તેના પછી સંભાળનાર કોઈ પુત્ર ન હતો, એ કારણે તેનો અંતિમ સમય ખૂબ શોકપૂર્ણ રહ્યો. એને નૈમિત્તિકોથી એ જ્ઞાત થઈ ગયું હતું કે - 'તેના મૃત્યુ પછી કુમારપાળ વિશાળ ગુર્જર રાજ્યનો અધિપતિ થશે.' એ કારણે પણ પોતાની આયુના અંતિમ દિવસોમાં ચિંતામગ્ન હતો. ખરેખર તો એ ઈચ્છતો નહોતો કે વિશુદ્ધ ચાલુક્ય વંશના રાજસિંહાસન પર હીનકુળની વ્યક્તિ તેનો ઉત્તરાધિકારી બને. સિદ્ધરાજ જયસિંહના દાદા મહારાજા ભીમે અણહિલપુર-પાટણમાં ચૌલાદેવી નામની વારાંગનાની યશોગાથાઓ સાંભળી કે તે અનેક દિવ્ય ગુણો અને અનુપમ રૂપ-લાવણ્યથી સંપન્ન હોવા છતાં પણ એવી મર્યાદાનું પાલન કરે છે કે ઊંચામાં ઊંચા કુળની કુળવધૂઓ પણ તેના ગુણોની પ્રશંસા કરે છે. મહારાજ ભીમે પોતાના વિશ્વસનીય અનુચરના માધ્યમથી પોતાની સવા લાખ મૂલ્યની કટારી એની પાસે અગ્રિમ રાશિ તરીકે પરીક્ષા માટે મોકલી. એ કટારી ચૌલાદેવીની પાસે પહોંચાડ્યા પછી મહારાજા ભીમ તત્કાળ જ માલવ પ્રદેશમાં વિજયાભિયાન હેતુ ચાલ્યા ગયા અને બે વર્ષ સુધી માલવમાં જ રહ્યા. ચૌલાદેવીએ બે વર્ષ વિશુદ્ધ શીલવ્રતનું પાલન કરતાં વિતાવ્યા. કારણ કે એણે સવા લાખના મૂલ્યની મહારાજ ભીમની કટારી

અગ્રિમ રાશિ તરીકે સ્વીકારી લીધી હતી. એટલે તેણે કોઈ પુરુષનું મોં પણ જોયું નહિ. માલવ પ્રદેશના સૈનિક અભિયાનથી પાછા ફર્યા બાદ મહારાજ ભીમે ચૌલાદેવીના શીલવ્રત-પાલનની યશોગાથા પોતાના ગુપ્તચરોના મુખેથી સાંભળી, તે ચૌલાદેવીના આ ગુણ પર મુગ્ધ થઈ ગયા અને તત્કાળ ચૌલાદેવીને રાજકીય સન્માનની સાથે બોલાવી પોતાના અંતઃપુરમાં રાખી અને વિધિપૂર્વક તેને રાણી બનાવી લીધી. મહારાજા ભીમને પોતાની રાણી ચૌલાદેવીથી હરિપાલ નામનો પુત્ર થયો. ચૌલાદેવીના પુત્ર હરિપાલને ત્યાં ત્રિભુવનપાલનો જન્મ થયો, અને ત્રિભુવનપાલનો પુત્ર તે કુમારપાળ. આ કારણે જ સિદ્ધરાજ જયસિંહને ભય હતો કે ક્યાંક તેના મરણ પછી કુમારપાળ ચાલુક્ય વંશના પવિત્ર રાજ્યસિંહાસન પર બેસી ન જાય. એટલે કુમારપાળના પ્રાણનો અંત લાવવા માટે વ્યગ્ર થઈ ગયો. સિદ્ધરાજ જયસિંહના જીવનની આ એક એવી ઘટના હતી કે જેનાથી તેના જીવનનો અંતકાળ ખૂબ વિક્ષુબ્ધ થઈ ગયો. તે સિવાયનું તેનું જીવન ખૂબ સન્માનજનક અને આદર્શ રહ્યું.

સિદ્ધરાજ જયસિંહના ૪૯ વર્ષના શાસનકાળમાં ગુર્જર રાજ્યએ અભૂતપૂર્વ વૃદ્ધિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી. વિક્રમની બારમી શતાબ્દીના મહાન શક્તિશાળી ગુર્જરનરેશે વિ. સં. ૧૧૯૯માં પરલોક-પ્રયાણ કર્યું.

વિશાળ ગુર્જર રાજ્યના અધિપતિ સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં આચાર્ય દેવસૂરિ, કલિકાળસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ અને દાદા જિનદત્તસૂરિ - આ ત્રણ મહાન જિનશાસન પ્રભાવક યુગપુરુષ થઈ ગયા. મહારાજ સિદ્ધરાજની રાજસભામાં એમના નાના કર્ણાટકનરેશ જયકેશીના રાજગુરુ દિગંબરાચાર્ય કુમુદચંદ્રની સાથે દેવસૂરિનો શાસ્ત્રાર્થ થયો. સિદ્ધરાજની ન્યાયપ્રિયતાનો એક આદર્શ અને ઐતિહાસિક ઉદાહરણ એ હતું કે તેમણે પોતાના નાના-ના રાજગુરુ આચાર્ય કુમુદચંદ્રની સાથે થયેલા શાસ્ત્રાર્થમાં શ્વેતાંબરાચાર્ય દેવસૂરિને વિજયી ઘોષિત કરીને એમને મોટા સમારોહમાં જયપત્ર પ્રદાન કર્યું હતું.

પરમાર્હત મહારાજા કુમારપાળ

વિક્રમની બારમી સદીનો અંતિમ દશકો સમાપ્ત હોવાના ૧ વર્ષ પૂર્વેથી લઈને વિક્રમની તેરમી સદીના પ્રથમ ૩ દશકા સુધી બધુ મળીને ૩૧ વર્ષ (વી. નિ. સં. ૧૬૬૯ થી ૧૭૦૦) સુધી વિશાળ ગુર્જર રાજ્યના રાજસિંહાસન પર આસનસ્થ રહેલા મહારાજા કુમારપાળે ન્યાયનીતિપૂર્વક પોતાની પ્રજાની ખેવના કરતા કરતા જિનશાસનના અભ્યુદય અને ઉત્કર્ષનાં અનેક કાર્ય કર્યાં.

પોતાના શાસનકાળમાં ગુર્જરાધીશ મહારાજા કુમારપાળ દ્વારા કરવામાં આવેલા જિનશાસનનાં અભ્યુદયોત્થાનકારી મહત્ત્વપૂર્ણ કાર્યોને દૃષ્ટિગત રાખતા જૈનજગતમાં એમને પરમાર્હતના બિરુદથી ઓળખવામાં આવે છે. ભવિષ્યમાં પણ શતાબ્દીઓ સુધી આ બિરુદની સાથે જૈન ઇતિહાસમાં એમનું નામ સુવર્ણાક્ષરોમાં લખાતું રહેશે.

કુમારપાળનું રાજ્યારોહણ પૂર્વેનું જીવન ખૂબ સંઘર્ષમય રહ્યું. પોતાના પ્રાણની રક્ષા માટે છૂપાવેશે ભટકવું પડ્યું. અનેક વખત એમની સમક્ષ ઘોર પ્રાણસંકટ ઉપસ્થિત થયા અને પ્રાણની રક્ષા માટે પલાયન કરી વર્ષો સુધી સંન્યાસીના વેશમાં દૂર-દૂરના પ્રદેશોમાં ભટકવાનું થયું. કુમારપાળના આ પ્રકારના સંકટપૂર્ણ જીવન પાછળ એક બહુ મોટું કૌટુંબિક કારણ રહ્યું, જેનું વિવરણ સિદ્ધરાજના જીવનવૃત્તમાં આપવામાં આવ્યું છે.

મહારાજા કુમારપાળે શાસનસૂત્ર સંભાળતાં જ રાજ્યનાં બધાં કાર્યોને સ્વયં પોતાની દેખરેખમાં કરવાનો પ્રારંભ કર્યો. મંત્રીશ્વર ઉદયનના પુત્ર વાગ્ભટ્ટદેવને મહામાત્યપદ પર નિયુક્ત કર્યા અને આલિગ નામના કુંભારને ચિત્રકૂટ(ચિત્તોડ)ની પાસે સાતસો ગામનો અધિપતિ બનાવી દીધો. એના પરિવારના સદસ્યોને ક્ષત્રિયોની સમકક્ષ સન્માન પ્રદાન કરી પોતાના વંશના 'પ્રધાન' પદ પર નિયુક્ત કર્યા. જે કિસાનોએ વૃક્ષની છાયામાં કે ઝાડી-ઝાંખરાં પાછળ કુમારપાળને આશ્રય આપ્યો હતો તે કિસાનોને કૃતજ્ઞ કુમારપાળે પોતાના અંગરક્ષકપદે પ્રતિષ્ઠિત કર્યા. આ રીતે વિશાળ ગુર્જર સામ્રાજ્યનાં શાસનસૂત્રો પોતાના હાથમાં સંભાળવાના થોડા સમયમાં જ કુમારપાળે પોતાના રાજ્યને નિષ્કંટક બનાવી લીધું.

ઉદયનદેવના 'વાહડ' નામના પુત્રને મહારાજ જયસિંહે પોતાના જીવનના સંધ્યાકાળમાં પોતાના પુત્રની જેમ જ માની લીધો હતો. વાહડકુમારનો રાજ્યના મુખ્ય અધિકારીઓ, કર્મચારીઓ અને રાજભવનના સેવકો અને રાજ્યના અન્ય ગણમાન્ય પ્રમુખ નાગરિકો પર પર્યાપ્ત પ્રભાવ હતો. એના સિવાય વાહડકુમાર મહારાજ જયસિંહનો કૃપાપાત્ર વરદપુત્ર હોવાના કારણે ગુર્જર રાજ્યનાં અનેક રહસ્યોથી પણ અવગત હતા. એમનાથી કુમારપાળનું રાજ્યના સિંહાસન પર આરૂઢ થવાનું સહન થયું નહિ, તેથી કુમારપાળને ગાદી પરથી ખસેડવા વાહડકુમાર સપાદલક્ષ(હાલ સાંભર)નરેશનો સેનાપતિ થઈ ગયો કુમારપાળને સપાદલક્ષનરેશની સાથે ભીષણ યુદ્ધમાં ગૂંચવી દીધો. પણ યુદ્ધમાં કુમારપાળનો વિજય થયો. વિજય પ્રાપ્ત કરી લીધા પછી કુમારપાળે વિદ્રોહી સામંતો અને સેનાનાયકોને કડક સજા કરી અને તેમની જગ્યાએ સાચા દેશભક્ત અને સ્વામીભક્તોને નિયુક્ત કર્યા.

એક વખત કુમારપાળે પોતાના સ્વામીભક્ત મંત્રી અંબડને કોંકણ રાજ્યના મહારાજા મલ્લિકાર્જુન સાથે યુદ્ધ કરાવ્યું. એ યુદ્ધમાં સેનાપતિ અંબડે મલ્લિકાર્જુનના મસ્તકને કાપી નાખ્યું અને યુદ્ધમાં વિજય મેળવ્યો. એણે મલ્લિકાર્જુનના મસ્તકને સુવર્ણ-પત્તાથી વીંટાળીને કોંકણની બહુમૂલ્ય ધનરાશિની સાથે લઈ પાટણ તરફ પ્રસ્થાન કર્યું. રાજસભામાં ઉપસ્થિત થઈને કુમારપાળના સિંહાસન સન્મુખ થઈ મલ્લિકાર્જુનનું માથું એમનાં ચરણોમાં મૂક્યું અને પોતે શીશ નમાવ્યું. કોંકણ દેશથી લાવવામાં આવેલ અપાર ધનરાશિ પણ સેનાપતિ અંબડે પોતાના સ્વામીને ભેટ આપી. ચાલુક્યરાજ કુમારપાળ અંબડના શૌર્યથી ખૂબ પ્રસન્ન થયા અને તેમણે અનેક ગામની જાગીર પ્રદાન કરી સન્માનિત કર્યો.

માલવ રાજ્યની વ્યવસ્થાને સુદૃઢ બનાવવા અને અધિકાધિક જનકલ્યાણકારી શાસન - હેતુ મહારાજા કુમારપાળ માલવ રાજ્યનાં વિભિન્ન ક્ષેત્રોમાં પ્રજાજીવનના પ્રવાહોનો તાગ લેતા હતા, એ સમયે અણહિલપુર-પાટણમાં આચાર્ય હેમચંદ્રસૂરિની સંસારપક્ષે માતા અને સાધ્વીપ્રમુખા પાહિની મહાસતીજીએ આયુષ્યનો અંતિમ સમય જાણી સંલેખનાપૂર્વક સંથારો લીધો. આ અવસરે આચાર્ય હેમચંદ્રસૂરિએ એક

કરોડ નવકારમંત્રનો જાપ કર્યો. પાહિની મહાસતીજીએ સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું. જે વખતે એમના પાર્થિવ શરીરને લઈને વૈકુંઠી (પાલખી) સ્મશાનભૂમિ પાસે પહોંચી, એ વખતે અમુક ઈર્ષાળુ તાપસોએ વૈકુંઠી તોડવાનો વિફળ પ્રયાસ કર્યો. અંત્યેષ્ટિના સમયે ઉપસ્થિત વિશાળ જનસમુદાય સમક્ષ એ તાપસોનું કાંઈ ચાલ્યું નહિ અને નિર્વિઘ્ને મહાસતી પાહિનીના પાર્થિવ શરીરના અંતિમ સંસ્કાર થયા.

આ પ્રકારના પ્રસંગે તાપસોના ઈર્ષાપૂર્ણ વ્યવહારથી હેમચંદ્રસૂરિના હૃદયને ઠેસ પહોંચી અને એમણે પાટણથી માલવભૂમિ તરફ વિહાર કર્યો. માર્ગમાં તેઓ કુમારપાળના સૈનિક સ્કંધાવારમાં પહોંચ્યા. ગુર્જર રાજ્યના સિંહાસન પર આરૂઢ થયા પછી કુમારપાળ માટે આચાર્યશ્રીના દર્શનનો આ પ્રથમ અવસર હતો. કુમારપાળે આચાર્યશ્રીને વિનંતી કરી : "ભગવાન ! હું આપનો જીવનભર ઋણી રહીશ. આપ સદાય આ દાસ પર કૃપા કરી પ્રભુસ્મરણના સમયે મારી પાસે અવશ્ય આવ્યા કરો." આચાર્યશ્રીએ કહ્યું : "રાજન્ ! અમે ત્યાગ-વિરાગપૂર્ણ અધ્યાત્મપથના પથિક છીએ. આ પ્રકારની સ્થિતિમાં રાજાઓ સાથે સંપર્કનું શું પ્રયોજન ?" કુમારપાળે અતિ વિનમ્ર સ્વરમાં નિવેદન કર્યું : "મહારાજ ! હું પરલોકને સુધારવા માટે આપ જેવા મહાપુરુષોના સત્સંગનો અભિલાષી છું. આપ કોઈ પણ સમય મારે ત્યાં પધારી શકો છો". કુમારપાળે તત્કાળ પોતાના અંગરક્ષકો અને પ્રહરીઓને પણ સૂચના આપી કે આચાર્યશ્રી જ્યારે પણ મારા કોઈ પણ કક્ષમાં પધારવાનું કષ્ટ કરે તો એમને આદર-સન્માનપૂર્વક લઈ આવવા.

આ રીતે પ્રાયઃ પ્રતિદિન આચાર્ય હેમચંદ્રસૂરિ સ્કન્ધાવારમાં કુમાર-પાળના કક્ષમાં ધર્મોપદેશ અને ધર્મચર્યા નિમિત્તે આવતા રહેતા. એક દિવસ કુમારપાળ ભક્તિના પ્રવાહમાં શ્રદ્ધાપૂર્વક આચાર્યશ્રીના તપત્યાગ અને જ્ઞાનની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. એ વખતે જિનશાસન પ્રત્યે ઈર્ષા રાખનાર એક પંડિતે કુમારપાળને કહ્યું : "ક્ષમા કરો મહારાજ ! આ શ્વેતાંબર મતાવલંબી સૂર્યને પણ માનતા નથી."

હેમચંદ્રાચાર્યએ કુમારપાળને સંબોધિત કરતાં કહ્યું : "રાજન્ ! અમે તો સૂર્યાસ્ત થાય કે અન્નની વાત તો દૂર, પાણીનું એક ટીપું પણ મોમાં નાખતાં નથી. એનાથી વિપરીત મારા મિત્ર, જેઓ આ પ્રકારે આપની સમક્ષ વાત કરી રહ્યા છે, તેઓ સૂર્યાસ્ત પછી પણ રાત્રે ખાનપાન કરે છે. ન્યાયપ્રિય રાજા ! આપ ન્યાયપૂર્ણ નિર્ણય આપો કે સૂર્ય અસ્ત થવાની સાથે અન્ન-જળનો સંપૂર્ણ ત્યાગ કરનાર અમે લોકો જ વાસ્તવમાં સૂર્યનો આદર કરીએ છીએ, નહિ કે આ લોકો. આ અકાપ્ય પ્રત્યક્ષ પ્રમાણથી સ્વતઃ સિદ્ધ એવી વાત છે."

એક દિવસ આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજ કુમારપાળના કક્ષમાં આવ્યા. એ વખતે એમના શિષ્ય યશચંદ્રગણિએ એમના આસન પર કામળી રાખતાં પહેલાં એને રજોહરણથી પરિમાર્જિત કર્યું. એ વખતે, "જ્યારે કોઈ જીવ-જંતુ દેખાય તો આવો પ્રયાસ કરવો જોઈએ, અન્યથા આ પ્રકારનો પ્રયાસ વ્યર્થ સિદ્ધ થાય." એવી રાજા કુમાર-પાળની યુક્તિપૂર્ણ વાત સાંભળી આચાર્ય હેમચંદ્રસૂરિએ સ્પષ્ટીકરણ કર્યું : "રાજન્ ! એક ચતુર રાજા એના શક્તિશાળી શત્રુના આક્રમણ પૂર્વે જ હાથી, ઘોડા, રથ આદિથી ચતુરંગિણી સેનાનું ગઠન કરે છે. જે રીતે આ રાજનીતિ છે કે રાજાએ પોતાની સેનાને, કોઈ પણ શત્રુના આક્રમણને ખાળવા-સામનો કરવા અને પરાસ્ત કરવા માટે યોગ્ય રીતે સદા સુસજ્જ રાખવી જોઈએ, એ રીતે જ રાજ્ય-વ્યવહારની જેમ અમારો ધર્મ - વ્યવહાર પણ છે કે નાનામાં નાના અદૃશ્ય જીવની રક્ષા માટે અમે લોકો પરિમાર્જન આદિ દરેક પ્રકારની ક્રિયા કરવામાં પ્રાણીઓના પ્રાણનો ખ્યાલ કરીએ છીએ."

આચાર્યશ્રીની અદ્‌ભુત પ્રત્યુત્પન્નમતિની દ્યોતક આ યુક્તિસંગત ઉત્તરથી કુમારપાળ એટલા પ્રસન્ન થયા કે શીશ ઝુકાવી વિનમ્ર સ્વરે પ્રાર્થના કરતા કહ્યું : "આચાર્ય દેવ ! રાજ્યારોહણથી પૂર્વ આપની સમક્ષ કરવામાં આવેલી પ્રતિજ્ઞાની પૂર્તિ માટે હું વિશાળ ગુર્જર રાજ્ય આપને સાદર સમર્પિત કરું છું. કૃપા કરી આપ એને ગ્રહણ કરો."

હેમચંદ્રાચાર્યએ કહ્યું : "રાજન્ ! મેં એ વખતે કહ્યું હતું કે - 'સર્વસ્વ ત્યાગી અમારા જેવા અધ્યાત્મપથના પથિકોને રાજ્યની

વાત તો દૂર ધર્મોપકરણ સિવાય કોઈ પણ પ્રકારના પરિગ્રહનું કોઈ પ્રયોજન નથી.' કારણ કે કોઈ પણ પ્રકારનો પરિગ્રહ અને વિશેષતઃ રાજ્યનું શાસન અન્તતોગત્વા નરકમાં ધકેલનારું જ છે."

આચાર્ય હેમચંદ્રસૂરિના અદ્‌ભુત ત્યાગ અને ઉત્કૃષ્ટ અનાસક્તિથી ઓતપ્રોત વચન સાંભળી કુમારપાળના અંતર્મનમાં એમના માટે પહેલાં કરતાં શતગુણિત શ્રદ્ધા ઉત્પન્ન થઈ.

થોડા દિવસ સુધી માલવ પ્રદેશમાં રહ્યા પછી કુમારપાળે પોતાની સેના સાથે અણહિલપુર-પાટણ તરફ પ્રસ્થાન કર્યું. અમુક દિવસો બાદ તેઓ અણહિલપુર-પાટણ પહોંચ્યા. કુમારપાળની વિનંતીથી આચાર્ય હેમચંદ્ર પણ પાટણ તરફ વિહાર કરી પાટણ પહોંચ્યા.

મહારાજા કુમારપાળે આચાર્યશ્રીની પ્રેરણાથી થોડા સમય સુધી મદ્ય-માંસનુ સેવન નહિ કરવાનું વ્રત લીધું. મહારાજ કુમારપાળના હૃદયમાં આચાર્યશ્રી પ્રતિ શ્રદ્ધામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. આચાર્યશ્રીને જ પોતાના મહર્ષિ, માતા, પિતા અને ઇષ્ટદેવ માનવા લાગ્યો. એક દિવસ કુમારપાળે આચાર્યશ્રી સમક્ષ પોતાની આંતરિક ઇચ્છા વ્યક્ત કરતાં પ્રશ્ન કર્યો : "મહાત્મા ! એવો ઉપાય જણાવો કે શું કરવાથી મારી કીર્તિ યુગ-યુગાંતરો સુધી સ્થાયી થાય ?"

હેમચંદ્રસૂરિએ કહ્યું : "રાજન્ ! એના અનેક ઉપાય છે. વિક્રમાદિત્યના સમયે સંપૂર્ણ પૃથ્વીને ઋણમુક્ત બનાવી જે સોમનાથનું મંદિર બનાવવામાં આવ્યું હતું, તે સમુદ્રની લહેરોથી અહર્નિશ ભીંજાઈને કાષ્ઠમય મંદિર જીર્ણશીર્ણ થઈ ચૂક્યુ છે. એ સોમનાથ મંદિરનો ઉદ્ધાર કરી તેને એક ચિરસ્થાયી મંદિરનું સ્વરૂપ પ્રદાન કરી તમે વિપુલ કીર્તિ અર્જિત કરી શકો છો."

કુમારપાળના મનમાં પોતાનાં વંશ-પરંપરાગત ધર્મકાર્યો પ્રતિ પ્રગાઢ નિષ્ઠા જાણીને હેમચંદ્રાચાર્યએ આવી સલાહ આપી. સલાહ અનુસાર કુમારપાળે સોમેશ્વર મંદિરનો પુનરુદ્ધાર પ્રારંભ કરાવ્યો.

આચાર્ય હેમચંદ્રસૂરિ પ્રત્યે મહારાજા કુમારપાળની ઉત્તરોત્તર પ્રગાઢ થતી જતી શ્રદ્ધા-ભક્તિને જોઈને અમુક ઈર્ષાળુ એમ વિચારવા

લાગ્યા કે - 'રાજાને હેમચંદ્રાચાર્ય પ્રત્યે નારાજ કઈ રીતે કરવા !' એક બોલકા માણસે મહારાજ કુમારપાળને કહ્યું : "મહારાજ ! આ શ્વેતાંબરાચાર્ય હેમચંદ્ર કેવળ આપને પ્રસન્ન રાખવા જ આપને અનુકૂળ માર્ગદર્શન આપે છે. વાસ્તવમાં આચાર્યના મનમાં સોમેશ્વર પ્રત્યે જરાપણ શ્રદ્ધા-ભક્તિ નથી અને તેઓ ભગવાન શંકરને નમસ્કાર પણ કરતા નથી. આપ એમને સોમેશ્વરની યાત્રા કરવા માટે કહી જુઓ. આપને તત્કાળ અમારી વાત પર વિશ્વાસ થશે."

કુમારપાળ આમ બોલનારની વાતમાં આવી ગયા અને બીજા દિવસે જ આચાર્યશ્રીને સોમનાથયાત્રાનો પ્રસ્તાવ મૂકતા નિવેદન કર્યું કે - "આપ પણ તીર્થયાત્રામાં અમારી સાથે પધારો."

આચાર્ય હેમચંદ્ર ક્ષણમાં જ વસ્તુસ્થિતિ પામી ગયા. એમણે કહ્યું : "રાજન્ ! તપસ્વી તો તીર્થના અધિકારી હોય છે. અમે અવશ્ય આવીશું."

સોમેશ્વરની યાત્રાએ નીકળેલા રાજાએ મંદિરમાં પ્રવેશ કરતા જ ભગવાન શિવના લિંગને સાષ્ટાંગ પ્રણામ કરી વારંવાર મસ્તક ઝુકાવ્યું. આચાર્ય હેમચંદ્ર શિવને નમસ્કાર કરે છે કે નહિ એ વાતની પરીક્ષા લેવા માટે કુમારપાળે આચાર્યશ્રીને શિવપૂજા માટે નિવેદન કર્યું. જેનો આચાર્યશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો. આચાર્ય હેમચંદ્રસૂરિએ શિવપુરાણની વિધિની સાથે પૂજાની સામગ્રીથી શિવનું અર્ચન કરતા બે શ્લોકોનું સમ્મોહક વાણીમાં ઉચ્ચારણ કરતાં અપાર જનસમૂહ સમક્ષ શિવ-લિંગને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એમના શ્લોકોનો ભાવાર્થ : "હે ભગવાન ! વિભિન્ન દર્શનો દ્વારા વિભિન્ન સમયમાં આપ કોઈ પણ નામથી ઓળખાતા હોય, પણ અગર આપ સર્વ દોષો અને કર્મફળથી પૂર્ણતઃ મુક્ત છો, તો આપ જ વિશ્વવંદ્ય ભગવાન છો. હું આપને નમસ્કાર કરું છું. જન્મ-મરણના અંકુર સ્વરૂપ રાગદ્વેષાદિ દોષ જેના મૂળતઃ નષ્ટ થઈ ચૂક્યા છે, એ ભગવાનને હું ભક્તિ સહિત નમન કરું છું, ભલે તેમનું નામ બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, સોમેશ્વર હોય કે જિનેશ્વર !"

આચાર્ય હેમચંદ્રસૂરિ દ્વારા શિવની પૂજા પછી મહારાજ કુમારપાળે બૃહસ્પતિ દ્વારા બતાવવામાં આવેલી વિધિ અનુસાર સોમેશ્વરની

પૂજા કરી અને અનેક પ્રકારનાં મહાદાન કર્યાં. ત્યાર બાદ કુમારપાળે એકાંતમાં આચાર્ય હેમચંદ્રસૂરિ સાથે મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં બેસીને કુમારપાળે વિનમ્ર સ્વરમાં હેમચંદ્રસૂરિને વિનંતી કરી : "હે આચાર્ય દેવ ! દરેક દર્શન પોતાના આરાધ્યદેવનું સ્વરૂપ પોત-પોતાની માન્યતા અનુસાર વર્ણવે છે. એટલે વાસ્તવમાં સર્વ દર્શનોએ મળીને પરમેશ્વરના સ્વરૂપને સંદિગ્ધ કરી દીધું છે. એટલે આ તીર્થસ્થાનમાં હું મારા આંતરિક ઉદ્‌ગાર આપની સમક્ષ પ્રગટ કરતાં આપને પ્રાર્થના કરું છું કે - 'આપ એ સત્ય દેવાધિદેવ ભગવાનનું અને એ ધર્મનું સ્વરૂપ દર્શન કરાવો જે વાત્સલ્યમાં મુક્તિ અપાવે.'"

આચાર્યશ્રીએ વિચાર કરીને કહ્યું : "રાજન્ ! પુરાણો અને વિભિન્ન દર્શનોની કોઈ વાત ન કહીને હું સોમેશ્વરના જ તમને પ્રત્યક્ષ દર્શન કરાવું છું, જેથી એમના મુખેથી જ તમને મુક્તિમાર્ગ સાંભળવા સમજવા મળશે."

ત્યાર બાદ આચાર્યશ્રીએ પદ્માસન લગાવી ચિત્તને એકાગ્ર કરી ધ્યાનસ્થ થયા અને શિવનું આહ્‌વાન કર્યું. તત્કાળ કુમારપાળને શિવલિંગ ઉપર અપ્રતિમ અનુપમ મનોહારી સ્વરૂપવાળા એક તપસ્વી દૃષ્ટિગોચર થયા. કુમારપાળે એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને નિવેદન કર્યું : "હે જગદીશ્વર ! આપનાં દર્શનોથી મારી બંને આંખો પવિત્ર થઈ ગઈ. હવે આપ મને આદેશ આપી મારા બંને કાનને પણ કૃતાર્થ કરી દો."

તત્કાળ એ દિવ્ય તપસ્વીના મુખેથી દિવ્યધ્વનિ પ્રગટ થઈ - "રાજન્ ! આ મહર્ષિ (આચાર્ય હેમચંદ્રસૂરિ) બધા દેવતાઓનો અવતાર છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન - ત્રણેય કાળના ભાવને હથેળીમાં રાખીને મોતીની જેમ જોવા - જાણવાના બ્રહ્મજ્ઞાની છે. તેઓ જે બતાવે એ માર્ગ અસંદિગ્ધ અને સાચો મુક્તિનો માર્ગ છે."

આમ કહીને શંકર અદૃશ્ય થઈ ગયા અને કુમારપાળને પોતાના ઈષ્ટદેવના મુખેથી આચાર્ય હેમચંદ્રસૂરિના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થયું. પોતાના રાજ-રાજેશ્વરત્વના અભિમાનને તિલાંજલિ આપી

હેમચંદ્રસૂરિનાં ચરણોમાં માથું મૂકી વિનમ્ર સ્વરે કહ્યું : "આજ્ઞા આપો ભગવાન !"

કુમારપાળે એ જ ક્ષણે આજીવન માંસ-મદિરાનો ત્યાગ કર્યો. ત્યાર બાદ બંને મંદિરના ગર્ભગૃહથી નીકળી સોમેશ્વર મંદિરથી પાટણ તરફ પ્રયાણ કર્યું.

કુમારપાળને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ

સોમેશ્વરથી અણહિલપુર-પાટણ પરત થયા બાદ કુમારપાળ નિત્ય શ્રી હેમચંદ્રાચાર્યનાં પ્રવચનો સાંભળવાં લાગ્યાં. ટૂંકાગાળામાં જ જિનવાણીના શ્રવણથી તેમને જૈન ધર્મ પર પ્રગાઢ શ્રદ્ધા થઈ ગઈ. સર્વપ્રથમ મહારાજ કુમારપાળે પોતાના સમગ્ર રાજ્યમાં અમારિની (અહિંસા) ઘોષણા કરાવી.

સમય જતાં કુમારપાળે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યા. એક વખત અદત્તાદાન વિરમણ નામના તૃતીય વ્રતના વિવેચનને આચાર્યશ્રીના મુખેથી સાંભળી કુમારપાળે તત્કાળ અપુત્રક મૃતિ કરાધિકારી-(અપુત્ર અવસ્થામાં મૃત નાગરિકની સંપત્તિને મૃતિકરના રૂપે રાજ્યકોષાયત કરનાર કરાધિકારી)ને બોલાવ્યા અને આ પ્રકારના કરને રદ કરવાની આજ્ઞા આપી. અને કુમારપાળે આ પ્રકારના કરની અનુમાનિત વસૂલીના ૭૨ લાખ રજત મુદ્રાઓની રાશિના પત્રોને તત્કાળ નષ્ટ કરાવ્યા. આ પ્રકારનો કર નિરસ્ત કરવાના કારણે કુમારપાળની યશોગાથા દિગ્‌દિગંતમાં પ્રસરી ગઈ.

ગુજરાત એ દિવસોમાં દેશ-વિદેશ સાથે વેપારનું કેન્દ્ર હોવાના કારણે સમૃદ્ધ પ્રદેશ હતો. ગુજરાતમાં કુબેરપતિ સમૃદ્ધિશાળી શ્રેષ્ઠી-ઓની સંખ્યા ગણનાતીત હતી. આ પ્રકારના સમૃદ્ધ રાજ્યમાં મૃતિકરથી રાજ્યને વિપુલ ધનરાશિનો લાભ થતો હતો. પરંતુ કુમારપાળે દૃઢ નિશ્ચય કર્યો કે - 'લાખોનું જ નહિ, કરોડોનું નુકસાન ભલે રાજ્યને થાય, પણ આ પ્રકારના પ્રજાપીડક કરને રદ કરવો જ રહ્યો.' કુમારપાળે અદત્તાદાન વિરમણ વ્રતને ગુરુ આચાર્ય

હેમચંદ્રસૂરિ પાસેથી ગ્રહણ કરતી વખતે આ કરને સંપૂર્ણ રીતે સદાયને માટે રદ કર્યો.

જિનશાસનના અભ્યુત્થાન, ઉત્કર્ષ, પ્રચાર અને પ્રસારની તીવ્ર અભિલાષાથી કુમારપાળે હેમચંદ્રસૂરિને પ્રાર્થના કરી કે - 'તેઓ ઉત્કૃષ્ટ સાહિત્યના નિર્માણથી જિનશાસનના સાહિત્ય ભંડારની શોભા વધારે.' કુમારપાળની પ્રાર્થનાનો સ્વીકાર કરી હેમચંદ્રસૂરિએ ઉત્કૃષ્ટ કોટિના મૌલિક સાહિત્યનું નિર્માણ કરવાનો પ્રારંભ કર્યો. આચાર્યશ્રીને સાહિત્ય સંશોધનમાં સહાયતા માટે કુમારપાળે કાશ્મીર રાજ્યથી પ્રાચીન ગ્રંથોનો વિશાળ સાહિત્ય ભંડાર પોતાના હાથીઓ પર લાદીને મંગાવ્યો.

સાહિત્યનિર્માણ માટે પરમાવશ્યક પ્રામાણિક અને પ્રાચીન સામગ્રી ઉપલબ્ધ થઈ ગયા બાદ હેમચંદ્રસૂરિએ 'ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર' નામના અતિ વિશાળ મહાકાવ્યની રચના કરી. જેમાં ચોવીસ તીર્થંકરો, ગણધરો, બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ બળદેવો અને નવ પ્રતિવાસુદેવોનાં જીવન ચરિત્ર વિસ્તારપૂર્વક અતિ સુગમ અને રોચક શૈલીમાં આપવામાં આવ્યાં છે. હેમચંદ્રસૂરિએ માનવમાત્ર માટે પરમોપયોગી લોકશાસ્ત્રની રચના કરી. એમના દ્વારા રચિત સાહિત્ય ઘણું વિશાળ છે. આચાર્યશ્રી દ્વારા રચિત જે ગ્રંથો વર્તમાનમાં ઉપલબ્ધ છે. તેની યાદી આચાર્યશ્રીના જીવનવૃત્તમાં પ્રસ્તુત ગ્રંથમાં આપેલી છે.

પરમાર્હત મહારાજા કુમારપાળે પોતાના અધીનસ્થ ૧૮ દેશોમાં ૧૪ વર્ષ માટે અમારિની ઘોષણા કરી જૈન ધર્મના આધારભૂત સિદ્ધાંત અહિંસા પ્રત્યે જન-જનના મનમાં અનુરાગ ઉત્પન્ન કર્યો. આ રીતે પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને મૈત્રીભાવનું ઉદાહરણ અનેક શતાબ્દી-ઓના ભારતના ઈતિહાસમાં અન્યત્ર ક્યાંય દૃષ્ટિગોચર થતું નથી. એ ૧૮ દેશોમાં બધા મળીને ૧૪૪૦ અતિ ભવ્ય વિહારોનું નિર્માણ પણ કુમારપાળે કરાવ્યું.

ચાલુક્ય ચૂડામણિ મહારાજા કુમારપાળ દ્વારા પોતાને આધીન ૧૮ દેશોમાં થયેલી અમારિ ઘોષણા સુંદર, નક્કર અને અનુલ્લંઘનીય હતી.

એ અમારિની પ્રભાવી પરિપાલના માટે સમગ્ર રાજ્યમાં એવી સુદૃઢ અને પૂર્ણ સંવેદનશીલ વ્યવસ્થા કરી કે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ-જંતુને અમારિ ઘોષણા પછી જાણી-બૂજીને મારનાર અપરાધીને તરત દંડિત કરવામાં આવતો, એનું એક ખૂબ રોચક અને પુષ્ટ ઐતિહાસિક પ્રમાણ 'પ્રબંધ ચિંતામણિ'માં આજે પણ ઉપલબ્ધ છે.

કુમારપાળ દ્વારા અમારિની ઘોષણા પછીની ઘટના છે કે સપાદ-લક્ષ દેશના એક શ્રેષ્ઠીએ કેશસંમાર્જન સમયે એની પત્ની દ્વારા એના હાથમાં રાખવામાં આવેલી એક જૂ મસળી નાખેલી. 'પોતાની પ્રિયાને આ જૂ દ્વારા ખૂબ પરેશાન કરવામાં આવે છે.' એમ કહી જૂને મસળી નાખનાર શ્રેષ્ઠી દ્વારા પોતાના દોષનો સ્વીકાર થયો, એટલે મહારાજા કુમારપાળે કહ્યું : "પાપનું પ્રાયશ્ચિત્ત પુણ્યાર્જનથી થાય છે, તમારા દ્વારા ઉપાર્જિત દ્રવ્યથી એક વિહારનું નિર્માણ કરાવી દો, એ જ તમારા દ્વારા રાજઆજ્ઞાના ઉલ્લંઘનનો દંડ છે. એ વિહારમાં ચિરકાળ સુધી ધર્મારાધના થતી રહેશે અને એમાં તમને પુણ્યનો લાભ થશે."

સપાદલક્ષ દેશના એ શ્રેષ્ઠીએ રાજાના આદેશનો સ્વીકાર કરીને પોતાની મૂડીમાંથી પાટણમાં એક વિશાળ ભવ્ય વિહારનું નિર્માણ કરાવ્યું. એ વિહારનું નામ 'યૂકા-વિહાર' રાખવામાં આવ્યું.

કુમારપાળે પોતાના દ્વારા પણ આ રીતની જીવહિંસા થઈ હોય તો તેનું પણ પ્રાયશ્ચિત્ત કરતાં પોતાની રાજસભામાં કહ્યું : "વનમાં ભટકતી વખતે મેં એક ઉંદર દ્વારા તેના દરની બહાર રાખવામાં આવેલી ૨૦ રજત મુદ્રાઓ ઉઠાવી લીધેલી. પોતાના ધનનાં અપ-હરણથી એ ઉંદરના હૃદય પર એવો આઘાત થયો કે એ તરત તરફડીને મરી ગયો. મારા કારણે એ ઉંદરનું મૃત્યુ થયું. એ પાપના પ્રાયશ્ચિત્ત સ્વરૂપે મારા પોતાના દ્રવ્યમાંથી એક વિહારનું નિર્માણ કરવામાં આવે અને એ વિહારનું નામ 'મૂષક-વિહાર' રાખવામાં આવે." પોતાના આ સંકલ્પ અનુસાર મહારાજા કુમારપાળે અણહિલપુર-પાટણમાં પોતાના નિજી દ્રવ્યકોષમાંથી એક ભવ્ય 'મૂષક-વિહાર'નું નિર્માણ કરાવ્યું.

કુમારપાળની કૃતજ્ઞતાનાં અનેક ઉદાહરણ જોવા મળે છે. સાધારણમાં સાધારણ ઉપકાર કરનાર પ્રત્યે પણ તેમણે પોતાની કૃતજ્ઞતા

પ્રગટ કરી, એનું જ્વલંત પ્રમાણ છે કુમારપાળ દ્વારા બનાવવામાં આવેલું 'કરંબ-વિહાર.' પોતાના પ્રાણની રક્ષા માટે કુમારપાળ જે વખતે વન-વન ભટકતા રહ્યા, એ વખતે ત્રણ દિવસ સુધી તેમને ક્યાંય ભોજન નહોતું મળ્યું. એ વખતે સાસરીથી પાલખીમાં બેસી પિયર જતી એક મહિલાએ ત્રણ દિવસના ભૂખ્યા કુમારપાળને સ્વાદિષ્ટ કરંબ આદિ પકવાનનું ભોજન કરાવ્યું હતું. વિશાળ ગુર્જર રાજ્યના રાજસિંહાસન પર આરૂઢ થયા પછી પણ કુમારપાળ એ મહિલા દ્વારા પ્રાપ્ત થયેલા કરંબને ભૂલ્યા નહિ અને એ ઘટનાની સ્મૃતિમાં એમણે અણહિલપુર-પાટણમાં 'કરંબ-વિહાર'નું નિર્માણ કરાવ્યું.

મહારાજા કુમારપાળે બોધિરત્ન પ્રદાન કરનાર આચાર્ય હેમચંદ્રસૂરિ પ્રત્યે પોતાની કૃતજ્ઞતાને ચિરસ્થાયી બનાવવાના હેતુથી સાલિગવસહિ પ્રાસાદનો, જ્યાં હેમચંદ્રસૂરિએ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી, વિપુલ ધનરાશિ વ્યય કરી જીર્ણોદ્ધાર કરાવ્યો અને ત્યાં રત્નમય જિનબિંબની પ્રતિષ્ઠાપના કરી.

૧૮ દેશોમાં અમારિ ઘોષણા અને ૧૪૪૦ વિહારોનું નિર્માણ કરાવી દિગ્‌દિગંતવ્યાપિની વિપુલ કીર્તિ અર્જિત કરી લીધા પછી પણ મહારાજા કુમારપાળના મન-મસ્તિષ્કમાં એવી ઉત્કૃષ્ટ અભિલાષા હતી કે તે પણ સંવત્સર પ્રવર્તક વિક્રમાદિત્યની જેમ અક્ષયકીર્તિ ઉપાર્જિત કરે. કુમારપાળે પોતાના પરમારાધ્ય સમર્થ ગુરુ આચાર્ય હેમચંદ્રસૂરિને આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરાવવા માટે અનેક વાર વિનંતી કરી.

કુમારપાળના અવિરત અનુરોધના પરિણામે હેમચંદ્રસૂરિએ પોતાના ગુરુ દેવચંદ્રસૂરિની સેવામાં કુમારપાળ અને પાટણસંઘના માધ્યમથી વિનય પત્રિકા મોકલી પ્રાર્થના કરી કે - 'સંઘનાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્યના નિષ્પાદન માટે આપ એક વખત અણહિલપુર-પાટણ પધારવાની કૃપા કરો.' પત્રિકા પ્રાપ્ત થઈ કે ગુરુજી એમ સમજ્યા કે સંઘનું કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય હશે. થોડા દિવસોમાં તેઓ પાટણ પહોંચ્યા અને તેમણે મહારાજા કુમારપાળ અને પોતાના શિષ્ય હેમચંદ્રસૂરિને પૂછ્યું કે - "સંઘનું શું કાર્ય છે ?" કુમારપાળ અને

હેમચંદ્રસૂરિએ નિવેદન કર્યું : "ભગવાન ! જિનશાસનની પ્રભાવના માટે આપ સુવર્ણસિદ્ધિનું રહસ્ય બતાવવાની કૃપા કરો."

પોતાના શિષ્ય હેમચંદ્રસૂરિની સુવર્ણસિદ્ધિ વિષયક પ્રાર્થના સાંભળતાં જ શાંત-ધીર આચાર્ય દેવચંદ્રસૂરિ ખૂબ પ્રકોપિત થયા અને હેમચંદ્રસૂરિને પોતાનાથી દૂર ધકેલતા બોલ્યા : "તું આ સિદ્ધિ માટે નિતાંત અયોગ્ય છે. અયોગ્ય વ્યક્તિને આ વિદ્યા કઈ રીતે આપી શકાય ? તને આ વિદ્યા કોઈ પણ સંજોગોમાં નહિ મળી શકે." ત્યાર બાદ મહારાજા કુમારપાળ તરફ ફરીને દેવચંદ્રસૂરિએ કહ્યું : "રાજન્ ! આપનું એવું પ્રબળ ભાગ્ય નથી કે આપને સુવર્ણસિદ્ધિ જેવી વિદ્યા સિદ્ધ થાય. આપે ૧૮ દેશોમાં અમારિની ઘોષણા દ્વારા અને પૃથ્વીને જિનમંદિરોથી મંડિત કરાવી વિપુલ પુણ્ય અર્જિત કરી ઇહલોક અને પરલોક - ઉભય લોકને સુધારી લીધા છે. હવે આનાથી વિશેષ શું જોઈએ ?"

પોતાના શિષ્ય આચાર્ય હેમચંદ્રસૂરિ અને ચાલુક્યરાજ કુમારપાળને આ રીતે ઉત્તર આપી, આચાર્ય દેવચંદ્રસૂરિએ પાટણથી વિહાર કરી લીધો અને વિહારક્રમમાં જ્યાં હતા ત્યાં પાછા ફર્યા.

હેમચંદ્રસૂરિ અને કુમારપાળની બાબતમાં સુવર્ણસિદ્ધિની આકાંક્ષાનું કથાનક જૈન સાહિત્યમાં સદીઓથી ચાલ્યું આવે છે, એ વાત્સવમાં કુમારપાળની જૈન ધર્મને જનધર્મ કે વિશ્વધર્મ બનાવવાની ઉત્કટ અભિલાષાનું જ રૂપક તુલ્ય પ્રતીક પ્રતીત થાય છે.

મહારાજા કુમારપાળની સહુથી મોટી વિશેષતા એ હતી કે તેઓ સંપૂર્ણ જિનશાસનને એકતાના સૂત્રથી બંધાયેલું જોવા ઇચ્છતા હતા. પોતાના સમયમાં વિભિન્ન ગચ્છોના અનુયાયીઓ અને ગણધરોમાં પારસ્પરિક મતભેદ, વૈમનસ્ય, નાની-નાની વાતને લઈને કલહ, શ્રમણ સમાચારીઓમાં એકરૂપતાનો અભાવ, પાક્ષિક પ્રતિક્રમણની તિથિઓ માટે પરસ્પર સંઘર્ષ અને વિદ્વેષપૂર્ણ કટુ વાતાવરણથી કુમારપાળને દુઃખ થતું હતું. એમણે આ પ્રકારના સંઘર્ષ અને કટુતાના નિવારણ માટે અનેક વખત પ્રયાસ પણ કર્યો. આચાર્ય હેમચંદ્રસૂરિ દ્વારા સોમેશ્વર

વંદન આદિ એમના જીવનની અનેક ઘટનાઓ પર વિચાર કરવાથી સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે તેઓ પારસ્પરિક સમન્વયના પક્ષધર અને પોષક હતા. હેમચંદ્રસૂરિના આ સમન્વયકારી વ્યવહાર અને વિચારોનો કુમારપાળ પર પૂરો પ્રભાવ હતો, તેથી એમણે આગમિક માન્યતાઓના સ્થાને પરંપરા અને પરંપરાગત માન્યતાઓને પ્રમુખસ્થાન આપ્યું. આ તથ્ય કુમારપાળના જીવનવૃત્તની અનેક ઘટનાઓથી પ્રકાશમાં આવે છે. આ બધી ઘટનાઓથી એ સુનિશ્ચિત રૂપે સિદ્ધ થાય છે કે - 'જૈન ધર્મ પ્રત્યે પ્રગાઢ આસ્થા રાખનાર શ્રાવક શિરોમણિ, પરમાર્હત મહારાજા કુમારપાળ પરંપરાગત પુરાતન માન્યતાઓના પ્રબળ પક્ષધર હતા અને તે જૈનસંઘને એ જ સર્વોચ્ચ પ્રતિષ્ઠિત પદ પર બેસાડવા ઇચ્છતા હતા. જૈન ધર્મની મહારાજ સમ્પ્રતિના સમયમાં જે સ્થિતિ હતી એ સ્થિતિ પર જોવાની તેમની ઇચ્છા હતી.'

પોતાના ગુરુ આચાર્ય હેમચંદ્રસૂરિ પ્રત્યે કુમારપાળના મનમાં એટલી પ્રગાઢ આસ્થા હતી કે પાટણથી સેંકડો જોજન દૂર રહેનાર કોઈ વ્યક્તિ આચાર્યશ્રીની અકારણ નિંદા કરે અને તેની આ પ્રકારની ધૃષ્ટતાથી કુમારપાળ અવગત થઈ જાય તો એને દંડ કર્યા વગર તેને શાંતિનો અનુભવ થતો નહિ.

આત્મનિરીક્ષક કુમારપાળ

એક દિવસ કુમારપાળે પોતાના રાજપ્રાસાદમાં પોતાની પાસે બેઠેલા પોતાના પ્રમુખ પરામર્શદાતા આલિગ નામના વયોવૃદ્ધ પુરોહિતને પ્રશ્ન કર્યો : "પુરોહિતજી ! ગુણોની દૃષ્ટિથી હું મહારાજ સિદ્ધરાજ જયસિંહની સરખામણીમાં ક્યાં છું ? ઓછો ગુણવાન, સમાન કે વિશેષ ? આ જણાવવાની કૃપા કરો."

રાજપુરોહિતે એક ક્ષણ વિચારીને કહ્યું : "રાજરાજેશ્વર ! આપે પૂછ્યું છે, હું આપની સમક્ષ જે હશે તે તથ્યપૂર્ણ નિવેદન કરીશ. અપરાધ ક્ષમા કરજો. મહારાજ સિદ્ધરાજ જયસિંહમાં ૯૬ ગુણ અને ૨ દોષ હતા. એનાથી વિપરીત આપની અંદર ૨ ગુણ અને ૯૬ દોષ છે."

રાજપુરોહિત આલિગ ગુર્જર રાજ્યમાં એ વખતે સત્યવાદી તરીકે જાણીતા હતા. કુમારપાળ પણ એ વાતને જાણતો હતો કે આલિગ કોઈની સમક્ષ સાચી વાત કહેવામાં ક્યારેય ખચકાટ અનુભવતા નથી. પુરોહિતના મુખથી પોતાના ૯૬ દુર્ગુણોની વાત સાંભળીને કુમારપાળને પોતાની જાતથી નફરત થઈ. કુમારપાળે પોતાની કટાર મ્યાનથી કાઢી અને બંને આંખોને ફોડવાનો ઉપક્રમ કર્યો. વૃદ્ધ રાજપુરોહિતે વિદ્યુતવેગે લપકીને કુમારપાળનો હાથ પકડી લીધો અને કહેવા લાગ્યા : "મહારાજ ! આપે મારી આગળની વાત સાંભળી નથી." સિદ્ધરાજ જયસિંહમાં ૯૬ ગુણ હતા, પણ રણમેદાનમાં જરૂરી પૌરુષનો અભાવ અને સ્ત્રી-લંપટતા આ બે મહાન દોષ એ ૯૬ ગુણો પર પાણી ફેરવી દેનારા હતા, એનાથી વિપરીત આપમાં કૃપણતા આદિ ૯૬ દોષ છે, પણ આપનું રણશૌર્ય અને પરસ્ત્રીને માતૃવત્ ગણવાનો કે સહોદરા ગણવાના ચારિત્ર્યગુણી સામે આપના ૯૬ દોષ ઢંકાઈ જાય છે.

પોતાના વૃદ્ધ રાજપુરોહિતના આ કથનથી કુમારપાળને સંતોષ થયો અને પોતાની કટાર મ્યાન કરી દીધી. આ નાનકડી ઘટનાથી કુમારપાળના બે આદર્શ અને અનુકરણીય ગુણોની સાથે સાથે એ સ્પષ્ટતઃ પ્રગટ થાય છે કે તેઓ વસ્તુતઃ પાપભીરુ, પરમ આસ્તિક અને પોતાના દોષો માટે પ્રાયશ્ચિત્ત કરવામાં સદાય તત્પર હતા.

સંકટ સમયમાં પરમ સહાયક, પોતાના જીવનનેં અણુવ્રતોના ઢાંચામાં ઢાળનાર, રત્નત્રયીનું બીજ વાવનાર ને જિનશાસનના વિશ્વ-બંધુત્વના મહાન સિદ્ધાંતો પર આરૂઢ ને અગ્રસર કરાવનાર મહાન ઉપકારી ગુરુ આચાર્ય હેમચંદ્રસૂરિને સંલેખનાપૂર્વક સ્વર્ગારોહણ માટે સમુદ્યત જોઈને પરમાર્હત કુમારપાળ વિચલિત થઈ ગયા. અનેક ભીષણ સંગ્રામોમાં પોતાની ચતુરંગિણી વિશાળ સેનાની અગ્રહરોળમાં રહીને શત્રુઓ સામે અપ્રતિમ સાહસથી લડનાર કુમારપાળ પોતાના ગુરુની મહાપ્રયાણ અવસ્થાને જોઈને શોકસાગરમાં ડૂબી ગયા. એમની આંખો આંસુથી છલકાઈ ગઈ. કુમારપાળને આ રીતે ચિંતાતુર જોઈ આચાર્ય હેમચંદ્રસૂરિએ આશ્વસ્ત કરતા કહ્યું કે - "રાજન્ !

સંયોગનું અંતિમ સ્વરૂપ વિયોગ અને જન્મનું અંતિમ ચરણ મરણ છે. આ બંને અપરિહાર્ય ધ્રુવ છે, જે ટાળી શકાતા નથી. જે અવશ્યભાવી છે, તેના માટે ચિંતિત થવું વ્યર્થ છે. તમે અમારિની ઘોષણા અને જિનશાસનની શ્રદ્ધાપૂર્વક અપૂર્વ સેવાથી ઇહલોક અને પરલોક સુધાર્યો છે. તમે પણ થોડા સમયમાં જ મારું અનુકરણ કરવાના છો, એટલે ચિંતાનો પૂર્ણતઃ પરિત્યાગ કરી શેષ-જીવનમાં જિનશાસનની સેવાનાં કાર્યોમાં જોડાઈ જાવ." આ રીતે મહારાજા કુમારપાળ, પોતાના શિષ્યવર્ગ અને ઉપાસકવૃંદને ધર્મમાં તત્પર રહેવાનો ઉપદેશ આપી આચાર્ય હેમચંદ્રસૂરીએ વિ. સં. ૧૨૨૯માં સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.

કુમારપાળે પૂર્ણ રાજકીય સન્માનની સાથે આચાર્ય હેમચંદ્રસૂરિના પાર્થિવ શરીરનો અંતિમ સંસ્કાર કર્યો અને એમની ચિતાની ભસ્મ લઈને પોતાના કપાળે શ્રદ્ધાપૂર્વક તિલક કર્યું. રાજાનું અનુસરણ કરતાં સામંતો, મંત્રીઓ અને અંતિમક્રિયામાં ઉપસ્થિત હજારો નાગરિકોએ પણ ચિતા ઠંડી પડી ગયા પછી ચોથા દિવસથી જ ચિતાની ભસ્મનું પોતાના કપાળે તિલક કર્યું; પરિણામે ચિતાસ્થળે ઊંડો ખાડો થઈ ગયો અને એ ખાડાને અણહિલપુર-પાટણના નિવાસીઓએ 'હેમખંડ'નામ આપ્યું.

હેમચંદ્રાચાર્યના વિયોગમાં બંને આંખોથી વહેતી અશ્રુધારાએ કુમારપાળે પોતાના સામંતો અને સચિવોને શોકાતુર કંઠે કહ્યું : "મને દુઃખ તો કેવળ એ વાતનું જ છે કે રાજપિંડનો સદાય પરિહાર કરનાર મારા ગુરુદેવને હું અન્ન તો દૂર, મારા ત્યાંનું પાણીનું એક ટીપું પણ સમર્પિત ન કરી શક્યો."

આ રીતે પોતાના પરોપકારી ગુરુવર આચાર્ય હેમચંદ્રનું સ્મરણ કરતાં કરતાં કુમારપાળ એમના બતાવેલા માર્ગ પર અહર્નિશ જિનશાસનની સેવામાં મગ્ન રહેવા લાગ્યા. અંતે વિ. સં. ૧૨૩૦માં પરમાર્હત કુમારપાળે સમાધિપૂર્વક પોતાનાં પાપોની આલોચના કરી પરલોકે પ્રયાણ કર્યું.

અજયદેવ

ગુર્જરનરેશ પરમાર્હત મહારાજા કુમારપાળ પછી વિ. સં. ૧૨૩૦ (વિ. નિ. સં. ૧૭૦૦)માં અજયદેવ વિશાળ ગુર્જર રાજ્યના રાજ-સિંહાસન પર આરૂઢ થયા. એમનો ૩ વર્ષનો અલ્પસમયનો શાસનકાળ ગુર્જર રાજ્યની સંપૂર્ણ પ્રજા માટે અને વિશેષતઃ જૈન ધર્મના અનુયાયીઓ માટે ખૂબ ત્રાસદાયક હતો.

અજયદેવે શાસનની બાગડોર સંભાળતાં જ પોતાના પૂર્વજોએ નિર્માણ કરેલ દેવમંદિરોને ધ્વંસ કરાવવાનું શરૂ કરી દીધું. ત્યાર બાદ અભયદેવે દિવંગત મહારાજા કુમારપાળ અને સ્વર્ગસ્થ હેમચંદ્રસૂરિનાં પ્રીતિપાત્રોને યમસદન પહોંચાડવાનું કાર્ય પોતાના હાથમાં લીધું.

અજયદેવે કુમારપાળના પરમ વિશ્વાસપાત્ર અને સ્વર્ગીય આચાર્ય હેમચંદ્રના પરમ પ્રીતિપાત્ર લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન કપર્દિ નામના મંત્રીને સર્વપ્રથમ છલ-છદ્મપૂર્વક મારવાનું ષડ્‌યંત્ર રચ્યું. એમણે કપર્દિ મંત્રીને પોતાની પાસે બોલાવીને મહામાત્યપદ પર બેસાડ્યા. એક રાત્રે રાજાએ મહામાત્યને મંત્રણા માટે બોલાવી કેદ કરી લીધા અને આગ પર ઊકળતા તેલની કડાઈમાં નાખી દીધા. આમ આર્યભૂમિના એક મહાન સેનાનીના પ્રાણનો અંત લાવવામાં આવ્યો.

ગુર્જરાધિપતિ અજયદેવના માથે હત્યાનું ભૂત સવાર હતું. મહામાત્ય કપર્દિના પ્રાણ લઈને તેની માનવહત્યાની ભૂખ શાંત નહોતી થઈ. એણે આચાર્ય હેમચંદ્રના પટ્ટધર, એકસો પ્રબંધોની રચના કરનાર મહાન ગ્રંથકાર અને વિદ્વાન આચાર્ય રામચંદ્રસૂરિને બોલાવ્યા અને ધગધગતી તાંબાની પટ્ટી પર ધકેલી એમના પ્રાણનો અંત લાવવાની ક્રૂરતાપૂર્ણ ચેષ્ટા કરતાં એમને કહ્યું : "મુનિ આ તાંબાની પટ્ટી પર ઊભા થઈ જાવ."

આચાર્યશ્રી રામચંદ્રએ પ્રચંડ અગ્નિથી તપ્ત લાલઘૂમ તાંબાની વિશાળ પાટને જોતાં જ વિચાર કર્યો - 'મેં પંચમહાવ્રત ધારણ કર્યાં છે. મેં ષડ્‌જીવ નિકાયનાં પ્રાણીઓની સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાથી જીવનપર્યંત અલગ રહેવાનો નિર્ણય લીધો છે. પછી હું પંચમહાવ્રતધારી થઈને

પોતાના પ્રાણની હયાતી દરમિયાન અગ્નિકાયના જીવોની વિરાધના શું કામ કરું ?'

એક જ ક્ષણમાં આ રીતે વિચાર કરી એમણે પોતાના ડાબા હાથે પોતાની જીભ પકડીને બહાર ખેંચી કાઢી અને જમણા હાથે દાઢી પર તીવ્ર પ્રહાર કરી જીભ કાપી નાખી, તેઓ જમીન પર પડી ગયા અને સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.

આ મુનિહત્યાના જઘન્યકૃત્ય ઉપરાંત પણ અધમરાજા અભયદેવની ભૂખ શાંત ન થઈ. તે ગુજરાતના મહાયશસ્વી મહામાત્ય ઉદયનના પુત્ર આમ્રભટ્ટને મારવાની તાકમાં રહેવા લાગ્યો. આમ્રભટ્ટ પોતાના સમયના એક અપ્રતિમય યોદ્ધા, સેનાપતિ ને દાનવીર હતા. એમણે અનેક યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરી ગુર્જર રાજ્યની શ્રીવૃદ્ધિ અને સીમાવૃદ્ધિ કરી. જિનશાસન પ્રત્યે એની શ્રદ્ધા પ્રગાઢ ને સ્તુત્ય હતી. આચાર્ય હેમચંદ્ર અને કુમારપાળનો એ ગાઢ પ્રીતિપાત્ર હતો. બસ એ કારણથી જ અભયદેવ સદાય એનાથી અસંતુષ્ટ રહેતા હતા.

એક દિવસ અજયદેવના સલાહકારના કહેવાથી આમ્રભટ્ટને રાજસભામાં બોલાવવામાં આવ્યા. સલાહકારોએ આમ્રભટ્ટને કહ્યું કે - "તેઓ અભયદેવને પ્રણામ કરે." સ્વાભિમાની આમ્રભટ્ટે તરત ઉત્તર આપ્યો : "આ આમ્રભટ્ટ દેવાધિદેવ વીતરાગ ભગવાન, ગુરુ તરીકે મહર્ષિ હેમચંદ્રસૂરિ અને સ્વામીભાવથી મહારાજા કુમારપાળને જ આ જન્મમાં નમસ્કાર કરે છે, અન્ય કોઈને નહિ."

આમ્રભટ્ટની આ સાહસપૂર્ણ સ્પષ્ટોક્તિથી અભયદેવ ક્રોધિત થઈ ગયો. એણે ઉત્તેજિત સ્વરમાં આમ્રભટ્ટને યુદ્ધ માટે પડકાર્યા. આમ્રભટ્ટ તરત પોતાના ઘર તરફ પાછા ફર્યા. જિનેશ્વરની પ્રતિમાને નમન કરીને એમણે આજીવન અનશનવ્રત અંગીકાર કરી પોતાના મુઠ્ઠીભર સૈનિકો સાથે રાજમહેલ તરફ પ્રયાણ કર્યું અને અજયદેવના અંગરક્ષકો પર આક્રમણ કર્યું. ક્ષણભરમાં જ રાજમહેલ રણમેદાનમાં બદલાઈ ગયો. અનેક યોદ્ધાઓનો સંહાર કરી આમ્રભટ્ટ પોતાના સ્વાભિમાનની રક્ષા કરતાં અંતે પોતાના હાથે જ મૃત્યુનું વરણ કરી પરલોકવાસી થઈ ગયા.

અજયદેવની હત્યા

'આ મૃત્યુલોકમાં અતિ ઉત્કટ ભાવથી કરવામાં આવેલા મહાન પુણ્ય અને ઘોર પાપનું ફળ એ પ્રાણીને ૩ વર્ષ, ૩ માસ, ૩ પક્ષ અથવા ૩ દિવસની અવધિમાં જ અહીં ધરતી પર જ મળી જાય છે.' - આ નીતિ સૂક્ત અનુરૂપ અત્યાચારી રાજા અભયદેવ દ્વારા કરવામાં આવેલાં ઘોર દુષ્કૃત્યોનું ફળ ૩ વર્ષની અંદર જ એને મળી ગયું. અજયદેવના એક વૈજલદેવ નામના અંગરક્ષકે તેના પેટમાં છરો ભોંકી એના પ્રાણનો અંત લાવી દીધો. આ રીતે પોતાના ૩ વર્ષના (વિ. સં. ૧૨૩૦-૧૨૩૩) અત્યાચારી શાસનકાળનો અંત આવ્યો અને અજયદેવને તેના પાપનું ફળ મળી ગયું.

ત્યાર બાદ એના અલ્પવયસ્ક પુત્ર મૂળરાજ(દ્વિતીય)ને અણહિલપુર-પાટણના રાજસિંહાસન પર બેસાડવામાં આવ્યો. અજયદેવની વિધવા રાણી રાજમાતા નાયકીદેવીએ વિશાળ ગુર્જર રાજ્યની સંરક્ષિકા રૂપે શાસનની બાગડોર પોતાના હાથમાં સંભાળી. નાયકીદેવી ગોવાના કદંબવંશી મહારાજા પરમર્દિનની પુત્રી હતી. એણે ગુર્જર રાજ્યની પ્રજાને સુશાસન આપવાની સાથે સાથે ગુર્જર રાજ્યને એક શક્તિશાળી રાજ્ય બનાવવાનો પ્રયાસ પણ કર્યો.

વિ. સં. ૧૨૨૫ (વિ. નિ. સં. ૧૭૦૫ તથા ઈ.સ. ૧૧૭૮)માં સુલતાન મોહમ્મદ ઘોરીએ ગુજરાત પર આક્રમણ કર્યું. ગુજરાતની રાજમાતા નાયકીદેવીએ પોતાના પુત્ર મૂળરાજ(દ્વિતીય)ને પોતાની ગોદમાં ઊંચકી ગુર્જર રાજ્યની સેનાનું નેતૃત્વ કરતાં મોહમ્મદ ઘોરીનો સામનો કર્યો અને અદ્‌ભુત સાહસ અને શૌર્યની સાથે ગુર્જર રાજ્યની સેનાનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું. પ્રકૃતિએ પણ મુક્ત રીતે રાજમાતાની સહાયતા કરી. મુશળધાર વરસાદમાં યુદ્ધથી ન ટેવાટેલી શત્રુસેના રણમેદાનમાંથી પોતાનો જીવ મુઠ્ઠીમાં લઈને નાસી ગઈ. મોહમ્મદ ઘોરી પણ ગુર્જરસેનાના શસ્ત્રાઘાતોથી ઘાયલ થઈ પોતાની બચેલી સેના લઈ નાસી ગયો.

ત્યાર બાદ થોડા જ સમયમાં બાળક રાજા મૂળરાજનું એ જ વર્ષ વિ. સં. ૧૨૩૫માં કુદરતી મૃત્યુ થવાથી એના નાનાભાઈ ભીમ-(દ્વિતીય)ને ગુર્જર રાજ્યના સિંહાસન પર બેસાડવામાં આવ્યો. રાજ્યારોહણ વખતે ભીમની શૈશવાવસ્થા હતી. માલવરાજ સુભટ-વર્મને એને ગુજરાત વિજયનો સ્વર્ણિમ અવસર સમજી એક શક્તિશાળી સેના લઈ ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ગુપ્તચરોના માધ્યમથી સુભટવર્મનના ગુજરાત તરફ આગળ વધવાના સમાચાર સાંભળી મહારાજા ભીમના પ્રધાનામાત્ય એને ગુજરાતની સરહદે મળ્યા અને 'પ્રબંધ ચિંતામણિ'માં થયેલા ઉલ્લેખ મુજબ તેમણે માલવપતિ સુભટવર્મનને કહ્યું : "પૂર્વના સ્વામીની પશ્ચિમ વિજયની આશા વાસ્તવમાં તેમના વિનાશનું કારણ બનશે."

ગુર્જર રાજ્યના પ્રધાનામાત્યની આ વાત સાંભળી સુભટવર્મનને મનમાં થયું કે - 'આક્રમણથી લાભ નહિ પણ હાનિ થવાની સંભાવના વિશેષ છે.' તેથી તે યુદ્ધ કર્યા વગર પોતાના રાજ્ય તરફ પાછા વળ્યા.

વિ. સં. ૧૨૩૫ થી વિ. સં. ૧૨૯૮ સુધીના ૬૩ વર્ષના શાસનકાળ દરમિયાન ગુર્જરેશ્વર ભીમને મહારાજા કુમારપાળના માસિયાઈ ભાઈ સામંત આનાક ભૂપના પુત્ર લવણપ્રસાદ અને લવણપ્રસાદના પુત્ર વીર ધવલ, તરફથી પ્રસંગોપાત્ત કે સંકટસમયે નાની-મોટી સહાયતા મળતી રહી. બાહ્ય આક્રમણોથી આ બંને પિતા-પુત્રએ ગુજરાતની રક્ષા કરી. લવણપ્રસાદ રાજા ભીમના અંતિમ દસ વર્ષો છોડીને વિ. સં. ૧૨૮૮ સુધી લગભગ ૫૩ વર્ષ સુધી ચાલુક્ય-રાજના પ્રશાસનના પ્રધાન બની રહ્યા. વિ. સં. ૧૨૮૮માં તેઓ સેવાનિવૃત્ત થયા કે એમનો પુત્ર વીર ધવલ સંપૂર્ણ ગુર્જર રાજ્યનો એક રીતે રાજાતુલ્ય સર્વોપરી શાસક બની ગયો.

અમુક પ્રમુખ ગચ્છ અને આચાર્યો

ખરતરગચ્છ

ઉપલબ્ધ ઐતિહાસિક સામગ્રીના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી એ તથ્ય પ્રકાશમાં આવે છે કે વર્તમાનમાં શ્વેતાંબર પરંપરામાં જેટલા ગચ્છ છે, એમાં વર્ધમાનસૂરિ અને એમના શિષ્ય જિનેશ્વરસૂરિના અદ્‌ભુત સાહસના પરિણામ સ્વરૂપ વિક્રમની અગિયારમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં પ્રગટ થયેલ અને કાળાંતરે 'ખરતરગચ્છ'ના નામથી પ્રખ્યાત થયેલ 'ખરા'ગચ્છ સહુથી પ્રાચીન ગચ્છ છે. સર્વાધિક પ્રાચીન હોવાની સાથે-સાથે ખરતરગચ્છે જિનશાસનના અભ્યુદય - ઉત્થાન માટે જૈન ધર્મના વાસ્તવિક આગમિક સ્વરૂપને થોડા અંશોમાં પુનઃ પ્રકાશમાં લાવવાની દિશામાં પણ મહત્ત્વપૂર્ણ, ઉલ્લેખનીય અને ઐતિહાસિક યોગદાન આપ્યું જે જૈન ધર્મના ઈતિહાસમાં સદા-સર્વદા સુવર્ણ અક્ષરમાં લખાતું રહેશે.

તપાગચ્છ પટ્ટાવલી અને ઉપાધ્યાય ધર્મસાગરગણિ દ્વારા રચિત 'પ્રવચન પરીક્ષા' નામના ગ્રંથમાં વિ. સં. ૧૨૦૪માં ખરતરગચ્છની ઉત્પત્તિનો ઉલ્લેખ છે. પરંતુ તેમાં સાંપ્રદાયિક પૂર્વાભિનિવેશની સાથે ગચ્છ વ્યામોહની ગંધનો સ્પષ્ટ રૂપે આભાસ થાય છે.

યશસ્વી ખરતરગચ્છ વિરુદ્ધ વિષવમન કરનારાઓએ એને 'ઔષ્ટ્રિક-ગચ્છ', 'ચામુંડિકગચ્છ' આદિ અશોભનીય ઉપમાઓથી ઓળખાવતા કહ્યું કે - 'દ્રવ્ય સાધુ જિનદત્ત(દાદા જિનદત્તસૂરિ)થી જ વિક્રમ સં. ૧૨૦૪માં 'ખરતરગચ્છ' પ્રચલિત થયો અને ઔષ્ટ્રિક-ગચ્છ, ચામુંડિકગચ્છ અને ખરતરગચ્છ - આ ત્રણેય નામ જિનદત્તસૂરિના સમયથી જ પ્રચલિત થયા. પરંતુ પ્રમાણોથી પરિપુષ્ટ વાસ્તવિકતા એ છે કે વિ. સં. ૧૦૮૦માં જ્યારે પાટણપતિ ચાલુક્યરાજ દુર્લભ-સેનની રાજસભામાં ચૈત્યવાસીઓની સાથે વર્ધમાનસૂરિના શિષ્ય જિનેશ્વરસૂરિનો શાસ્ત્રાર્થ થયો, એ વખતે જિનેશ્વરસૂરિના આગમસંમત વિચારો સાંભળી અને એમના દ્વારા ચૈત્યવાસીઓને શાસ્ત્રાર્થમાં પરાજિત કરવાની ઘટનાથી પ્રભાવિત થઈને દુર્લભસેને વર્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ આદિની ભરપૂર પ્રશંસા કરતાં કહ્યું હતું : "આ ખરા છે."

ત્યારથી રાજાનું અનુકરણ કરતાં લોકોએ પણ વર્ધમાનસૂરિના શિષ્ય પરિવાર, સાધુ-સાધ્વીસમૂહ 'માટે આ ખરાં છે' કહેવાની શરૂઆત થઈ. આ રીતે આ સાધુ-સાધ્વી સમુદાયને લોકો પ્રારંભથી ખરાં, શુદ્ધ, સાચાં, કસોટીમાં પાર ઊતરનારા આદિ વિશેષણોથી સંબોધિત કરવા લાગ્યા હતા. આ કોઈ બિરુદમૂલક શબ્દ ન હતો, પણ સ્વીકૃતિનો ભાવ વ્યક્ત થતો હતો. દુર્લભરાજ દ્વારા વર્ધમાનસૂરિના પટ્ટધર શિષ્ય, જિનેશ્વરસૂરિ અને એમનાં શ્રમણ-શ્રમણીસમૂહ માટે પ્રશંસા સ્વરૂપે પ્રયોજાયેલો 'ખરાં, અતિ ખરાં' એ શબ્દ વર્ધમાનસૂરિ દ્વારા પ્રારંભ થયેલ, ગચ્છ માટે 'ખરતરગચ્છ'ના રૂપે લોકોમાં પ્રચલિત થયો.

વિક્રમની સત્તરમી સદીમાં તપાગચ્છીય લેખક ઉપાધ્યાય ધર્મ-સાગર ગણિએ એમ સિદ્ધ કરવાનો પૂરો પ્રયાસ કર્યો કે - 'ચાલુક્યરાજ દુર્લભરાજે જિનેશ્વરસૂરિ અથવા એમનાં સાધુ-સાધ્વી સમૂહને 'ખરતર' બિરુદ પ્રદાન નથી કર્યું, એનાથી વિપરીત જિનદત્તસૂરિના અતિ ઉગ્ર સ્વભાવ અને અતિ કઠોર સંભાષણના કારણે લોકોએ તેમને 'ખરતર' સંબોધનથી ઓળખવાનો પ્રારંભ કર્યો અને સમય જતાં જિનદત્ત-સૂરિનો ગચ્છ 'ખરતરગચ્છ'ના નામે લોકોમાં રૂઢ થયો.

'ગુર્વાવલીકાર જિનપાલોપાધ્યાય'ના મત મુજબ ચૈત્યવાસીઓની સાથે શાસ્ત્રાર્થમાં જિનેશ્વરસૂરિએ આગમના આધારે નિયત નિવાસ ચૈત્યવાસને શાસ્ત્રવિરુદ્ધ અને વસતિવાસને શાસ્ત્રસંમત સિદ્ધ કરી ચૈત્યવાસીઓને પરાજિત કર્યા. આ રીતે વર્ધમાનસૂરિએ ચૈત્યવાસી-ઓના દુર્ભેદ્યગઢ પાટણના ચૈત્યવાસીઓ પર વિજય પ્રાપ્ત કરી ગુજરાતના પાટનગર પાટણમાં અનેક શતાબ્દીઓથી તિરોહિત વસતિવાસનો શુભારંભ કર્યો. પાટણમાં વસતિવાસ પ્રચલિત કરવાનું વિવરણ પ્રસ્તુત કરતા પ્રભાવક ચરિત્રકાર પ્રભાચંદ્રસૂરિએ જિનપાલોપાધ્યાયના વિવરણથી ભિન્ન પ્રકારનું વિવરણ આપ્યું છે, જે વાંચવાથી સ્પષ્ટતઃ પ્રગટ થાય છે કે - 'દુર્લભરાજની સભામાં ચૈત્યવાસીઓની સાથે જિનેશ્વર-સૂરિનો કોઈ પ્રકારનો શાસ્ત્રાર્થ અથવા વાદ-વિવાદ નથી થયો; પણ મહારાજ દુર્લભરાજ દ્વારા કરવામાં આવેલ વિનમ્ર નિવેદન, "આપ કૃપા કરી બહારથી આવેલા આ ગુણવાન મહાપુરુષોને અણહિલપુર-પાટણમાં રહેવાની અનુમતિ પ્રદાન કરો." સાંભળીને ચૈત્યવાસી આચાર્યોએ

જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને તત્કાળ અણહિલપુર-પાટણમાં રહેવાની સ્વીકૃતિ આપી.

આચાર્ય-પ્રભાચંદ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪માં અર્થાત્ જિનપાલોપાધ્યાય દ્વારા લિખિત 'ગુર્વાવલી'ના ૨૯ વર્ષ પછી પ્રભાવક ચારિત્રની રચના કરી. આચાર્ય પ્રભાચંદ્રએ પોતાની આ કૃતિની પ્રશસ્તિના એક પદ દ્વારા સ્પષ્ટ રીતે સ્વીકાર કર્યો છે કે - 'જે પૂર્વાચાર્યોના ઇતિવૃત પ્રસ્તુત ગ્રંથમાં લખેલ છે, એમાંથી અનેક આચાર્ય વિભિન્ન સંપ્રદાયોના હતા. આ સાંપ્રદાયિક ભેદના કારણ અન્ય દરેક સંપ્રદાયોના સંબંધમાં અનિવાર્ય રીતે અપેક્ષિત જાણકારી ન હોવાના કારણે મારા લેખનમાં થોડી ત્રુટિઓ અવશ્ય રહી હશે. તેથી સુજ્ઞ વિદ્વાન મારા પર અનુગ્રહ કરી એ મર્યાદાઓનું સમુચિત શોધન-માર્જન કરે.'

આવી સ્થિતિમાં કોઈ પણ વિદ્વાન એમ માનવા નહિ પ્રેરાય કે જિનેશ્વરસૂરિ દ્વારા અણહિલપુર-પાટણમાં પ્રચલિત કરવામાં આવેલ વસતિવાસના સંબંધમાં જે કાંઈ પ્રભાવક ચારિત્રમાં લખવામાં આવ્યું છે, એ જ અંતિમ સ્વરૂપે પ્રામાણિક છે. પ્રભાવક ચારિત્રકારે ચૈત્યવાસી આચાર્યોનો જિનેશ્વરસૂરિની સાથે શાસ્ત્રાર્થ ન થવાનું અને મહારાજા દુર્લભરાજ દ્વારા જ પોતાના વ્યક્તિગત પ્રભાવથી વસતિવાસી સાધુઓને અણહિલપુર-પાટણમાં નિવાસ કરવા-હેતુ ચૈત્યવાસીઓને વિનંતી કરવાનો જે ઉલ્લેખ કર્યો છે, એનો કોઈ આધાર જૈન સાહિત્યમાં ક્યાંય ઉપલબ્ધ થતો નથી. એનાથી વિપરીત પ્રભાવક ચારિત્રકારથી ૨૯ વર્ષ પૂર્વ ગુર્વાવલી(ખરતરગચ્છ)નું આલેખન કરનાર જિનપાલોપાધ્યાય સિવાય આચાર્ય જિનદત્તસૂરિએ 'ગણધર સાર્ધ શતક'માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે - 'દુર્લભરાજની સભામાં ચૈત્યવાસી આચાર્યોની સાથે જિનેશ્વરસૂરિએ શાસ્ત્રાર્થ કરી ગુજરાત પ્રદેશમાં વસતિવાસની સ્થાપના કરી.'

આ તથ્યોના આલોકમાં તટસ્થ દૃષ્ટિએ વિચાર કરવાથી એ જ પ્રતિફલિત થાય છે કે - 'જિનેશ્વરસૂરિએ ચૈત્યવાસીઓને દુર્લભરાજની રાજસભામાં શાસ્ત્રાર્થમાં પરાજિત કરી અણહિલપુર-પાટણમાં શતાબ્દીઓથી પ્રતિબંધિત વસતિવાસની પરંપરાને પ્રતિષ્ઠાપિત કરી. જિનેશ્વરસૂરિનો શાસ્ત્રાર્થમાં જે વિજય થયો, એ એક માન્યતાના બળ પર થયો કે તેઓ માત્ર ગણધરો અને ચતુર્દશ પૂર્વધરો દ્વારા ગ્રથિત આગમોને

જ પ્રામાણિક માનતા હતા. આગમો સિવાયનાં ભાષ્યો, ટીકાઓ, ચૂર્ણિઓ, વૃત્તિઓ આદિ પંચાંગીનાં અંગોને પ્રામાણિક માનતા ન હતા.'

એ સિવાય આ તથ્યોથી એ પણ પ્રગટ થાય છે કે - 'વર્ધમાનસૂરિની પરંપરા જે સમય જતા ખરતરગચ્છના નામથી લોકોમાં પ્રચલિત થઈ, એ પણ પ્રારંભે કેવળ આગમોને જ પ્રામાણિક માનતી હતી. જેમ જેમ સમય વીતતો ગયો, ચૈત્યવાસીઓના સંગ અથવા પ્રભાવથી સુવિહિત કહેવાતા ગચ્છોમાં નિર્યુક્તિઓ, ભાષ્યો, વૃત્તિઓ અને ચૂર્ણિઓને પણ આગમોની જેમ જ પ્રમાણભૂત માનવાની પ્રવૃત્તિ ઘર કરતી ગઈ.' ધીમે ધીમે એનો પ્રભાવ સમગ્ર ધર્મક્રાંતિ તરીકે ક્રિયોદ્ધાર કરનાર વર્ધમાનસૂરિની પરંપરા પર પણ વધતો ગયો; અને આ પરંપરાના ઉત્તરકાળવર્તી આચાર્યોએ પણ ચૈત્યવાસીઓની સમાન આગમવિરોધી આચાર અંગીકાર કરી લીધા.

ઉદાહરણ તરીકે ખરતરગચ્છના સિત્તેરમા પટ્ટધર આચાર્ય જિનમહેન્દ્રસૂરિના જીવનથી સંબંધિત એક ઉદાહરણ ઈતિહાસજ્ઞ પં. કલ્યાણવિજયના ગ્રંથ 'પટ્ટાવલી પરાગ સંગ્રહ'માંથી અહીં પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે. જિનમહેન્દ્રસૂરિનો જન્મ વિ. સં. ૧૮૬૭માં થયો. વિ. સં. ૧૮૮૫માં એમણે દીક્ષા લીધી. વિ. સં. ૧૮૯૨માં જોધપુરના મહારાજા માનસિંહના રાજ્યકાળમાં તેમને આચાર્યપદ પર આરૂઢ કરવામાં આવ્યા. તેઓ શ્રી પાદલિપ્તપુરમાં તપાગચ્છીય ઉપાશ્રયની આગળ થઈને વાજિંત્ર વગાડતાં જિનમંદિરમાં દર્શનાર્થે ગયા. શ્રી સંઘાધિપતિએ સપરિવાર ગુરુને પોતાના નિવાસસ્થાને બોલાવીને સુવર્ણમુદ્રાઓથી નવાંગપૂજા કરી અને ૧૦ હજાર રૂપિયા અને પાલખી સંઘ સમક્ષ ભેટ કરી. વાચક, પાઠક, સાધુવર્ગને સુવર્ણમુદ્રાઓ તથા મહાવસ્ત્રાદિ જ્ઞાનઉપકરણ ભેટ ધર્યા. શ્રી ગુરુએ પણ ૮૪ ગચ્છીય સમસ્ત આચાર્ય તથા સહસ્ત્ર સાધુઓને મહાવસ્ત્ર ને પ્રત્યેકને બે-બે રૌપ્ય મુદ્રાઓ અર્પણ કરી.

પટ્ટાવલી સંખ્યા ૨૩૨૯માં ઉલ્લેખિત આ પ્રકારનાં વિવરણથી સ્પષ્ટતઃ એમ પ્રમાણિત થાય છે કે વિક્રમની ઓગણીસમી શતાબ્દીના અંતિમ ચરણમાં યશસ્વિની પરંપરા ખરતરગચ્છના આચાર્યોમાં શિથિલતા એ હદ સુધી વધી ગઈ કે ચૈત્યવાસીઓ અને સુવિહિત કહેવાતી પરંપરાના આચાર્યોના આચાર-વિચારમાં કોઈ વિશેષ ભેદ ન રહ્યો. આગમોમાં

પ્રતિપાદિત જૈન શ્રમણચર્યાની તુલનામાં જિનમહેન્દ્રસૂરિ જેવા આચાર્યોના આચાર-વિચાર પર ચિંતન કરવાથી એમ પ્રતીત થાય છે કે શાસ્ત્રોમાં પ્રતિપાદિત જિનાજ્ઞાથી એ વખતના સાધુઓને કોઈ સંબંધ રહ્યો ન હતો.

ખરતરગચ્છનો સામૂહિક વિરોધ

વર્ધમાનસૂરિની પરંપરાના આચાર્યો દ્વારા જૈન ધર્મ અને જૈન શ્રમણાચારના આગમિક સ્વરૂપની પુનઃ પ્રતિષ્ઠા માટે જ્યાં સુધી પ્રયાસ થતા રહ્યા, ત્યાં સુધી ચૈત્યવાસી પરંપરાના અનુયાયીઓ દ્વારા આ પરંપરાનો ડગલે ને પગલે વિરોધ થતો રહ્યો.

અણહિલપુર-પાટણમાં વસતિવાસની સ્થાપના પછી વર્ધમાન-સૂરિની પરંપરાના આચાર્યો ને ચૈત્યવાસી પરંપરાના આચાર્યોમાં પરસ્પર પ્રમુખ સ્પર્ધા હતી. વર્ધમાનસૂરિએ ચૈત્યવાસીઓની અનાગમિક માન્યતાઓ, અશાસ્ત્રીય આચાર-વિચાર આદિના ઉન્મૂલન માટે એક નવીન ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો. આ કારણે ચૈત્યવાસી પરંપરાના અનુયાયીઓનું વર્ધમાનસૂરિની પરંપરાથી વિરોધ કરવો સ્વાભાવિક હતો. પરંતુ ચૈત્યવાસી પરંપરાની જે જનપ્રિય, જનરંજનકારી અને ચિતાકર્ષક માન્યતાઓને સુવિહિત પરંપરાના અન્ય ગચ્છોએ જિનશાસન પ્રભાવનાના નામે અપનાવી લીધેલ, એ ગચ્છ પણ વર્ધમાનસૂરિ દ્વારા પ્રચલિત ક્રાંતિકારી પરંપરાના વિરોધી થઈ ગયા. જિનવલ્લભસૂરિના અને જિનદત્તસૂરિના જીવનકાળમાં આ પ્રકારના વિરોધોની ઝલક જૈન સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે.

અણહિલપુર-પાટણમાં ચૈત્યવાસીઓની સાથે સાથે સુવિહિત પરંપરાના અન્ય ગચ્છોના અનુયાયી પણ જિનવલ્લભસૂરિના વિરોધી થઈ ગયા હતા. આ વિરોધના કારણે જ સંભવતઃ જિનવલ્લભસૂરિને પાટણ છોડી ચિત્તોડ તરફ વિહાર કરવો પડ્યો. આ ઘટના પછી પોતાના જીવનકાળ દરમિયાન તેઓ કદી પાટણ તરફ પાછા ફર્યા નહિ, અન્ય ક્ષેત્રોમાં જ વિચરણ કરતા રહ્યા. આ રીતે જિનવલ્લભસૂરિના પટ્ટધર આચાર્ય જિનદત્તસૂરિના જીવનવૃત્તથી જ આ તથ્ય પ્રકાશમાં આવે છે કે - 'ચૈત્યવાસી પરંપરાના આચાર્યોની સાથે સાથે અન્ય ૧૩ ગચ્છોના આચાર્ય પણ જિનદત્તસૂરિનો ઉગ્રતાપૂર્વક વિરોધ કરતા રહ્યા.'

દેવભદ્રાચાર્યએ જિનદત્તસૂરિને જિનવલ્લભની પાટ પર બેસાડ્યા પછી થોડા દિવસ સુધી અણહિલપુર-પાટણથી બહાર અન્યત્ર જ ક્યાંક વિહાર કરવાનું કહ્યું. જેનો જિનદત્તસૂરિએ સ્વીકાર કર્યો. એક દિવસ જિનશેખરે વ્રતપાલનમાં કોઈ ભૂલ કરી. દેવભદ્રાચાર્યએ એમને સંઘમાંથી બહિષ્કૃત કરી દીધા. જિનશેખરે જિનદત્તસૂરિનાં ચરણોમાં પોતાના અપરાધની ક્ષમા માંગતા પ્રાર્થના કરી કે - 'એમને સંઘમાં પુનઃ સામેલ કરવામાં આવે.' કરુણાનિધિ જિનદત્તસૂરિએ એમને સંઘમાં સામેલ કર્યા. આ કારણથી ગચ્છના ૧૩ આચાર્યોએ શ્રી જિનદત્તસૂરિને ગચ્છથી બહિષ્કૃત કર્યા, તેથી આચાર્ય જિનદત્તસૂરિ અન્યત્ર વિહાર કરી ગયા.

ચૈત્યવાસીઓ તથા સુવિહિત પરંપરાના થોડા ગચ્છ દ્વારા ખરતર-ગચ્છના વિરોધે અંતે સંભવતઃ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હશે, એવું અનુમાન જિનદત્તસૂરિ દ્વારા રચિત અપભ્રંશ ભાષાના 'ઉપદેશ રસાયન રાસ' નામના ગ્રંથથી પણ થાય છે.

આચાર્ય જિનવલ્લભસૂરિના ઉપદેશોથી નિર્માપિત વિધિ ચૈત્યો પર વિરોધીઓએ સંગઠિત થઈ અધિકાર જમાવ્યો. ખરતરગચ્છના અનુયાયીઓ દ્વારા જ્યારે પોતાના વિધિ-ચૈત્યો પર પુનઃ પોતાનો અધિકાર જમાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો તો સંભવતઃ મહારાજા સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં અન્ય ગચ્છાનુયાયી વિરોધીઓએ રાજાજ્ઞા દ્વારા એ વિધિ ચૈત્યો પર અધિકાર મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી. આ રીતે પાંચ કે આઠ-દસ વિધિ-ચૈત્યો પર વિરોધીઓ દ્વારા અધિકાર જમાવવા પર જિનવલ્લભસૂરિએ આ પ્રકારની સ્થિતિનો અને ચૈત્યવાસી પરંપરાનો વિરોધ શરૂ કર્યો. એ સમય સુધી ચૈત્યવાસી પરંપરાએ અવસરાનુકુળ સમન્વયવાદી નીતિનું અવલંબન લઈ પાટણસંઘ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. જિનવલ્લભ-સૂરિની આ રીતની બહુમત વિરોધી ગતિવિધિઓથી નારાજ થઈને પાટણસંઘે એમને સંઘમાંથી બહિષ્કૃત કર્યા. આ પ્રકારની વિદ્વેષપૂર્ણ સ્થિતિમાં પોતાની માન્યતાના પ્રસાર-પ્રચાર માટે જિનવલ્લભસૂરિએ પાટણથી બહાર વિહાર કરવો પડ્યો. તેઓ જીવનભર પાટણ રાજ્યની સીમાઓથી બહાર ચિત્તોડ આદિ સ્થાનોમાં વિવિધ ચૈત્યોની સ્થાપનાના માધ્યમથી પોતાની પરંપરાનો પ્રસાર-પ્રચાર કરવામાં સંલગ્ન રહ્યા.

જિનવલ્લભસૂરિ પાટણથી ગયા પછી જિનદત્તસૂરિએ પોતાના અનુયાયીઓને પોતાના વિધિ-ચૈત્યો પર પુનઃ અધિકાર જમાવવાનો આદેશ આપ્યો. આ પ્રકારના ઉપદેશોને ઉત્તેજક અને શાંતિભંગ કરનાર જણાવી વિરોધીઓએ રાજાજ્ઞા દ્વારા જિનદત્તસૂરિને પાટણ રાજ્યથી નિષ્કાસિત કરાવ્યા. આ જ કારણ હતું કે જિનવલ્લભસૂરિના સમાન એમના પટ્ટધર આચાર્ય જિનદત્તસૂરિ પણ પોતાના જીવનકાળ દરમિયાન પાટણ પાછા ન આવ્યા. જૈન સાહિત્યમાં આ પ્રકારનાં સાક્ષ્ય પ્રમાણ મળે છે કે ચાલુક્યરાજ દ્વિતીય ભીમદેવ(વિ. સં. ૧૨૩૫ થી ૧૨૯૮)ના શાસનકાળ સુધી પૌર્ણમિક, ખરતરગચ્છ આદિ થોડા ગચ્છોના આચાર્યો, સાધુઓ આદિનું પાટણમાં આવવા-જવાનું બંધ હતું.

ચૈત્યવાસીઓના ઉત્કર્ષ અને અપકર્ષકાળમાં ચૈત્યવાસી સાધુ ચૈત્યોમાં જ નિયત નિવાસ કરતા હતા. એ લોકો એ ચૈત્યોમાં ખાન, પાન, શયન, સ્નાન, નર-નારીનાં સામૂહિક કીર્તન, રાત્રિ-જાગરણ અને નર્તકીઓનાં નૃત્ય-સંગીત અને તાંબૂલ-ચર્વણ આદિ સર્વ કાર્યકલાપ કરતા હતા.

જિનવલ્લભસૂરિએ જે ચૈત્યોની સ્થાપના - પ્રતિષ્ઠા કરી, એમાં એમણે એવી વ્યવસ્થા કરી હતી કે એ ચૈત્યોમાં સૂત્રો-આગમોથી વિપરીત પ્રરૂપણા ન થાય, રાત્રિ-સ્નાન આદિ કાર્યકલાપ કદાપિ ન થાય, એ મંદિરો પર કોઈ પણ સાધુનું સ્વામિત્વ કે મમત્વ ન રહે. રાત્રે કોઈ પણ સ્ત્રી આ મંદિરોમાં પ્રવેશ ન કરે. ત્યાં જાતિ, વર્ણ આદિનો કોઈ પણ પ્રકારનો ભેદભાવ, કદાગ્રહ ન રહે અને શ્રાવક-શ્રાવિકા વર્ગ દ્વારા આ મંદિરોમાં તાંબૂલ - ચર્વણ પણ ન કરવામાં આવે. જિનવલ્લભસૂરિએ પોતાના અનુયાયીઓ દ્વારા આ પ્રકારનાં નિયમો અથવા વિધિ-વિધાનો સાથે બનાવવામાં આવેલા અથવા બનાવવામાં આવે તેવા ચૈત્યોને 'વિધિ-ચૈત્યો' સંજ્ઞા આપી.

ખરતરગચ્છના વિરોધીઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી આ પ્રકારની સ્થિતિને કારણે જ જિનવલ્લભસૂરિ અને તેમના શિષ્ય જિનદત્તસૂરિ દ્વારા પાટણ છોડવાની ઘટના બાદ જિનદત્તસૂરિના શિષ્ય જિનચંદ્રસૂરિ અને એમના શિષ્ય જિનપતિસૂરિ પણ પોતાના જીવનકાળમાં કદી પાટણ ન ગયા. આ પ્રકારનું સાંપ્રદાયિક વૈમનસ્ય,

પારસ્પરિક વિરોધ ઉત્તરોત્તર વધતો ગયો. વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધ અને સત્તરમી સદીના પ્રથમ ત્રણ દાયકામાં તો આ વૈમનસ્ય તેની ચરમસીમાએ પહોંચ્યું.

તપાગચ્છીય ઉપાધ્યાય ધર્મસાગરે પોતાના ગ્રંથ 'પ્રવચન પરીક્ષા'માં ખરતરગચ્છની સર્વાધિક કટુ અને તીખી આલોચના કરી છે. એમણે આચાર્ય જિનવલ્લભસૂરિને એમના જીવનના અંતકાળ સુધી ચૈત્યવાસી પરંપરાના શ્રમણ જ બતાવ્યા છે. આ રીતે ધર્મસાગરે જિનદત્તસૂરિ માટે અશોભનીય ભાષાનો પ્રયોગ કરતાં એમને 'ઔષ્ટ્રિક' અને એમના ગચ્છને 'ઔષ્ટ્રિકગચ્છ' 'ચામુંડાગચ્છ', 'ગર્દભગચ્છ' સુધીની સંજ્ઞા આપી દીધી છે. આવા સાંપ્રદાયિક વિદ્વેષના કારણે વિરોધીઓએ ન કેવળ જિનવલ્લભસૂરિ અને જિનદત્તસૂરિની જ આલોચના કરી, ઉપરાંત જૈન ધર્મને વિશુદ્ધ સ્વરૂપમાં જન-જન સમક્ષ પ્રગટ કરનાર મહાન આચાર્ય વર્ધમાનસૂરિની પણ કટુ આલોચના કરવામાં કોઈ પ્રકારની કોઈ કસર રાખી નહિ.

ઉપાધ્યાય ધર્મસાગરે ન કેવળ શ્રી વર્ધમાનસૂરિને જ પણ તેમના દ્વારા પ્રચલિત કરવામાં આવેલી શ્રમણ પરંપરાને મૂળતઃ સુવિહિત પરંપરાથી ભિન્ન પરંપરા સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો. એમણે કહ્યું છે કે - 'ખરતરગચ્છની મર્યાદાઓને પ્રામાણિક માની લેવાથી સમગ્ર જિનશાસનને જ અપ્રામાણિક માનવા જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ જશે, કારણ કે ખરતરગચ્છની મર્યાદા અને જિનપ્રવચન આ બંને પરસ્પર એકબીજાથી ભિન્ન અને વિપરીત દિશાઓમાં લઈ જનાર છે.'

ખરતરગચ્છની શાખાઓ

વર્ધમાનસૂરિથી લઈને એમના સાતમા પટ્ટધર જિનપતિસૂરિ સુધી 'ખરતરગચ્છ' નામથી પ્રસિદ્ધ એક એકમ તરીકે સુગઠિત વર્ધમાનસૂરિની પરંપરા જિનશાસનનો પ્રચાર-પ્રસાર કરતી રહી. જિનપતિસૂરિના શિષ્ય જિનેશ્વરસૂરિ(દ્વિતીય)ના સમયમાં વિ. સં. ૧૨૮૦માં ખરતરગચ્છને બે અલગ આચાર્યના નેતૃત્વમાં બે વિભાગોમાં વિભક્ત કરવામાં આવ્યો.

જિનેશ્વરસૂરિ(દ્વિતીય)ના બે મુખ્ય શિષ્યો હતા. એકનું નામ હતું જિનસિંહસૂરિ. જેઓ જન્મથી શ્રીમાલ જાતિના હતા. એમના બીજા શિષ્યનું

નામ જિનપ્રબોધસૂરિ હતું, જેઓ જન્મથી ઓસવાલ વંશના હતા. જિનેશ્વરસૂરિએ આ બંને શિષ્યોને આચાર્યપદ આપી પોતાના સંઘને બે ભાગોમાં વિભક્ત કર્યો. આ રીતે વિ. સં. ૧૨૮૦માં ખરતરગચ્છમાં બે શાખાઓનો પ્રાદુર્ભાવ થયો અને બંને શાખાઓ પોતપોતાના આચાર્યના નેતૃત્વમાં સ્વ-પરકલ્યાણમાં વ્યસ્ત રહી.

આચાર્ય જિનસિંહસૂરિની પરંપરામાં વિક્રમની ચૌદમી શતાબ્દીમાં જિનપ્રભસૂરિ નામના એક મહાન જિનશાસન પ્રભાવક અને યશસ્વી ગ્રંથકાર આચાર્ય થયા. એમણે બાદશાહ તુઘલખ મોહમ્મશાહને પ્રતિબોધ આપી અનેક અમારિ ઘોષિત કરાવી. મોહમ્મદશાહે એમને પોતાના દરબારમાં વિશિષ્ટ સન્માન આપ્યું.

જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૫૨માં સાહિત્યસર્જનનું કાર્ય શરૂ કર્યું, જે વિ. સં. ૧૩૯૦ સુધી અવિરત ચાલતું રહ્યું. એમણે ૨૭ ગ્રંથો અને ૭૩ સ્તોત્રોની રચના કરી. એમણે વિ. સં. ૧૩૬૩માં 'વિધિપ્રપા' અને વિ. સં. ૧૩૯૦માં 'વિવિધ તીર્થકલ્પ' નામના મહત્ત્વપૂર્ણ ગ્રંથોની રચના કરી. એમણે 'તપોમત-કુટ્ટન' નામનો ગ્રંથ લખીને પોતાના વિરોધીઓનાં મુખ બંધ કરી દીધાં.

ખરતરગચ્છમાં વિવિધ સમયે જે શાખાઓ-પ્રશાખાઓ ઉત્પન્ન થઈ તેનું સંક્ષેપમાં વિવરણ આ રીતે છે :

૧. વિક્રમ સં. ૧૨૦૪માં જિનશેખરાચાર્યથી રુદ્રપલ્લીય ખરતર શાખાનો પ્રાદુર્ભાવ થયો.

૨. વિ. સં. ૧૨૦૫માં જિનદત્તસૂરિના જીવનના સંધ્યાકાળમાં મધુકર ખરતર શાખાનો ઉદ્‌ભવ થયો.

૩. વિ. સં. ૧૨૨૨માં જિનશેખરસૂરિના સમયમાં બેગડ ખરતર શાખાનો ઉદ્‌ગમ થયો.

૪. વિ. સં. ૧૨૮૦માં જિનેશ્વરસૂરિ દ્વિતીયએ જિનપ્રબોધ અને જિનસિંહ નામના પોતાના બે પ્રમુખ શિષ્યોને પોતાના બે ઉત્તરાધિકારી આચાર્યો તરીકે પટ્ટધર નિયુક્ત કરી પોતાના ખરતરગચ્છમાં બૃહત્ ખરતરગણ અને લઘુ ખરતરગણ નામની બે શાખાઓની સ્થાપના કરી.

૫. વિ. સં. ૧૪૬૧માં વર્ધમાનસૂરિએ પિપ્પલિયા ખરતરગચ્છની સ્થાપના કરી. 'સમયસુંદરકૃત પટ્ટાવલી'માં વિ. સં. ૧૪૬૧માં જિનવર્ધનસૂરિમાંથી પિપ્પલિયા ખરતરગચ્છ ઉત્પન્ન થવાનો ઉલ્લેખ છે.

૬. વિ. સં. ૧૫૬૦માં આચાર્ય શાંતિસાગરે આચાર્યા નામક ખરતરગચ્છની નવી શાખાનું પ્રચલન કર્યું.

૭. વિ. સં. ૧૬૧૨માં ભાવહર્ષગણિએ ખરતરગચ્છમાં પોતાના નામે ભાવહર્ષીયા શાખાને જન્મ આપ્યો.

૮. વિ. સં. ૧૬૭૫માં રંગવિજયસૂરિએ ખરતરગચ્છમાં પોતાના નામ પર રંગવિજયા શાખાની સ્થાપના કરી.

૯. વિ. સં. ૧૬૭૫માં જ ખરતરગચ્છમાં શ્રીસારજીથી શ્રી સારગચ્છ નામની શાખાની ઉત્પત્તિ થઈ.

૧૦. વિ. સં. ૧૬૮૭માં જિનસાગરસૂરિએ લઘુ આચાર્ય નામની એક નવીન શાખાનું ખરતરગચ્છમાં પ્રચલન કર્યું.

કાળાંતરે એકમાત્ર જિનવાણી અર્થાત્ આગમોને જ પ્રામાણિક માનવાની જગ્યાએ નિર્યુક્તિઓ, વૃત્તિઓ, ભાષ્યો અને ચૂર્ણિઓને પણ આગમતુલ્ય જ પરમ પ્રમાણ માનવાની પ્રવૃત્તિના કારણે ખરતરગચ્છમાં પણ ચૈત્યવાસીઓ દ્વારા શતાબ્દીઓથી રૂઢ થયેલી વિકૃતિઓ વિકસવા લાગી. ધીરે-ધીરે, પ્રારંભે ભટ્ટારક અને સમય જતાં શ્રી પૂજ્યના બિરુદથી વિભૂષિત ખરતગચ્છના આચાર્યોએ પણ છત્ર, ચામર, છડી આદિ રાજાધિરાજાઓનાં રાજચિહ્નોને ધારણ કરવાનું, વિપુલ પરિગ્રહ કરવાનું અને પાલખીમાં બેસી આવગમન કરવાની શરૂઆત કરી દીધી.

માત્ર ખરતરગચ્છ નહિ, સુવિહિત કહેવાતી અનેક પરંપરાઓની પટ્ટાવલીઓ આ પ્રકારનાં ઉદાહરણથી ભરી પડી છે. ઉદાહરણ તરીકે ખરતરગચ્છ 'બૃહદ્ ગુર્વાવલી'માં વર્ણિત આચાર્ય જિનચંદ્રસૂરિ અને તેમના શિષ્ય આચાર્ય જિનકુશળસૂરિજીએ પણ યાત્રા નિમિત્તે બે વખત ચાતુર્માસમાં ભ્રમણ કરવાના અપવાદને સેવ્યો હતો.

ખરતરગચ્છની પટ્ટાવલી

ખરતરગચ્છના સિત્તેરમા આચાર્ય જિનમહેન્દ્રસૂરિના આચાર્ય-કાળમાં વિક્રમની ઓગણીસમી-વીસમી શતાબ્દીના સંધિકાળમાં બનાવવામાં આવેલી પટ્ટાવલીના કેવળ પાટક્રમને જ શોધાર્થીઓ માટે ઉપયોગી થોડા ઉલ્લેખો સાથે અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે. આમાં વિ. સં. ૧૮૯૨માં થયેલા આ પરંપરાના સિત્તેરમા પટ્ટધર જિનમહેન્દ્રસૂરિ સુધી ભગવાન મહાવીરના પટ્ટધરોનો પાટક્રમ આપ્યો છે, જે આ પ્રકારે છે :

૧ આચાર્ય સુધર્મા સ્વામી
૨ આચાર્ય જમ્બૂ સ્વામી
૩ આચાર્ય પ્રભવ સ્વામી
૪ આચાર્ય શય્યંભવસૂરિ
૫ આચાર્ય યશોભદ્રસૂરિ
૬ આચાર્ય સંભૂત વિજય
૭ આચાર્ય ભદ્રબાહુ સ્વામી
૮ આચાર્ય સ્થૂલભદ્ર
૯ આચાર્ય મહાગિરિ
૧૦ આચાર્ય સુહસ્તી
૧૧ આચાર્ય સુસ્થિતસૂરિ (જેમણે કોટિકગચ્છ રચ્યો)
૧૨ આચાર્ય ઇન્દ્રદિન્નસૂરિ
૧૩ આચાર્ય દિન્નસૂરિ
૧૪ આચાર્ય સિંહગિરિ
૧૫ આચાર્ય વજ્રસ્વામી
૧૬ આચાર્ય વજ્રસેન (નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃત્તિ, વિદ્યાધર - આ ચાર શિષ્યોથી ચાર કુળની ઉત્પત્તિ).
૧૭ આચાર્ય ચંદ્રસૂરિ
૧૮. આચાર્ય સમંતભદ્રસૂરિ (વનવાસી)
૧૯. આચાર્ય વૃદ્ધદેવસૂરિ

૨૦. આચાર્ય પ્રદ્યોતનસૂરિ
૨૧. આચાર્ય માનદેવસૂરિ
૨૨. આચાર્ય માનતુંગસૂરિ (ભક્તામર સ્તોત્રના કર્તા)
૨૩. આચાર્ય વીરસૂરિ (આ અવધિમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વલ્લભીમાં વી. નિ. સં. ૯૮૦ થી આગમલેખનનો પ્રારંભ કરાવ્યો. વી. નિ. સં. ૯૯૩ ભાદ્રપદ સુદની પાંચમને બદલે ચોથના પર્યુષણપર્વ મનાવ્યું.)
૨૪. આચાર્ય જયદેવસૂરિ
૨૫. આચાર્ય દેવાનંદસૂરિ
૨૬. આચાર્ય વિક્રમસૂરિ
૨૭. આચાર્ય નરસિંહસૂરિ
૨૮. આચાર્ય સમુદ્રસૂરિ
૨૯. આચાર્ય માનદેવસૂરિ
૩૦. આચાર્ય વિબુધપ્રભસૂરિ
૩૧. આચાર્ય જયાનંદસૂરિ
૩૨. આચાર્ય રવિપ્રભસૂરિ
૩૩. આચાર્ય યશોપ્રભસૂરિ
૩૪. આચાર્ય વિમલચંદ્રસૂરિ
૩૫. આચાર્ય દેવસૂરિ (એમના સુવિહિત માર્ગાચરણમાં સુવિધિ ગચ્છના નામથી ખરતરગચ્છની પ્રસિદ્ધિ થઈ)
૩૬. આચાર્ય નેમિચંદ્રસૂરિ
૩૭. આચાર્ય ઉદ્યોતનસૂરિ (એમનાથી ૮૪ ગચ્છોની ઉત્પત્તિ થઈ)
૩૮. આચાર્ય વર્ધમાનસૂરિ
૩૯. આચાર્ય જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ
૪૦. આચાર્ય જિનચંદ્રસૂરિ
૪૧. આચાર્ય અભયદેવસૂરિ
૪૨. આચાર્ય જિનવલ્લભસૂરિ

૪૩. આચાર્ય જિનદત્તસૂરિ (એમના સમયમાં જિનશેખરાચાર્યથી રુદ્રપલ્લીય શાખા નીકળી. જિનદત્તસૂરિથી સંબંધિત ઉલ્લેખો અંતર્ગત અનુષ્ટુપ્છંદમાં નીચે મુજબ પદ મળે છે :

શ્રી જિનદત્તસૂરીણાં, ગુરુણાં ગુણવર્ણનમ્ ।
મયા ક્ષમાદિકલ્યાણ, મુનિના લેશતઃ કૃતમ્ ॥
સુવિસ્તરેણ તત્કર્તું સુરાચાર્યોઽપિ ન ક્ષમઃ ॥ (૧)

(આ શ્લોકના ઉલ્લેખથી અમારા એ અનુમાનને પુષ્ટિ મળે છે કે આ પટ્ટાવલીના રચનાકારે અન્ય પટ્ટાવલીઓને નજર સમક્ષ રાખી આની રચના કરી હશે.)

૪૪. આચાર્ય જિનચંદ્રસૂરિ

૪૫. આચાર્ય જિનપતિસૂરિ

૪૬. આચાર્ય જિનેશ્વરસૂરિ (દ્વિતીય)

૪૭. આચાર્ય જિનપ્રબોધસૂરિ

૪૮. આચાર્ય જિનચંદ્રસૂરિ (એમના સમયમાં ખરતરગચ્છની રાજગચ્છના નામથી પણ પ્રસિદ્ધિ થઈ)

૪૯. આચાર્ય જિનકુશલસૂરિ

૫૦. આચાર્ય જિનપદ્મસૂરિ

૫૧. આચાર્ય જિનલબ્ધિસૂરિ

૫૨. આચાર્ય જિનચંદ્રસૂરિ

૫૩. આચાર્ય જિનોદયસૂરિ (એમના સમયમાં વિક્રમ સંવત ૧૪૨૨માં બેગડમાં ખરતર શાખા થઈ.)

૫૪. આચાર્ય જિનરાજસૂરિ

૫૫. આચાર્ય જિનભદ્રસૂરિ (આ ગચ્છના સાગર ચંદ્રાચાર્યએ વિ. સં. ૧૪૬૧માં જિનવર્ધનસૂરિને અધિષ્ઠિત કર્યા હતા.

જિનવર્ધન પર ચોથા વ્રતના ભંગનો આરોપ લગાવવામાં આવ્યો અને તેમના સ્થાને જિનભદ્રસૂરિને પટ્ટધર બનાવવામાં આવ્યા. જિનવર્ધનસૂરિથી ખરતરગચ્છમાં એક નવી પિપ્પલક શાખાનો ઉદ્ભવ થયો.

૫૬. આચાર્ય જિનચંદ્રસૂરિ (એમણે અનેક વિદ્વાન મુનિઓને આચાર્ય-પદે પ્રતિષ્ઠિત કર્યા. એમના સમયમાં વિક્રમ સંવત ૧૫૦૮માં અમદાવાદમાં લોંકાશાહે પ્રતિમાપૂજાનો વિરોધ કર્યો અને વિ. સં. ૧૫૨૪માં લોંકાના નામે મત પ્રચલિત થયો.)

૫૭. આચાર્ય જિનસમુદ્રસૂરિ

૫૮. આચાર્ય જિનહંસસૂરિ (એમના સમયમાં આચાર્ય શાંતિસાગરે ખરતરગચ્છમાં આચાર્ય શાખાનું પ્રચલન કર્યું.)

૫૯. આચાર્ય જિન માણિક્યસૂરિ (એમના સમયમાં ખરતરગચ્છમાં શિથિલાચારનું પ્રાબલ્ય વધ્યું. એમણે ક્રિયોદ્ધારનો સંકલ્પ કરી અજમેર તરફ વિહાર કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ દેરાઉલથી જેસલમેર પાછા ફરતાં વિ. સં. ૧૬૧૨ અષાઢ સુદ પાંચમે તેમનો સ્વર્ગવાસ થયો.)

૬૦. આચાર્ય જિનચંદ્રસૂરિ (એમણે વિ. સં. ૧૬૧૨માં ક્રિયોદ્ધાર કર્યો. એમના આચાર્યકાળમાં ભાવ હર્ષોપાધ્યાયે ભાવહર્ષીયા ખરતર-શાખાને જન્મ આપ્યો. એમણે અનેક ચમત્કારિક કાર્યો કર્યાં. વિ. સં. ૧૬૭૦માં એમનો સ્વર્ગવાસ થયો.)

૬૧. આચાર્ય જિનહંસસૂરિ

૬૨. આચાર્ય જિનરાજસૂરિ (એમના શિષ્ય જિનસાગરસૂરિએ લઘુ આચાર્યા ખરતરશાખાને જન્મ આપ્યો. એમણે નૈષધ કાવ્ય પર જૈનરાજીય નામની એક ટીકા લખી. વિ. સં. ૧૬૯૯માં એમનો સ્વર્ગવાસ થયો. એમના સમયમાં ખરતરગચ્છમાં રંગવિજયગણિએ રંગવિજયા શાખા અને શ્રીસાર ઉપાધ્યાયે શ્રી સારીય શાખા પ્રચલિત કરી.)

૬૩. આચાર્ય જિનરત્નસૂરિ

૬૪. આચાર્ય જિનચંદ્રસૂરિ

૬૫. આચાર્ય જિનસુખસૂરિ

૬૬. આચાર્ય જિનભક્તિસૂરિ

૬૭. આચાર્ય જિનલાભસૂરિ

૬૮. આચાર્ય જિનચંદ્રસૂરિ

૬૯. આચાર્ય જિનહર્ષસૂરિ

૭૦. આચાર્ય જિનમહેન્દ્રસૂરિ

ઉપકેશગચ્છ

ઉપકેશગચ્છની બાબતમાં 'ઉપકેશગચ્છ પટ્ટાવલી' અને ભગવાન પાર્શ્વનાથની પરંપરાનો ઇતિહાસ (ભાગ ૧ અને ૨) નામના બૃહદ્-ગ્રંથોમાં વિસ્તારપૂર્વક આ ગચ્છના પ્રથમ આચાર્યથી લઈને પંચ્યાસીમા આચાર્ય દેવગુપ્તસૂરિનો સમય અર્થાત્ વિક્રમની વીસમી શતાબ્દીના અંત સુધીનો ઇતિહાસ ઉપલબ્ધ થાય છે.

'ઉત્તરાધ્યયન સૂત્ર'માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે - 'શ્રમણ ભગવાન મહાવીર દ્વારા ધર્મતીર્થની સ્થાપના પછી પાર્શ્વનાથ સન્તાનીય આચાર્ય કેશી શ્રમણ આદિ દરેક શ્રમણોએ ચાતુર્યામ ધર્મનો પરિત્યાગ કરી પ્રભુ મહાવીર દ્વારા પ્રદર્શિત પંચ મહાવ્રત સ્વરૂપ શ્રમણધર્મને અંગીકાર કર્યો, તેમ છતાં પટ્ટાવલીકારે ઉપકેશગચ્છને ત્રેવીસમા તીર્થંકર પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથની અવિચ્છિન્ન પરંપરાનું મૂળ અંગ બતાવતા એને શ્રમણ ભગવાન મહાવીરના ધર્મસંઘથી પૃથક્ સ્વતંત્ર ધર્મસંઘ બતાવવાનો પ્રયાસ કર્યો છે. આ એક એવો આશ્ચર્યકારી પ્રયાસ છે, જેના પર ગહન ચિંતન-મનન ઉપરાંત પણ વિશ્વાસ થઈ શકતો નથી.

ઉત્તરવર્તી તીર્થંકરના ધર્મશાસનની સાથે સાથે કોઈ પૂર્વવર્તી તીર્થંકરનું પણ ધર્મશાસન ચાલ્યું હોય એ પ્રકારનું એક પણ ઉદાહરણ શાસ્ત્રોમાં મળતું નથી. પારસ્પરિક પ્રતિસ્પર્ધાના પરિણામ સ્વરૂપે વિભિન્ન ગચ્છોમાં ઉત્પન્ન થયેલા વિદ્વેષ અને અહંકારના વાતાવરણમાં કોઈ વખત ઉપકેશગચ્છને સર્વાધિક પ્રાચીન, ત્યાં સુધી કે ભગવાન મહાવીરથી પૂર્વે થઈ ગયેલા ગચ્છ તરીકે સિદ્ધ કરવાનો વ્યામોહથી અભિભૂત કોઈ ઉપકેશ ગચ્છીય આચાર્યના મસ્તિષ્કની આ કલ્પના માત્ર સિદ્ધ થાય છે. તેમ છતાં કોઈ ગચ્છ વિશેષની સ્વતંત્ર ભાવનાને ઠેસ ન પહોંચે એ દૃષ્ટિએ ઉપકેશગચ્છનો પૂર્ણ પરિચય આ ગ્રંથમાળામાં આપવામાં આવી રહ્યો છે.

ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી ક્રમશઃ એમના ચાર પટ્ટધરો - પ્રથમ પટ્ટધર ગણધર શુભદત્ત, દ્વિતીય આચાર્ય હરિદત્ત, તૃતીય આચાર્ય સમુદ્રસૂરિ અને ચતુર્થ પટ્ટધર આચાર્ય કેશી શ્રમણનો યત્કિંચિત્ જીવન પરિચય પ્રસ્તુત ગ્રંથમાળાના પ્રથમ ભાગમાં અને છઠ્ઠા આચાર્ય રત્ન-પ્રભસૂરિનો પરિચય. દ્વિતીય ભાગમાં યથાસ્થાને આપવામાં આવ્યો છે.

હવે અહીં ઉપકેશગચ્છના પાંચમા આચાર્ય સ્વયંપ્રભ અને સાતમા આચાર્યથી બોંતેરમા આચાર્ય સુધીનો આ ગચ્છની પટ્ટાવલીમાં યથા-ઉપલબ્ધ ક્રમિક પરિચય આપવામાં આવ્યો છે :

પમા - આચાર્ય સ્વયંપ્રભુસૂરિ - એમનો જન્મ વિદ્યાધર વંશમાં થયો હતો. આચાર્ય કેશીકુમારની પાસે એમણે શ્રમણ-ધર્મની દીક્ષા ગ્રહણ કરી. પોતાના આચાર્યકાળમાં દેશના સુદૂરસ્થ પ્રદેશોમાં વિહાર કરી એમણે અનેક જૈનેતરોને જૈન બનાવ્યા. ભ. મહાવીરના પ્રથમ પટ્ટધર સુધર્મા સ્વામી અને દ્વિતીય પટ્ટધર જમ્બૂ સ્વામીના સમયમાં એમનું અસ્તિત્વ માનવામાં આવે છે. ઉપકેશગચ્છીયા પટ્ટાવલી અનુસાર વીર નિવાર્ણ સં. ૫૨મા તેઓ સ્વર્ગવાસી થયા.

૬ઠ્ઠા - આચાર્ય રત્નપ્રભસૂરિ - પૂર્વે કરેલ ઉલ્લેખ અનુસાર એમણે ઓસિયાના મૃતઃપાય રાજજામાતાનો (જમાઈ) વિષાપહાર કરી એમને પૂર્ણ સ્વસ્થ કર્યા અને એનાથી પ્રભાવિત ઓસિયા-નિવાસી સવા લાખ ક્ષત્રિયોએ જૈન ધર્મ સ્વીકાર કર્યો. એ ચમત્કારપૂર્ણ ઘટનાની સ્મૃતિ સ્વરૂપ પાર્શ્વનાથ પરંપરાનું નામ ઉપકેશનગર(ઓસિયા)ના નામ પર ઉપકેશગચ્છના નામથી લોકોમાં પ્રસિદ્ધ હોવાનું અનુમાનિત કરવામાં આવે છે. એમણે પોતાના એક શિષ્ય કનકપ્રભને કોરંટકમાં આચાર્યપદ આપીને કોરંટકગચ્છની સ્થાપના કરી.

૭મા - આચાર્ય યક્ષદેવસૂરિ - ઉપકેશગચ્છના મહાન પ્રભાવક છઠ્ઠા આચાર્ય રત્નપ્રભ પછી એમની પાટ પર સાતમા આચાર્ય યક્ષદેવસૂરિ વીર નિર્વાણ સંવત ચોર્યાશીમા આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા.

૮મા - આચાર્ય કક્કસૂરિ (કર્કસૂરિ)

૯મા - આચાર્ય દેવગુપ્ત

૧૦મા - આચાર્ય સિદ્ધસૂરિ

૧૧મા - આચાર્ય રત્નપ્રભ (દ્વિતીય)

૧૨મા - આચાર્ય રત્નપ્રભ (તૃતીય)

૧૩મા - આચાર્ય યક્ષદેવસૂરિ (દ્વિતીય)

૧૪મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (દ્વિતીય)

૧૫મા - આચાર્ય સિદ્ધ (દ્વિતીય)

૧૬મા - આચાર્ય રત્નપ્રભ (ચતુર્થ)

૧૭મા - આચાર્ય યક્ષદેવ (તૃતીય) - એમને પાંચસો સાધુઓ અને અનેક શ્રાવકોની સાથે મલેચ્છો દ્વારા મહુઆની લૂંટ વખતે કેદ કરી લેવામાં આવ્યા હતા. એક મલેચ્છ થઈ ગયેલા શ્રાવકે યક્ષાચાર્યને કોઈ પણ રીતે બચાવી લીધા. શ્રમણોના અભાવમાં ક્યાંક ગચ્છનો ઉચ્છેદ ન થઈ જાય એવી આશંકાથી શ્રાવકોએ પોતાના ૧૧ પુત્રો તેમનાં ચરણોમાં સાધુ બનાવવા માટે પ્રસ્તુત કર્યા, જેમને દીક્ષિત કર્યા અને આહડ નગરમાં પહોંચ્યા. આ ઘટના વિક્રમ સંવત ૧૦૦ પછીની બતાવવામાં આવે છે. એમણે નાગેન્દ્ર, ચંદ્ર, નિર્વૃત્તિ અને વિદ્યાધર નામના ચાર ગચ્છ સ્થાપિત કર્યા.

૧૮મા - આચાર્ય કર્કસૂરિ (દ્વિતીય)

૧૯મા - આચાર્ય દેવગુપ્ત (તૃતીય)

૨૦મા - આચાર્ય સિદ્ધસૂરિ (તૃતીય) - એમણે પોતાના શિષ્યોમાંથી કોઈને આચાર્યપદ ન આપીને કેવળ 'મહત્તર'ની પદવી આપી.

૨૧મા -મહત્તર રત્નપ્રભસૂરિ (પાંચમા)

૨૨મા - મહત્તર યક્ષદેવસૂરિ (ચતુર્થ) - એમણે સમન્તભદ્ર સન્તાનીય નાના મુનિને કોરંટક ગચ્છના આચાર્ય બનાવ્યા. નન્નાચાર્ય પછી એમના એક મુનિ યક્ષદેવ-સૂરિએ કૃષ્ણાચાર્યને અનેક આચાર્ય પરંપરાવાળા સૂરિપદ હીન આ ગચ્છના સૂરિ બનાવી પોતાના ઉત્તરાધિકારી ઘોષિત કર્યા.

૨૩મા - આચાર્ય કક્ક (તૃતીય) - એક કૃષ્ણ ઋષિ આચાર્ય કક્ક-(તૃતીય)ના નામથી વિખ્યાત થયા.

૨૪મા - આચાર્ય દેવગુપ્ત (ચતુર્થ)

૨૫મા - આચાર્ય જયસિંહ

૨૬મા - આચાર્ય વીરદેવ

૨૭મા - આચાર્ય કક્કસૂરિ (ચતુર્થ)

૨૮મા - આચાર્ય કક્કસૂરિ (પંચમ)

૨૯મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (પંચમ)

૩૦મા - આચાર્ય સિદ્ધસૂરિ (પંચમ)

૩૧મા - આચાર્ય રત્નપ્રભસૂરિ (સપ્તમ) - એમના એક શિષ્ય ઉદયવર્ધનથી 'દ્વિવન્દનીકગચ્છ' અને તપાગચ્છની સાથે એના સંમેલનથી તપારત્ન શાખા નીકળી.

૩૨મા - આચાર્ય યક્ષદેવ (ષષ્ટમ)

૩૩મા - આચાર્ય કક્કસૂરિ (ષષ્ટમ) - તેઓ ઘણા સમર્થ આચાર્ય થયા. એમણે પોતાના ગચ્છની નવીન વ્યવસ્થાઓ કરી. એમણે એ નિર્ણય કર્યો કે આચાર્ય રત્નપ્રભ અને આચાર્ય યક્ષદેવ જેવા આચાર્ય હવે આગળના સમયમાં નહિ હોય. અતઃ હવે ભવિષ્યમાં કોઈ આચાર્યનું નામ રત્નપ્રભ કે યક્ષદેવ નહિ રાખીને કેવળ કક્કસૂરિ, દેવગુપ્તસૂરિ અને સિદ્ધસૂરિ આ ત્રણ જ નામોમાંથી કોઈ એક નામ રાખવામાં આવે. એમણે નાગેન્દ્ર અને ચંદ્રગચ્છના સંબંધમાં પણ સુધારો કર્યો. એમના સમયમાં પાર્શ્વનાથ સન્તાનીય સંત સંપ્રદાય ચંદ્રગચ્છમાં સંમિલિત થયો. આચાર્ય ઉદયવર્ધનનો સમુદાય ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર - બંનેની શ્રમણ પરંપરાઓને માનવા લાગ્યો. અને 'દ્વિવન્દનીકગચ્છ'ના નામથી પ્રસિદ્ધ થયો અને અંતમાં તપાગચ્છની સાથે ભળી ગયો. તપાગચ્છ અને દ્વિવન્દનીકગચ્છનું સંમિલિત સ્વરૂપ તપારત્નગચ્છના નામથી પ્રચલિત થયું. એમણે ઉપકેશગચ્છની સુંદર, પ્રભ, કનક, મેરુ, સાર, ચંદ્ર, સાગર, હંસ, તિલક આદિ ૨૨ શાખાઓ સ્થાપિત કરી.

૩૪મા - આચાર્ય દેવગુપ્ત (ષષ્ટમ્)

૩૫મા - આચાર્ય સિદ્ધ (ષષ્ટમ્)

૩૬મા - આચાર્ય કક્ક (સપ્તમ)

૩૭મા - આચાર્ય દેવગુપ્ત (સપ્તમ)

૩૮મા - આચાર્ય સિદ્ધસૂરિ (સપ્તમ)

૩૯મા - આચાર્ય કક્ક (અષ્ટમ)

૪૦મા - આચાર્ય દેવગુપ્ત (અષ્ટમ) - એમનો જન્મ વિક્રમ સંવત ૯૯૫માં ક્ષત્રિયકુળમાં થયો. એમને વીણાવાદનમાં રુચિ હતી. તેઓ કોઈ રીતે વીણા વગાડવાનું છોડી શક્યા નહિ. આખરે સંઘના દબાણથી બીજા મુનિને આચાર્યપદ સોંપી તેઓ લાટ પ્રદેશ જતા રહ્યા. એમની આ ક્રિયા શિથિલતાના કારણે સંઘે એ નિર્ણય કર્યો કે ભવિષ્યમાં ઉપકેશગચ્છના વિશુદ્ધ જૈન માતૃકુળ અને પિતૃકુળવાળા મુનિને જ સંઘના અધિનાયક બનાવવામાં આવે.

૪૧મા - આચાર્ય સિદ્ધ (અષ્ટમ)

૪૨મા - આચાર્ય કક્ક (નવમ)

૪૩મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (નવમ)

૪૪મા - આચાર્ય સિદ્ધસૂરિ (નવમ)

૪૫મા - આચાર્ય કક્કસૂરિ (દશમ)

૪૬મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (દશમ)

૪૭મા - આચાર્ય સિદ્ધસૂરિ (દશમ) - એમના શિષ્ય જમ્બૂનાગે લોદ્રવાના રાજા તનુનું વર્ષફળ કાઢીને એવી ભવિષ્ય-વાણી કરી કે યવન મુમુર્ચિ (મુહમ્મદ ગજનવી) દ્વારા આક્રમણ કરવામાં આવશે અને તે હારી જશે. એમના આચાર્યકાળમાં કોરંટગચ્છના આચાર્ય નન્ન દ્વારા અનેક વંશોને જૈન વંશોમાં સામેલ કરવામાં આવ્યા.

૪૮મા - આચાર્ય કક્કસૂરિ (એકાદશમ)

૪૯મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (એકાદશમ)

૫૦મા - આચાર્ય સિદ્ધસૂરિ (એકાદશમ)

૫૧મા - આચાર્ય કક્ક - તેઓ ઘોર તપસ્વી હતા. વિ. સં. ૧૧૫૫માં તેઓ આચાર્ય થયા અને જીવનભર એકાંતર ઉપવાસ અને પારણામાં આયંબિલ કરતા રહ્યા. આચાર્ય હેમચંદ્ર એમનું ખૂબ માન રાખતા હતા. એમણે શિથિલાચાર મટાડવા અનેક સાધુ-સાધ્વીઓને છોડીને ક્રિયોદ્ધાર કર્યો અને ત્યારથી આ ગચ્છ કકુદાચાર્ય ગચ્છના નામથી પ્રસિદ્ધ થયો. તેઓ ૫૭ વર્ષ સુધી આચાર્યપદ પર રહ્યા અને વિક્રમ સંવત ૧૨૧૨માં એમનો સ્વર્ગવાસ થયો.

૫૨મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (બારમા) - ઉપકેશગચ્છના એકાવનમા આચાર્ય કક્કસૂરિ દ્વારા ક્રિયોદ્ધાર અને કકુદાચાર્ય-ગચ્છની સ્થાપના પછી દેવગુપ્તસૂરિ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા અને લગભગ ૬૭ વર્ષ સુધી આચાર્યપદે રહ્યા. એમનો સમય લગભગ ૧૧૬૫ થી ૧૨૩૨ સુધી બતાવવામાં આવે છે.

૫૩મા - આચાર્ય સિદ્ધસૂરિ : એમના સમયમાં અણહિલપુર-પાટણમાં યશોદેવ ધનદેવે સાડા નવ હજાર પદ-પ્રમાણ નવપદ ટીકાની રચના કરી.

૫૪મા - આચાર્ય કક્કસૂરિ

૫૫મા - આચાર્ય દેવગુપ્તસૂરિ (સમય વિક્રમ સંવત ૧૨૫૨)

૫૬મા - આચાર્ય સિદ્ધસૂરિ

૫૭મા - આચાર્ય કક્કસૂરિ

૫૮મા - આચાર્ય દેવગુપ્તસૂરિ

૫૯મા - આચાર્ય સિદ્ધસૂરિ - એમના સમયમાં વિ. સં. ૧૨૫૨માં શાહબુદ્દીન ઘોરી દ્વારા ઓસિયાં પર આક્રમણ થયું.

૬૦મા - આચાર્ય કક્કસૂરિ

૬૧મા - આચાર્ય દેવગુપ્ત

૬૨મા - આચાર્ય સિદ્ધ

૬૩મા - આચાર્ય કક્ક

૬૪મા - આચાર્ય દેવગુપ્તસૂરિ

૬૫મા - આચાર્ય સિદ્ધસૂરિ - (સમય વિ. સં. ૧૩૩૦)

૬૬મા - આચાર્ય કક્કસૂરિ - સંવત ૧૩૭૧માં શાહ શહજાગરે એમનો પદ મહોત્સવ કર્યો.

૬૭મા - આચાર્ય દેવગુપ્ત

૬૮મા - આચાર્ય સિદ્ધસૂરિ

૬૯મા - આચાર્ય કક્ક

૭૦મા - આચાર્ય દેવગુપ્ત

૭૧મા - આચાર્ય સિદ્ધ - સંવત ૧૫૬૫માં મંત્રી લોલાગરે મેડતામાં એમનો પદ મહોત્સવ કર્યો. એમના દેવ કલ્લોલ નામના ઉપાધ્યાયે 'કાલિકાચાર્ય કથા'ની સંવત ૧૫૬૬માં રચના કરી.

૭૨મા - આચાર્ય કક્ક - એમને વિક્રમ સંવત ૧૫૯૯માં જોધ-પુરમાં આચાર્યપદે બેસાડવામાં આવ્યા. એમના સમયમાં કોરંટગચ્છ અને તપાગચ્છ એક બીજામાં ભળી ગયા અને 'કોરંટા તપાગચ્છ'નો જન્મ થયો.

આ પુસ્તકમાં વીર નિર્વાણ સંવત ૨૦૦૦ની આસપાસ સુધીનો ઇતિહાસ અપાઈ રહ્યો છે. આમ, પટ્ટાવલીમાં ઉલ્લેખિત આચાર્યોનું પણ આ સમય સુધીનું વિવરણ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

અંચલગચ્છ

કાળના પ્રભાવથી ઉદિત થયેલી દ્રવ્ય પરંપરાઓ દ્વારા વિકૃત કરવામાં આવેલા જૈન ધર્મના સ્વરૂપને જન-જનમાં પુનઃ આગમાનુસારી વિશુદ્ધ મૂળ રૂપ પ્રતિષ્ઠિત કરવાની દિશામાં વખતોવખત જે યશસ્વી ગચ્છોના આચાર્યોએ ઉત્કટ ત્યાગ અને તપશ્ચર્યાના માધ્યમથી શાસન હિતકારી પ્રશસ્ત અને પ્રબળ પ્રયાસ કર્યા, એમાં અંચલગચ્છનું નામ પણ જૈન ઈતિહાસમાં સદાય અગ્રણી અને ઉલ્લેખનીય રહેશે. અંચલગચ્છની સ્થાપનાથી લઈને આજ સુધી એની સહુથી મોટી વિશેષતા એ રહી છે કે આ ગચ્છના આચાર્યો તથા શ્રમણોએ પારસ્પરિક વૈમનસ્યોત્પાદક ખંડન - મંડનાત્મક પ્રપંચોથી જોજનો દૂર રહીને પોતાના લક્ષ્ય તરફ અગ્રેસર રહેવાની સર્જનાત્મક નીતિનેં જ અપનાવી રાખી.

મધ્યયુગીન જૈન-સાહિત્યનું અધ્યયન કરવાથી એ તથ્ય પ્રકાશમાં આવે છે કે પોતાના ગચ્છ સિવાયના બાકી બધા ગચ્છોને હીનથી હીનતર શબ્દો અથવા સંબોધિત કરનારા ગચ્છવિશેષના પ્રતિષ્ઠિત પદ પર બેઠેલા આલોચક શ્રમણોએ અંચલગચ્છના આચાર્યો, સાધુ-સાધ્વીઓ અને અનુયાયીઓને 'સ્તનિક' જેવા હલકા શબ્દોથી સંબોધિત કર્યા. ક્યાંક-ક્યાંક એમના માટે જૈનાભાસ, ઉત્સૂત્ર પ્રરૂપક, નિહ્નવ જમાલીના વંશ જ અથવા અનુયાયી, એમ પણ લખી નાખ્યું. પરંતુ અંચલગચ્છીય કોઈ શ્રમણ, ઉપાધ્યાય અથવા આચાર્યએ જરા સરખો વિરોધ પણ ન કર્યો.

ખરતરગચ્છની જેમ અંચલગચ્છની ઉત્પત્તિ પણ વસ્તુતઃ શિથિલાચારના ગહન દળદળમાં ખરડાયેલાં જિનશાસન-સંઘરથના ઉદ્ધાર માટે કરવામાં આવેલા ક્રિયોદ્ધારનાં પરિણામ સ્વરૂપે જ થઈ. અંચલગચ્છના પૂર્વપુરુષ વિજયચંદ્રસૂરિએ ચૈત્યવાસી પરંપરા જેવી કોઈ ભિન્ન પરંપરાથી નહિ, શિથિલાચારમાં નિમગ્ન સુવિહિત પરંપરાથી નીકળીને ક્રિયોદ્ધારનો શંખનાદ કર્યો. વિજયચંદ્રસૂરિએ જે વખતે પોતાના ગુરુ અને પોતાની પરંપરાથી પૃથક્ થઈને ક્રિયોદ્ધાર કર્યો, એ વખતે ચતુર્વિધસંઘમાં ચોતરફ વ્યાપ્ત શિથિલાચારના પરિણામ સ્વરૂપે ઈચ્છનીય ખાન-પાન મળવાનું પણ એક રીતે અસંભવ જેવું થઈ ગયું હતું. આ કારણે ક્રિયોદ્ધારનાં પોતાના લક્ષ્યની પૂર્તિ માટે વિજયચંદ્રસૂરિએ પોતાના ત્રણ સાથી સાધુઓની સાથે પોતાના પ્રાણની પણ બાજી લગાવી દીધી.

અંચલગચ્છના ઉદ્‌ભવની પૃષ્ઠભૂમિ

'મેરુતુંગીયા પટ્ટાવલી'માં આર્યરક્ષિતસૂરિ(વિજયચંદ્રસૂરિ)નાં વંશ, માતા-પિતા, જાતિ આદિનો પરિચય આપતાં લખ્યું છે કે આબુ પર્વતની પાસે દંત્રાણી નામના એક ગામમાં પોરવાડ જાતિનો દ્રોણ નામનો એક પ્રતિષ્ઠિત વેપારી રહેતો હતો. એની ધર્મપત્નીનું નામ દેઢી હતું. આ દંપતી ધર્મનિષ્ઠ અને ઉચ્ચકોટિના વિચારોવાળું હતું. દ્રોણ અને દેઢી બંનેનું યૌવન ઢળવા લાગ્યું, ત્યાં સુધી એમને કોઈ સંતાન ન થયું, એટલે દેઢી વિશેષ રૂપે ચિંતિત રહેતી હતી. એક વખત આચાર્ય જયસિંહ સુખપાલ(પાલખી)માં બેસીને આડંબરપૂર્વક વિચરણ કરતાં દંત્રાણી ગામમાં આવ્યા. એમનો આ પ્રકારનો શિથિલાચાર જોઈને શ્રેષ્ઠી દ્રોણ અને તેમની પત્ની દેઢી બંને એમને વંદન-નમન કરવા ઉપાશ્રયમાં ગયાં નહિ. આ વાત આચાર્ય જયસિંહસૂરિના મનમાં ઘર કરી ગઈ. રાત્રિના અંતિમ પ્રહરમાં એમણે એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં શાસનદેવીએ એમને કહ્યું કે - "આજથી સાતમા દિવસે એક પુણ્યશાળી જીવ સ્વર્ગથી ઊતરીને શ્રેષ્ઠીપત્ની દેઢીના ગર્ભમાં આવશે. એ બાલ્યાવસ્થાથી દીક્ષિત થશે અને વિધિમાર્ગની સ્થાપના કરી જિનશાસનની પ્રભાવના કરશે. તમે દેઢીને આ ભવિષ્યવાણી સંભળાવી એમની પાસેથી એ પુત્રની યાચના કરી લેજો."

જયસિંહસૂરિ ખૂબ પ્રસન્ન થયા. બીજા દિવસે પ્રાતઃકાળે એમણે શ્રેષ્ઠી દંપતી દ્રોણ અને દેઢીને પોતાની પાસે ઉપાશ્રયમાં બોલાવ્યા. એ બંનેએ લોકવ્યવહારનું પાલન કરતાં ઉપાશ્રયમાં જઈને જયસિંહ-સૂરિને વંદન - નમસ્કાર કર્યા. જયસિંહસૂરિએ શ્રેષ્ઠી દંપતીને કહ્યું : "સંઘરથનો શિથિલાચારના દળ-દળમાંથી ઉદ્ધાર કરનાર આવા ભાવિ મહાપુરુષના સંદર્ભમાં શુભ સૂચના આપવાના હેતુથી મેં તમને બંનેને અહીં બોલાવ્યાં છે. આજથી સાતમા દિવસે મહાન પ્રતાપી જીવ તમારી કૂખમાં આવશે. સમય જતાં તે જિનશાસનનો મહાન પ્રભાવક આચાર્ય અને વિધિમાર્ગ અથવા આગમાનુસારી માર્ગનો સંસ્થાપક થશે. જિનશાસનના હિતને દૃષ્ટિમાં રાખતા હું અત્યારથી એ ભાવિ પુત્રની, તમારી બંને પાસે યાચના કરું છું."

શ્રેષ્ઠી દંપતીએ હર્ષવિભોર થઈને ઉત્તર આપ્યો : "ભગવંત ! અગર અમારા પુત્રના હાથે જિનશાસનની પ્રભાવના થવાની હોય તો એ અમારા માટે મહાન સૌભાગ્યની વાત છે. અમે સહર્ષ વચન આપીએ છીએ કે - 'જ્યારે પણ આપ કહેશો ત્યારે એ પુત્રને આપનાં ચરણોમાં તત્કાળ સમર્પિત કરી દઈશું.'"

એ રાત્રે દેઢીએ પણ સ્વપ્ન જોયું કે જિનશાસન સેવિકાદેવી એને કહી રહી છે : "કલ્યાણી ! તમારો પ્રથમ પુત્ર જે સમયે પાંચ વર્ષનો થાય, એ વખતે એને ગુરુ-ચરણોમાં સમર્પિત કરી દેજો. એ પુત્ર પછી યથા સમયે તમે બીજા પુત્રને જન્મ આપશો, જેનાથી તમારા વંશની વૃદ્ધિ થશે."

દેવી દ્વારા થયેલી ભવિષ્યવાણી અનુસાર શ્રેષ્ઠીપત્ની દેઢીએ સાતમા દિવસે રાત્રિના સમયે સ્વપ્નમાં ગાયનું દૂધ પીધું અને તેના ગર્ભમાં એક મહાન પુણ્યશાળી આત્માનું અવતરણ થયું. ગર્ભકાળ પૂર્ણ થયો ને દેઢીએ એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. ગર્ભાવતરણ સમયે દેઢીએ ગોદુગ્ધપાનનું સ્વપ્ન જોયું હતું, એ કારણે માતા-પિતાએ પુત્રનું નામ ગોદુહકુમાર રાખ્યું.

ભાવસાગરસૂરિએ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પછી થયેલા આચાર્યોનાં નામ અને ક્રમ આપતા. ઉદ્યોતનસૂરિ દ્વારા બડગચ્છની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ ઉદ્યોતનસૂરિના પટ્ટધર સર્વદેવસૂરિ, પદ્મદેવસૂરિ, ઉદયપ્રભસૂરિ, પ્રભાનંદસૂરિ, ધર્મચંદ્રસૂરિ, સુવિનયચંદ્રસૂરિ, વિજયપ્રભસૂરિ, નરચંદ્રસૂરિ, વીરચંદ્રસૂરિ અને જયસિંહસૂરિ સુધી બડગચ્છના આચાર્યોનાં નામ આપ્યાં છે. ત્યાર બાદ જયસિંહસૂરિના પટ્ટશિષ્ય વિજયચંદ્રનો પરિચય આપતાં લખ્યું છે કે - 'આબુ પર્વત પાસે દંતાણી નામના ગામમાં પ્રાગ્વાદવંશીય દ્રોણ નામનો મંત્રી રહેતો હતો. એ દ્રોણ મંત્રીની દેઢી નામની ધર્મપત્નીની કૂખે વિજયચંદ્રનો જન્મ થયો. વિજયચંદ્રએ સંસારથી વિરક્ત થઈ હર્ષોલ્લાસપૂર્વક સંયમ ગ્રહણ કર્યો. ગુરુની પાસે નિષ્ઠાપૂર્વક આગમોનું અધ્યયન શરૂ કર્યું અને થોડા સમયમાં આગમમર્મજ્ઞ વિદ્વાન થઈ ગયો. આગમોના અધ્યયનકાળમાં આગમવચનો પર ચિંતન-મનન કરતી વખતે મુનિ વિજયચંદ્રએ સ્પષ્ટ જોયું કે - 'આગમોમાં ધર્મનું અને શ્રમણાચારનું જે

સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, એવું સ્વરૂપ આજે ક્યાંય દૃષ્ટિગોચર થતું નથી. એનું કારણ ગુરુજીને પૂછતાં તેમણે 'પ્રમાદનું બાહુલ્ય' એ કારણ જણાવ્યું. પોતાના ગચ્છમાં વિજયચંદ્રને સ્થિર કરવા ઉપાધ્યાય-પદે પ્રતિષ્ઠિત કર્યા. પણ પાપભીરુ આત્માર્થી વિજયચંદ્રને આ પ્રકારનાં શિથિલાચારવાળા ગચ્છમાં રહેવાનું રુચિકર લાગ્યું નહિ. તે પોતાના ત્રણ સાધુઓની સાથે ક્રિયોદ્ધાર કરવાનો દૃઢ સંકલ્પ લઈને બડગચ્છ અને પોતાના ગુરુથી અલગ થઈ અન્ય કોઈ સ્થાને વિહાર કરી ગયા અને વિહારધામમાં લાટ દેશમાં પહોંચ્યા. મધ્યાહ્ન વેળાએ મુનિ મધુકરી માટે ગૃહસ્થોનાં ઘર તરફ ગયા. અનેક ગૃહસ્થોનાં ઘરમાં ભિક્ષાર્થે ભ્રમણ કરવા છતાં પણ એ સાધુઓને કોઈ પણ ગૃહસ્થના ઘરેથી નિર્દોષ આહારપાણી ન મળ્યા. એ સાધુ કોઈ પણ રીતે નિરાશ થયા વગર સમભાવપૂર્વક પાવાગિરિના શિખર તરફ આગળ વધ્યા. શિખર પર આવેલા જિનમંદિરમાં જિનેન્દ્ર પ્રભુને વંદન-નમન કરી એમણે સંલેખનાની આકાંક્ષાથી એક માસના નિર્જળ-નિરાહાર તપના પ્રત્યાખ્યાન કર્યા. આ રીતે ઘોર તપસ્યાની સાથે આત્મ-ચિંતનમાં લીન વિજયચંદ્રમુનિ અને એમના સાથી સાધુઓનો લગભગ એક માસનો સમય વ્યતીત થવા લાગ્યો.

એ વખતે વિદેહ ક્ષેત્રના પુષ્કલાવતી વિજયમાં તીર્થંકર સીમંધર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરણ કરી રહ્યા હતા. સીમા નગરીમાં દેવો એ સમવસરણની રચના કરી. સમવસરણમાં એકત્રિત ચતુર્વિધ ધર્મસંઘ અને શ્રદ્ધાળુ સુરાસુર નરેન્દ્રાદિની સુવિશાળ ધર્મ પરિષદ સમક્ષ શ્રી સીમંધર સ્વામીએ મુનિ વિજયચંદ્રની કઠોર નિરતિચાર શ્રમણચર્યા, ક્રિયાપાત્રતા અને ધર્મ પ્રતિ પ્રગાઢ નિષ્ઠા આદિ ગુણોની પ્રશંસા કરી. આ સાંભળી ચક્રેશ્વરીદેવી હર્ષવિભોર થયાં. પ્રભુની દેશના બાદ તે સાધુ વિજયચંદ્રની સેવામાં પાવાગિરિના શિખર પર ઉપસ્થિત થયાં અને સાધુ વિજયચંદ્રને ભક્તિ સહિત વંદન કરી કહ્યું : "હવે સંલેખના - આમરણ અનશન કરવાની આવશ્યકતા નથી. ભાલિજ્યનગરથી યશોધન નામના એક શ્રેષ્ઠી સંઘની સાથે કાલ સવારે અહીં ભગવાન મહાવીરના મંદિરની યાત્રા માટે આવી રહ્યા છે. આપના ઉપદેશથી પ્રબુદ્ધ થઈ તેઓ આપ લોકોના નિર્દોષ ખાન-પાનથી માસ-તપનું પારણું કરાવશે." આ રીતે પ્રાર્થના કરી ચક્રેશ્વરીદેવી અંતર્ધાન થઈ ગઈ.

બીજા દિવસે પ્રાતઃકાળે દેવી દ્વારા થયેલી ભવિષ્યવાણી અનુસાર, સંઘપતિ યશોધન વિશાળ સંઘની સાથે પાવાગિરિના શિખરે યાત્રાર્થે પહોંચ્યાં. સંઘપતિ અને સંઘની પ્રાર્થના સ્વીકારી મુનિ વિજયચંદ્રએ એમને વીતરાગવાણીનો રસાસ્વાદ કરાવ્યો. ઉપદેશ સાંભળી સંઘપતિ અને સંઘના અનેક સદસ્યોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી. ત્યાર બાદ સંઘપતિ યશોધને મુનિ વિજયચંદ્ર અને તેમના સાધુઓને પારણા કરવાની પ્રાર્થના કરી. સંઘનાં વિશ્રામસ્થળોમાં ૪૨ દોષરહિત એષણીય આહાર-પાણી હેતુ મધુકરી કરતી વખતે ભિક્ષામાં મુનિઓને જે વિશુદ્ધ આહાર-પાણીની પ્રાપ્તિ થઈ તેનાથી મહામુનિ વિજયચંદ્ર અને તેમના સાથી સાધુઓએ એક માસની નિર્જળ-નિરાહાર કઠોર તપસ્યાનું પારણુ કર્યું.

ત્યાર બાદ સંઘપતિ અને સંઘની પ્રાર્થનાનો સ્વીકાર કરી મુનિ વિજય-ચંદ્રએ સર્વજ્ઞ પ્રણીત શ્રાવકધર્મ પર હૃદયસ્પર્શી અને અંતર્ચક્ષુઓને ખોલનાર, પ્રકાશ પાડનાર શ્રાવકોના અથથી ઇતિ સમસ્ત કર્તવ્યોનું વિસ્તારથી વર્ણન કર્યું. મુનિ વિજયચંદ્રએ શ્રાવકના ષડાવશ્યકો, જિનપૂજા, સાધુવંદન આદિની વિધિ બતાવતા શ્રાવકવર્ગ માટે ઉત્તરાસંગથી આ બધી ધાર્મિક ક્રિયા કરવાનો ઉપદેશ આપ્યો. આ ઉપદેશથી સંઘપતિ શ્રેષ્ઠી યશોધને શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં.

પાવાગિરિથી સંઘ સહિત પોતાના નગરમાં પાછા ફરતી વખતે શ્રેષ્ઠી યશોધને મુનિ વિજયચંદ્ર અને એમના સાધુઓને પણ પોતાની સાથે લીધા. પોતાના નગર ભાલિજ્યપુરમાં પહોંચ્યા પછી યશોધને એક સુંદર જૈનભવનનું નિર્માણ કરાવી એમાં બ્રહ્મચર્ય વ્રતધારી શ્રાવકો પાસે વિધિપૂર્વક ભગવાન ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરાવી. ચક્રેશ્વરીદેવીના વચનથી મુનિ વિજયચંદ્ર વિધિપક્ષના આચાર્ય બન્યા. આચાર્ય પદારોહણના સમયે એમનું નામ રક્ષિતસૂરિ રાખવામાં આવ્યું. શ્રાવક-અગ્રણી યશોધને મોકળા મનથી વિપુલ ધનરાશિ વ્યય કરી પૂરા ઠાઠ-માઠથી હર્ષોલ્લાપૂર્વક રક્ષિતસૂરિનો પાટ મહોત્સવ કર્યો.

આચાર્યપદે પ્રતિષ્ઠિત થતા જ રક્ષિતસૂરિએ એ સમયના શ્રમણ-શ્રમણી વર્ગમાં વ્યાપ્ત શિથિલાચારનું ઉન્મૂલન કરવાનો પુરુષાર્થ કર્યો. એમણે આગમ પ્રણીત વિશુદ્ધ શ્રમણાચારની બહાલીના ઉદ્દેશથી વિધિમાર્ગની પ્રતિષ્ઠા કરી અને નીચે મુજબ સમાચારી જાહેર કરી :

૧. સાધુ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા ન કરાવે.
૨. જિનપ્રતિમાની દીપ-પૂજા, ફળ-પૂજા, બીજ-પૂજા આદિ ન થાય.
૩. તંદુલ-પૂજા અથવા પત્ર-પૂજા થઈ શકે છે.
૪. શ્રાવક-શ્રાવિકા વર્ગ વસ્ત્રના પાલવથી ષડાવશ્યક આદિ ધાર્મિક ક્રિયાઓ કરે.
૫. પર્વના દિવસે પૌષધ કરે.
૬. શ્રાવક વર્ગ પ્રાતઃકાળે અને સંધ્યાકાળે બે-બે ઘડીની સામાયિક કરે.
૭. ઉપધાન - માલારોપણ કરવામાં ન આવે.
૮. શક્રસ્તવથી ત્રણ વખત સ્તુતિ કરવામાં આવે.
૯. મુનિને વંદન કરતી વખતે એક ખમાસમણ આપી શકાય.
૧૦. મહિલાઓ ઊભાં રહીને જ મુનિઓને વંદન કરે.
૧૧. કલ્યાણકોને ઉજવવામાં ન આવે.
૧૨. 'નમોત્થુણં'ના પાઠમાં - દીવોતાણં, સરણગઈપઈટ્ઠા ઇત્યાદિ પાઠ બોલવામાં ન આવે.
૧૩. નમસ્કારમંત્રમાં 'પઢમં હવઈ મંગલં'ની જગ્યાએ 'પઢમં હોઇ મંગલં' કહેવું જોઈએ.
૧૪. ચૌમાસી પાક્ષિક પૂર્ણિમાના જ કરવામાં આવે.
૧૫. સંવત્સરી અષાઢ માસની પૂનમથી ૫૦મા દિવસે જ કરવામાં આવે અને અભિવર્ધિત માસવાળા વર્ષમાં વીસમા દિવસે સંવત્સરી કરવામાં આવે.

આ સમાચારીને અંચલગચ્છના આચાર્ય અને અનુયાયી એતદ્ વિષયક આગમિક નિર્દેશોનો નિચોડ અથવા સારરૂપ માને છે અને એમની એવી સુદૃઢ ધારણા છે કે આ કોઈ નવો પંથ કે નવો મત નથી, પણ શાશ્વત જૈન ધર્મ પરંપરાગત વિશુદ્ધ અને વાસ્તવિક સ્વરૂપ છે.

આ પ્રકારે આગમાનુરૂપ વિધિમાર્ગની સંસ્થાપના પછી વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરનાર રક્ષિતસૂરિ અનેક ક્ષેત્રોમાં ધર્મનો પ્રચાર કરતાં વિઉણપ નગરમાં પધાર્યા. ત્યાં એ સમયના સુવિખ્યાત ઋદ્ધિશાળી કપર્દિ કોટિપતિ રક્ષિતસૂરિનો ઉપદેશ સાંભળી પ્રબુદ્ધ થયા અને

પોતાના પરિવારજનો સાથે એમના શ્રદ્ધાળુ શ્રાવક થયા. સમયશ્રી નામની એમની પુત્રીએ એક કરોડ મૂલ્યના અલંકારો અને વિપુલ સંપદા તથા ઘર-પરિવાર આદિનો પરિત્યાગ કરી પોતાની ૨૫ સહેલીઓ સાથે રક્ષિત-સૂરિની પાસે શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી. વિઉણપ નગરના નિવાસી અનેક લોકોએ પાંચ મહાવ્રતની ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને વિશાળ સંખ્યામાં ત્યાંના નિવાસીઓએ શ્રાવકધર્મનો અંગીકાર કર્યો.

આ પ્રકારે આચાર્ય રક્ષિતસૂરિ (વિજયચંદ્રસૂરિ) વિભિન્ન પ્રદેશોના ગામ, નગર, પુર, પાટણ આદિમાં ધર્મપ્રચાર કરતાં વિચરણ કરવા લાગ્યા. એમના પ્રભાવપૂર્ણ ઉપદેશોથી સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યામાં ઉત્સાહવર્ધક અભિવૃદ્ધિ થઈ.

એ દિવસોમાં કોંકણ પ્રદેશના સોપારક નામના નગરમાં દાહડ નામે એક શ્રેષ્ઠી રહેતા હતા. એમની ધર્મપરાયણ પત્ની નેટીએ એક રાત્રિમાં પૂર્ણિમાના પૂર્ણચંદ્રના સ્વપ્નદર્શન સાથે ગર્ભ ધારણ કર્યો. ગર્ભકાળની પરિસમાપ્તિ બાદ નેટીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. એનું નામ (જાસિગ) જયસિંહ રાખવામાં આવ્યું. શૈશવકાળથી જ એનામાં ધર્મના સંસ્કાર હતા. એક દિવસ એણે ગુરુના મુખેથી જમ્બૂ સ્વામીનું ચરિત્ર સાંભળ્યું. આર્ય જમ્બૂ સ્વામીના ઉત્કૃષ્ટ ત્યાગથી ઓતપ્રોત જીવનવૃત્તને સાંભળતાં જ જયસિંહનું મન વૈરાગ્યથી ઓતપ્રોત થઈ ગયું. એણે યેન-કેન પ્રકારે માતા-પિતાની અનુમતિ પ્રાપ્ત કરી પોતાના મિત્ર સુખદત્તની સાથે અણહિલપુર તરફ પ્રસ્થાન કર્યું. ચાલુક્યનરેશ સિદ્ધરાજ જયસિંહની પ્રેરણાથી જયસિંહ એ વખતે સ્થિરપદ્રપુરમાં બિરાજમાન રક્ષિતસૂરિની સેવામાં ઉપસ્થિત થયા. રક્ષિતસૂરિએ તેની સાથે વાત કરતાં પરિચય થયો કે તરત જયસિંહે (જાસિગ) દીક્ષા લેવાની પોતાની આંતરિક ઇચ્છા વ્યક્ત કરી.

શુભ મુહૂર્તમાં જાસિગે આચાર્ય રક્ષિતસૂરિ પાસેથી પંચ મહાવ્રત રૂપ નિર્ગ્રંથ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી. અથાક પરિશ્રમ, પૂર્ણ વિનય અને ગુરુકૃપાના પ્રસાદથી જાસિગ પાંચ વર્ષમાં જ શ્રુત સાગરના પારગામી વિદ્વાન થઈ ગયા. જાસિગ મુનિને આચાર્યપદનો ભાર વહન કરવા માટે સુયોગ્ય સમજીને રક્ષિતસૂરિએ એમને ઠાઠ-માઠથી

વિઉણપ નગરમાં સૂરિપદ પર અધિષ્ઠિત કર્યા અને એમનું નામ જયસિંહસૂરિ રાખ્યું.

અનેક પટ્ટાવલીઓ તથા વિદ્વાનોની કૃતિઓમાં અંચલગચ્છની સ્થાપનાનો સમય વિ. સં. ૧૨૧૩ બતાવવામાં આવ્યો છે. પરંતુ 'વીરવંશ પટ્ટાવલી'ના ઉલ્લેખોથી એમ પ્રગટ થાય છે કે વિજયચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૬૯માં આચાર્યપદ પર બેસતાંની સાથે જ વિધિ-પક્ષ(અંચલગચ્છ)ની સ્થાપના કરી. 'વીરવંશ પટ્ટાવલી'માં લિખિત ગાથાઓના મનન બાદ એ વાતમાં કોઈ શંકા નથી રહેતી કે આર્ય રક્ષિતસૂરિએ વિ. સં. ૧૧૬૯માં વિધિપક્ષ ગચ્છની સ્થાપના કરી અને પોતાની પરંપરાના શ્રાવકોને ઉત્તરાસંગથી ષડાવશ્યક અને સાધુવંદનનો નિર્દેશ આપ્યો. પરંતુ અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વિધિપક્ષનું નામ અંચલગચ્છ ક્યારે અને કઈ રીતે પડ્યું ?

વીરવંશાવલી(અપરનામ વિધિપક્ષ ગચ્છ પટ્ટાવલી)માં ઉલ્લેખિત વિવરણથી એમ પ્રગટ થાય છે કે આચાર્ય રક્ષિતસૂરિની હયાતીમાં જ મહારાજ કુમારપાળે વિધિપક્ષનું નામ 'અંચલગચ્છ' રાખ્યું.

વિધિપક્ષની સ્થાપનાના થોડા સમય પછી આ ગચ્છનું નામ 'અંચલગચ્છ' રખાયું હશે, એ વાતની પુષ્ટિ 'વિધિપક્ષ પટ્ટાવલી'માં ઉલ્લેખિત તથ્યોથી પણ થાય છે. ઉદાહરણ તરીકે વિધિપક્ષની સ્થાપના પછી આચાર્ય રક્ષિતસૂરિ અનેક ક્ષેત્રોમાં વિચરણ કરતાં કરતાં વિઉણપ નગરમાં પધાર્યા. ત્યાં શ્રેષ્ઠી કપર્દિ એમના ઉપદેશોથી પ્રબુદ્ધ થયા અને એમણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને શ્રાવકધર્મ અંગીકાર કર્યાના પર્યાપ્ત સમય પછી એમણે પાટણમાં મહારાજા કુમારપાળ સમક્ષ આચાર્ય હેમચંદ્રસૂરિને ઉત્તરાસંગથી નમન-વંદન કર્યા. કુમારપાળને આ જોઈ આશ્ચર્ય થયું. એમણે ગુરુને એનું કારણ પૂછ્યું અને ગુરુ દ્વારા યોગ્ય રીતે સમાધાન કરવાથી એમણે વિધિપક્ષનું નામ અંચલગચ્છ રાખ્યું.

'વિધિપક્ષ પટ્ટાવલી'માં આ ઉલ્લેખ તો છે જ કે વિધિપક્ષનું નામ-કરણ અંચલગચ્છ કર્યા બાદ કુમારપાળ વિધિપક્ષના સંસ્થાપક આચાર્ય રક્ષિતસૂરિના દર્શન માટે તિમિરપુર ગયા, પરંતુ કઈ સંવતમાં તેનો કોઈ ઉલ્લેખ નથી. આવી દશામાં અન્ય પટ્ટાવલીઓમાં ઉલ્લેખિત

અંચલગચ્છની સ્થાપનાના વિ. સં. ૧૨૧૩ની સંગતિ બેસાડવા માટે અગર એમ કહેવાય કે વિ. સં. ૧૨૧૩માં કપર્દિ શ્રાવકને ઉત્તરાસંગથી વંદન-નમન કરતાં જોઈને કુમારપાળે વિધિપક્ષનું નામ અંચલગચ્છ રાખ્યું, તો આ કથન અનુમાનિત થઈ શકે છે. આર્ય રક્ષિતસૂરિ વિ. સં. ૧૨૩૬માં અને આચાર્ય હેમચંદ્રસૂરિ વિ. સં. ૧૨૨૯માં સ્વર્ગસ્થ થયા તથા મહારાજા કુમારપાળનું દેહાવસાન વિ. સં. ૧૨૩૦માં થયું. આ પ્રકારની સ્થિતિમાં એ સંભવ છે કે વિ. સં. ૧૨૧૩માં વિધિપક્ષનું બીજું નામ અંચલગચ્છ રાખ્યા પછી રાજા કુમાર-પાળ રક્ષિતસૂરિનાં દર્શન અને વંદન-નમન કરવા તિમિરપુર ગયા હોય.

ક્રિયોદ્ધાર - એક અતિ દુષ્કર કાર્ય

આચાર્ય રક્ષિતસૂરિ(મુનિ વિજયચંદ્ર)એ જૈન ધર્મ અને શ્રમણોચારના વિશુદ્ધ સ્વરૂપને લોકો સમક્ષ પુનઃ પ્રતિષ્ઠિત કરવાના ઉદ્દેશથી વિ. સં. ૧૧૬૯માં એક પ્રકારની ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો. એમનાથી પૂર્વે વિક્રમની અગિયારમી શતાબ્દીના પ્રથમ ક્રિયોદ્ધારક અને ખરતરગચ્છના નામથી કાલાંતરે પ્રસિદ્ધ થયેલી પરંપરાના આદ્યાચાર્ય વર્ધમાનસૂરિ અને એમના શિષ્ય જિનેશ્વરસૂરિએ જૈન ધર્મના વાસ્તવિક સ્વરૂપને પુનઃ પ્રતિષ્ઠિત કરવાના ઉદ્દેશથી ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો. આચાર્ય રક્ષિતસૂરિએ લગભગ ૨૦ વર્ષ પૂર્વ(વિ. સં. ૧૧૪૯)માં પૌર્ણમિક-ગચ્છના સંસ્થાપક આચાર્ય ચંદ્રપ્રભએ પણ જૈનસંઘમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓને દૂર કરવાના ઉદ્દેશથી ધર્મજાગૃતિનો શંખનાદ કર્યો હતો તથા લગભગ ૧૦ વર્ષ સુધી પોતાના વિરોધી ગચ્છોની સાથે સંઘર્ષરત રહ્યા બાદ વિ. સં. ૧૧૫૯માં પૌર્ણમિક ગચ્છની સ્થાપના કરી.

વર્ધમાન સૂરિ, ચંદ્રપ્રભસૂરિ, રક્ષિતસૂરિ આદિ સર્વ શાસન હિતેચ્છુ આચાર્યોનો પ્રારંભે એક સર્વાંગ સંપૂર્ણ સમગ્ર ધર્મક્રાંતિ કરવાનો ઉદ્દેશ રહ્યો. પરંતુ ચતુર્વિધસંઘમાં વિકૃતિઓની જડ એટલી ઊંડી પહોંચી ગઈ હતી કે તેને મૂળથી ઊખેડી નાખવાનું કાર્ય અને જડમૂળથી પરિવર્તન કરવાનું કાર્ય અસંભવ જેવું થઈ ચૂક્યું હતું. આમ, ધર્મના વાસ્તવિક સ્વરૂપને પુનઃ પ્રતિષ્ઠિત કરવાનું એ આચાર્યોનું સ્વપ્ન સાકાર ન થઈ શક્યું. અને તેમના દ્વારા કરવામાં આવેલી ક્રાંતિ સીમિંત રહી ગઈ.

આચાર્ય રક્ષિતસૂરિએ પણ એકમાત્ર આગમોના આધારે સમગ્ર ધર્મક્રાંતિનો દૃઢ સંકલ્પ કરવાની સાથે વિધિપક્ષની સ્થાપના કરી. પરંતુ તેઓ પણ પોતાના ધર્મક્રાંતિને લક્ષ્યને અનુરૂપ આગળ વધારી શક્યા નહિ. એનું કારણ એ હતું કે વીર નિર્વાણના હજાર વર્ષ બાદ ચૈત્યવાસ અને શિથિલાચારની પરંપરા લોકજીવનમાં ખૂબ વ્યાપી થઈ હતી. આ પ્રકારના ક્રિયોદ્ધારોના માધ્યમથી થયેલી ધર્મક્રાંતિઓ તત્કાલીન ધર્મસંઘમાં વ્યાપ્ત શિથિલાચારની વિરુદ્ધમાં હતી, અને આ શિથિલાચારની સૂત્રધાર કે પ્રતીક હતી, ચૈત્યવાસી પરંપરા. આ દૃષ્ટિએ આ પ્રકારના ક્રિયોદ્ધારો અને ધર્મક્રાંતિઓને ચૈત્યવાસી પોતાની વિરુદ્ધનું અભિયાન સમજતા હતા. ધર્મના મૂળ સ્વરૂપને વિકૃત કરનારી ચૈત્યવાસી પરંપરાનો પ્રભાવ સંપૂર્ણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ, મારવાડ, માળવા આદિ પ્રદેશોમાં ઘર કરી ચૂક્યો હતો. આ પ્રદેશોમાં રાજ્યાશ્રય પ્રાપ્ત થવાના કારણે ચૈત્યવાસીઓનો પ્રભાવ ઉત્તરોત્તર વધતો જ ગયો.

પાટણના વિશાળ સામ્રાજ્યના સંસ્થાપક વનરાજ ચાવડા અને તેના ઉત્તરાધિકારી ૭ ચાપોત્કટવંશી રાજાઓએ વિ. સં. ૮૦૨ થી વિ. સં. ૯૯૮ સુધી બધું મળીને ૧૯૬ વર્ષ સુધી ચૈત્યવાસીઓને પોતાના ધર્મગુરુ-રાજગુરુ માનીને એમનો સર્વાધિક સન્માન પ્રદાન કર્યું. પોતાના ધર્મગુરુના ચૈત્યવાસી સુદૃઢ બનાવવાના હેતુથી ચૈત્યવાસી-સંઘને દરેક પ્રકારની સુવિધાઓ પ્રદાન કરવાની સાથે સાથે વનરાજે પોતાના સંપૂર્ણ રાજ્યમાં એવી રાજાજ્ઞા પ્રસારિત કરાવી હતી કે ચૈત્યવાસી આચાર્યની અનુમતિ વગર એમના રાજ્યની સીમાઓમાં અન્ય કોઈ પણ પરંપરાનાં જૈન શ્રમણ-શ્રમણી વર્ગનો પ્રવેશ નહિ થઈ શકે.

વિ. સં. ૯૯૮માં પાટણ પર ચાલુક્ય રાજવંશનું પ્રભુત્વ થઈ ગયા પછી એ વંશના પ્રથમ રાજા મૂળરાજના શાસનકાળથી લઈને એ વંશના ચોથા રાજા દુર્લભરાજના રાજ્યકાળ વિ. સં. ૧૦૮૦ સુધી એ દરેક પ્રકારની વ્યવસ્થાઓ યથાવત ચાલતી રહી. આ રીતે વિ. સં. ૮૦૨ થી લઈને વિ. સં. ૧૦૮૦ સુધી ચૈત્યવાસીઓનું વિશાળ ગુર્જર રાજ્યમાં બધું મળીને ૨૭૮ વર્ષ પર્યન્ત પૂર્ણ વર્ચસ્વ રહ્યું.

આવી સ્થિતિમાં આગમોને અનુરૂપ ધર્મના સ્વરૂપ અને શ્રમણા-ચારની પુનઃ પ્રતિષ્ઠા-હેતુ સંપૂર્ણ ધર્મક્રાંતિનું લક્ષ્ય હોવા છતાં પણ રક્ષિતસૂરિ આદિ ક્રિયોદ્ધારકોને પોતાની ધર્મક્રાંતિ તથા ક્રિયોદ્ધારોને થોડા

અંશોમાં જ સીમિત કરવી પડી. એ જ કારણ હતું કે આગમોમાં પ્રતિપાદિત જૈન ધર્મની મૂળ માન્યતાઓને સંઘમાં યથાર્થ રૂપે પુનઃ પ્રતિષ્ઠિત કરવાની આંતરિક અભિલાષા હોવા છતાં પણ મોટે ભાગે દરેક ક્રિયોદ્ધારક સંપૂર્ણ કાંતિની પોતાની ઇચ્છાને અનુરૂપ ક્રિયાન્વયન કરવામાં એક રીતે અંતતોગત્વા અસફળ જ રહ્યા. એમની અસફળતાનાં બે બીજાં કારણ પણ હતા. એક બહુ મોટું કારણ એ હતું કે ચૈત્યવાસીઓએ જનમાનસમાં પ્રચાર દ્વારા એવી માન્યતા ઊભી કરી દીધી કે નિગમો-(ચૈત્યવાસીઓ દ્વારા રચિત ગ્રંથો)નો સહારો લીધા વગર બદલાતી ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક પરિસ્થિતિઓમાં જૈન ધર્મ પોતાનું અસ્તિત્વ ટકાવી નહિ શકે. ક્રિયોદ્ધારને અનુરૂપ સફળ ન થવાનું બીજું મોટું કારણ એ પણ હતું કે ચૈત્યવાસી આચાર્યોએ ત્યાગીવર્ગ માટે પણ એવી સગવડો ઉપલબ્ધ કરાવી દીધી કે શ્રમણ-શ્રમણી વર્ગ પણ કોઈ પણ પ્રકારનાં કષ્ટ કે પરિષહ સહન કર્યા વગર જીવનભર પોતાના અનુયાયીઓના પરમપૂજ્ય અને ઉપાસ્ય તરીકે સ્થાન જાળવી શકે, માન મેળવી શકે. ત્યાગીવર્ગ માટે ચૈત્યવાસીઓ દ્વારા શ્રમણચર્યાનું અંગ બનાવવામાં આવેલી સુવિધાઓ નીચે મુજબ હતી :

૧. જીવનભર એક સ્થાનથી બીજા સ્થાને વિચરણ કરવાના બદલે સદાય એક જ સ્થાને રહી પોતાના ચૈત્ય અથવા મઠમાં નિવાસ કરવો.

૨. મધુકરી (ભિક્ષાચરી) જેવા કઠોર શ્રમણાચારને તિલાંજલિ આપી પોતાના ચૈત્ય કે મઠમાં નિરંજન-નિરાકાર જિનેન્દ્ર પ્રભુને ભોગ ધરવા માટે ત્યાંની પાકશાળામાં બનાવેલ ખાન-પાનથી સુખપૂર્વક જીવનનિર્વાહ કરવો.

૩. મંદિરોમાં શ્રદ્ધાળુ ભક્તો દ્વારા જે ધન જિનેન્દ્ર પ્રભુનાં ચરણોમાં ભેટ ધરવામાં આવે તેનો પોતાની સુવિધા માટે ઇચ્છાનુસાર ઉપયોગ કરવો.

૪. ભક્તોનાં સાંસારિક કાર્યો માટે મુહૂર્ત કાઢી આપવું. નિમિત્તશાસ્ત્રથી ભક્તોને તેમના જીવન બાબતે ભવિષ્ય-કથન કરવું.

૫. સુગંધથી સુવાસિત સુંદર રંગીન વસ્ત્રો ધારણ કરવાં.

૬. યથેષ્ટ ધન-સંચય કરવો.

૭. કેશલોચન જેવી કઠોર શ્રમણચર્યાનો ત્યાગ કરવો.

૮. મુખશુદ્ધિ માટે તાંબૂલ ચર્વણ કરવું.

૯. ઘી, દૂધ, ફળ, ફૂલ આદિનું યશેષ્ટ સેવન કરવું.

૧૦. સચેત ઠંડા પાણીનો પીવાના કામમાં ઉપયોગ કરવો.

૧૧. ગમન-આગમન માટે પાલખીનો ઉપયોગ કરવો.

૧૨. વસ્ત્ર-પાત્ર આદિનો સંગ્રહ કરવો.

૧૩. પથારીમાં સૂવું.

૧૪. તેલ માલિશ - મર્દન કરવું.

૧૫. નાનાં બાળકોનાં માતા-પિતાને ધન આપી શિષ્ય પરિવારને વધારવા માટે બાળકોની ખરીદી કરવી.

૧૬. ચિકિત્સા, મંત્ર-તંત્ર આદિના માધ્યમથી પોતાના જીવનને સુખી બનાવવા ધન ઉપાર્જન કરવું.

૧૭. જિનેન્દ્ર પ્રભુની પૂજામાં આરતી કરવી, હવન કરવો.

૧૮. ઇચ્છાનુસાર જૈનમંદિરો, પૌષધશાળાઓ અને વ્યાખ્યાન ભવનોનું નિર્માણ કરાવવું.

૧૯. મહિલાઓ સાથે સંપર્ક રાખવો, એમની સમક્ષ વ્યાખ્યાન આપવું, ભજન-કીર્તન કરવું.

૨૦. સ્વર્ગસ્થ થયેલા પોતાના ગુરુઓના દાહ-સંસ્કાર સ્થળે સ્મારક-ચબૂતરા બનાવવા.

૨૧. ઉપવાસ આદિ કઠોર તપની કોઈ વિશેષ આવશ્યકતા નથી એમ માનવું.

આ રીતે ચૈત્યવાસીઓએ શ્રમણજીવનને એક સુસમૃદ્ધ ગૃહસ્થ-જીવન સમાન સુખ-સુવિધાથી પરિપૂર્ણ બનાવી દીધું. આ પ્રકારની સ્થિતિમાં આગમાનુસાર જૈન ધર્મના આધ્યાત્મિક વિશુદ્ધ સ્વરૂપ અને દુષ્કર-કઠોર શ્રમણાચારને ક્રિયોદ્ધારના માધ્યમથી પુનઃ પ્રતિષ્ઠિત કરવાના અતિ પાવન કાર્યમાં વર્ધમાનસૂરિ આદિ મહાન આચાર્યોને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે તેની કલ્પના પ્રબુદ્ધ વાચક સહજ રીતે કરી શકે છે.

અગાઉ જણાવ્યા મુજબ ચૈત્યવાસીઓના વ્યાપક વર્ચસ્વના કારણે રક્ષિતસૂરિ અને એમના સાધુઓને નિર્દોષ આહાર-પાણી પણ મળતાં નહિ અને એવી સ્થિતિમાં એમણે આજીવન અનશન રૂપે પોતાના પ્રાણને પણ જોખમમાં મૂક્યો. રક્ષિતસૂરિના ત્યાગ-તપમય જીવન અને પરિષહ સહન કરવાથી જનમાનસ એમના પ્રત્યે આકર્ષિત થયું. એમના જીવનકાળમાં જ વિધિમાર્ગ (અંચલગચ્છ) એક સુદૃઢ અને સશક્ત ધાર્મિક સંઘ તરીકે લોકપ્રિય બનતો ગયો. એમના પટ્ટધર જયસિંહસૂરિએ વિ. સં. ૧૨૩૬ થી ૧૨૫૮ સુધીના પોતાના આચાર્યકાળમાં અંચલગચ્છને નવી ઊંચાઈઓ આપી. તેઓ પોતાના સમયના મહાન વાદી હતા. જયસિંહસૂરિએ અનેક ક્ષત્રિય વંશોને જૈનધર્મી બનાવીને વિધિપક્ષના અનુયાયીઓની સંખ્યામાં ઉલ્લેખનીય અભિવૃદ્ધિ કરી. એમના સમયમાં ૨૧૨૦ સાધુ, ૧૧૩૦ સાધ્વીઓ, ૧૨ આચાર્ય, ૨૦ વાચનાચાર્ય (ઉપાધ્યાય), ૧૭૩ પંડિત, ૧ મહત્તરા અને ૮૨ પ્રવર્તિનીઓ થયાં.

જયસિંહસૂરિ પછી એમના વિશિષ્ટ શિષ્ય અને વિધિપક્ષ-ગચ્છના તૃતીય પટ્ટધર ધર્મઘોષસૂરિ, એમના પછી ચોથા પટ્ટધર મહેન્દ્રસૂરિ અને પાંચમા પટ્ટધર આચાર્ય સિંહપ્રભ પણ મહાન પ્રભાવક આચાર્ય થયા. સિંહપ્રભ વિ. સં. ૧૩૦૯માં આચાર્યપદ પર પ્રતિષ્ઠિત થયા. સિંહપ્રભસૂરિ પોતાના સમયમાં સુપ્રસિદ્ધ વાદી હતા. એમણે અનેક શાસ્ત્રાર્થોમાં વિજય પ્રાપ્ત કરી વિધિમાર્ગની પ્રતિષ્ઠામાં ઉલ્લેખનીય વૃદ્ધિ કરી.

'મેરુતુંગીયા લઘુશતપદી' તથા 'મેરુતુંગીય પટ્ટાબલી' અનુસાર આટલા મોટા વિદ્વાન ને પ્રતિભાશાળી હોવા છતાં પણ સિંહપ્રભસૂરિ ધીમે ધીમે શિથિલાચાર તરફ ઉન્મુખ થતા ગયા અને અંતે એક રીતે ચૈત્યવાસીઓની જેમ નિયત-નિવાસી બની ગયા. વિધિસંઘના છઠ્ઠા આચાર્ય અજિતસિંહસૂરિએ તો શિથિલાચારમાં ચૈત્યવાસી પરંપરાના આચાર્યોને પણ પાછળ રાખી દીધા હતા. સુવિહિત કહેવાતા અધિકાંશ ગચ્છ પણ ધીમે ધીમે ચૈત્યવાસીઓ દ્વારા નિર્મિત વિકૃતિઓના પોષક ને શિથિલ પથના પથિક બનવા લાગ્યા.

અગર વખતોવખત જન-જન સમક્ષ જૈન ધર્મના આગમિક સ્વરૂપને પ્રકાશિત કરવા માટે સાહસી ક્રિયોદ્ધારકોએ ક્રિયોદ્ધારનું અભિયાન ન ચલાવ્યું હોત તો સંભવતઃ આજે આગમોમાં પ્રતિપાદિત ધર્મનું વિશુદ્ધ સ્વરૂપ વિકૃતિઓનાં પ્રચુર આવરણોથી એ રીતે ઢંકાઈ ગયું હોત જે રીતે શ્રાવણ-ભાદરવાનાં વાદળોથી સૂર્ય ઢંકાઈ જાય છે.

અંચલગચ્છીયા પટ્ટાવલી

શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર સુધર્મા સ્વામીથી લઈને ચોત્રીસમા પટ્ટધર સુધી ખરતરગચ્છ, તપાગચ્છ, અંચલગચ્છ આદિ (ઉપકેશગચ્છને બાદ કરતાં) મોટેભાગે દરેક ગચ્છોની પટ્ટાવલીઓમાં ક્રમસંખ્યા અને નામોમાં સાધારણ અથવા નગણ્ય ફેરફાર સિવાય પૂર્ણતઃ સામ્યતા દૃષ્ટિગોચર થાયં છે, એટલે અહીં પાંત્રીસમાં પટ્ટધરથી અંચલગચ્છની પટ્ટાવલી આપવામાં આવી રહી છે :

૩૫મા આચાર્ય ઉદ્યોતનસૂરિ - જેમનાથી બડગચ્છનો પ્રાદુર્ભાવ થયો.
૩૬મા આચાર્ય સર્વદેવસૂરિ
૩૭મા આચાર્ય પદ્મદેવસૂરિ
૩૮મા આચાર્ય ઉદયપ્રભસૂરિ
૩૯મા આચાર્ય પ્રભાનંદસૂરિ
૪૦મા આચાર્ય ધર્મચંદ્રસૂરિ
૪૧મા આચાર્ય વિનયચંદ્રસૂરિ
૪૨મા આચાર્ય ગુણસાગરસૂરિ
૪૩મા આચાર્ય વિજયપ્રભસૂરિ
૪૪મા આચાર્ય નરચંદ્રસૂરિ
૪૫મા આચાર્ય વીરચંદ્રસૂરિ
૪૬મા આચાર્ય જયસિંહસૂરિ
૪૭મા આચાર્ય રક્ષિતસૂરિ (વિજયચંદ્રસૂરિ) અંચલગચ્છની દરેક પટ્ટાવલીઓ અનુસાર એમના દ્વારા જ વિધિપક્ષ, જે આગળ જતાં અંચલગચ્છ નામે વિખ્યાત થયો, તેની ઉત્પત્તિ થઈ.
૪૮મા આચાર્ય જયસિંહસૂરિ - એમના આચાર્યકાળમાં વિધિપક્ષના શ્રમણ-શ્રમણી પરિવારમાં અદ્‌ભુત વૃદ્ધિ થઈ.
૪૯મા આચાર્ય ધર્મઘોષસૂરિ
૫૦મા આચાર્ય મહેન્દ્રસૂરિ - એમણે તીર્થમાલા શતપદી વિવરણ અને ગુરુ ગુણષટ્‌ત્રિંશિકાની રચના કરી.
૫૧મા આચાર્ય સિંહપ્રભસૂરિ
૫૨મા આચાર્ય અજિતસિંહસૂરિ - વિ. સં. ૧૩૧૬માં આચાર્યપદે અને વિ. સં. ૧૩૩૯માં સ્વર્ગવાસ.

૫૩મા આચાર્ય દેવેન્દ્રસિંહસૂરિ

૫૪મા આચાર્ય ધર્મપ્રભસૂરિ

૫૫મા આચાર્ય સિંહતિલકસૂરિ

૫૬મા આચાર્ય મહેન્દ્રપ્રભસૂરિ

૫૭મા આચાર્ય મેરુતુંગસૂરિ : એમણે વિચારશ્રેણી આદિ અનેક ગ્રંથોની રચના કરી. એમની દીક્ષા વિ. સં. ૧૪૧૮માં, સૂરિપદ વિ. સં. ૧૪૨૬માં તથા સ્વર્ગવાસ વિ. સં. ૧૪૭૩.

૫૮મા આચાર્ય જયકીર્તિસૂરિ : એમણે ઉત્તરાધ્યયન ટીકા, ક્ષેત્રસમાસ ટીકા, સંગ્રહણી ટીકા આદિ અનેક ગ્રંથોની રચના કરી.

૫૯મા આચાર્ય જયકેસરીસૂરિ

૬૦મા આચાર્ય સિદ્ધાંત સાગરસૂરિ

૬૧મા આચાર્ય ભાવસાગરસૂરિ : વિ. સં. ૧૫૬૦માં આચાર્યપદ ૨૩૧ ગાથાત્મક 'શ્રી વીરવંશ વિધિપક્ષ પટ્ટાવલી' નામની એમની કૃતિ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ કૃતિ છે.

૬૨મા આચાર્ય ગુણનિધાનસૂરિ

૬૩મા આચાર્ય ધર્મમૂર્તિસૂરિ

૬૪મા આચાર્ય કલ્યાણસાગરસૂરિ

૬૫મા આચાર્ય અમરસાગરસૂરિ

૬૬મા આચાર્ય વિદ્યાસાગરસૂરિ

૬૭મા આચાર્ય ઉદયસાગરસૂરિ : એમની આજ્ઞાથી અંચલગચ્છની એક પટ્ટાવલીની અનુસંધાનપૂર્વક રચના કરવામાં આવી.

૬૮મા આચાર્ય કીર્તિસાગરસૂરિ

૬૯મા આચાર્ય પુણ્યસાગરસૂરિ

૭૦મા આચાર્ય રાજેન્દ્રસાગરસૂરિ

૭૧મા આચાર્ય મુક્તિસાગરસૂરિ

૭૨મા આચાર્ય રત્નસાગરસૂરિ

૭૩મા આચાર્ય વિવેકસાગરસૂરિ : વિ. સં. ૧૯૨૮ થી ૧૯૪૮ આચાર્યકાળ

૭૪મા આચાર્ય જિનેન્દ્રસાગરસૂરિ.

અંચલગચ્છનું ઉપનામ અચલગચ્છ

ચાલુક્યરાજ કુમારપાળના શાસનકાળમાં અંતિમ દિવસોમાં અંચલ-ગચ્છને 'અચલગચ્છ'ના નામે પણ ઓળખ મળી હતી. 'મેરુતુંગીયા (સંસ્કૃત) પટ્ટાવલી'માં આ સંબંધે ઉલ્લેખ મળે છે. એ ઉલ્લેખ અનુસાર ચતુર્થીને સંવત્સરી પર્વ મનાવવાના પક્ષધર વિભિન્ન ગચ્છોના અમુક શ્રાવકોએ કુમારપાળ સમક્ષ ઉપસ્થિત થઈને અમુક અન્ય ગચ્છો પ્રત્યે ઈર્ષાવશ નિવેદન કર્યું : "રાજન્ ! આપ સ્વયં અને અમે સહુ ચતુર્થીના દિવસે સાંવત્સરિક પર્વ મનાવીએ છીએ. આપના રાજ્યમાં અન્ય ગચ્છોના અમુક સાધુઓ એવા પણ છે, જેઓ પાંચમના રોજ સંવત્સરી મનાવવાના પક્ષમાં છે. પર્વાધિરાજ સંવત્સરી પર્વ નજીક છે. આપના જેવા પરમાર્હત ધર્મનિષ્ઠ રાજાના રાજ્યમાં સંવત્સરી પર્વ સંબંધમાં આ પ્રકારનો માન્યતાભેદ શોભાસ્પદ નથી."

મહારાજા કુમારપાળને પણ પર્વ આરાધના વિષયક મતભેદ અનુચિત પ્રતીત થયો. વિચાર કરીને એમણે રાજાજ્ઞા પ્રસારિત કરાવી કે - 'પાંચમના દિવસે સંવત્સરી પર્વની આરાધના કરનાર સાધુ આજથી મારા રાજ્યના પાટનગર પાટણમાં નિવાસ નહિ કરી શકે. અતઃ આજે જ તેઓ પાટણથી બહાર અન્યત્ર ચાલ્યા જાય.' આવી રાજાજ્ઞાના પ્રસારણ બાદ પાંચમના દિવસે સંવત્સરી પર્વ આરાધના કરનાર વિભિન્ન ગચ્છના સાધુ પાટણથી વિહાર કરી અન્યત્ર ચાલ્યા ગયા.

વિધિપક્ષના પ્રભાવક આચાર્ય જયસિંહસૂરિ પણ એ સમયે પાટણમાં જ બિરાજમાન હતા. એમણે પાટણમાં રહી પાંચમના દિવસે સંવત્સરી પર્વની આરાધનાના ઉદ્દેશથી સૂઝ-બૂઝપૂર્વક કામ લીધું. એમણે પોતાના એક વાક્ચાતુર્ય ગુણસંપન્ન વાચાળ શ્રાવકને મહારાજા કુમારપાળ પાસે મોકલ્યા અને સંદેશ આપ્યો કે - "અમારા ગુરુ પાંચમના દિવસે જ સાંવત્સરિક પર્વ આરાધના કરનારા છે. થોડા દિવસો પૂર્વે જ એમણે આવશ્યક સૂત્ર પર વ્યાખ્યાન આપવાનો પ્રારંભ કર્યો છે. વ્યાખ્યાનમાં તેઓ સર્વપ્રથમ નમસ્કારમંત્ર પર વિવેચન કરે છે. આપની આજ્ઞા પ્રસારિત થઈ છે કે પાંચમના દિવસે સંવત્સરી પર્વની આરાધના કરનાર પાટણથી અન્યત્ર ચાલ્યા જાય. અમારા ગુરુદેવે આપને પુછાવ્યું છે કે - 'તેઓ નમસ્કારમંત્ર પર વિવેચન વિવરણ પૂર્ણતઃ સંપન્ન કરીને જ

વિહાર કરે કે નમસ્કારમંત્રના વિવરણને અધૂરું મૂકીને જ વિહાર કરી પાટણથી બહાર જતા રહે ?'

આ સાંભળી કુમારપાળ સહસા કોધિત થયા. પણ એ ક્ષણે જ દ્વિધામાં પડ્યા. એક તરફ રાજાજ્ઞાના પાલનનો પ્રશ્ન અને બીજી તરફ નમસ્કાર મહામંત્રના અનુષ્ઠાનપરક વિવેચનમાં ભંગનું ધર્મસંકટ. પોતાની આ દ્વિધાના સમાધાન માટે કુમારપાળ પોતાના આરાધ્ય ગુરુદેવ હેમચંદ્રાચાર્યની સેવામાં ઉપસ્થિત થયા, અને આ બાબતે નિર્દેશ પ્રદાન કરવાની વિનંતી કરી. આચાર્ય હેમચંદ્રસૂરિએ રાજા કુમારપાળને સલાહ આપી કે - 'વિધિપક્ષના આચાર્ય જયસિંહસૂરિ મોટા-મોટા દિગ્ગજ વાદીઓને પરાજિત કરનાર જિનશાસન પ્રભાવક મંત્ર-તંત્ર આદિ વિદ્યાઓમાં નિષ્ણાત મૂર્ધન્ય વિદ્વાન છે, તેથી એમની નારાજગીને પાત્ર બનવું કોઈના માટે પણ શ્રેયસ્કર નથી.'

આચાર્ય હેમચંદ્રસૂરિની વાત સાંભળી તત્કાળ રાજા કુમારપાળ જયસિંહસૂરિ પાસે ઉપસ્થિત થયા. પોતાની રાજાજ્ઞા સંબંધી વસ્તુસ્થિતિથી જયસિંહસૂરિને માહિતગાર કરી ક્ષમાયાચના કરી. પાંચમના સંવત્સરી પર્વની આરાધના કરનાર બીજા સાધુઓ અન્યત્ર વિહાર કરી ચાલ્યા ગયા, પણ પોતાની સૂઝ-બૂઝ અને પ્રતિભાના બળે જયસિંહસૂરિ પાટણમાં અચલ રહ્યા. આ કારણે એમના વિધિપક્ષનું નામ 'અચલગચ્છ' લોકોમાં પ્રચલિત થયું.

આગમિકગચ્છ

આગમિકગચ્છની ઉત્પત્તિ પણ ક્રિયોદ્ધાર માટે કરવામાં આવેલા એક પ્રયાસ તરીકે થઈ. બારમી શતાબ્દીનો અંત અને તેરમી શતાબ્દીના પ્રારંભકાળે જે વખતે ચંદ્રગચ્છમાં શિથિલાચાર અને અનાગમિક માન્યતાઓનું પ્રાબલ્ય વધી ગયું, એ વખતે વિક્રમની તેરમી શતાબ્દીના દ્વિતીય દશકના પ્રારંભમાં મુનિ શીલગણસૂરિએ ક્રિયોદ્ધાર કરી આગમિક ગચ્છની સ્થાપના કરી. આગમિકગચ્છની સ્થાપના કરવાના કારણે શીલગણસૂરિને આ ગચ્છના પ્રથમ આચાર્ય માનવામાં આવ્યા છે. આગમિકગચ્છના ચંદ્રકુળ અથવા ચંદ્રગચ્છની જ એક શાખા છે. આગમિક ગચ્છમાં ક્રમશઃ નિમ્નલિખિત આચાર્ય થયા :

૧. શીલગણસૂરિ : ભારતના પૂર્વાંચલમાં કનોજ રાજ્યના અધિપતિ મહારાજા ભટ્ટાનિકને કુમાર નામનો એક રાજપુત્ર હતો. લંક્ષણ, સાહિત્ય,

છંદ, અલંકાર, ધનુર્વેદ આદિની કેળવણી પ્રાપ્ત કરીને એક વખત કુમાર શિકાર માટે જંગલમાં ગયો. તેણે એક હરણીને લક્ષ્યમાં રાખી બાણ ચલાવ્યું અને ગર્ભવતી હરણી તીર વાગતાં ઢળી પડી. પણ નીચે ઢળી કે તરત અંતિમ ક્ષણોમાં એક બચ્ચાને જન્મ આપ્યો અને નવજાતને જન્મ આપી તરત મરી ગઈ.

આ હૃદયદ્રાવક દૃશ્ય જોઈને રાજકુમારની આંખો સમક્ષ અંધારું છવાઈ ગયું. એના હૃદયમાં પશ્ચાત્તાપની ભીષણ જ્વાળા પ્રજ્વલિત થઈ. તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. મહારાજા ભટ્ટાનિકે કુમારને સાંત્વન આપતાં તત્કાળ હરણી અને તેના બચ્ચાની સોનાની મૂર્તિ બનાવી અને બ્રાહ્મણોને બોલાવી કુમારના પ્રાયશ્ચિત્ત સ્વરૂપે બંને મૂર્તિઓના ટુકડા કરાવી એ સોનું બ્રાહ્મણોમાં વહેંચી દીધું. આ પ્રકારના પ્રાયશ્ચિત્ત ઉપરાંત પણ કુમારના હૃદયને શાંતિ મળી નહિ. એક મધ્યરાત્રિએ વેશ બદલીને કોઈને કશું જ કહ્યા વગર ઉઘાડા પગે રાજમહેલમાંથી નીકળી નિર્જન વન તરફ ચાલ્યો ગયો.

ઘણા દિવસો પછી તે સ્થલવતી ભૂભાગના 'કોડમર્ઘૂટક' નામના નગરમાં પહોંચ્યો. ત્યાં એક શ્રાવક દ્વારા તે આચાર્ય સિદ્ધસિંહની પાસે પહોંચ્યો. આચાર્યનો ઉપદેશ સાંભળી રાજકુમાર પ્રતિબોધિત થયો અને તેમની પાસે શ્રમણધર્મમાં દીક્ષિત થયો. દીક્ષિત થયા પછી કુમારમુનિએ નિષ્ઠા અને લગનની સાથે પોતાના આચાર્યદેવ પાસે આગમોનું અધ્યયન કર્યું. એમણે આગમોના અધ્યયનની સાથે સાથે અનેક વિદ્યાઓમાં થોડા સમયમાં જ પ્રવીણતા પ્રાપ્ત કરી. એમની ગણના ઉચ્ચકોટિના આગમ વિદ્વાનોમાં થવા લાગી.

એક દિવસ કુમારમુનિએ પોતાના ગુરુ સિદ્ધસિંહસૂરિને નિવેદન કર્યું : "ભગવંત ! સર્વજ્ઞ પ્રણીત આગમોમાં જે શ્રમણાચારનું વર્ણન કરવામાં આવ્યું છે, એને અનુરૂપ આજે શ્રમણવર્ગમાં નિર્દોષ-વિશુદ્ધ શ્રમણાચાર દૃષ્ટિગોચર ન થવાનું કારણ શું છે ?"

શિષ્યના આ પ્રશ્નથી આચાર્ય સિદ્ધસિંહ ચોંકી ગયા. એમણે કહ્યું : "વત્સ ! દુષમકાળનો પ્રભાવ એટલો છે કે આગમાનુસાર ક્રિયાનું પાલન વર્તમાનકાળમાં નથી થતું."

કુમારમુનિએ પ્રશ્ન કર્યો : "આચાર્યદેવ ! તો આ પ્રકારની શિથિલ અને સદોષ સાધુ-ક્રિયાઓનું પાલન કરનાર શ્રમણ આરાધક કહેવાય કે વિરાધક ?"

આચાર્ય સિદ્ધસિંહે કહ્યું : "વત્સ ! વાસ્તવિકતા તો એ છે કે જે શ્રમણ-શ્રમણીવર્ગ આગમોક્ત ક્રિયા કરનાર અને નિરતિચાર સંયમનું પાલન કરનાર છે, તે આરાધક છે. એનાથી વિપરીત જેઓ આગમોમાં પ્રતિપાદિત વિશુદ્ધ શ્રમણાચારનું પાલન નથી કરતા, આગમ-વચનની અવહેલના કરી પોતાના શ્રમણજીવનમાં અતિચાર લગાવે છે, તેઓ વિરાધક છે."

આચાર્યદેવના મુખેથી આરાધક અને વિરાધકની આગમ પ્રતિપાદિત વ્યાખ્યા સાંભળી કુમારમુનિએ આરાધક શ્રમણ તરીકે પોતાનું જીવન વ્યતીત કરવા માટે પોતાના ગુરુ પાસે આજ્ઞા અને આશીર્વાદની યાચના કરી. આચાર્ય સિદ્ધસિંહે મુનિકુમારને તેની ઇચ્છા અનુસાર આજ્ઞા પ્રદાન કરતાં કહ્યું : "વત્સ ! તમે એક સફળ આરાધક તરીકે તમારું જીવન વ્યતીત કરતાં કરતાં આગમ પ્રતિપાદિત શ્રમણ-મર્યાદાઓની પુનઃ પ્રતિષ્ઠાપના કરો."

પોતાના ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરી મુનિકુમારે આગમ વિધાન અનુરૂપ આચરણ અને ઉપદેશ કરવાની પ્રતિજ્ઞા કરી પોતાના ગુરુના ઉપાશ્રયથી વિહાર કર્યો. સમગ્ર વિહારયાત્રા દરમિયાન અનેક સ્થળોએ આગમોક્ત ઉપદેશ આપતાં જિનશાસનના પ્રચાર-પ્રસારનું કાર્ય કરવાનું શરૂ કરી દીધું.

એ દિવસોમાં પૂર્ણિમાગચ્છના આચાર્ય દેવભદ્રસૂરિના ઉપદેશથી યશોદેવ નામની એક વ્યક્તિ પ્રબુદ્ધ થઈ. એ વ્યક્તિએ વિ. સં. ૧૧૯૬માં દેવભદ્રસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરુની પાસે શાસ્ત્રોનું અધ્યયન કરી દરેક વિદ્યાઓમાં યશોદેવમુનિએ નિપુણતા પ્રાપ્ત કરી. એક દિવસ યશોદેવમુનિએ પણ કુમારમુનિની જેમ જ ગુરુને પ્રશ્ન કર્યો : "ભગવંત! આજે સર્વત્ર આગમથી વિપરીત આચરણ કેમ થઈ રહ્યું છે ?" જવાબમાં દેવભદ્રસૂરિએ કહ્યું : "વત્સ ! કાળના પ્રભાવથી વિપરીત આચરણ કરનારનું બાહુલ્ય હોવાના લીધે શ્રમણાચારમાં શૈથિલ્યનું પ્રાચુર્ય છે. આવા સમયમાં આગમોક્ત વિધિથી શ્રમણાચારનું પાલન મુશ્કેલ છે."

પોતાના ગુરુની વાત સાંભળી યશોદેવ મુનિએ પણ એક સાચા આરાધકની જેમ આગમોક્ત વિધિથી પોતાનું જીવન સાર્થક કરવાનો નિશ્ચય કરી લીધો. અને વિ. સં. ૧૨૧૨માં પોતાના ગુરુ પાસેથી આચાર્યપદ પ્રાપ્ત કરી અલગ વિચરણ કરવાનો પ્રારંભ કર્યો. આચાર્ય યશોદેવે વિ. સં. ૧૨૧૪માં આગમ પક્ષની સ્થાપના કરી. આ પ્રકારે આગમિક પક્ષનો પ્રચાર-પ્રસાર કરતાં કરતાં આચાર્ય યશોદેવ વિવિધ સ્થળોએ ભવ્યજીવોને આગમિક માર્ગ પર આરૂઢ કરતા ગયા.

એક દિવસ એક જગ્યાએ કુમારગણિ સાથે તેમનો મેળાપ થયો. કુમારગણિ અને યશોદેવની વચ્ચે આગમોક્ત વિધિ-વિધાનો સંબંધમાં પરસ્પર સૌહાર્દપૂર્ણ વાર્તાલાપ થયો. આચાર્ય યશોદેવ કુમારગણિના તપોપૂત જીવન અને આગમોના તલઃસ્પર્શી જ્ઞાનથી પ્રભાવિત થયા. કુમારગણિ આચાર્ય યશોદેવ કરતાં શ્રમણપર્યાયમાં જ્યેષ્ઠ હતા. એથી એમણે કુમારગણિને આચાર્યપદે પ્રતિષ્ઠિત કર્યા અને એમનું નામ શીલગુણસૂરિ રાખ્યું. ત્યાર બાદ શીલગુણસૂરિ અને યશોદેવ બંને સાથે જ વિચરણ કરતા કરતા અનેક શ્રાવકોને આગમવિધિમાં સ્થાપિત કરી આગમિક પક્ષની અભિવૃદ્ધિ કરવા લાગ્યા.

એક દિવસ શીલગુણસૂરિ અને યશોદેવ વિચરણ કરતા કરતા અણહિલપુર-પાટણ પહોંચ્યા. તેઓ ત્યાં ભગવાન અરિષ્ટનેમિના પ્રાસાદમાં દેવ-વંદન માટે ગયા. એ વખતે એ મંદિરમાં હેમચંદ્રસૂરિની સાથે મહારાજા કુમારપાળ પણ આવ્યા હતા. કુમારપાળે શીલગુણસૂરિ અને યશોદેવગણિને ત્રણ સ્તુતિથી દેવ-વંદન કરતાં જોઈ કુમારપાળે આચાર્ય હેમચંદ્રસૂરિને આશ્ચર્યપૂર્વક પ્રશ્ન કર્યો : "પ્રભુ ! આ કઈ રીતની દેવવંદના છે ? શું આ વિધિપૂર્વક છે ?"

હેમચંદ્રસૂરિએ જવાબ આપ્યો : "રાજન્ ! આ આગમિક-વિધિ છે અર્થાત્ આગમ-સંમત-વિધિ છે."

એ સમયથી શીલગુણસૂરિ અને યશોદેવગણિના વિધિપક્ષની ખ્યાતિ લોકોમાં 'આગમિક પક્ષ' તરીકે પ્રચલિત થઈ. આ ઘટનાથી એમ જણાય છે કે રાજા કુમારપાળ સમક્ષ હેમચંદ્રસૂરિ દ્વારા શીલગુણસૂરિની વંદન-વિધિને આગમિક-વિધિ બતાવવાના કારણે એમના ગચ્છની ખ્યાતિ આગમિક-ગચ્છના નામથી થઈ.

શીલગુણસૂરિએ પોતાના જીવનકાળમાં આગમિક પક્ષનો દેશના વિભિન્ન ભાગોમાં વિચરણ કરી પ્રચાર-પ્રસાર કર્યો અને ચિરકાળ સુધી વિશુદ્ધ સંયમનું પાલન કરી તેઓ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. એમના સ્વર્ગારોહણ બાદ આગમિકગચ્છના બીજા આચાર્ય દેવભદ્રસૂરિ થયા.

૨. શ્રી દેવભદ્રસૂરિ : આગમિકગચ્છના દ્વિતીય આચાર્ય દેવભદ્રસૂરિ આગમોના મર્મજ્ઞ, વિધિમાર્ગનો પ્રચાર કરવામાં કુશળ ને જિનશાસનના પ્રભાવક આચાર્ય હતા. દેવભદ્રસૂરિના સ્વર્ગારોહણ બાદ આગમિકગચ્છના ત્રીજા આચાર્ય ધર્મઘોષસૂરિ થયા. એમના સ્વર્ગારોહણ બાદ ચતુર્થ આચાર્ય યશોભદ્રસૂરિ થયા. યશોભદ્રસૂરિના સ્વર્ગારોહણ પછી એમની પાટ પર ત્રણ શ્રમણવર્યોને એકસાથે આચાર્ય બનાવવામાં આવ્યા. એમના નામ

છે. સર્વાનંદસૂરિ, અભયદેવસૂરિ અને વજસેનસૂરિ. આ ત્રણ આચાર્યોના દીર્ઘકાલીન આચાર્યકાળ બાદ આગમિકગચ્છના છઠ્ઠા પટ્ટધર આચાર્ય જિનચંદ્રસૂરિ થયા. વ્યાખ્યાન શૈલીમાં એમનું નવ રસ પર પ્રભુત્વ હતું. આચાર્યશ્રીની આ પ્રકારની ચમત્કારપૂર્ણ વ્યાખ્યાન શૈલી પર મુગ્ધ થઈને ગુહિલવાડના મોખરા નામના રાજાએ એમની વાણીને 'નવરસાવતાર તરંગિણી'ના બિરુદથી વિભૂષિત કરી.

સંભવતઃ જંઘાબળ ક્ષીણ થવાના કારણે આચાર્ય જિનચંદ્રસૂરિ લાંબા સમય સુધી ગુહિલવાડની રાજ્યની રાજધાની લોલિયાણક નગરમાં રહ્યા. એમના પર સરસ્વતીની પૂર્ણ કૃપા હતી. રાજા અને પ્રજા દરેક એમના પ્રતિ અસીમ આદરભાવ રાખતા હતા.

એક વખતે નગરમાં દામોદર નામના એક પંડિત અન્ય આઠ યાજ્ઞિક પંડિતોને સાથે લઈને આવ્યા. એણે લોલિયાણક નગરમાં વાજપેયી યજ્ઞનું આયોજન કર્યું. જેમાં લગભગ એક લાખ મુદ્રાઓના વ્યયનું અનુમાન હતું. યજ્ઞ માટે અનેક પ્રકારની મૂલ્યવાન સામગ્રીની સાથે-સાથે વાજપેયી યજ્ઞમાં બલિ ચઢાવવા માટે ૩૨ બકરાંને પણ યજ્ઞસ્થળે લાવવામાં આવ્યાં. 'વાજપેયી યજ્ઞમાં બકરાની બલિ આપવામાં આવશે' એવી વાત પ્રસરતાં જ અહિંસાપ્રેમી પ્રજામાં ખળભળાટ મચી ગયો. આ હિંસા રોકાવવા માટે આચાર્યશ્રીએ રાજા સમક્ષ નિવેદન કરી એવી રાજાજ્ઞા પ્રસારિત કરાવી કે - 'યાજ્ઞિકો અને આચાર્ય જિનચંદ્રસૂરિની વચ્ચે યજ્ઞમાં પશુઓની બલિ માટે શાસ્ત્રાર્થ થાય. શાસ્ત્રાર્થમાં જે પક્ષ વિજયી થાય એની ઇચ્છાનુસાર યજ્ઞમાં પશુઓના બલિ વિશે નિર્ણય લેવામાં આવશે.' ગુહિલરાજ મોખરાની રાજ્યસભામાં આ શાસ્ત્રાર્થ ૧૮ દિવસ ચાલ્યો. અંતિમ દિવસે આચાર્યશ્રીએ પંડિત દામોદર અને તેના ૮ પંડિત સાથીઓને શાસ્ત્રાર્થમાં નિરુત્તર કરી દીધા. રાજાએ આચાર્યશ્રીને વિજય-પત્ર આપ્યો અને સાથોસાથ બલિ માટે લાવવામાં આવેલાં ૩૨ બકરાંને અભયદાન પ્રદાન કર્યું.

આ પ્રકારે આગમિકગચ્છના છઠ્ઠા આચાર્ય જિનચંદ્રસૂરિએ પોતાના આચાર્યકાળમાં જિનશાસનની મહાન પ્રભાવના કરી.

આચાર્ય જિનચંદ્રના સ્વર્ગારોહણ પછી ક્રમશઃ સાતમા પટ્ટધર વિજયસિંહસૂરિ, આઠમા પટ્ટધર અભયસિંહસૂરિ અને નવમા પટ્ટધર અમરસિંહસૂરિ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા; જે આગમમર્મજ્ઞ, વાદ નિષ્ણાત અને શાસન પ્રભાવક હતા.

ઓગણચાલીસ-એકતાલીસમા યુગપ્રધાનાચાર્ય અને બાવન-છપ્પનમા પટ્ટધર

	૩૯મા યુગપ્રધાનાચાર્ય વિનયમિત્ર	૫૨મા પટ્ટધર આચાર્ય સૂરસેન
જન્મ	વી. નિ. સં. ૧૫૬૮	વી. નિ. સં. ૧૬૦૧
દીક્ષા	વી. નિ. સં. ૧૫૭૮	વી. નિ. સં. ૧૬૨૩
આચાર્યપદ	વી. નિ. સં. ૧૫૯૭	વી. નિ. સં. ૧૬૪૪
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૧૬૮૩	વી. નિ. સં. ૧૭૦૮
ગૃહવાસપર્યાય	૧૦ વર્ષ	૨૨ વર્ષ
સાધુપર્યાય	૧૯ વર્ષ	૨૧ વર્ષ
આચાર્યપર્યાય	૮૬ વર્ષ	૬૪ વર્ષ
પૂર્ણસંયમપર્યાય	૧૦૫ વર્ષ	૮૫ વર્ષ
પૂર્ણ આયુ	૧૧૫ વર્ષ ૭ માસ ૭ દિવસ	૧૦૭ વર્ષ
	આડત્રીસમા યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષના સ્વર્ગસ્થ થવાથી ચતુર્વિધસંઘે શ્રમણોત્તમ શ્રી વિનયમિત્રને યુગપ્રધાનાચાર્ય પરંપરાની ઓગણ-ચાલીસમી પાટ પર યુગપ્રધાનચાર્ય તરીકે અધિષ્ઠિત કર્યા.	બાવનમા પટ્ટધર આચાર્ય દેવઋષિના સ્વર્ગારોહણ પર ચતુર્વિધસંઘે વી. નિ. સં. ૧૬૪૪મા શ્રી સૂરસેન મુનિને ભગવાન મહાવીરના બાવનમા પટ્ટધર આચાર્યપદે અધિષ્ઠિત કર્યા.

ભગવાન મહાવીરના ત્રેપનમા તથા ચોપનમા પટ્ટધર

	ત્રેપનમા આચાર્ય મહાસૂરસેન	ચોપનમાં આચાર્ય મહાસેન
જન્મ	વી. નિ. સં. ૧૬૨૯	વી. નિ. સં. ૧૬૫૧
દીક્ષા	વી. નિ. સં. ૧૬૫૪	વી. નિ. સં. ૧૬૬૨
આચાર્યપદ	વી. નિ. સં. ૧૭૦૮	વી. નિ. સં. ૧૭૩૮
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૧૭૩૮	વી. નિ. સં. ૧૭૫૮
ગૃહવાસપર્યાય	૨૫ વર્ષ	૧૧ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	૫૪ વર્ષ	૭૬ વર્ષ
આચાર્યપર્યાય	૩૦ વર્ષ	૨૦ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	૮૪ વર્ષ	૯૬ વર્ષ
પૂર્ણ આયુ	૧૦૯ વર્ષ	૧૦૭ વર્ષ

ચાલીસમા યુગપ્રધાનાચાર્ય શીલમિત્ર

જન્મ	:	વી. નિ. સં. ૧૬૫૨
દીક્ષા	:	વી. નિ. સં. ૧૬૬૩
સામાન્ય સાધુપર્યાય	:	વી. નિ. સં. ૧૬૬૩-૧૬૮૩
યુગપ્રધાનાચાર્યકાળ	:	વી. નિ. સં. ૧૬૮૩-૧૭૬૨
ગૃહસ્થપર્યાય	:	૧૧ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૨૦ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	:	૭૯ વર્ષ
સ્વર્ગવાસ	:	વી. નિ. સં. ૧૭૬૨
પૂર્ણ આયુ	:	૧૧૦ વર્ષ - ૭ માસ - ૭ દિવસ

ભ. મહાવીરના પંચાવનમા તથા છપ્પનમા પટ્ટધર

	પંચાવનમા આચાર્ય જીવરાજજી	છપ્પનમા આચાર્ય ગજસેનજી
જન્મ	વી. નિ. સં. ૧૭૦૯	વી. નિ. સં. ૧૭૨૧
દીક્ષા	વી. નિ. સં. ૧૭૨૨	વી. નિ. સં. ૧૭૪૪
આચાર્યપદ	વી. નિ. સં. ૧૭૫૮	વી. નિ. સં. ૧૭૭૯
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૧૭૭૯	વી. નિ. સં. ૧૮૦૬
ગૃહવાસપર્યાય	૧૩ વર્ષ	૨૩ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	૩૬ વર્ષ	૩૫ વર્ષ
આચાર્યપર્યાય	૨૧ વર્ષ	૨૭ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	૫૭ વર્ષ	૬૨ વર્ષ
પૂર્ણ આયુ	૭૦ વર્ષ	૮૫ વર્ષ

એકતાલીસમા યુગપ્રધાનાચાર્ય રેવતીમિત્ર

જન્મ	:	વી. નિ. સં. ૧૭૩૭
દીક્ષા	:	વી. નિ. સં. ૧૭૪૬
સામાન્ય સાધુપર્યાય	:	વી. નિ. સં. ૧૭૪૬-૧૭૬૨
યુગપ્રધાનાચાર્યકાળ	:	વી. નિ. સં. ૧૭૬૨-૧૮૪૦
ગૃહસ્થપર્યાય	:	૯ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૧૬ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	:	૭૮ વર્ષ
સ્વર્ગવાસ	:	વી. નિ. સં. ૧૮૪૦
પૂર્ણ આયુ	:	૧૦૩ વર્ષ

તપાગચ્છ

અન્ય ગચ્છોની જેમ તપાગચ્છની ઉત્પત્તિ પણ ક્રિયોદ્ધાર પરિણામ સ્વરૂપે થઈ. બૃહદ્‌ગચ્છ(બડગચ્છ)ના શ્રમણ સમુદાયમાં કાળપ્રભાવથી શિથિલાચાર ઉત્તરોત્તર વધતો જ ગયો. 'તપાગચ્છ પટ્ટાવલી' મુજબ ભગવાન મહાવીરના બેતાલીસમાં પટ્ટધર વિજયસિંહસૂરિએ સોમપ્રભ-સૂરિ અને મણિરત્નસૂરિ નામના પોતાના બે ગુરુભાઈઓને પોતાની પાટ પર બેસાડ્યા. ત્યાર બાદ આ બંને આચાર્યોએ જગચંદ્રસૂરિને પોતાના ઉત્તરાધિકારી ઘોષિત કરતાં એમને આચાર્યપદ પ્રદાન કર્યું.

આ રીતે 'તપાગચ્છ પટ્ટાવલી' મુજબ શ્રમણ ભગવાન મહાવીરના ચુમાલીસમા પટ્ટધર આચાર્ય જગચંદ્રસૂરિ થયા. જગચંદ્રસૂરિ ખૂબ ભવભીરુ ને આગમોમાં પ્રતિપાદિત વિશુદ્ધ શ્રમણાચારનું પ્રતિપાલન કરનાર ઉત્તમ શ્રમણ હતા. પોતાના ગચ્છમાં વ્યાપ્ત શિથિલાચારને જોઈને એમને ખૂબ દુઃખ થયું. સંઘનાયક આચાર્ય હોવાના કારણે એમણે શ્રમણ-શ્રમણી પરિવારમાં વ્યાપ્ત શિથિલાચારને દૂર કરવાના અનેક પ્રયાસ કર્યા, પરંતુ આ પ્રયાસોનું કોઈ સંતોષપ્રદ પરિણામ આવ્યું નહિ. અંતતોગત્વા જગચંદ્રસૂરિએ ચિત્રવાલગચ્છના પરમ ક્રિયાનિષ્ઠ ઉપાધ્યાય દેવભદ્રની સહાયતાથી ક્રિયોદ્ધાર કર્યો. એમણે આગમોક્ત શુદ્ધ શ્રમણાચારનું પાલન કરતાં જિનશાસનનો પ્રચાર-પ્રસાર કરવાનું શરૂ કરી દીધું. એમના અનુપમ ત્યાગના પ્રભાવથી અનેક શ્રમણ-શ્રમણીઓ અને મુમુક્ષોઓએ પ્રેરણા લઈને નિરતિચાર વિશુદ્ધ શ્રમણ-ધર્મનું પાલન કરવાનું શરૂ કરી દીધું.

આચાર્ય જગચંદ્રસૂરિએ ક્રિયોદ્ધારના પથ પર અગ્રેસર થતી વખતે આજીવન આયંબિલ તપ કરવાની પ્રતિજ્ઞા કરી. તેઓ દેવભદ્ર ઉપાધ્યાયની સાથે મેવાડમાં વિવિધ જગ્યાએ વિહાર કરી ધર્મનો પ્રચાર કરવા લાગ્યા. એમના કઠોર તપશ્ચર્યાથી પ્રભાવિત થઈ મેવાડના દરેક વર્ગના લોકો મોટી સંખ્યામાં એમના ઉપાસક થયા. વિશુદ્ધ ક્રિયાપાત્ર હોવાની સાથે જગચંદ્રસૂરિ ન્યાયશાસ્ત્રના શિરોમણિ વિદ્વાન અને મહાવાદી હતા. એમણે આહડ(આઘાટપુર)માં દિગંબર આચાર્યો સાથે શાસ્ત્રાર્થ કરી વિજયશ્રી પ્રાપ્ત કરી. આચાર્યશ્રીના આ વિજયથી પ્રભાવિત થઈ મેવાડના મહારાણા જૈત્રસિંહે એમને 'હીરલા'ના બિરુદથી વિભૂષિત

કર્યા. પુનઃ એમની કઠોર તપસ્યાથી પ્રભાવિત થઈને મહારાણા જૈત્રસિંહે એમને વિ. સં. ૧૨૮૫માં 'તપા'ના બિરુદથી વિભૂષિત કર્યા. આ રીતે વિ. સં. ૧૨૮૫માં જગચંદ્રસૂરિ અને ચૈત્રવાલગચ્છના ઉપાધ્યાય દેવભદ્રનો સંમિલિત શ્રમણ-શ્રમણી સમૂહ 'તપાગચ્છ'ના નામથી પ્રસિદ્ધ થયો.

મેવાડમાં જિનશાસનનો પ્રચાર કર્યા પછી જગચંદ્રસૂરિએ ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં પ્રવેશ કરતાં જ શ્રેષ્ઠીવર્ય વસ્તુપાલે સન્માનપૂર્વક તેમનું સ્વાગત કર્યું. શ્રેષ્ઠી વસ્તુપાલે આચાર્ય જગચંદ્રસૂરિને સંપૂર્ણ ગુજરાતમાં ધર્મપ્રચારના કાર્યમાં મહત્ત્વપૂર્ણ સહાયતા પ્રદાન કરી. આચાર્ય જગચંદ્રસૂરિના તપ, ત્યાગ, વિદ્વત્તા અને શુદ્ધ આગમ વિહિત શ્રમણાચાર આદિ ગુણો તથા મંત્રી વસ્તુપાલના દરેક પ્રકારના સહયોગથી ટૂંકાગાળામાં તપાગચ્છ ગુજરાતનું એક શક્તિશાળી અને લોકપ્રિય ગચ્છ બની ગયું. ગુર્જર પ્રદેશમાં ધર્મપ્રચારના પરિણામ સ્વરૂપે જગચંદ્રસૂરિના સાધુ-સાધ્વી સમૂહની સંખ્યામાં પણ પર્યાપ્ત વૃદ્ધિ થઈ. મંત્રી વસ્તુપાલના પ્રીતિપાત્ર મુનીમ વિજયચંદ્ર અને દેવેન્દ્ર નામના તીવ્રબુદ્ધિ કિશોર પણ જગચંદ્રસૂરિ પાસે દીક્ષિત થયા.

શાખાભેદ

કાલાંતરે વિજયચંદ્રથી 'વૃદ્ધ પૌષાલિક તપાગચ્છ' અને દેવેન્દ્રસૂરિથી 'લઘુપૌષાલિક તપાગચ્છ' - આ બંને શાખાઓનો જન્મ થયો. વૃદ્ધ પૌષાલિકના આચાર્ય વિજયચંદ્રસૂરિ ધીમે ધીમે શિથિલાચાર તરફ પ્રવૃત્ત થવા લાગ્યા. એમણે સાધુ માટે વસ્ત્રોની ગાંસડી રાખવી, નિત્ય ઘી, દૂધ આદિ વિગય ગ્રહણ કરવા, યથેચ્છ વસ્ત્ર-પ્રક્ષાલન, ફળ, શાક ગ્રહણ કરવા આદિ દોષપૂર્ણ નિમ્ન લિખિત અગિયાર વાતોની છૂટ પ્રદાન કરી :

૧. સાધુએ વસ્ત્રની પોટલીઓ રાખવી.
૨. હંમેશાં વિગય વાપરવાની છૂટ.
૩. વસ્ત્ર ધોવાની છૂટ.
૪. ગોચરીમાં ફળ-શાક ગ્રહણ કરવાની છૂટ.
૫. સાધુ-સાધ્વીઓએ નીવીનાં પચ્ચક્ખાણમાં ઘી વાપરવાની છૂટ.
૬. સાધ્વીએ વહોરી લાવેલ આહાર સાધુએ સ્વીકારવાની છૂટ.

૭. હંમેશાં બે પ્રકારના પચ્ચક્ખાણની છૂટ.

૮. ગૃહસ્થોને રાજી રાખવા તેમની સાથે પ્રતિક્રમણ કરવાની છૂટ.

૯. સંવિભાગે દિવસે તેને ઘેર વહોરવા જવાની છૂટ.

૧૦. લેપની સંનિધિ રાખવાની છૂટ.

૧૧. તરતનું જ ગરમ પાણી વહોરવાની છૂટ, વગેરે વગેરે - (પં. કલ્યાણ વિજયજી દ્વારા લિખિત 'તપાગચ્છ પટ્ટાવલી' પૃ. ૧૬૮)

ધીમે ધીમે સ્થિતિ ત્યાં સુધી પહોંચી ગઈ કે ક્રિયોદ્ધારના માધ્યમથી સંસ્થાપિત આ યશસ્વિની ક્રિયાનિષ્ઠ તપાગચ્છ પરંપરામાં પણ વિ. સં. ૧૪૫૭ની આસપાસ, તપાગચ્છના પચાસમા પટ્ટધર સોમસુંદરસૂરિને ક્રિયોદ્ધારપરક કઠોર કદમ ઉઠાવીને પોતાનાં શ્રમણ-શ્રમણી વર્ગમાં વ્યાપ્ત શિથિલાચારને દૂર કરવા માટે નિમ્નલિખિત ૩૬ નવા બોલોની (આગમાનુસારી) નિયમો અથવા સુધારો ઘોષણા કરવી પડી :

૧. જ્ઞાન આરાધન-હેતુ હંમેશાં ૫ ગાથા મોઢે કરવી અને ક્રમવાર ૫ ગાથાનો અર્થ ગુરુ સમીપે ગ્રહણ કરવો.

૨. બીજાને ભણવા માટે હંમેશાં ૫ ગાથા મારે લખવી અને ભણનારાઓને ક્રમવાર ૫-૫ ગાથા મારે ભણાવવી.

૩. વર્ષાઋતુમાં મારે ૫૦૦ ગાથાનું, શિશિરઋતુમાં ૮૦૦ ગાથાનું અને ગ્રીષ્મઋતુમાં ૩૦૦ ગાથાનું સજ્ઝાય-ધ્યાન કરવું.

૪. ૯ પદ નવકારમંત્રનું ૧૦૦ વાર સદા રટણ કરું (કરવું)

૫. ૫ શક્રસ્તવ મોટા હંમેશાં એક વખત દેવવંદન કરું અથવા બે વખત, ત્રણ વખતના પહોરે પહોરે યથાશક્તિ આળસરહિત દેવવંદન કરવું.

૬. દરેક અષ્ટમી ચતુર્દશીએ સઘળાં દેરાસરો જુહારવા, સઘળા મુનિજનોને વંદન અને બાકીના દિવસે એક દેરાસરે તો અવશ્ય જવું.

૭. હંમેશાં વડીલ સાધુને ત્રિકાળવંદન, બીજા વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ-યથાશક્તિ કરું.

૮. ઇરિયા સમિતિ પાળવા માટે સ્થંડિલ માત્રુ કરવા જતાં અથવા આહાર-પાણી વહોરવા જતાં રસ્તામાં વાર્તાલાપ વગેરે કરવાનું છોડી દઉં.

૯. યથાકાળ પૂંજ્યા-પ્રમાજર્યા વગર ચાલ્યા જવાય તો, અંગપડિલેહણા પ્રમુખ સંડાસા પાડિલેહ્યા વગર બેસી જવાય તો, અને કટાસણા (કાંબલી) વગર બેસી જવાય તો પાંચ ખમાસમણ દેવા અથવા નવકારમંત્રનો જાપ કરવો.

૧૦. ભાષા સમિતિ પાળવા માટે ઉઘાડે મોંએ બોલવું નહિ, તેમ છતાં ગફલતથી જેટલીવાર ઉઘાડે મોંએ બોલી જવાય, તેટલી વાર ઈરિયાવહીપૂર્વક એક લોગસ્સનો કાઉસગ્ગ કરું.

૧૧. આહાર-પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં, ઉપધિની પડિલેહણાં કરતાં કોઈ મહત્ત્વનાં કાર્ય વગર કોઈને કદાપિ કાંઈ કહું નહિ, (બોલું નહિ)

૧૨. એષણા સમિતિ પાળવા માટે નિર્દોષ પ્રાશુક જળ મળતું હોય ત્યાં સુધી પોતાને ખપ છતાં ધોવાણવાળું જળ અણગળ (અચિત્ત) જળ અને ઝરેલું પાણી લેવું નહિ.

૧૩. આદાન નિક્ષેપણા સમિતિ પાળવા માટે પોતાની ઉપધિ પ્રમુખ પૂંજી-પ્રમાર્જી એ ભૂમિ પર સ્થાપન કરું, તેમજ ભૂમિ ઉપરથી લઉં, પૂંજવા-પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ નવકાર ગણું.

૧૪. ડાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં મૂકી દેવાય તો તે બદલ એક આયંબિલ કરું અથવા ઊભા ઊભા કાઉસ્સગ મુદ્રામાં રહી ૧૦૦ ગાથાનું સજ્ઝાય ધ્યાન કરું.

૧૫. પારિઠાવણિયા સમિતિ પાળવા માટે સ્થંડિલ, માત્રું કે ખેલાદિક-(શ્લેષ્માદિક)નું ભાજન પરઠવતાં કોઈ જીવનો વિનાશ થાય તો નીવી કરું અને સદોષ આહાર-પાણી પ્રમુખ વહોરીને પરવઠતાં આયંબિલ કરું.

૧૬. સ્થંડિલ, માત્રું વગેરે કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું ને પરઠવિયા પછી ત્રણ વાર 'વોસિરે' કહું.

૧૭. મનગુપ્તિ, વચનગુપ્તિ, પાળવા માટે મન અને વચન રાગાકુળ થાય તો હું એકેક નીવી કરું અને કાય કુચેષ્ટા થાય તો ઉપવાસ કે આયંબિલ કરું.

૧૮. અહિંસાવ્રતે પ્રમાદાચરણથી મારાથી બેઇન્દ્રિય પ્રમુખ જીવની વિરાધના થઈ જાય તો તેની ઇન્દ્રિયો જેટલી નીવી કરું. સત્યવ્રતે ક્રોધ, લોભ, ભય અને હાસ્યાદિકે વશ થઈ જૂઠું બોલી જાઉ. તો આયંબિલ કરું.

૧૯. અસ્તેયવ્રતે પહેલી ભિક્ષામાં આવેલા જે ઘૃતાદિક પદાર્થો ગુરુ-મહારાજને દેખાડ્યા વગરના ના હોય તે વાપરું નહિ અને ડાંડો તર્પણી વગેરે બીજાની રજા વગર લઉં કે વાપરું નહિ અને લઉં કે વાપરું તો આયંબિલ કરું.

૨૦. બ્રહ્મવ્રતે એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ ન કરું, અને સ્ત્રીઓને સ્વતંત્ર ભણાવું નહિ. પરિગ્રહ વિરમણવ્રતે એક વર્ષ ચાલે એટલી ઉપધિ રાખું, પણ તેથી વધારે રાખું નહિ. પાત્રા, કાલચાં પ્રમુખ પંદર ઉપરાંત ન જ રાખું, રાત્રિભોજન વિરમણવ્રતે અશન, પાન, ખાદિમ-સ્વાદિમની લેશમાત્ર સંનિધિ રોગાદિક કારણે પણ કરું નહિ.

૨૧. મહાન રોગ થયો હોય તો પણ કવાથનો ઉકાળો ન પીઉં, તેમજ રાત્રે પાણી પીઉં નહિ. સાંજે છેલ્લી બે ઘડીમાં જળપાન ન કરું.

૨૨. સૂર્ય નિશ્ચય દેખાતે છતેજ ઉચિત અવસરે સદા જળપાન કરી લઉં અને સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહારનાં પચ્ચક્ખાણ કરી લઉં ને અણાહારી ઔષધની સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ.

૨૩. તપાચાર યથાશક્તિ પાળું એટલે છટ્ઠાદિક તપ કર્યું હોય તેમજ યોગવહન કરતો હોઉં તે વિના અવગ્રહિત ભિક્ષા લઉં નહિ.

૨૪. સતત બે આયંબિલ કે ત્રણ નીવી કર્યા વગર હું વિગય (દૂધ, દહીં, ઘી, પ્રમુખ) વાપરું નહિ, અને વિગય વાપરું તે દિવસે ખાંડ પ્રમુખ સાથે મેળવીને નહિ ખાવાનો નિયમ જાવજજીવ પાળું.

૨૫. ત્રણ નીવી સતત થાય તે દરમિયાન તેમજ વિગય વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ ન કરું, તેમજ બે દિવસ લાગટ કોઈ તેવા પુષ્ટ કારણ વગર વિગય વાપરું નહિ.

૨૬. દરેક આઠમ-ચૌદશને દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરું, નહિ તો તે બદલ બે આયંબિલ કે ત્રણ નીવી કરી આપું.

૨૭. દરરોજ દ્રવ્ય, ક્ષેત્રકાળ, ભાવગત અભિગ્રહ ધારણ કરું, કેમકે તેમ ન કરું તો પ્રાયશ્ચિત્ત આવે તેમ જિનકલ્પમાં કહ્યું છે.

૨૮. વીર્યાચાર યથાશક્તિ પાળું એટલે હંમેશાં પાંચ ગાથાદિકના અર્થગ્રહણ કરી મનન કરું.

૨૯. આખા દિવસમાં સંયમમાર્ગમાં પ્રમાદ કરનારાઓને હું પાંચ વખત હિતશિક્ષા આપું ને સર્વ સાધુઓને એક-માત્રક પરઠવી આપું.

૩૦. દરરોજ કર્મક્ષય અર્થે ચોવીસ કે વીસ લોગસ્સનો કાઉસગ્ગ કરું અથવા તેટલા પ્રમાણનું સજઝાય-ધ્યાન કાઉસગ્ગમાં રહી સ્થિરતાથી કરું.

૩૧. નિદ્રાદિક પ્રમાદ વડે મંડળીમાં બરાબર વખતે હાજર ન થઈ શકાય તો એક આયંબિલ કરું ને સર્વ સાધુઓની વૈયાવચ્ચ કરું.

૩૨. સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ બાળમુનિ કે માંદા સાધુનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેલ પ્રમુખ મળની કુંડી પરઠવા વગેરે કામ પણ યથાશક્તિ કરી આપું.

૩૩. ઉપાશ્રયમાં પેસતાં (પ્રવેશ) 'નિસ્સિહિ' અને નીકળતા 'આવસ્સહિ' કહેવાનું ભૂલી જાઉં તો, તેમજ ગામમાં પેસતાં-નીકળતાં પગ પૂંજવા વિસરી જાઉં તો યાદ આવે તે જ સ્થળે નવકાર ગણું.

૩૪-૩૫. કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને. "હે ભગવાન ! પસાય કરી અને લઘુ સાધુને 'ઇચ્છાકાર' એટલે તેમની ઇચ્છાનુસારે કરવાનું કહેવું ભૂલી જાઉં તો તેમજ સર્વત્ર જ્યારે-જ્યારે ભૂલ પડે ત્યારે-ત્યારે 'મિચ્છામિ દુક્કડમ્' એમ કહેવું જોઈએ. તે વિસરી જાઉં તો જ્યારે સાંભરી આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ નવકારમંત્ર ગણું."

૩૬. વડીલને પૂછ્યા વગર વિશેષ વસ્તુ લઉં - દઉં નહિ અને વડીલને પૂછીને જ સર્વ કાર્ય કરું, પણ પૂછ્યા વગર કરું નહિ વગેરે વગેરે.

(પં. કલ્યાણ વિજયજી લિખિત 'તપાગચ્છ પટ્ટાવલી' પૃ. ૧૯૦-૧૯૩)

સોમસુંદરસૂરિએ પોતાના ગચ્છમાં શિથિલાચારના ઉન્મૂલન માટે અનેક પ્રકારનાં કઠોર કદમ ઉઠાવ્યાં. એનાથી શિથિલાચારી અને યતિવર્ગના મનમાં એમના પ્રતિ વિદ્વેષાગ્નિ પ્રજ્વલિત્ થઈ. યતિવર્ગએ પોતાના વિશ્વસ્ત ઉપાસકથી એક હિંસક પ્રકૃતિના પુરુષને ૫૦૦ રૂપિયા લાલચ આપી રાત્રિના સમયે સોમસુંદરસૂરિના પ્રાણનો અંત લાવવા

માટે મોકલ્યો. એ વ્યક્તિ રાત્રિના સમયે ઉપાશ્રયમાં પ્રવેશ્યો. એ માણસ એકાંતમાં સૂતેલાં સૂરિવર્ય પર શસ્ત્રનો પ્રહાર કરવા માટે તત્પર થયો કે એ વખતે સૂરિવર્યએ પડખું બદલતી વખતે પ્રમાર્જનીથી પોતાના શરીરનું પ્રમાર્જન કર્યું. એ જોતાં જ એ માણસ સ્તબ્ધ રહી ગયો. એના મનમાં એકાએક વિચાર આવ્યો - 'જે મહાપુરુષ નિદ્રાવસ્થામાં પણ સૂક્ષ્માતિ-સૂક્ષ્મ જીવ-જંતુઓ પર કરુણા કરી એમને રજોહરણથી બચાવવાનો પ્રયાસ કરે છે, એવા દયાસાગર દીનબંધુ મહાન સંતનો વધ કરીને હું નિશ્ચિતરૂપે ઘોર પાપમાં પડીશ. ધિક્કાર છે મને.'

આપ વિચારી એ માણસ આચાર્ય સોમસુંદરસૂરિનાં ચરણોમાં પોતાનું મસ્તક રાખી વારંવાર ક્ષમાયાચના કરવા લાગ્યો. એણે સોમ-સુંદરસૂરિને આખી વાત કરી. સૂરિવર્યએ મધુર શબ્દોમાં એને આશ્વસ્ત કરતાં એને સમ્યક્ત્વનો બોધ આપ્યો.

ક્રિયોદ્ધારના માધ્યમથી નવોદિત શ્રમણ પરંપરાઓમાં અમુક સમય સુધી વિશુદ્ધ શ્રમણાચારનું સમ્યક્ પરિપાલન પણ થતું રહ્યું, પણ એક વખત શિથિલાચાર થવાનું ચાલુ થયું, એટલે એ ક્રમ ચાલતો જ રહ્યો. તપાગચ્છના બાવનમાં પટ્ટધર રત્નશેખરસૂરિના સમયથી જ શ્રમણ-શ્રમણી વર્ગમાં શિથિલાચારમાં ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થવા લાગી.

'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર શ્રમણ ભગવાન મહાવીરના પંચાવનમા પટ્ટધર હેમવિમલસૂરિના આચાર્યકાળમાં તો શિથિલાચાર પરાકાષ્ઠા સુધી પહોંચી ગયો હતો. એમના ઉત્તરાધિકારી અને ભગવાન મહાવીરના છપ્પનમા પટ્ટધર આનંદવિમલસૂરિના સમયમાં તો માત્ર શિથિલાચાર જ નહિ પણ ધર્મ અને શ્રમણાચારના વિશુદ્ધ સ્વરૂપમાં ઘૂસી ગયેલો વિકાર પરાકાષ્ઠા પાર કરી ચૂક્યો હતો.

આવશ્યકતા આવિષ્કારની જનની છે. તત્કાલીન આ અનિવાર્ય આવશ્યકતાની પૂર્તિ માટે લોંકાશાહ નામના મહાપુરુષે જિનશાસનના સંઘરથને વિકારોથી ઓતપ્રોત શિથિલાચારના કીચડમાંથી બહાર કાઢવાનો સંકલ્પ કર્યો. લોંકાશાહથી પૂર્વે વખતોવખત જેટલાં પણ ક્રિયોદ્ધાર કરવામાં આવ્યા એમાં અગર મુખ્ય નિયમ અનિવાર્યરૂપે સંમિલિત કરીએ તો પ્રત્યેક જૈન માટે જિન પ્રરૂપિત એકમાત્ર આગમ જ સર્વોપરી પ્રામાણિક હશે અને નિર્યુક્તિઓ, ભાષ્ય, વૃત્તિઓ અને ચૂર્ણિઓ આગમોની સમકક્ષ કોઈ પણ દશામાં માનવામાં નહિ આવે. તો આવી સ્થિતિમાં

શ્રમણ-શ્રમણી વર્ગને પંચાંગીનો સહારો લઈ શિથિલાચાર તરફ ઉન્મુખ થવાનો કોઈ અવકાશ રહેતો ન હતો.

લોંકાશાહે વિ. સં. ૧૫૦૮માં મહાન ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો. સ્વયં લોંકાશાહે એમના અનુયાયીઓએ તથા ધર્મક્રાંતિના ફળસ્વરૂપ આગમ પ્રરૂપિત વિશુદ્ધ શ્રમણપથ પર અગ્રેસર થયેલા જિનમતી (જેમને વિરોધી અને અન્ય લોકો લૂંકામતી કહેવા લાગ્યા હતા) શ્રમણ-શ્રમણી-વર્ગે ધર્મના વિશુદ્ધ આગમિક સ્વરૂપનો પ્રસાર-પ્રચાર કરવાની શરૂઆત કરી. થોડા સમયમાં જ લોંકશાહ દ્વારા પુનરુદ્‌ઘોષિત ધર્મના વિશુદ્ધ સ્વરૂપના અનુયાયીઓની સંખ્યા અપેક્ષા કરતાં વધી ગઈ. દેશના વિભિન્ન ભાગોમાં લોંકાશાહની કીર્તિપતાકા ફરકવા લાગી.

લોંકાશાહ દ્વારા થયેલી ધર્મક્રાંતિના પરિણામ સ્વરૂપે વિશુદ્ધ આગમિક પથના અનુયાયીઓની દેશના મોટાભાગના પ્રદેશોમાં વધતી જતી સંખ્યાને જોઈ અન્ય ગચ્છોએ અનુભવ કર્યો કે - 'લૂંકાના અનુયાયી-ઓના પ્રસાર-પ્રચારથી એમના અસ્તિત્વ પર સંકટનાં વાદળ ઘેરાવાં લાગ્યાં છે.' આવી આશંકાથી પ્રેરિત થઈને તપાગચ્છના છપ્પનમા પટ્ટધર આનંદ વિમલસૂરિએ વિ. સં. ૧૫૮૨માં ક્રિયોદ્ધાર કર્યો. ક્રિયોદ્ધાર બાદ વિ. સં. ૧૫૮૩માં ઘોર તપસ્યાની સાથે નીચે મુજબ ૩૫ બોલ અથવા નિયમોની ઘોષણા કરી :

૧. ગુરુની આજ્ઞાથી જ વિહાર કરવો.

૨. કેવળ વણિક જાતિના વિરક્તોને જ શ્રમણ-શ્રમણી ધર્મમાં દીક્ષિત કરવાં, અન્ય જાતિના લોકોને નહિ.

૩. ગીતાર્થની નિશ્રામાં મહાસતી(સાધ્વી)ને દીક્ષા આપવામાં આવે.

૪. ગુરુદેવ દૂર હોય તથા ગીતાર્થ મુનિ નજીક હોય ને એમની પાસે કોઈ વિરક્ત દીક્ષા લેવા આવે તો એની પૂરી પરીક્ષા લીધા પછી વેશ-પરિવર્તન કરાવવામાં આવે અને વિધિપૂર્વક દીક્ષા ગુરુદેવની પાસે જ અપાવીને એ દીક્ષાર્થીને યોગોદ્‌વહન કરાવવામાં આવે.

૫. પાટણમાં ગીતાર્થોનો સમૂહ રહે. ચાતુર્માસાવધિમાં બીજાં નગરોમાં ૯-૯ ઠાણા (સંખ્યા) અને ગામોમાં ૩-૩ ઠાણા(સંખ્યા)થી ચાતુર્માસ કરાવવામાં આવે.

૬. ગુરુદેવ અગર દૂર હોય તો પત્રના માધ્યમથી ચાતુર્માસની આજ્ઞા ગુરુદેવ પાસેથી પ્રાપ્ત કરવામાં આવે.

૭. કોઈ સાધુને એકલા વિહાર ન કરવા દેવો.

૮. અગર કોઈ એકલવિહારી સાધુ આવી જાય તો એમને પાટ પર ન બેસાડવા.

૯. બીજ, પાંચમ, આઠમ, એકાદશી, ચૌદશ, અમાસ અને પૂનમ - આ રીતે એક મહિનામાં ૧૨ દિવસ સુધી ભિક્ષા, ગોચરીમાં વિગય ન વહોરવામાં આવે, અગર વહોરી લેવાય તો આ તિથિઓના દિવસે ઉપવાસ, આયંબિલ, આદિની યથાશક્તિ તપસ્યા કરવી.

૧૦. તિથિવૃદ્ધિની અવસ્થામાં એક દિવસ વિગય ગ્રહણ ન કરવામાં આવે.

૧૧. પાત્રો પર રંગરોગાન ન કરવામાં આવે.

૧૨. પાત્રોને આકર્ષક ન બનાવવાં, કાળા રાખવાં.

૧૩. યોગોદ્વહન વગર આગમોનું વાંચન ન કરવામાં આવે.

૧૪. એક સમાચારીવાળા સાધુ અગર કોઈ વખત બીજા ઉપાશ્રયમાં રહે તો ગીતાર્થની પાસે ઉપસ્થિત થઈ એમને વંદના કરીને પછી શય્યાતરનું ઘર પૂછીને ભિક્ષાચરી કરવી જોઈએ.

૧૫. એક દિવસમાં આઠ સ્તુતિવાળા દેવનું એકવાર વંદન કરવું.

૧૬. દિવસમાં અઢી હજાર શ્લોક-પ્રમાણ સ્વાધ્યાય-ધ્યાન કરવા જોઈએ. અગર એટલું ન થાય તો ઓછામાં ઓછું સો શ્લોક-પ્રમાણ સ્વાધ્યાય-ધ્યાન અવશ્ય કરવામાં આવે.

૧૭. વસ્ત્ર, પાત્ર, કામળી આદિ ઉપકરણ સાધુ સ્વયં વહન કરે. કોઈ પણ ગૃહસ્થ પાસે તેનું વહન ન કરાવવું.

૧૮. વર્ષમાં એક વખત જ વસ્ત્ર-પ્રક્ષાલન કરવામાં આવે, બીજી વખત નહિ.

૧૯. પાઠશાળામાં કોઈ પણ સાધુ ન જાય.

૨૦. પાઠશાળામાં ભણવા-વાંચવા માટે પણ સાધુએ ન જવું.

૨૧. કોઈ લેખક પાસે એક હજાર શ્લોક-પ્રમાણથી અધિકનું આલેખન ન કરાવવામાં આવે.

૨૨. દ્રવ્ય આપીને કોઈ બ્રાહ્મણ પાસે કોઈ સાધુ ન ભણે.

૨૩. જે ગામમાં ચાતુર્માસ કર્યા હોય એ ગામમાં ચાતુર્માસ સમાપ્તિ પછી વસ્ત્ર ગ્રહણ કરવાનું સાધુને કલ્પતું નથી.

૨૪. અકાળમાં સજ્ઝાય કરવાથી આયંબિલ કરવામાં આવે.

૨૫. સદાય (બારેમાસ) એકાસણા કરવામાં આવે.

૨૬. બેલે (છઠ) આદિના પારણા પર ગુરુદેવની આજ્ઞાનુસાર તપસ્યા કરવામાં આવે.

૨૭. 'પરિટ્ઠાવણિયાગારેણં' ન કરવામાં આવે.

૨૮. આઠમ, ચૌદશ અને શુક્લ પક્ષની પાંચમ - આ પાંચ તિથિઓમાં ઉપવાસ કરવામાં આવે.

૨૯. આઠમ અને ચૌદશના વિહાર ન થાય.

૩૦. નીવીમાં એક નીવિયાતાંથી નીવીથી વધારે ન લેવામાં આવે.

૩૧. ૮૪ ગચ્છના સાધુઓમાંથી કોઈ પણ સાધુને ગુરુઆજ્ઞા વગર પોતાની પાસે ન રાખવામાં આવે.

૩૨. ગુરુને પૂછ્યા વગર કોઈ નવી પ્રરૂપણા, કોઈ નવી સમાચારીના ઉપદેશનો પ્રારંભ ન કરવામાં આવે.

૩૩. નવનિર્મિત સ્થાનમાં રહેવું નહિ.

૩૪. કોરપાણવાળાં વસ્ત્ર લેવાં નહિ.

૩૫. કોરા વસ્ત્રમાં સલવટ નાખવી, એકદમ નવું વસ્ત્ર ગીતાર્થ મુનિ સિવાય કોઈ સાધુ પોતાના કામમાં ન લે.

આ પ્રકારે ૩૫ બોલની ઘોષણા પછી આનંદવિમલસૂરિએ વિભિન્ન ક્ષેત્રોમાં ફરીને લોકાગચ્છ, ખરતરગચ્છ, કડવામત, બીજામત આદિ થોડા ગચ્છો વિરુદ્ધ પ્રચાર કરતાં તપાગચ્છને સુદૃઢ, શક્તિશાળી અને લોકપ્રિય બનાવવાના અભિયાનનો પ્રારંભ કર્યો. ક્રિયોદ્ધાર પછી આનંદવિમલસૂરિએ ૧૪ વર્ષ જેટલી સુદીર્ઘાવધિ સુધી 'બેલે-બેલે'ની

તપસ્યા કરી. આનંદવિમલસૂરિનું કઠોર તપ, ઉગ્ર વિહાર અને વિવિધ સ્થળે ધર્મપ્રચારના પરિણામે તપાગચ્છ એક શક્તિશાળી અને બહુજન-માન્ય લોકપ્રિય સંઘ તરીકે ઉદિત થયો. 'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર આનંદવિમલસૂરિની આજ્ઞામાં વિચરણ કરનાર સાધુઓની સંખ્યા ૧૮૦૦ સુધી પહોંચી ગઈ હતી.

આચાર્ય હીરવિજયસૂરિ

'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર ભગવાન મહાવીરના અઠ્ઠાવનમા પટ્ટધર હીરવિજયસૂરિ મહાન જિનશાસન પ્રભાવક આચાર્ય થયા. આચાર્ય હીરવિજયસૂરિની પરમ ભક્ત શ્રાવિકા ચંપાએ છ માસના ઉપવાસનું ફતેપુર સીકરીમાં ઉગ્ર તપ કર્યું. સંઘે શ્રાવિકા ચંપાની આ તપસ્યાની પ્રભાવનાના ઉપલક્ષ્યમાં વિવિધ વાદ્ય-યંત્રોની સાથે શોભાયાત્રા કાઢી. બાદશાહ અકબરે પોતાના મહેલમાંથી આ વિશાળ શોભાયાત્રાનું સુંદર દૃશ્ય જોઈને પોતાના અનુચરોને એ શોભાયાત્રા બાબતે પૂછ્યું. જ્યારે અકબરને જાણ થઈ કે - 'એક મહિલાએ છ મહિનાની નિરાહાર તપસ્યા કરી છે,' તો બાદશાહ અકબરે સન્માન-પૂર્વક તેને રાજમહેલમાં બોલાવી અને આશ્ચર્યકારી તપસ્યા બાબતે પૂછ્યું કે - "આવી અદ્‌ભુત તપસ્યા કઈ રીતે કરી શકી ?" જ્યારે ચંપાએ જણાવ્યું કે - "આ બધી ગુરુદેવ હીરવિજયસૂરિની કૃપાના કારણે થઈ શક્યું છે." તો બાદશાહના અંતઃકરણમાં હીરવિજય-સૂરિના દર્શનની ઉત્કટ અભિલાષા જન્મી. બાદશાહે ગુજરાતના પ્રશાસક શિતાબખાનના નામે ફરમાન અને હીરવિજયસૂરિ પાસે વિનંતીપત્ર મોકલી તેમનાં દર્શન કરવાની પોતાની હાર્દિક ઇચ્છા પ્રગટ કરી.

બાદશાહનું ફરમાન જોઈને જ ગુજરાતનો સૂબેદાર શિતાબખાન ગભરાઈ ગયો. હીરવિજયસૂરિની સાથે એણે ઘણો દુર્વ્યવહાર કર્યો હતો. એના માટે એણે હીરવિજયજીની વારંવાર ક્ષમા માંગી. આચાર્ય હીરવિજયસૂરિ ગુજરાતથી વિહાર કરી ફતેહપુર સીકરી પહોંચ્યા. અકબરે તેમને પોતાના દરબારમાં સન્માનપૂર્વક આમંત્રિત કર્યા. એમનો ઉપદેશ સાંભળી અકબર ખૂબ પ્રસન્ન થયો. સૂરિજીના પરામર્શ પર એણે ભોજન માટે એકત્રિત કરેલા જાત-જાતનાં પક્ષીઓને

પિંજરામાંથી મુક્ત કર્યાં. સૂરિજીના ઉપદેશથી જજિયાવેરો તથા તીર્થસ્થાનોમાં યાત્રીઓથી વસૂલ કરવામાં આવતો 'મૂંડકા' કર પણ બંધ કરાવ્યો. આચાર્યના ઉપદેશથી પ્રભાવિત અકબરે પોતાના વિશાળ સામ્રાજ્યમાં અનેક વખત અહિંસા-મૂલક અભયદાનની પણ ઘોષણા કરાવી. મહારાણા પ્રતાપે પણ વિ. સં. ૧૬૩૫ની આસો સુદ પાંચમ ને ગુરુવારના દિવસે હીરવિજયસૂરિની સેવામાં એક પત્ર મોકલી એમને ઉદયપુર પધારવાની પ્રાર્થના કરી.

હીરવિજયસૂરિ વસ્તુતઃ મૃદુલાષી, ગુણગ્રાહી ને પોતાના સમયના મહાન પ્રભાવક આચાર્ય હતા. 'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર એમના ઉપદેશોથી પ્રભાવિત થઈને લોકાગચ્છના મેઘજી ઋષિએ પોતાના ૩૦ સાથી સાધુઓની સાથે લોકાગચ્છનો ત્યાગ કરી વિ. સં. ૧૬૨૮માં તપાગચ્છ સ્વીકાર કરી લીધો. હીરવિજયસૂરિએ એમનું નામ ઉદ્યોત-વિજય રાખ્યું. અકબરના સાંનિધ્યમાં રહેનાર નાગૌરનિવાસી જૈતાશાહ નામના જૈન ગૃહસ્થે પણ હીરવિજયસૂરિના ઉપદેશોથી પ્રબુદ્ધ થઈ એમની પાસે શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરી. એમનું નામ જિતવિજય રાખ્યું. પરંતુ લોકો એમને 'બાદશાહી યતિ'ના નામે જ ઓળખતા હતા.

હીરવિજયસૂરિના આચાર્યકાળમાં એમના આજ્ઞાનુવર્તી સાધુઓની સંખ્યા લગભગ ૨૦૦૦ અને સાધ્વીઓની સંખ્યા ૩૦૦૦ હોવાનો ઉલ્લેખ મળે છે. ખરેખર એ વાસ્તવમાં તો તપાગચ્છનો સુવર્ણકાળ હતો. 'તપાગચ્છ પટ્ટાવલી'માં તપાગચ્છની ૧૮ શાખાઓનો ઉલ્લેખ મળે છે.



દાનવીર શ્રાવક જગડૂશાહ

ભગવાન મહાવીરના છપ્પનમા પટ્ટધર આચાર્ય ગજસેન(વી. નિ. સં. ૧૭૭૯-૧૮૦૬)ના આચાર્યકાળ અને એકતાલીસમા યુગપ્રધાનાચાર્ય રેવતિમિત્ર(વી. નિ. સં. ૧૭૬૨-૧૮૪૦)ના યુગપ્રધાનાચાર્યકાળમાં જગડૂશાહ નામના એક મહાદાની અને જિનશાસન પ્રભાવક શ્રેષ્ઠી શિરોમણિ શ્રાવક થયા. જેમણે વિક્રમ સં. ૧૩૧૫-૧૭ (વી. નિ. ૧૭૮૫-૮૭)માં પડેલા દેશવ્યાપી ભીષણ ત્રિવાર્ષિક દુષ્કાળના સમયે દેશના વિભિન્ન ભાગોમાં ૧૧૨ ભોજનશાળાઓ ખોલીને તથા પોતાના વિશાળ અનાજના ભંડારોને અકાળગ્રસ્ત જનતા માટે દાન કરી માનવતાની અભૂતપૂર્વ સેવા કરી. મહાન જિનશાસન પ્રભાવક માનવસેવી જગડૂશાહની યશોગાથાઓ આજે પણ દેશના ખૂણે-ખૂણે ગવાય છે.

મહાદાની જગડૂશાહે પોતાના જીવનકાળમાં માનવતાની જે ઉલ્લેખનીય સેવાઓ કરી એનું સંક્ષિપ્ત વિવરણ અહીં આપવામાં આવી રહ્યું છે. પાંચાલ પ્રદેશના શૃંગાર સ્વરૂપ ભદ્રેશ્વર નામના ગામમાં શાહ સોલા-સાલગ નામના એક શ્રીમાળી જાતીય મુખ્ય વેપારી રહેતા હતા. તેઓ જિનશાસન પ્રત્યે પ્રગાઢ નિષ્ઠા રાખનાર શ્રદ્ધાળુ શ્રમણોપાસક હતા. શાહ સોલાને જગડૂ નામનો એક પુત્ર હતો. જગડૂશાહની ગણના અગ્રણી શ્રાવકોમાં થતી હતી. વ્યવસાયમાં વ્યસ્ત હોવા ઉપરાંત પણ જગડૂશાહ પ્રતિદિન નિયમિત સ્વરૂપે સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મસાધના કરતા હતા. એક દિવસ એક જૈનાચાર્ય પોતાના શિષ્યોની સાથે ભદ્રેશ્વરમાં આવ્યા. જગડૂશાહે પોતાની શ્રદ્ધા-નિષ્ઠાની સાથે શ્રમણ વર્ગની સેવા-ઉપાસના કરી. જગડૂશાહે ઉપાશ્રયમાં શ્રમણોની સેવામાં ઉપસ્થિત થઈ પર્વ-તિથિના દિવસે પૌષધવ્રત કર્યું.

રાત્રે પ્રતિક્રમણ આદિ આવશ્યક ધાર્મિક ક્રિયાઓથી નિવૃત્ત થયા પછી મૌન ધારણ કરીને જગડૂશાહ ઉપાશ્રયમાં એક તરફ બેસી પંચપરમેષ્ઠી નમસ્કારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા.

રાત્રિનો એક પ્રહર પસાર થયા પછી ઉપાશ્રયમાં બેઠેલ એક શ્રમણની દૃષ્ટિ અનાયાસ જ આકાશમાં ગ્રહ-નક્ષત્રો પર પડી. એણે જોયું કે ચંદ્રમા રોહિણી-શકટનું ભેદન કરે છે. એણે બીજા સાધુઓને પણ આ દૃશ્ય દેખાડ્યું. એ સાધુઓને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ પોતાના ગુરુની સેવામાં ઉપસ્થિત થયા અને કહ્યું : "ભગવાન ! આજે આ સમયે ચંદ્ર રોહિણી-શકટનું ભેદન કરી રહ્યો છે."

શિષ્યોની આ સૂચના સાંભળી ગુરુદેવે પણ જોયું કે વસ્તુતઃ ચંદ્રમા રોહિણી-શકટનું ભેદન કરી રહ્યો હતો. ગુરુએ પોતાના શિષ્યોને પૂછ્યું : "અહીં તમારી આસપાસ તમારા સિવાય કોઈ વ્યક્તિ તો હાજર નથી ને ?"

આમ તેમ જોઈને શિષ્યોએ કહ્યું : "નહિ, ભગવંત ! અહીં આપણી પાસે અન્ય કોઈ ઉપસ્થિત નથી." ઉપાશ્રયમાં અંધકાર હોવાના કારણે સાધુઓની નજીક એક સ્તંભની આડશમાં બેઠેલા જગડૂશાહ કોઈને દેખાયા નહિ.

શિષ્યગણના ઉત્તરથી આશ્વસ્ત ગુરુએ કહ્યું : "ચંદ્ર દ્વારા રોહિણી-શકટનું ભેદવું એ અનિષ્ટની પૂર્વ સૂચના છે કે - 'વિ. સં. ૧૩૧૫માં દેશવ્યાપી ૩ વર્ષનો એક ભીષણ દુકાળ પડશે."

શિષ્યગણે પૂછ્યું : "ભગવાન ! એ ભાવિ સંકાતિ કાળમાં લોકોનો ઉદ્ધાર કરનાર કોઈ છે કે નહિ ?"

ગુરુએ પોતાના શિષ્યોને આશ્વાસન કરતાં કહ્યું : "અદૃશ્ય શક્તિએ અમને પહેલાં જ જણાવી દીધું છે કે જગડૂશાહ એ દેશવ્યાપી ભીષણ સંકટના સમયમાં દેશવાસીઓનો ઉદ્ધાર કરશે, દીન-દુઃખી જીવોના પ્રાણની રક્ષા કરશે."

શિષ્યવર્ગે શંકાભર્યા સ્વરે પૂછ્યું : "ભગવાન ! જગડૂશાહની પાસે એટલું ધન ક્યાં છે, કે જેથી દુષ્કાળપીડિત કોટિ-કોટિ લોકોની જઠરાગ્નિને શાંત કરી એમની પ્રાણરક્ષા કરવામાં સક્ષમ થશે ?"

ગુરુએ કહ્યું : "જગડૂશાહના ઘરની પાછળ વાડો છે. વાડામાં એક વૃક્ષ છે, જેની નીચે ત્રણ કરોડ સુવર્ણમુદ્રાઓ પડી છે."

ગુરુ-શિષ્યો વચ્ચે થતો વાર્તાલાપ સાંભળી જગડૂશાહએ મનોમન વિચાર કર્યો - 'ઓહ ! મારું સદ્‌ભાગ્ય છે કે ગુરુના મુખારવિંદથી મારા વિશેની વાતચીત સાંભળી રહ્યો છું.' આખી રાત મૌન ધારણ કરી તે ઉપાશ્રયમાં ધર્મારાધના કરતો રહ્યો. સવારે પોતાને ઘરે ગયો. ઉપવાસનું પારણું કર્યા પછી તેણે પોતે જ વૃક્ષની નીચે ખોદકામ કરીને જોયું તો રાત્રે ગુરુજીના મુખેથી જે સાંભળ્યું હતું તે પૂર્ણતઃ સત્ય સિદ્ધ થયું. ત્રણ કરોડ સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત થઈ જવાથી જગડૂશાહના મનમાં પુષ્કળ માત્રામાં અનાજનો સંગ્રહ કરવાની તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થઈ. પોતાના સંકલ્પ મુજબ એણે દેશના વિભિન્ન ભાગોના બજારોમાંથી ધાન્યનો સંગ્રહ કરવાનું શરૂ કરી દીધું.

મલબારમાં જગડૂશાહના મુનીમોએ જ્યાં અનાજનાં ગોદામ બનાવ્યાં હતાં, ત્યાં બીજા વેપારીઓનાં પણ અનાજનાં ગોદામ હતાં. જગડૂશાહના ગોદામ અને એક અન્ય વેપારીના ગોદામની વચ્ચે એક પાષાણની શિલા પડી હતી. એ શિલા પર બેસી બંને ગોદામના મુનીમ સવારે દાતણ કરતા હતા. એક સવારે સંયોગ એવો થયો કે બંને મુનીમ દાતણ કરવા એક સાથે શિલા પાસે પહોંચ્યા. એ શિલા એટલી જ મોટી હતી કે એક સમયે એક જ વ્યક્તિ તેના પર બેસી શકે, બે વ્યક્તિ એકસાથે બેસી શકે એટલી જગ્યા નહોતી. તેથી શિલા પર પહેલા બેસવા માટે બંને વચ્ચે 'પહેલા હું' નો ગજગ્રાહ શરૂ થયો. વાતવાતમાં મામલો ઉગ્ર થઈ ગયો. રાજકર્મચારીઓએ બંનેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ કોઈ ટસનું મસ ન થયું. બંનેની હઠ જોઈ રાજ્યાધિકારીએ કહ્યું : "આપ બંનેમાંથી જે વ્યક્તિ રાજાને ૬૦૦ સ્પર્ધક (પ્રાચીનકાલીન એક સિક્કો) આપશે, એ જ આ શિલા પર પહેલાં બેસીને દાતણ કરશે." રાજ્યાધિકારીની આ શરત સાંભળતાં જ બંને મુનીમ ૬૦૦ સ્પર્ધક આપવા તૈયાર થઈ ગયા. બીજા વેપારીના મુનીમે કહ્યું : "હું ૭૦૦ સ્પર્ધક આપીશ." જગડૂશાહના મુનીમે કહ્યું : "હું ૮૦૦ સ્પર્ધક આપીશ."

ત્યાર બાદ બંને મુનીમોમાં સ્પર્ધા થઈ ગઈ. બંને એકબીજા કરતાં વધુ ને વધુ ધનરાશિ આપવાની વાત કરવા લાગ્યા. બંને મુનીમ પોતાના શ્રેષ્ઠીઓની મોટપ - લોકોના મનમાં સ્થાપિત કરવા વિશે દૃઢ હતા. આજુબાજુના વેપારીઓના મુનીમો અને કર્મચારીઓનો જમાવડો થયો. બંને મુનીમ પોતપોતાના શ્રેષ્ઠીને નીચે જોવું પડે એવું કરવા તૈયાર ન હતા. નિરંતર એક બીજાથી વધીને ધનરાશિ બોલતા હતા. અંતે જગડૂશાહના મુનીમે ધનરાશિ વધારતા ૨૫૦૦ સ્પર્ધક આપવાની જાહેરાત કરી. બીજા વેપારીના મુનીમે આનાથી વધારે ધનરાશિ આપવાનું સાહસ ન કર્યું. રાજ્યાધિકારીઓએ ૨૫૦૦ સ્પર્ધક જગડૂશાહના મુનીમ પાસેથી લઈ તત્કાળ એ શિલા સદાયને માટે જગડૂશાહના સ્વામિત્વમાં - અધિકારમાં જગડૂશાહને સોંપી દીધી. જગડૂશાહના મુનીમે એ શિલા પર બેસી ગર્વાનુભૂતિથી દાતણ કર્યું.

જગડૂશાહ આવ્યા કે મુનીમે એમને શિલા સંબંધી પૂરું વિવરણ સંભળાવ્યું. એનાથી જગડૂશાહ ખૂબ પ્રસન્ન થયા અને તેમણે મુનીમની

પીઠ થપથપાવી અને સરાહના કરતા કહ્યું : "ધન્યવાદ ! તમે ખૂબ સારું કર્યું. આ ક્ષેત્રમાં મારા હિતની રક્ષા કરી." જગડૂશાહે એ પાષાણશિલાને ત્યાંથી ઉપડાવીને પોતાના નિવાસસ્થાને રખાવી દીધી અને પ્રતિદિન પ્રાતઃકાળે એ શિલા પર બેસી દાતણ કરવા લાગ્યા.

એક દિવસ બપોર વેળાએ જગડૂશાહ ભોજન કરવા માટે બેઠા જ હતા કે એક યોગી દ્વાર પર આવ્યા. જગડૂશાહે પોતાની પત્નીને કહ્યું : "ધર્મિષ્ઠા ! એક માણસનું પેટ ભરાય એટલી જલેબી એ યોગીરાજને આપો." શાહપત્ની જલેબીથી ભરેલો થાળ લઈ યોગી સમક્ષ ગઈ અને જલેબી ભરેલો થાળ સ્વીકારવા અભ્યર્થના કરવા લાગી. પરંતુ યોગીએ જલેબીઓ સ્વીકારી નહિ અને દ્વાર પર પૂર્વવત્ ઊભો રહ્યો. ગૃહસ્વામિનીએ જગડૂશાહને નિવેદન કર્યું કે - 'યોગીરાજ જલેબી સ્વીકારતા નથી.' જગડૂશાહે પત્નીને કહ્યું : "ભલે ! તો તમે ઇમરતી(વર્તુલિકા)થી ભરેલ ચાંદીનો થાળ આપી દો."

શાહપત્નીએ તત્કાળ પોતાના પતિના આદેશનું પાલન કરતાં એક ભારે ચાંદીનો થાળ ઇમરતિઓથી ભરેલો એ યોગીને સાદર પ્રદાન કર્યો. એનાથી યોગી પૂર્ણતઃ સંતુષ્ટ થયા અને બોલ્યા : "હે મહાદાની ! હું તમારી પરીક્ષા કરવા જ પૃથ્વી પર ભિક્ષાર્થે ભ્રમણ કરવા આવ્યો છું. સાચા દાનીને જોવાની અભિલાષાથી હું વિગત ૬ મહિનાથી ભિક્ષાર્થે ભ્રમણ કરી રહ્યો છું, કિન્તુ મને કોઈ દાની દૃષ્ટિગત નથી થયો. સંસારનો ઉદ્ધાર કરવામાં સક્ષમ તને આજ જોઈને મને પરમ સંતોષ થયો. વસ્તુતઃ તમે સાચા દાતા છો અને અભાવગ્રસ્ત સંસારનો ઉદ્ધાર કરવામાં સક્ષમ છો."

જગડૂશાહે યોગીની તરફ જિજ્ઞાસાભરી દૃષ્ટિ નાખતા કહ્યું : "યોગી ! મારી પાસે એટલું ધન ક્યાં છે ?"

"શ્રેષ્ઠીવર્ય ! તમારી પાસે જે પાષાણશિલા છે, એ અક્ષય દ્રવ્યમયી છે." એટલું કહીને યોગી મૌનસ્થ એ પાષાણશિલા તરફ નિર્નિમેષ દૃષ્ટિથી જોતો રહ્યો.

યોગીને દેવા માટે વસ્ત્રાદિ લેવા જગડૂશાહ શીઘ્રતાપૂર્વક પોતાના ઘરના એક કક્ષમાં ગયા અને થોડીક વસ્તુઓ લઈને તત્કાળ બહાર ગયા. પરંતુ એણે જોયું કે યોગી તો આસપાસ ક્યાંય નથી. યોગીની ચારેકોર

દૂર-દૂર તપાસ કરાવી, પરંતુ તેઓ ક્યાંય દેખાયા નહિ. જગડૂશાહે સમજી લીધું કે - 'એ કોઈ યોગી નહિ, પૂર્વજન્મના કોઈ સ્નેહી સ્વજન હતા, જે એને પુણ્ય અને યશ ઉપાર્જનનો ઉપાય બતાવવા અથવા અવસર પ્રદાન કરવા આવ્યા હતા.'

ત્યાર બાદ જગડૂશાહે એ પાષાણશિલાને ધ્યાનથી જોવાની શરૂઆત કરી. ઘણીવાર સુધી સૂક્ષ્મ દૃષ્ટિએ જોતા રહ્યા, પછી એને શિલામાં એક જગ્યાએ સંધિની આશંકા થઈ. શંકાસ્પદ સ્થાને પાણી નાખવાથી એને પ્રતીત થયું કે એ શિલામાં એક જગ્યાએ ખૂબ કલાપૂર્ણ ઢંગથી સાંધો રાખવામાં આવ્યો છે. જે સહજ રીતે કોઈ ઓળખી ન શકે. જગડૂશાહે સાવધાનીપૂર્વક કૌશલથી શિલામાં રહેલા એ સાંધાને મહામુશ્કેલીએ ખોલ્યો તો એના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો કે એ શિલાની અંદર માત્ર એક નહિ, પાંચ સ્પર્શ-પાષાણ અર્થાત્ પારસ રાખવામાં આવેલ છે, જેના સ્પર્શપાત્રથી લોખંડ સુવર્ણ થાય છે. જગડૂશાહે પરીક્ષા માટે નજીક રહેલા અનાજ તોળવાના એક ભારે બાટને પારસનો સ્પર્શ કરાવ્યો, તો તત્કાળ એ ભારે બાટ સુવર્ણનો થઈ ગયો. હવે જગડૂશાહને પાકો વિશ્વાસ થઈ ગયો કે - 'ગુરુદેવ પૌષધની રાત્રિએ દુષ્કાળની બાબતમાં અને પોતાની બાબતમાં શિષ્યોને જે કહ્યું હતું કે એ અક્ષરશઃ સત્ય સિદ્ધ થશે.' જગડૂશાહે તત્કાળ ભાવિ ભીષણ દુષ્કાળથી સંપૂર્ણ દેશવાસીઓની રક્ષા કરવાના માટે પ્રચુરતમ માત્રામાં અનાજ સંગ્રહ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.

ત્યાર બાદ પોતાના સંકલ્પને કાર્યરૂપ પરિણત કરતાં જગડૂશાહે સહસ્રોની સંખ્યામાં મુનીમો અને કર્મચારીઓને દેશનાં વિભિન્ન સ્થાનોમાં અધિકાધિક અનાજ સંગ્રહ કરવા માટે નિયુક્તિ કરી સર્વત્ર વિશાળ ભંડારોમાં અનાજ સંઘરવાનું શરૂ કરી દીધું. માનવસેવાની ઉત્કટ ભાવનાથી ઓત-પ્રોત જગડૂશાહે પોતાનો દૃઢ સંકલ્પ પૂર્ણ કરવાનો અહર્નિશ પ્રયાસ કરતા-કરતા દુષ્કાળનો પ્રારંભ થાય એના એક વર્ષ પૂર્વે જ આશંકાથી પણ અધિક દીર્ઘકાલીન દુષ્કાળની સ્થિતિમાં પણ ભૂખના કારણે કોઈ મનુષ્યનુ મૃત્યુ ન થાય તે માટે ઘણા ધાન્ય ભંડારોનો સંગ્રહ કર્યો.

જે રીતે ચંદ્ર દ્વારા રોહિણી-શકટ-ભંજનથી આશંકા થઈ હતી તેમ વિ. સં. ૧૩૧૫માં સંપૂર્ણ દેશમાં ભીષણ દુષ્કાળ પડ્યો. દેશવાસીઓની

દુષ્કાળથી રક્ષા કરવા માટે જગડૂશાહે દિલ્હી, સ્તંભનપુર, ધવલક્ક, અણહિલપુર-પાટણ આદિ અનેક નગરોમાં ૧૧૨ ભોજનશાળાઓ અને દાનશાળાઓ માનવમાત્ર માટે તત્કાળ પ્રારંભ કરાવી દીધી. એમાં કોઈ પ્રકારના ભેદભાવ વગર દરેક લોકોને પોષણક્ષમ આહાર આપવાની વ્યવસ્થા થઈ. લોકોનો વિશાળ સમૂહ ભોજનશાળા તરફ ઊમટી પડ્યો અને દુષ્કાળમાં પોતાનું અને પરિવારનું ભરણ-પોષણ કરવા લાગ્યો. સુદીર્ઘાવધિના આ દુષ્કાળમાં પ્રતિદિન સવાર-સાંજ આ ક્રમ ચાલતો રહ્યો. આ ભોજનશાળાઓ સિવાય જગડૂશાહે સુરત્રાણ(સંભવતઃ અલાઉદ્દીન ખિલજી)ને ૨૧ લાખ મણ, મહારાજા બીસલદેવને ૮ લાખ મણ, મહારાજા હમીરને ૧૨ લાખ મણ અને અન્ય રાજાઓને એમની પ્રજા અને સેના આદિના જીવનનિર્વાહ માટે અગણિત મણ અનાજના ભંડાર પ્રદાન કર્યા.

એક પણ દેશવાસી ભૂખ્યો ન રહે, એટલા માટે એવી સમુચિત વ્યવસ્થા કરી દીધા પછી પણ દૂરના પ્રદેશોમાં રાજાઓ, શ્રેષ્ઠીઓ, જનસેવકો આદિએ પોતાને ત્યાંના લોકો માટે વખતોવખત જેટલા અનાજની માગણી કરી, જગડૂશાહે એમની માગણી અનુસાર પ્રચુર-માત્રામાં ધનરાશિ પ્રદાન કરી. પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ, સંપૂર્ણ દેશના આ છેડાથી તે છેડા સુધી સવાર-સાંજ બંને સમય ભરપેટ સરસ ભોજન પ્રાપ્ત કરી, લોકો મુક્તકંઠે જગડૂશાહની યશોગાથા ગાવા લાગ્યા. પ્રતિદિન બંને વખત સ્વાદિષ્ટ ભોજનથી તૃપ્ત થઈ કરોડો લોકોની આંતરડી જગડૂશાહને અનેકાનેક આશીર્વાદ આપ્યા.

આ પ્રકારે ભૂખ્યાને ભોજન આપવાની સમુચિત વ્યવસ્થા કરવાની સાથે-સાથે જગડૂશાહે એક વિશિષ્ટ પ્રકારની દાનશાળામાં દાન દેવાની પણ શરૂઆત કરી. પ્રતિષ્ઠિત પરિવારો અને ભદ્રવર્ગના પરિવારો જે જગડૂશાહે ખોલેલી ભોજનશાળામાં ભોજન કરવામાં લજ્જાનો અનુભવ કરતા હતા, એ લોકોને પણ દુષ્કાળમાં કોઈ પણ પ્રકારનું કષ્ટ ન થાય, એ અભિલાષાથી જગડૂશાહે એ દાનશાળામાં પરદા પાછળ બેસીને પ્રતિદિન પ્રાતઃકાળે દાન દેવાનું શરૂ કર્યું. પ્રજાનો પ્રતિષ્ઠિત અને અગ્ર વર્ગ પણ દાનશાળામાં આવતા અને પરદાની અંદર પોતાનો હાથ પ્રસારતા. પરદાની અંદર બેઠા-બેઠા જગડૂશાહ હાથને જોઈને જ એના ભાગ્ય અનુસાર સુવર્ણ અથવા રજતની મુદ્રાઓ આપી દેતા.

આ અનોખા ગુપ્તદાનનો મહિમા સાંભળી અણહિલપુર પાટણપતિ ગુર્જરરાજ બીસલદેવે મનોમન જગડૂશાહની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. એક દિવસ પ્રાતઃકાળે બીસલદેવ વેશ બદલીને જગડૂશાહની દાનશાળામાં પહોંચ્યા ને પરદાની અંદર જમણો હાથ નાખી દાન માટે પ્રસાર્યો.

તપ્ત તામ્રની સમાન વર્ણવાળા કઠોર હાથમાં અનુપમ ભાગ્ય, લક્ષ્મી, વિદ્યા, કીર્તિ, સુખ, સમૃદ્ધિ, ઐશ્વર્ય આદિની સૂચક હસ્ત-રેખાઓ અને શુભ લક્ષણો પર દૃષ્ટિ પડતાં જ જગડૂશાહે સમજી લીધું કે આ કોઈ ને કોઈ રાજા છે અને કોઈ કારણવશ આ પ્રકારની તેને અવસ્થા પ્રાપ્ત થઈ છે.

'આમને એવી મૂલ્યવાન વસ્તુ આપું, જેનાથી જીવનભર સુખી રહે, ઐશ્વર્યની સાથે પોતાનું જીવન વિતાવે' - મનમાં આ પ્રકારનો વિચાર કરી જગડૂશાહે પોતાની આંગળીની બહુમૂલ્ય રત્નજડિત સુવર્ણમુદ્રિકા ઉતારીને બીસલદેવના હાથમાં રાખી દીધી. અલભ્ય, અદ્‌ભુત અને અણમોલ રત્નને જોતાં જ બીસલદેવના આશ્ચર્યનો પાર ન રહ્યો. ક્ષણભર સ્તબ્ધ રહીને કુતૂહલવશ તત્ક્ષણ એણે પોતાનો ડાબો હાથ પણ પરદાની અંદર શાહની સમક્ષ પ્રસાર્યો. જગડૂશાહે તત્ક્ષણ પોતાની એવી બીજી હીરકમુદ્રિકા પણ ઉતારીને પોતાની તરફ ફેલાવેલા એના ડાબા હાથ પર રાખી દીધી.

બંને રત્નજડિત મુદ્રિકાઓ લઈને બીસલદેવ પોતાના રાજપ્રસાદ તરફ પાછા ફર્યા. બીજા દિવસે બીસલદેવે જગડૂશાહને પૂરા સન્માનની સાથે રાજ્યસભામાં આમંત્રિત કરી એનું સન્માન કર્યું. રાજા બીસલદેવે રાજસભામાં સભાસદો સમક્ષ જગડૂશાહની દાનવીરતાની મુક્તકંઠે પ્રશંસા કરતાં કહ્યું : "શાહ ! વસ્તુતઃ તમે વસુંધરાના શૃંગાર ને સહુના સન્માનનીય વંદનીય છો, અતઃ ભવિષ્યમાં ક્યારેય પ્રજાજનો સમાન તમે મને નમન નહિ કરો." ત્યાર બાદ મહારાજ બીસલદેવે હઠપૂર્વક એની બંને આંગળીઓમાં એ બંને રત્નજડિત સુવર્ણમુદ્રિકાઓ પહેરાવી દીધી અને હાથી પર સવાર કરી એને ઘરે વિદાય કર્યા.

જગડૂશાહે દુષ્કાળમાં વિવિધ જગ્યાએ ભોજનની એવી સમુચિત વ્યવસ્થા કરી કે સંપૂર્ણ દેશમાં એક પણ વ્યક્તિને દુષ્કાળના કારણે ભૂખની પીડાનો અનુભવ ન થયો. દુષ્કાળ સમાપ્ત થયા પછી પણ જગડૂશાહ જીવનભર તન, મન અને ધનથી જનકલ્યાણકારી કાર્યોમાં પ્રગાઢ અભિરુચિ લેતા રહ્યા. આ રીતે જગડૂશાહ શ્રમણોપાસકે જિન-શાસનની મહાન પ્રભાવના કરી જૈનસમાજની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવ્યા.

બડગચ્છ (બૃહદ્‌ગચ્છ)

'તપાગચ્છ પટ્ટાવલી' અનુસાર ભગવાન મહાવીરના પાંત્રીસમા પટ્ટધર ઉદ્યોતનસૂરિ પૂર્વ ભારતથી અર્બુદાચલની યાત્રા અર્થે વિહાર કરતા વી. નિ. સં. ૧૪૬૪માં એક દિવસ અર્બુદાચલની તળેટીમાં આવેલા ટેલિગ્રામની સીમામાં પહોંચ્યા. સૂર્યાસ્ત થઈ જ રહ્યો હતો, તેથી તેઓ વનમાં જ શિષ્ય પરિવારની સાથે એક વિશાળ વટ-વૃક્ષ નીચે રોકાઈ ગયા. રાત્રિકાલીન પ્રતિક્રમણ, ધ્યાન, સ્વાધ્યાય આદિ આવશ્યક ધાર્મિક ક્રિયાઓથી નિવૃત્ત થયા પછી મધ્ય-રાત્રિમાં ઉદ્યોતન-સૂરિએ જોયું કે આકાશમાં રોહિણી શકટની મધ્યમાં બૃહસ્પતિ પ્રવેશ કરે છે. એમણે પોતાના શિષ્યોને નક્ષત્રોની આ પ્રકારની ગતિનો બોધ કરાવતા કહ્યું : "આ એવું શુભ મુહૂર્ત છે કે આ વખતે કોઈના મસ્તક પર હાથ રાખી એનો કોઈ પદ પર અભિષેક કરી દેવામાં આવે તો એ દિગ્‌દિગંતમાં ચિરસ્થાયિની કીર્તિ પામે."

આ સાંભળતાં જ એમના શિષ્યોએ કહ્યું : "ભગવાન ! આપ અમારી પર જ કૃપા કરો. અમે સહુ આપના ચરણના દાસ છીએ."

ઉદ્યોતનસૂરિએ તત્કાળ સર્વદેવ મુનિ આદિ આઠ શિષ્યોને પોતાના ઉત્તરાધિકારી બનાવી એમને આચાર્યપદે અભિષિક્ત કર્યા. એક માન્યતા એ પણ છે કે ઉદ્યોતનસૂરિએ એ વખતે કેવળ પોતાના પટ્ટશિષ્ય સર્વદેવસૂરિને આચાર્યપદ પ્રદાન કર્યું. વટવૃક્ષ નીચે શિષ્યોને સૂરિપદ પ્રદાન કરવામાં આવ્યું હતું, એ કારણે એ ગચ્છનું નામ 'વટગચ્છ' પ્રસિદ્ધ થયું.

આ ગચ્છમાં ઉદ્યોતનસૂરિના અસાધારણ પ્રતિભાસંપન્ન જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય આદિ ગુણોને વિશેષ રૂપે ધારણ કરનાર શિષ્ય પરિવારના કારણે તથા આ ગચ્છની વિશાળતાના પરિણામે 'બૃહદ્‌ગચ્છ' નામથી ઓળખાવાનું શરૂ થયું.

આ રીતે શ્રમણ ભગવાન મહાવીરના ધર્મસંઘનું પાંચમું નામ વટગચ્છ (બૃહદ્‌ગચ્છ) વિક્રમ સંવત ૯૯૪ (વીર નિર્વાણ સંવત ૧૪૬૪)માં લોકોમાં પ્રસિદ્ધ થયું. ભગવાન મહાવીરના ધર્મસંઘના વીર નિર્વાણ સં. ૧ થી લઈને વીર નિર્વાણ સંવત ૧૪૬૪ સુધી અર્થાત્ એક હજાર ચારસો ચોસઠ વર્ષ સુધીના સમયગાળામાં જે-જે આચાર્યોના કાળમાં જે-જે વખતે અલગ-અલગ પાંચ નામ લોક જાણીતા થયા, એના લેખા-જોગા નીચે મુજબ છે :

૧. વીર નિર્વાણ સંવત ૨૯૧ની અવધિ સુધી અર્થાત્ ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર આર્ય સુધર્મા સ્વામીથી લઈને દસમા પટ્ટધર આચાર્ય સુહસ્તિના આચાર્યકાળ સુધી જૈનસંઘનું નામ નિર્ગ્રંથ અથવા અણગારગચ્છના નામે લોકોમાં પ્રસિદ્ધ થયું.

૨. આર્ય સુહસ્તિ વીર નિર્વાણ સં. ૨૯૧માં સ્વર્ગસ્થ થવાથી એમના પટ્ટધર આર્ય સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ(ગણાચાર્ય)ના આચાર્યકાળમાં ભગવાન મહાવીરના ધર્મસંઘનું નામ કૌટિકગણના નામથી લોકવિશ્રુત થયું. આ બંને આચાર્યોએ એક કરોડ વખત સૂરિ મંત્રનો જાપ કર્યો હતો. કહેવાય છે કે એક કરોડ વખત સૂરિ મંત્રના જાપને કારણે એમનો ગણ કૌટિકગણ પ્રસિદ્ધ થયો.

આ બાબતે બીજી માન્યતા એ પણ છે કે - 'આર્ય સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ ક્રમશઃ કૌટિક અને કાકન્દિક નગરીમાં ઉત્પન્ન થયા હતા અને સુસ્થિત પોતાના સહયોગી આચાર્ય સુપ્રતિબુદ્ધથી આયુષ્ય અને દીક્ષામાં મોટા હતા, અતઃ આર્ય સુસ્થિતના ગૃહસ્થજીવનના નિવાસસ્થાન કૌટિક નગરના નામ પર ભગવાન મહાવીરના ધર્મસંઘનું નામ કૌટિકસંઘ, કૌટિકગણ અથવા કોટિકગચ્છ લોકોમાં પ્રચલિત થયું. આ બીજું નામ કૌટિક, વીર નિર્વાણ સં. ૨૯૧થી લઈને વીર નિર્વાણ સં. ૬૧૧ સુધી લોકમાનસમાં પ્રચલિત રહ્યું.

૩. વીર નિર્વાણ સં. ૬૧૧માં ચંદ્રસૂરિના નામ પર ભગવાન મહાવીરનો ધર્મસંઘ ચંદ્રગચ્છના નામથી પ્રસિદ્ધ થયો.

૪. વીર નિર્વાણ સં. ૬૪૩માં આચાર્ય ચંદ્રસૂરિના પટ્ટધર સામંત ભદ્રસૂરિના સમયમાં ભગવાન મહાવીરના ધર્મસંઘનું નામ વનવાસી-ગચ્છ પ્રસિદ્ધ થયું. આચાર્ય સામંતભદ્રનું અંતરમન પૂર્ણ વિરક્તિથી પ્રગાઢ રંગમાં રંગાયેલું હતું. તેઓ શૂન્ય દેવાયતનો, મઠો અને વનોમાં જ નિવાસ કરતા હતા, આ કારણે એમના ગચ્છનું નામ વનવાસી નામથી લોકપ્રિય થયું. આ રીતે વીર નિર્વાણ સં. ૬૪૩ થી વીર નિર્વાણ સં. ૧૪૬૪ સુધી ભગવાન મહાવીરના ધર્મસંઘનું નામ વનવાસીસંઘ અથવા ગણ અથવા ગચ્છના નામથી લોકોમાં પ્રસિદ્ધ રહ્યું.

૫. જેવું કે ઉપર બતાવવામાં આવ્યુ છે કે વીર નિર્વાણ સંવત ૧૪૬૪માં ઉદ્યોતનસૂરિના પટ્ટશિષ્ય સર્વદેવસૂરિના સમયમાં ભગવાન મહાવીરના ધર્મસંઘનું નામ વટગચ્છ, વટગણ અથવા બૃહદ્‌ગચ્છ નામથી લોકોમાં પ્રસિદ્ધ થયું.

આચાર્ય ઉદ્યોતનસૂરિની બાબતમાં એક માન્યતા એવી પણ પ્રચલિત છે કે તેઓ વનવાસીગચ્છના શિષ્યવિહીન પરંતુ પોતાના સમયના ઉચ્ચ

કોટિના આગમ નિષ્ણાત આચાર્ય હતા. વિભિન્ન ૮૩ ગચ્છોના આચાર્ય (જેઓ સંભવતઃ ચૈત્યવાસી પરંપરાના આચાર્ય હોઈ શકે છે)એ પોતપોતાના એક-એક શિષ્યને આગમોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે વનવાસી- ગચ્છના આચાર્ય ઉદ્યોતનસૂરિ પાસે મોકલ્યા. એ વખતે ચૈત્યવાસી પરંપરાના અબોહર ચૈત્યના મઠાધીશ જિનચંદ્રસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ ક્રિયોદ્ધાર કરી ચૈત્યવાસી પરંપરાનો પરિત્યાગ કર્યો અને તેઓ કોઈ મહાન ત્યાગી, ચરિત્રનિષ્ઠ, આગમમર્મજ્ઞ ગુરુની શોધમાં અનેક પ્રદેશોમાં ભ્રમણ કરતા કરતા ઉદ્યોતનસૂરિ પાસે આવ્યા. ઉદ્યોતનસૂરિને આગમાનુસારી વિશુદ્ધ શ્રમણાચાર પ્રત્યે પૂર્ણનિષ્ઠ, કર્મઠ અને આગમોમાં નિષ્ણાત જોઈને વર્ધમાન મુનિ એમના શિષ્ય બની ગયા ને અન્ય વિભિન્ન ૮૩ ગચ્છોના મુનિઓની સાથે તેઓ પણ ઉદ્યોતનસૂરિ પાસેથી આગમોનું જ્ઞાન પ્રાપ્ત કરવા લાગ્યા. વિહારક્રમથી પોતાના ૮૪ શિક્ષાર્થીઓની સાથે અનેક ક્ષેત્રોમાં ભ્રમણ કરતાં આચાર્ય ઉદ્યોતનસૂરિ ટેલિગ્રામની સીમામાં પહોંચ્યા. દિવસ અસ્ત થવાનો સમય નજીક જાણી તેઓ શિષ્યો સહિત વિશાળ વટવૃક્ષ નીચે ધર્મારાધના શરૂ કરી દીધી. મધ્યરાત્રિમાં એમણે જોયું કે બૃહસ્પતિ રોહિણી શકટના મધ્યમાં પ્રવેશ કરી રહેલ છે. એમણે પોતાના વિદ્યાર્થીઓને કહ્યું : "આ એક એવું શુભ મુહૂર્ત છે કે અત્યારે કોઈને કોઈ પદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવે તો તેની યશોકીર્તિ અને શિષ્ય પરિવારની ચિરકાલીન યશ અને સંખ્યા સમૃદ્ધિ પણ પ્રાપ્ત થાય."

દરેક શિષ્યો અને શિક્ષાર્થી મુનિઓએ કહ્યું : "સ્વામી ! અમે આપના શિષ્ય છીએ. કૃપા કરી આ મસ્તક પર આપનો વરદ્‌હસ્ત રાખી દો અને પદસ્થાપના કરી દો."

ઉદ્યોતનસૂરિએ કહ્યું : "વાસક્ષેપ માટે વાસચૂર્ણ લાવો."

શિક્ષાર્થી મુનિઓએ સૂકી ડાળખી અને ગળી ગયેલું લાકડું એકત્રિત કરી એનું ચૂર્ણ બનાવ્યું અને ગુરુને આપી દીધું. આ ચૂર્ણને અભિમંત્રિત કરી ઉદ્યોતનસૂરિએ વિભિન્ન ગચ્છોના એ ૮૩ શિષ્યોના મસ્તક પર વાસક્ષેપ કરી એમને આચાર્યપદ પ્રદાન કર્યું. બીજા દિવસે સવારે ઉદ્યોતનસૂરિએ પોતાનો અંત સમયે નજીક સમજી અનશન કર્યું અને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા.

ત્યાર બાદ વિભિન્ન ૮૩ ગચ્છોના એ આચાર્યપદ પ્રાપ્ત શિષ્યોએ અલગ-અલગ ક્ષેત્રોમાં વિહાર કર્યો અને વર્ધમાનસૂરિ અને ઉદ્યોતનસૂરિના પટ્ટધર આચાર્ય બન્યા.

આ બાબતે વિસ્તૃત વિવરણ પ્રસ્તુત ગ્રંથમાં જ ઉદ્યોતનસૂરિના જીવનવૃત્તમાં જ બતાવવામાં આવ્યું છે.

સત્તાવન-ત્રેંસઠમા પટ્ટધર અને બેંતાલીસ-યુંમાલીસ યુગપ્રધાનાચાર્ય

	સત્તાવનમા આચાર્ય મંત્રસેન	અઠાવનમાં આચાર્ય વિજયસિંહ
જન્મ	વી. નિ. સં. ૧૭૫૪	વી. નિ. સં. ૧૮૧૨
દીક્ષા	વી. નિ. સં. ૧૭૭૬	વી. નિ. સં. ૧૮૩૨
આચાર્યપદ	વી. નિ. સં. ૧૮૦૬	વી. નિ. સં. ૧૮૪૨
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૧૮૪૨	વી. નિ. સં. ૧૯૪૩
ગૃહવાસપર્યાય	૨૨ વર્ષ	૨૦ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	૩૦ વર્ષ	૧૦ વર્ષ
આચાર્યપર્યાય	૩૬ વર્ષ	૭૧ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	૬૬ વર્ષ	૮૧ વર્ષ
પૂર્ણ આયુ	૮૮ વર્ષ	૧૦૧ વર્ષ

બેંતાલીસમા યુગપ્રધાનાચાર્ય સુમિણમિત્ર

જન્મ	: વી. નિ. સં. ૧૮૧૦
દીક્ષા	: વી. નિ. સં. ૧૮૨૨
સામાન્ય સાધુપર્યાય	: વી. નિ. સં. ૧૮૨૨-૧૮૪૦
યુગપ્રધાનાચાર્યકાળ	: વી. નિ. સં. ૧૮૪૦-૧૯૧૮
ગૃહસ્થપર્યાય	: ૧૨ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	: ૧૮ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	: ૭૮ વર્ષ
સ્વર્ગવાસ	: વી. નિ. સં. ૧૯૧૮
સર્વાયુ	: ૧૦૮ વર્ષ

'તિત્થોગાલી પઈણ્ણય'ની એક ગાથામાં એ બતાવ્યું છે કે વી. નિ. સં. ૧૯૦૦માં મહાસમણ (મહાસુમિણ) નામથી વિખ્યાત શ્રમણનો સ્વર્ગવાસ થવાથી સૂત્રકૃતાંગનો હ્રાસ થઈ જશે.

ઓગણસાઠમા પટ્ટધર આચાર્ય શિવરાજ

જન્મ	:	વી. નિ. સં. ૧૮૮૨
દીક્ષા	:	વી. નિ. સં. ૧૯૦૦
આચાર્યપદ	:	વી. નિ. સં. ૧૯૧૩
સ્વર્ગારોહણ	:	વી. નિ. સં. ૧૯૫૭
ગૃહવાસપર્યાય	:	૧૮ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૧૩ વર્ષ
આચાર્યપર્યાય	:	૪૪ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	:	૫૭ વર્ષ
પૂર્ણ આયુ	:	૭૫ વર્ષ

તેંતાલીસમા યુગપ્રધાનાચાર્ય હરિમિત્ર

જન્મ	:	વી. નિ. સં. ૧૮૮૨
દીક્ષા	:	વી. નિ. સં. ૧૯૦૨
સામાન્ય સાધુપર્યાય	:	વી. નિ. સં. ૧૯૦૨-૧૯૧૮
યુગપ્રધાનાચાર્યકાળ	:	વી. નિ. સં. ૧૯૧૮-૧૯૬૩
ગૃહસ્થપર્યાય	:	૨૦ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	:	૧૬ વર્ષ
યુગપ્રધાનાચાર્યપર્યાય	:	૪૫ વર્ષ
સ્વર્ગવાસ	:	વી. નિ. સં. ૧૯૬૩
સર્વાયુ	:	૮૧ વર્ષ

ચુમાલીસમા યુગપ્રધાનાચાર્ય વિશાખગણિ

'તિત્થોગાલી પઈણ્ણય' મુજબ તેંતાલીસમા યુગપ્રધાનાચાર્ય હરિમિત્રના સ્વર્ગસ્થ થયા બાદ વી. નિ. સં. ૧૯૬૩માં આચાર્ય હરિમિત્રના પટ્ટધર ચુમાલીસમા યુગપ્રધાનાચાર્ય પદ પર વિશાખ મુનિને અધિષ્ઠિત કરવામાં આવ્યા. એવું અનુમાન કરવામાં આવે છે કે વી. નિ. સં. ૨૦૦૦ સુધી અર્થાત્ ૩૭ વર્ષ સુધી તેઓ યુગપ્રધાનાચાર્ય રહ્યા. એમની નિશ્રામાં નિશીથની થોડી પ્રતોનું આલેખન થયું હતું. 'મહત્તર' પદવી વિભૂષિત વિશાખગણિ અતુલ જ્ઞાનના ભંડાર અને વિશુદ્ધ શ્રમણાચારના પ્રતીક હતા. વી. નિ. સં. ૨૦૦૦ (વિ. સં. ૧૫૩૦)માં એમનો સ્વર્ગવાસ થયા પછી થોડાં અંગશાસ્ત્રોનો વ્યવચ્છેદ (હ્રાસ) થયો. વિશાખાચાર્યની વિદ્યમાનતાના પ્રમાણથી આપણે એવા નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે, વી. નિ. સં. ૨૦૦૦ (વિ. સં. ૧૫૩૦) સુધી વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરનારી યુગપ્રધાન પરંપરા ભલે ક્ષીણ અવસ્થામાં રહી હોય પણ તે વિદ્યમાન અવશ્ય રહી.

અહીં પ્રત્યેક વિજ્ઞના મનમાં સહજ એવી શંકા ઉત્પન્ન થઈ શકે કે - 'વિ. સં. ૧૫૦૮માં જ મહાન ધર્મોદ્ધારક લોંકાશાહનો અભ્યુદય થઈ ગયો હતો. વિ. સં. ૧૫૩૧માં તો ભાણજી આદિ ૪૫ મુમુક્ષાઓએ લોંકાશાહના ઉપદેશોથી પ્રબુદ્ધ થઈ લોંકાશાહ દ્વારા પુનઃ પ્રકાશમાં લાવવામાં આવેલ આડંબરરહિત વિશુદ્ધ જૈનમતમાં શ્રમણદીક્ષા ગ્રહણ કરી લીધી હતી, આવી સ્થિતિમાં અગર તે વખતે વિ. સં. ૧૪૯૩ થી ૧૫૩૦ની અવધિમાં વિશાખગણિ વિદ્યમાન હતા તો ક્યાંક ને ક્યાંક એમની પરંપરાનો ઉલ્લેખ તો મળવો જોઈએ, લોંકાશાહ સાથે પણ એમનો સાક્ષાત્કાર થવો જોઈએ.'

આ શંકાની બાબતમાં એટલું કહી શકાય કે સ્વયં લોંકાશાહનો જન્મ, જન્મસ્થાન, માતા-પિતાનું નામ, એમની કૃતિઓ, જીવનચર્યા, સ્વર્ગારોહણ આદિ એમના જીવનનાં અધિકાંશ મહત્ત્વપૂર્ણ તથ્ય હજી સુધી પ્રમાણભૂત રીતે પ્રકાશમાં આવ્યા નથી. આવી સ્થિતિમાં કોઈ નિશ્ચિત રીતે એમ કહેવા સક્ષમ નથી કે લોંકાશાહનો વિશાખગણિ સાથે સાક્ષાત્કાર થયો હતો કે નહિ. 'તિત્થોગાલી પઈણ્ણય' અને 'નિશીથ'ની

પ્રશસ્તિથી તો એમ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે કે વી. નિ. સં. ૨૦૦૦ (વિ. સં. ૧૫૩૦) સુધી વિશાખગણિ વિદ્યમાન હતા.

શ્વેતાંબર પરંપરાની ઉપલબ્ધ પટ્ટાવલીઓમાં તો ક્યાંય વિશાખગણિ કે વિશાખમુનિનો ઉલ્લેખ જોવા મળતો નથી પણ દિગંબર પરંપરાની પટ્ટાવલીઓમાં અને કથિત 'નંદી આમ્નાયની પટ્ટાવલી'માં ચૌદ પૂર્વધર અંતિમ શ્રુતકેવળી આચાર્ય ભદ્રબાહુના પટ્ટધર તરીકે વિશાખાચાર્યનો ઉલ્લેખ મળે છે, જેમને પ્રથમ દશપૂર્વધર બતાવવામાં આવેલા છે. આ વિશાખાચાર્ય સિવાય અન્ય કોઈ વિશાખાચાર્યનો ઉલ્લેખ દિગંબર પરંપરાની પટ્ટાવલીઓમાં જોવા મળતો નથી. એ વિશાખામુનિનો આચાર્ય-કાળ વી. નિ. સં. ૧૬૩ થી ૧૭૩ સુધીનો ૧૦ વર્ષનો જણાવ્યો છે.

તો હવે પ્રશ્ન એમ ઉપસ્થિત થાય કે શું વી. નિ. સં. ૧૬૩ થી ૧૭૩ સુધી આચાર્યપદ પર રહેલા દશપૂર્વધર વિશાખાચાર્ય જ નિશીથની પ્રશસ્તિમાં ઉલ્લેખિત વિશાખગણિ છે ? અનેક નક્કર તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી એ નિષ્કર્ષ નીકળે છે કે દિગંબર પરંપરાની માન્યતાનુસાર વી. નિ. સં. ૧૬૩ થી ૧૭૩ સુધી આચાર્યપદે રહેલા વિશાખાચાર્ય કોઈ પણ સંજોગોમાં ઉપરોક્ત પ્રશસ્તિ દ્વારા અભિપ્રેત વિશાખગણિ ન હોઈ શકે.

'તિત્થોગાલી પઇણ્ણય'ની વિ. સં. ૧૪૫૨માં લિખિત તાડપત્રીય પ્રત પાટણ ભંડારમાં સચવાયેલી છે. એમાં વીર નિર્વાણ પછી કયા કયા અંગનો ક્યા વર્ષે હ્રાસ થયો હશે, એના વિવરણની સાથોસાથ એ અંગોને સંપૂર્ણ સ્વરૂપે ધારણ કરનાર અંતિમ શ્રમણના નામનો પણ ઉલ્લેખ થયો છે. આ વિવરણ - સાર નીચે મુજબ છે :

૧. પ્રથમ દશપૂર્વધર આચાર્ય સ્થૂલભદ્ર થયા.

૨. અંતિમ દશપૂર્વધર આચાર્ય સત્યમિત્ર થયા.

૩. વી. નિ. સં. ૧૦૦૦માં ઉત્તરવાચક વૃષભ(દેવર્ધિ ક્ષમાશ્રમણ)ની સાથે પૂર્વગત જ્ઞાન નષ્ટ થઈ જશે.

૪. વી. નિ. સં. ૧૨૫૦માં દિન્નગણિ પુષ્યમિત્રના સ્વર્ગસ્થ થવાથી ૮૪૦૦૦ પદોવાળા અતિ વિશાળ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અંગ એકાએક સંકુચિત થઈ જશે અને એની સાથે છ અંગોનો હ્રાસ થશે.

૫. વી. નિ. સં. ૧૩૦૦માં માઢરગોત્રીય આચાર્ય સંભૂતિના સ્વર્ગવાસ થવાથી સમવાયાંગનો હ્રાસ થશે.

૬. વી. નિ. સં. ૧૩૫૦ કે ૧૩૬૦માં આચાર્ય આર્જવયતિ(સંભૂતિ)ના સ્વર્ગવાસ થવાથી સ્થાનાંગનો વ્યવચ્છેદ થશે.

૭. વી. નિ. સં. ૧૪૦૦માં કાશ્યપ-ગોત્રીય જ્યેષ્ઠ ભૂતિ(જ્યેષ્ઠાંગગણિ)ના નિધન પર કલ્પવ્યવહાર સૂત્રનો હ્રાસ થશે.

૮. વી. નિ. સં. ૧૫૦૦ કે ૧૫૨૦માં ગૌતમ-ગૌત્રીય આચાર્ય ફલ્ગુમિત્રનો સ્વર્ગવાસ થવાથી દશાશ્રુત સ્કંધનો વ્યવચ્છેદ થશે.

૯. વી. નિ. સં. ૧૯૦૦માં ભારદ્વાજ-ગોત્રીય આચાર્ય મહાસુમિણ (સુમિણમિત્ર અથવા સ્વપ્નમિત્ર)ના સ્વર્ગવાસ પછી સૂત્રકૃતાંગનો હ્રાસ થશે.

૧૦. વી. નિ. સં. ૨૦૦૦માં વિશાખ મુનિના સ્વર્ગસ્થ થવાથી વી. નિ. સં. ૨૦૦૦ થી ૩૦૦૦ વચ્ચેની અવધિમાં થોડાં અંગોનુ જ્ઞાન વિચ્છિન્ન થઈ જશે.

૧૧. વી. નિ. સં. ૨૦૦૦૦(વીસ હજાર)માં હારિત-ગોત્રીય વિષ્ણુ-મુનિના સ્વર્ગસ્થ થવાથી આચારંગનો વ્યવચ્છેદ થઈ જશે.

૧૨. વી. નિ. સં. ૨૧૦૦૦ની અમુક ક્ષણો બાકી રહેતા-રહેતા અંતિમ આચારાંગધર આચાર્ય દુઃપ્રસહના સ્વર્ગસ્થ થવાથી ચારિત્ર સહિત આચારાંગ પૂર્ણતઃ નષ્ટ થઈ જશે.

આ રીતે 'તિત્થોગાલી પઈણ્ણય'માં વી. નિ. સં. ચોંસઠમા આર્ય જંમ્બૂના મુક્ત થવાથી કેવળજ્ઞાન આદિ ૧૦ પ્રકૃષ્ટ આધ્યાત્મિક શક્તિઓના વિચ્છેદ સહિત વી. નિ. સં. ૧૭૦ થી ૨૧૦૦૦ સુધી દ્વાદશાંગીના હ્રાસનું અતિ સંક્ષિપ્ત વિવરણ ઉપલબ્ધ છે. સ્વયં ભગવાન મહાવીરના ઉપદેશના આધારે ગણધરો દ્વારા ગુંફિત ૧૦૦૦૦૦ શ્લોક - પ્રમાણ તિત્થોગાલી પઈણ્ણય નામના પૂર્વકાળમાં વિદ્યમાન વિશાળ ગ્રંથના આધાર પર આ કૃશકાય તિત્થોગાલી પઈણ્ણયની રચના કરવામાં આવી. ત્રિકાલદર્શી ભગવાન મહાવીરની દેશનાના આધારે ગણધરો દ્વારા ગ્રથિત આગમો અને એના આધારે પશ્ચાદ્‌વર્તી આચાર્યો દ્વારા ગ્રથિત ગ્રંથોમાં ભાવિ ઘટનાઓનો ઉલ્લેખ જોઈને કોઈએ આશંકિત કે વિસ્મિત થવું જોઈએ નહિ.

સાઠમા આચાર્ય લાલજી સ્વામી

	સાઠમા આચાર્ય લાલજી સ્વામી	એકસઠમા આચાર્ય જ્ઞાનઋષિ
જન્મ	વી. નિ. સં. ૧૯૦૦	વી. નિ. સં. ૧૯૨૭
દીક્ષા	વી. નિ. સં. ૧૯૩૮	વી. નિ. સં. ૧૯૪૩
આચાર્યપદ	વી. નિ. સં. ૧૯૫૭	વી. નિ. સં. ૧૯૮૭
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૧૯૮૭	વી. નિ. સં. ૨૦૦૭
ગૃહવાસપર્યાય	૩૮ વર્ષ	૧૬ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	૧૯ વર્ષ	૪૪ વર્ષ
આચાર્યપર્યાય	૩૦ વર્ષ	૨૦ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	૪૯ વર્ષ	૬૪ વર્ષ
પૂર્ણ આયુ	૮૭ વર્ષ	૮૦ વર્ષ

બાંસઠમા આચાર્ય નાનગજી સ્વામી

	બાસઠમા આચાર્ય નાનગજી સ્વામી	ત્રેંસઠમા આચાર્ય રૂપજી સ્વામી
જન્મ	વી. નિ. સં. ૧૯૪૪	વી. નિ. સં.૧૯૭૨
દીક્ષા	વી. નિ. સં. ૧૯૭૦	વી. નિ. સં. ૨૦૦૪
આચાર્યપદ	વી. નિ. સં. ૨૦૦૭	વી. નિ. સં.૨૦૩૨
સ્વર્ગારોહણ	વી. નિ. સં. ૨૦૩૨	વી. નિ. સં. ૨૦૫૨
ગૃહવાસપર્યાય	૨૬ વર્ષ	૩૨ વર્ષ
સામાન્ય સાધુપર્યાય	૩૭ વર્ષ	૨૮ વર્ષ
આચાર્યપર્યાય	૨૫ વર્ષ	૨૦ વર્ષ
પૂર્ણ સંયમપર્યાય	૬૨ વર્ષ	૪૮ વર્ષ
પૂર્ણ આયુ	૮૮ વર્ષ	૮૦ વર્ષ

ધર્મોદ્ધારક લોંકાશાહ

લોંકાશાહથી પૂર્વ જૈનસંઘની સ્થિતિ

ધર્મસંઘની વિકૃત અવસ્થા જોઈને સર્વપ્રથમ મહામનીષી અતુલ સાહસી આચાર્ય વર્ધમાનસૂરિએ વિકૃતિ તરફ પ્રવૃત્ત થયેલા ધર્મસંઘના ઉદ્ધાર માટે ક્રિયોદ્ધારનો શંખનાદ કર્યો. ત્યાર બાદ વર્ધમાનસૂરિના ઉત્તરવર્તી કાળના જે જે મહાપુરુષોએ શ્રમણ ભગવાન મહાવીરના ધર્મસંઘમાં પ્રવેશેલી વિકૃતિઓના ઉન્મૂલન માટે ક્રિયોદ્ધાર કર્યા, તે વસ્તુતઃ આંશિક ક્રિયોદ્ધાર જ હતા. એ અધૂરાં ક્રિયોદ્ધારોના કારણે ધર્મસંઘને હાનિ પણ ઉઠાવવી પડી. એ મહાપુરુષોએ વખતોવખત જે ક્રિયોદ્ધાર કર્યા એના કારણે ધર્મસંઘમાં ગચ્છો વધતા ગયા. સંઘ નાના ટુકડાઓમાં વિભક્ત થઈને એક દુર્બળ ધર્મસંઘ તરીકે રહી ગયો. ભિન્ન-ભિન્ન ગચ્છની ભિન્ન-ભિન્ન માન્યતાઓના કારણે મહાન ધર્મસંઘ કલહ, ઈર્ષા, દ્વેષના ગઢ જેવો બની ગયો. સંઘની દશા દયનીય થઈ ગઈ.

ચૈત્યવાસી પંરપરાના સૂત્રધારો અને કર્ણધારોએ સર્વજ્ઞ પ્રણીત આગમોની અપેક્ષાએ પોતાના મસ્તિષ્કની ઊપજને પોતાની સ્વાર્થ-સિદ્ધિ માટે સર્વોપરી માનતા ચૈત્યવાસી સાધુઓ માટે દસ નિયમ બનાવ્યા હતા. એમાં આગમો વિરુદ્ધ એક પ્રકારનો ખુલ્લો વિદ્રોહ ઘોષિત કરનારો નવમો નિયમ આ રીતે છે : "સાધુ આ પ્રકારની ક્રિયાઓનું સ્વયં આચરણ કરે તથા એ ક્રિયાઓનાં વિધિ-વિધાનોનો ઉપદેશ અને પ્રસાર-પ્રચાર કરી લોકોને તેનું પાલન કરાવે, જે ધીમે ધીમે મોક્ષમાર્ગની તરફ લઈ જાય. અગર આ પ્રકારનાં વિધિ-વિધાનોનો આગમોમાં ઉલ્લેખ નથી, તો આગમોની ઉપેક્ષા કરો. આગમોમાં અગર આ ક્રિયાઓનો નિષેધ છે, તો આગમ-વચનનો અનાદર કરી એ ક્રિયાઓ સ્વયં કરતા રહો તથા બીજાઓ પાસે એ ક્રિયાઓનું આચરણ કરવાતા રહો, કારણ કે ભગવાનનો સિદ્ધાંત અનેકાંતમય છે. અનેક અકરણીય કાર્યો કરવાના અને અનેક કરવાયોગ્ય કાર્યોને ન કરવાનો ઉલ્લેખ આગમોમાં અનેક સ્થાનો પર છે."

આ પ્રકારના નિયમ થઈ જવાથી ચૈત્યવાસીઓને આગમ વિરુદ્ધ આચાર-વિચાર, માન્યતા, રીતિ-રિવાજ આદિને પોતાના સંઘમાં

પ્રચલિત કરવા, કરાવવા તથા શિથિલાચારનું અવલંબન લેવાનો ખુલ્લો અવસર પ્રાપ્ત થઈ ગયો.

એ રીતે પ્રથમ ક્રિયોદ્ધારક આચાર્ય વર્ધમાનસૂરિ દ્વારા પાટણની રાજસભામાં આ પ્રકારની સ્પષ્ટ ઘોષણા થઈ હતી કે - 'આપણે માત્ર ગણધરો અને ચતુર્દશ પૂર્વધરો દ્વારા ગ્રથિત આગમ જ માન્ય છે, ન કે કોઈ ઇતર ગ્રંથ. તેમ છતાં આગળ જતાં ન કેવળ વર્ધમાનસૂરિ દ્વારા સંસ્થાપિત શ્રમણ પરંપરામાં જ, પરંતુ સુવિહિત કહેવાતી મોટા-ભાગની દરેક પરંપરામાં પંચાગી(આગમ), નિર્યુક્તિ, ભાષ્ય ચૂર્ણિ અને ટીકાને પણ પરમ પ્રામાણિક માનવાનો પ્રારંભ કરી દીધો. આ રીતે ભગવાન મહાવીરના નિતાંત અધ્યાત્મપરક ધર્મસંઘમાં અનેક પ્રકારની અનાગમિક માન્યતાઓ, આડંબરપૂર્ણ વિધિ-વિધાનોને પ્રવેશવાનું પ્રવેશદ્વાર સદાયને માટે ખૂલી ગયું.

ભગવાન મહાવીરના વિશ્વકલ્યાણકારી ધર્મસંઘની આ પ્રકારની દયનીય પરિસ્થિતિથી દ્રવિત થઈને લોંકાશાહે એકમાત્ર આગમને જ સર્વોપરી પરમ પ્રામાણિત અને પરમ કલ્યાણકારી માનવાનો ઉદ્‌ઘોષ કરવાની સાથે સંપૂર્ણ ધર્મક્રાંતિ રૂપે પૂર્ણ ક્રિયોદ્ધારનો શંખનાદ કર્યો.

લોંકાશાહનો આવિર્ભાવ

વિશ્વકલ્યાણકારી જૈન ધર્મના મૂળ સ્વરૂપ પર છવાયેલા બાહ્યાડંબર, ભૌતિક કર્મકાંડ અને શિથિલાચારના ઘટાટોપને છિન્ન-ભિન્ન કરવાના દૃઢ સંકલ્પથી લોંકાશાહે સાહસ અને શૌર્યની સાથે વિ. સં. ૧૫૦૮માં આગમાનુસારિણી સર્વાંગપૂર્ણ ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો. એમણે વાણીની સાથે-સાથે લેખિનીના માધ્યમથી સર્વજ્ઞ પ્રરૂપિત, સર્વદર્શી દ્વારા પ્રદર્શિત સદ્‌ધર્મના આગમાનુસારી મૂળ સ્વરૂપને લોકો સમક્ષ પ્રસ્તુત અને પ્રકાશિત કરવાની શરૂઆત કરી. એમણે એકાદશાંગીના પ્રમુખ અંગ આચારાંગ, સૂત્રકૃતાંગ આદિના આધારે પોતાના ઉપદેશો અને આગમોના સાર સ્વરૂપે પોતે એ સમયની લોકભાષામાં લખાયેલ બોલો, પ્રશ્નો આદિના માધ્યમથી જન-જનનાં મન-મસ્તિષ્ક અને હૃદયમાં એ પ્રકારની અતૂટ આસ્થા ઉત્પન્ન કરી દીધી કે અહિંસામૂલક, દયાપ્રધાન જૈન ધર્મમાં નાની-મોટી કોઈ પણ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. અધ્યાત્મપરક જૈન ધર્મમાં દ્રવ્યાર્ચનના રૂપમાં મૂર્તિપૂજા અને બાહ્યાડંબર માટે કિંચિત્ માત્ર પણ સ્થાન નથી.

લોંકાશાહની લેખિની અને વાણીના માધ્યમથી પંચમહાવ્રતધારી શ્રમણોના શ્રમણાચારના વિશુદ્ધ મૂળ શાસ્ત્રીય સ્વરૂપને જૈન ધર્મના વિશુદ્ધ આગમિક સ્વરૂપને જાણીને લોકો, તત્કાલીન શ્રમણ-શ્રમણી વર્ગમાં વ્યાપ્ત પરિગ્રહ, આરંભ, સમારંભ પ્રધાન શિથિલાચારની વિરુદ્ધ ખુલ્લો વિદ્રોહ કરવા કટિબદ્ધ થયા. પરિગ્રહના પંકમાં આકંઠ નિમગ્ન સાધુ નામધારી યતિવર્ગના વર્તુળમાં લોંકાશાહના શાસ્ત્ર સંમત શંખનાદથી ભયંકર ભૂકંપ આવી ગયો. નામધારી શ્રમણોના અનેકાનેક વિભિન્ન ગચ્છો, આચાર્યો, મઠાધીશો અને શ્રીપૂજ્યોના વહીવટથી સુવર્ણ, રજત, મોતી, રત્નજડિત પાલખીઓ, છડી-છત્ર, ચામરોની ભેટ આદિના સ્વરૂપમાં જે વિપુલ દ્રવ્યની બારેમાસ અવિરત આવક થતી હતી, એ આવકના સ્રોત અવરોધાયાં. પોતાની અમર્યાદ આવક અને સુવિધાનાં સ્રોતોમાં અવરોધ આવવાના કારણે તે લોકો આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. તેઓ બધા મળીને સંપીને શામ-દામ-દંડ-ભેદ આદિની યથેચ્છ નીતિ અપનાવી, તત્પરતાથી લોંકાશાહનો વિરોધ કરવા લાગ્યા અને એમની વિરુદ્ધ અહર્નિશ છળ-પ્રપંચપૂર્ણ ષડ્યંત્રોની રચનામાં મગ્ન રહેવા લાગ્યા.

આ વિરોધ, ઉપસર્ગો અને વિઘ્ન-અવરોધોથી લોંકાશાહ લેશપાત્ર વિચલિત ન થયા. સંપૂર્ણ ક્રાંતિના કંટકછાયા પ્રશસ્ત પથ પર એમના ચરણ આગમિક ઉદ્ધરણોના ઉદ્‌ઘોષોની સાથે-સાથે શત-શત ગુણિત વેગથી આગળ ને આગળ વધવા લાગ્યા.

લોંકાશાહના આગમિક ઉપદેશોને સાંભળવા માટે ચારેબાજુથી શ્રદ્ધાળુઓ આવવા લાગ્યા. તેઓ જૈન ધર્મના સર્વજ્ઞ પ્રણીત વિશુદ્ધ સ્વરૂપના પ્રગાઢ નિષ્ઠાવાન અનુયાયી બનીને લોંકાશાહની સમગ્ર ધર્મ-ક્રાંતિને સશક્ત બનાવવામાં સક્રિય સહયોગ આપવા લાગ્યા. લોંકાશાહે શિથિલાચાર ને શિથિલાચારીઓ દ્વારા જૈનસંઘમાં પ્રચલિત કરવામાં આવેલા આડંબરપૂર્ણ કર્મકાંડો અને ભૌતિક વિધિવિધાનોનો સ્પષ્ટ શબ્દોમાં વિરોધ કર્યો. ધર્મના આગમિક સ્વરૂપને સાંભળવા-સમજવા માટે પ્રતિદિન ઉપસ્થિત થનાર જનસમૂહને એમણે સારરૂપે સમજાવવાનું શરૂ કરી દીધું કે - 'જિનેશ્વર પ્રભુ દ્વારા આગમોમાં પ્રદર્શિત ધર્મમાર્ગ પર ચાલનાર મુમુક્ષુ જ સાચો જૈન છે. તીર્થ પ્રવર્તનકાળમાં આર્યાવર્તના કોઈ પણ નગર, ગામ અથવા સ્થાનમાં ક્યાંય પણ જિનમંદિરો, જૈનચૈત્યો

અને જૈનપ્રતિમાઓનું અસ્તિત્વ પણ ન હતું. આગમોમાં અનાદિ અને અનંત માનવામાં આવેલા દ્વાદશાંગીમાં જિનમંદિરના નિર્માણ, જિનેશ્વરોની મૂર્તિની પ્રતિષ્ઠા, અર્ચના, પૂજા, તીર્થયાત્રા આદિનો ક્યાંય નામમાત્રનો પણ ઉલ્લેખ નથી. અતીતની અનંત ચોવીશીઓ અને વર્તમાન અવસર્પિણી-કાળની ચોવીશીના કોઈ પણ તીર્થંકર પ્રભુએ પોતાનાં પ્રવચનોમાં ક્યારેય આ પ્રકારનો ઉપદેશ નથી આપ્યો કે - 'જિનમંદિર નિર્માણ, જૈનપ્રતિમાપૂજા, પ્રતિષ્ઠા અથવા વંદનથી પ્રાણીને મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

અધ્યાત્મવાદી જૈન ધર્મમાં આડંબરપૂર્ણ ભૌતિક વિધિ-વિધાન, ચૈત્ય-નિર્માણ આદિનો સમાવેશ વીર નિર્વાણની અનેક શતાબ્દીઓ પછી નિયતનિવાસી-ચૈત્યવાસી મઠાધીશો દ્વારા કરવામાં આવ્યો. પોતાની કપોલ કલ્પનાના આધારે ધર્મસંઘમાં ધર્મના નામે પ્રવેશી ગયેલાં વિધિ-વિધાનોને પરંપરાગત સિદ્ધ કરવાના ઉદ્દેશથી ચૈત્યવાસીઓ દ્વારા નિગમોપ-નિષદોની રચનાઓ કરવામાં આવી. એ નિગમોપનિષદોની ગહન છાપ નિર્યુક્તિઓ, વૃત્તિઓ, ચૂર્ણિઓ અને ભાષ્યો પર સ્પષ્ટતઃ દૃષ્ટિગોચર થાય છે. આ કારણે કોઈ પણ સાચા જૈન માટે નિગમોપનિષદોની જેમ નિર્યુક્તિઓ, વૃત્તિઓ, ચૂર્ણિઓ અને ભાષ્ય અક્ષરશઃ માન્ય નથી. જૈનમાત્ર માટે જિનોપદિષ્ટ કેવળ આગમ જ માન્ય છે, નહિ કે સંપૂર્ણ પંચાંગી.

આગમજ્ઞાન અને આગમ આધારિત લોંકાશાહના ઉપદેશોના અથાક પરિશ્રમથી લોકો ખૂબ પ્રભાવિત થયા. લાખોની સંખ્યામાં જૈનધર્માવ-લંબી પ્રબુદ્ધ થઈ પોતાના શિથિલાચારી કુલગુરુઓ, આગમ વિરુદ્ધ આચરણ કરનાર પરિગ્રહી આચાર્યો અને મઠાધીશોથી પોતાનો નાતો છોડાવી લોંકાશાહ દ્વારા પ્રદર્શિત વિશુદ્ધ આગમિક પથના પથિક થઈ ગયા. વિ. સં. ૧૫૩૦થી પર્યાપ્ત સમય પૂર્વે જ ગુજરાતથી લઈ આગરા સુધીનું ક્ષેત્ર લોંકાશાહના પ્રભાવમાં આવી ચૂક્યું હતું, અને ત્યાંના અનુયાયી બહુસંખ્યકની કોટિમાં આવી ચૂકયા હતા. માત્ર એટલું જ નહિ, શિથિલાચારગ્રસ્ત દ્રવ્ય પરંપરાના અનેક સાધુ પણ લોંકાશાહના આગમિક ઉપદેશોથી અને તેમના દ્વારા થયેલા ૫૮ બોલો, ૩૪ બોલો, ૧૩ પ્રશ્નો અને પરંપરા વિષયક સારગર્ભિત પ્રશ્નોથી પ્રભાવિત થઈને લોંકાશાહના અનુયાયી થઈ ગયા અને એમના કાર્યમાં સહાયતા કરવા લાગ્યા.

લોંકાશાહે આગમો અનુસાર સર્વજ્ઞ પ્રણીત જૈન ધર્મના વાસ્તવિક સ્વરૂપનો ઉપદેશ આપીને જિનમતીના નામથી જે પરંપરાનો પ્રચાર-પ્રસાર કર્યો હતો; એ વિ. સં.૧૫૩૦ પૂર્વે જ દૂર દૂરના પ્રદેશોમાં બહુમત-સંમત અને લોકપ્રિય થઈ ગઈ હતી. આ વાતનું પ્રમાણ વિ. સં.૧૫૩૦ની 'લુકામત પ્રતિબોધ કુલક' નામની કૃતિથી મળે છે.

આ કૃતિમાં કુલકકારે પોતાની આંખે જોયેલા લોકાગચ્છના સર્વવ્યાપી વર્ચસ્વ પર પોતાના આંતરિક શોકોદ્‌ગાર અભિવ્યક્ત કર્યા છે. આ કુલકમાં ઉલ્લેખિત વિવરણોથી નીચે મુજબનાં તથ્યો પ્રકાશમાં આવે છે :

૧. વિ. સં. ૧૫૩૦માં લોંકાશાહ દ્વારા પ્રકાશમાં આવેલ જૈન ધર્મનું મૂળ સ્વરૂપ ધંધુકા અને પાટણ આદિ ક્ષેત્રોમાં અત્યાધિક લોકપ્રિય થઈ ગયું હતું. દૂર દૂર સુધી પ્રસરી ગયું હતું.

૨. એમાં ઉલ્લેખિત હર્ષકીર્તિ દ્વારા કરવામાં આવેલા લોંકામતના પ્રચારના વિવરણથી એમ પ્રગટ થાય છે કે તત્કાલીન વિભિન્ન પરંપરાઓના શ્રમણ પણ જૈન ધર્મસંઘમાં શતાબ્દીઓથી ઘર કરેલી વિકૃતિઓ, બાહ્યાડંબરો અને અનાગમિક માન્યતાઓનો વિરોધ કરવા અને લોંકાશાહ દ્વારા પ્રકાશિત સત્યમાર્ગનું અનુસરણ કરવા માટે કટિબદ્ધ થઈ ગયા હતા.

૩. લોંકાશાહ દ્વારા પ્રકાશમાં લાવવામાં આવેલા વિશુદ્ધ આગમિક ધર્મ તરફ જનમત એટલો આકર્ષિત થઈ ચૂક્યો હતો કે દ્રવ્ય પરંપરાઓના સાધુઓની વાત સાંભવવા માટે કોઈ તૈયાર ન હતું.

લોંકાશાહ દ્વારા વિ. સં.૧૫૦૮માં જે ધર્મક્રાંતિનો સૂત્રપાત્ર કરવામાં આવ્યો, એ તીવ્ર ગતિથી ભારતના વિભિન્ન સુદૂરસ્થ પ્રદેશોમાં વ્યાપી ગયો. લોંકાશાહના આગમપરક ઉપદેશોને સાંભળવા ધર્મનિષ્ઠ વ્યક્તિઓને ખૂબ રસ પડ્યો. લોંકાશાહના માધ્યમથી જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને સાત્ત્વિક સ્વરૂપ લોકપ્રિય થયું અને અનુકરણીય શ્રદ્ધા-આસ્થાનું કેન્દ્ર બન્યું. વિ. સં. ૧૫૦૮માં જન-જન સમક્ષ અને દ્રવ્ય પરંપરાઓના વિદ્વાનો અને આચાર્યોની સમક્ષ રાખવામાં આવેલા લોંકાશાહના ઐતિહાસિક ૩૪ બોલ એના સાક્ષી છે. એ સિવાય લોંકાશાહના ૫૮ બોલ, પરંપરા વિષયક ૫૪ બોલ, અને લોંકાએ પૂછેલ ૧૩ પ્રશ્ન અને તેના ઉત્તરો જેવી કૃતિઓ પણ બહુચર્ચિત છે.

અનાગમિક માન્યતાઓ પ્રત્યે શ્રદ્ધા ડગમગી

લોંકાશાહ દ્વારા પ્રચારિત ને પ્રસારિત કરવામાં આવેલા જૈનાગમનોના નિચોડ - નિષ્કર્ષ રૂપે જૈન ધર્મ અને શ્રમણાચારના વિશુદ્ધ સ્વરૂપ પર પૂર્ણ પ્રકાશ પાડનાર ૧૩ પ્રશ્નો, ૫૮ બોલો, ૩૪ બોલો તથા 'કેહની પરંપરા' શીર્ષકવાળા ૫૪ પ્રશ્નો આદિ સાહિત્યનો જૈન ધર્માવલંબી જન-જન પર ચમત્કારિક પ્રભાવ પડ્યો. એનાથી ન કેવળ શ્રાવક-શ્રાવિકા વર્ગે જ, અપિતુ હર્ષકીર્તિ જેવા આત્માર્થી શ્રમણો સુધીનાએ પરિગ્રહ સંચિત કરવામાં અહર્નિશ નિરત દ્રવ્ય પરંપરાઓના શિથિલાચારી કર્ણધારોની વિરુદ્ધ, એમની અનાગમિક માન્યતાઓની વિરુદ્ધ ખુલ્લો વિરોધ કરવાનું શરૂ કરી દીધું. એમણે પોતાની શિથિલાચારી પરંપરાઓનો પરિત્યાગ કરી લોંકાશાહ દ્વારા પ્રકાશમાં લાવવામાં આવેલા વિશુદ્ધ આગમિક મુક્તિપથનો પ્રસાર-પ્રચાર કરવાનો પ્રારંભ કરી દીધો.

આ રીતે લોંકાશાહ દ્વારા પ્રારંભાયેલી આગમાનુસારિણી અભિનવ ધર્મક્રાંતિનો એવો ચમત્કારી પ્રભાવ પડ્યો કે દ્રવ્ય પરંપરાઓના શતાબ્દી-ઓથી સુદૃઢ અને સશક્ત ગઢ પડવા લાગ્યા. શ્રમણાચાર અને ધર્મના વિશુદ્ધ સ્વરૂપ પર શિથિલાચારગ્રસ્ત દ્રવ્ય પરંપરાઓના નાયકો દ્વારા નાખવામાં આવેલાં, આચ્છાદિત કરવામાં આવેલાં અનાગમિક આવરણોના આડંબર પ્રબળ-પ્રચંડ ઝંઝાવાતમાં ઊડી જવા લાગ્યા. લોંકાશાહ દ્વારા કરવામાં આવેલા આ પ્રકારના તથ્ય-પ્રાગટ્યથી શિથિલાચાર પરાયણ અનાગમિક દ્રવ્ય પરંપરાઓના કર્ણધારોના આવકના સ્રોત, અવરુદ્ધ થઈ ગયા. આમ થઈ જવાથી એમણે લોંકાશાહને પોતાના શત્રુ સમજીને કેવળ લોંકાશાહની વિરુદ્ધ જ, અપિતુ એમનાં માતા-પિતાની વિરુદ્ધ પણ હીન ભાષાના સાહિત્યની રચના કરીને અનર્ગલ પ્રલાપ કર્યો.

શિથિલાચારગ્રસ્ત દ્રવ્ય પરંપરાઓના વિદ્વાનો દ્વારા લોંકાશાહના વ્યક્તિત્વ, જીવન અને કર્તૃત્વ સંબંધમાં અનેક ભ્રાંત ધારણાઓ, પ્રચલિત કરવામાં આવી. જૈન સાહિત્યમાં અને અન્ય સ્રોતોથી લોંકાશાહના જીવનવૃત્ત પર પ્રકાશ પાડનાર ભિન્ન-ભિન્ન પ્રકારની માન્યતાઓ પ્રાપ્ત થાય છે. લોંકાશાહનું જન્મસ્થાન, જન્મકાળ, લોંકાશાહ દ્વારા શાસ્ત્ર લખવાનો સમય, લોંકાશાહ દ્વારા ઉપદેશ દેવાનો સંવત, લોંકાશાહ દ્વારા

શુદ્ધ સાધુ માર્ગનું પ્રવર્તન, લોંકાશાહના દીક્ષિત હોવા ન હોવા વિશે અભિમત, લોંકાશાહના સંબંધમાં દિગંબરાચાર્ય રત્ન્નંદિના વિચાર આદિની બાબતમાં 'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ-ભાગ-૪'(મૂળ વિસ્તૃત ગ્રંથ)માં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

લોંકાગચ્છ પરંપરા : મૂળનામ જિનમતિ

સમસ્ત જૈન સાહિત્યમાંથી પસાર થયા પછી અત્યાર સુધી ઉપલબ્ધ સંદર્ભો જોતાં લોંકાશાહ દ્વારા સંસ્થાપિત પરંપરાના લોંકાગચ્છ, લૂંપકગચ્છ, લૂંપાકગચ્છ અને જિનમતિ - આ ચાર નામ સિવાય કોઈ નામ મળતું નથી. જ્યાં સુધી લોંકાગચ્છ નામકરણનો પ્રશ્ન છે ; લોંકાશાહ જેવા આદર્શ ત્યાગી અને જિનશાસન-પ્રેમી મહાપુરુષ પોતાની હયાતીનાં કોઈ પણ સંજોગોમાં પ્રભુ મહાવીરના મહાન ધર્મસંઘનું નામ પોતાના નામ પર 'લોંકાગચ્છ' રાખવા માટે સહમત ન જ થાય. 'લૂંપકગચ્છ' ને 'લૂંપાકગચ્છ' બે નામથી આ વિશુદ્ધ પરંપરાનું નામકરણ કરવાનો જ્યાં સુધી પ્રશ્ન છે, 'લૂંપક' અને 'લૂંપાક' બંને શબ્દોનો અર્થ છે - ચોર, લૂંટારા અને ડાકૂ. આવી સ્થિતિમાં કોઈ પણ સંભ્યસંઘ પોતાના આવા નામકરણ માટે તૈયાર ન જ થાય એ સ્વયં સ્પષ્ટ છે. એની સાથે જ આ વિશુદ્ધ સાધુ પરંપરાના વિરોધી, પ્રતિપક્ષી અનેક ગચ્છોએ પોતાની પટ્ટાવલીઓ, કવિતાઓ, ચોપાઈઓ આદિમાં આ પરંપરા માટે લૂંકાગચ્છ, લૂંપકગચ્છ અથવા લૂંપાકમત એવા અશિષ્ટ - અભદ્ર શબ્દોનો પ્રયોગ કર્યો છે. આ પ્રકારના અભદ્ર શબ્દોનો આ વિશુદ્ધ શ્રમણ પરંપરા માટે થયેલો પ્રયોગ આજે પણ પ્રતિપક્ષી ગચ્છોના સાહિત્યમાં યત્ર-તત્ર દૃષ્ટિગોચર થાય છે. એ સાથે જ લોંકાગચ્છની અનેકાનેક પટ્ટાવલીઓમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે - 'લોંકાશાહ દ્વારા કરવામાં આવેલ ધર્મોદ્ધારના પરિણામ સ્વરૂપે જે વિશુદ્ધ સાધુમાર્ગ અથવા દયામાર્ગની પરંપરા પ્રચલિત થઈ, એનું નામ વિરોધીઓએ વિદ્વેષના કારણે લૂંકાગચ્છ અથવા લોંકાગચ્છ રાખ્યું.

હવે બાકી રહ્યું એક નામકરણ - જિનમતિ. વડોદરા વિશ્વવિદ્યાલય-માંથી પ્રાપ્ત ગચ્છાચાર વિધિ અને ખંભાત સંઘવી પોળ ભંડારથી પ્રાપ્ત

પટ્ટાવલીના ઉલ્લેખો પર નિષ્પક્ષ અને ગંભીર દૃષ્ટિએ વિચાર કરવાથી એ સિદ્ધ થાય છે કે પૂર્વકાળમાં શતાબ્દીઓ સુધી સુવિહિત પરંપરાના નામથી લોક વિશ્રુત રહેલી પરંપરાને આગમોના પરિપ્રેક્ષ્યમાં જન-જન સમક્ષ પ્રકાશમાં લાવતા લોંકાશાહે એ વખતે આ શાસ્ત્રીય પરંપરાને 'જિનમત' કે 'જિનમતિ' નામથી ઓળખાવી. લોંકાશાહે આગમો પર આધારિત આ વિશુદ્ધ પરંપરાનું નામ જિનમતિ રાખ્યું હતું, એ વાતની પુષ્ટિ શ્રાવકો દ્વારા મુનિઓની સેવામાં પ્રસ્તુત કરવામાં આવેલા વિનંતી પત્રોમાં એમના નામની આગળ અથવા પાછળ 'જિનમતિ' શબ્દના પ્રયોગથી પણ થાય છે. જિનેશ્વરપ્રભુ શ્રમણ ભગવાન મહાવીર દ્વારા ચતુર્વિધસંઘ તીર્થના સ્વરૂપે સ્થાપિત થયેલી વિશ્વકલ્યાણકારિણી ધર્મ પરંપરાને લોંકાશાહ દ્વારા જિનમતિ નામની સંજ્ઞા આપવાનું દરેક રીતે સમુચિત પ્રતીત થાય છે.

લોંકાશાહની માન્યતાઓનો વિરોધ કરવાના લક્ષ્યથી કડુઆમતિ વિદ્વાન રામાકર્ણવેધી દ્વારા વિશાળ ગ્રંથ 'લુંપક વૃદ્ધ હૂંડી'ની રચનાથી અને તત્કાલીન ગચ્છોની પટ્ટાવલીઓમાં ઉપલબ્ધ 'હલાબોલ ઢુંઢક થયો' અર્થાત્ 'જ્યાં જુઓ ત્યાં ચોતરફ લોંકાશાહના જ અનુયાયી દૃષ્ટિગોચર થવા લાગ્યા છે;' આ ઉલ્લેખોથી એમ પ્રગટ થાય છે કે લોંકાશાહના ઉપદેશોમાં કોઈ અતીવ અદ્‌ભુત ચમત્કારી પ્રભાવ હતો અને એમના દ્વારા વિશુદ્ધ શ્રમણધર્મ તરફ તેઓ સહુને આકર્ષિત કરવામાં સક્ષમ હતા. લોંકાશાહે સર્વજ્ઞ પ્રરૂપિત શુદ્ધ જૈન સિદ્ધાંતો પર આધારિત પોતાના ઉપદેશોમાં જીવહિંસાને જૈન ધર્માવલંબીઓના ધાર્મિક કાર્યકલાપોથી સદા-સર્વદા માટે પૂર્ણરૂપેણ સમાપ્ત કરી દેવાના લક્ષ્યથી આચારંગ આદિ સર્વજ્ઞભાષિત અને ગણધરો દ્વારા ગુંફિત આગમોના ઉદ્ધરણોને જન-જન સમક્ષ વિશદ્ વ્યાખ્યા સહિત પ્રસ્તુત કર્યા. એમણે સાહસપૂર્વક સ્પષ્ટ શબ્દોમાં એ બતાવ્યું કે - 'જૈન ધર્મમાં ષડ્‌જીવનિકાય માટે એક પણ પ્રાણીની હિંસા માટે લેશમાત્ર અવકાશ નથી. પ્રાણીમાત્રની જીવન-રક્ષાને, જીવદયાને સર્વોપરી સ્થાન આપવામાં આવ્યું છે.' સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગ પ્રભુ મહાવીરે તીર્થ પ્રવર્તનકાળમાં સર્વપ્રથમ એ જ ઉપેદશ આપ્યો કે - 'પોતાના જીવનની રક્ષાની વાત તો દૂર, મોક્ષની પ્રાપ્તિ

માટે પણ જન્મ-જરા, આધિ-વ્યાધિ અને મૃત્યુથી છુટકારો મેળવવા માટે પણ ષડ્જીવનિકાયના કોઈ પ્રાણીની હિંસા ન કરવામાં આવે. જે હિંસા કરે છે એ અનંતકાળ સુધી ભવભ્રમણ કરતો દારુણ દુઃખોનો ભાગી બને છે.' ચતુર્વિધ ધર્મતીર્થની સ્થાપના કરતી વખતે પ્રભુ મહાવીર દ્વારા સંસારની સમક્ષ પ્રગટ કરવામાં આવેલા આ શાશ્વત સત્યની પુષ્ટિ માટે અન્ય કોઈ પ્રકારની યુક્તિ પ્રસ્તુત કરવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ 'વૈદિકી હિંસા, હિંસા ન ભવતિ'ની જેમ ચૈત્યવાસી આદિ દ્રવ્ય પરંપરાઓના કર્ણધારો દ્વારા શતાબ્દીઓ પૂર્વે અધિકાંશ જૈનોમાં રૂઢ કરવામાં આવેલી ધાર્મિક હિંસાને સ્વીકારતી આગમ વિરુદ્ધ માન્યતાને, રૂઢિને નિરસ્ત કરવા તથા પૂર્વગ્રહથી ગ્રસ્ત લોકોને આગમ પ્રતિપાદિત સત્યપથ પર લાવવા માટે લોંકાશાહને જીવનભર ઝઝૂમવું પડ્યું. અનેક પ્રકારની યુક્તિઓ-પ્રયુક્તિઓ દ્વારા જન-જનને આગમ પ્રતિપાદિત ત્રિકાળ સત્યથી અવગત કરાવવા પડ્યા.

લોંકાશાહ દ્વારા ધર્મના સ્વરૂપમાં પ્રવેશેલી વિકૃતિઓના સમૂળ-વિચ્છેદ માટે અભિસૂત્રિત સર્વહારા ધર્મક્રાંતિના પ્રભાવ-પ્રવાહને ક્ષીણ અને અશક્ત કરવાના અભિપ્રાયથી, વિપુલ પરિગ્રહનો ત્યાગ કરી આનંદવિમલસૂરિ આદિ ત્રણ આચાર્યોએ શામ-દામ-દંડ-ભેદ નીતિનો આશ્રય લઈ જે અભિયાન ચલાવ્યું એ નિરંતર પટ્ટાનુક્રમથી ચાલતું જ રહ્યું. આ પ્રકારના પ્રલોભનાત્મક અને છલપરક અભિયાનના પરિણામ સ્વરૂપ અંતતોગત્વા લોંકાશાહના વિરોધીઓને લોંકાગચ્છમાં દીક્ષિત કરાવ્યા હતા, તે લોકો લોંકાગચ્છ પર છવાઈ ગયા. એમણે લોંકાશાહ દ્વારા સૂત્રિત ધર્મક્રાંતિના મૂળ મંત્રથી વિપરીત દ્રવ્ય પરંપરાઓની માન્યતા 'મૂર્તિપૂજા'ને અંગીકાર કરી. પોતાને લોંકાશાહના અનુયાયી અને લોંકાગચ્છીય બતાવતા લોકો સમક્ષ એમ પ્રગટ કરતા હતા કે લોંકાગચ્છ મૂર્તિપૂજાની માન્યતાને અંગીકાર કરે છે.

લોંકાશાહ દ્વારા પ્રારંભાયેલી સમગ્ર ધર્મક્રાંતિના વિરોધીઓની આ મોટી સફળતા હતી. પોતાનાં અભિયાનોમાં મળેલી અભૂતપૂર્વ સફળતાથી એમણે સંતોષનો શ્વાસ લીધો કે - 'હવે લોંકાગચ્છ સદાયને માટે સમાપ્ત થઈ ગયો.' પણ લોંકાગચ્છમાં કરવામાં આવેલા આંતરિક વિસ્ફોટ છતાં

પણ લોંકાશાહ દ્વારા પ્રદીપ્ત કરવામાં આવેલી ધર્મક્રાંતિની દિવ્ય જ્યોત ઉત્તરોત્તર વધુ ઝળહળતી રહી. લોંકાશાહગચ્છમાં કરવામાં આવેલા એ આંતરિક વિસ્ફોટોની પ્રતિક્રિયા સ્વરૂપ તત્કાળ ઉત્તરાર્ધ લોંકાચ્છનો આવિર્ભાવ થયો. લવજી આદિ અનેક મહાપુરુષોએ લોંકાશાહ દ્વારા પ્રદીપ્ત કરવામાં આવેલી વિશુદ્ધ આગામિક ધર્મની મશાલ દેશના ખૂણે-ખૂણે શતગુણિત ઉત્સાહથી પ્રદીપ્ત કરતાં એ અભિનવ ધર્મક્રાંતિના પ્રભાવ અને પ્રવાહમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરી.

સવિશેષ મહત્ત્વની વાત તો એ છે કે લોંકાશાહે ન તો કોઈ મતની સ્થાપના કરી, ન કોઈ નવી વાત કરી. એમણે તો કેવળ સર્વજ્ઞભાષિત આગમોનો મૂળ પાઠ પ્રસ્તુત કરી અતિ વિનમ્ર શબ્દોમાં એ જ કહ્યું કે - ક્ષીર-નીર વિવેકપૂર્ણ નિષ્પક્ષ દૃષ્ટિએ ભગવાન મહાવીરનાં વચનો પર જાગૃત રહી વિચાર કરો.' એમણે તો કેવળ વિચારપૂર્વક અને ઉચિત લાગે એવો વ્યવહાર કરવાની વાત કરી. પોતાની નહિ, કેવળ સર્વજ્ઞ તીર્થંકરની વાણી પર વિચાર કરવા માટે લોકોને વિનંતી કરી. વીતરાગવાણીને માનવા-મનાવવાનો લોંકાશાહે ક્યાંય લેશમાત્ર પણ હઠાગ્રહ નથી કર્યો. ઉદાહરણ તરીકે આચારંગ સૂત્રના ચોથા અધ્યાયના પ્રથમ ઉદ્દેશકના એક સૂત્રને લઈએ તો આ સૂત્રને જૈન ધર્મની આત્મા અથવા આધારશિલાની સંજ્ઞા આપી શકાય. લોંકાશાહે એ સૂત્રને લોકો સમક્ષ પ્રસ્તુત કરતાં પોતાના ૫૮ બોલમાંથી એક બોલમાં એ તરફ ઈશારો કરી કહ્યું કે - 'ષડ્જીવનિકાયના કોઈ પણ જીવની કોઈ પણ કારણથી હિંસા ન કરવામાં આવે - કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારનું કષ્ટ પહોંચાડવામાં ન આવે, એ હું (શ્રમણ ભગવાન મહાવીર) કહું છું.' અનાદિ-અતીતનાં સર્વ તીર્થંકરોએ આમ કહ્યું છે. વર્તમાનમાં જેટલા તીર્થંકર છે, તેઓ પણ કહે છે અને અનાગત અનંતકાળમાં થનારા તીર્થંકર પણ આમ જ કહેશે. આ જ શુદ્ધ સત્ય, શાશ્વત આર્ય ધર્મ છે. લોંકાશાહે પોતાના તરફથી એક પણ શબ્દ આમાં જોડ્યો નથી.

લોંકાશાહથી ૫૬ વર્ષ પછી થયેલા આગમ-મર્મજ્ઞ, પાર્શ્વચંદ્રસૂરિએ પણ પોતાની 'ઉત્સૂત્ર તિરસ્કારનામા વિચાર પટઃ' નામની કૃતિમાં કેવળ આ સૂત્રનો જ ઉલ્લેખ નથી કર્યો, પણ લોંકાશાહથી ઘણા આગળ

વધીને આ સંબંધમાં એમ પણ લખ્યું છે કે -

બુઢ્ઢં જજ્જર થેરં, જો ઘાયઇ જમલ મુટ્ઠિણા તરુણો ।
જારિસી તસ્સ વેયણા, એગિંદી સંઘટ્ટણે તારિસી ॥

અર્થાત્ અતિ જીર્ણ-શીર્ણ અતિવૃદ્ધ પુરુષના વક્ષસ્થળ પર અગર કોઈ વિશિષ્ટ બળશાળી યુવા પુરુષ પોતાની સંપૂર્ણ શક્તિ લગાવીને મુષ્ઠિનો પ્રહાર કરે તો એ મુષ્ટિપ્રહારથી જે પ્રકારની અસહ્ય પીડા એ જરાજર્જરિત વૃદ્ધ વ્યક્તિને થાય છે, ઠીક એવી રીતે ભીષણ વેદના સ્થાવરકાયના એકેન્દ્રિય જીવને સ્પર્શમાત્રથી થાય છે.

કોઈ પણ એકેન્દ્રિયાદિ જીવની હિંસા કરતી વખતે એને કેવી પીડા થાય છે, એનું આગમમાં સ્પષ્ટ વર્ણન મળે છે. જે રીતે જન્મજાત મૂંગા-બહેરા, હલન-ચલનમાં સંપૂર્ણ અક્ષમ વ્યક્તિને ભાલાની તીક્ષ્ણતાથી ઈજા પહોંચાડવામાં આવે તો એ ચીસ પાડી નહિ શકે, પણ એને એવી જ પીડાનો અનુભવ થાય છે, જેવો સર્વેન્દ્રિય સંપન્ન સ્વસ્થ વ્યક્તિને આ પ્રકારની ક્રિયાથી થાય છે. એવી જ વેદના એકેન્દ્રિય જીવને પણ છેદન-ભેદન આદિ દુઃખદાયિની ક્રિયાથી થાય છે. આચારંગ સૂત્રના જીવહિંસા નિષેધાર્થક સૂત્રોના સંદર્ભમાં આ ગાથાનો અર્થ (બુઢ્ઢં જજ્જર થેરં) કરવામાં આવે તો એનાથી એ ભાવ પ્રગટ થાય છે કે કેવળ સંઘટ્ટ માત્રથી - સ્પર્શથી એકેન્દ્રિય જીવને અસહ્ય દારુણ વેદના થાય છે. આમ, એકેન્દ્રિય જીવની કોઈ પણ પ્રયોજનથી, ત્યાં સુધી કે સ્વર્ગ કે મોક્ષપ્રાપ્તિની આકાંક્ષાથી પણ ક્યારેય ન તો હિંસા કરવામાં આવે, ન કરાવવામાં આવે અને ન તો આ પ્રકારની હિંસા કરનારને અનુમોદન આપવામાં આવે.

અહીં દરેક તટસ્થ વ્યક્તિ માટે એ વાત પણ વિચારણીય છે કે કોઈ પણ સુસભ્ય દેશમાં દંડ સંહિતા અથવા કાયદાની કોઈ પણ કલમમાં અમુક પ્રકારની છૂટની આવશ્યકતા જણાય તો જે તે કાયદાની કલમમાં અપવાદ રૂપ છૂટનું પ્રાવધાન પણ સ્પષ્ટ ઉલ્લેખ સાથે મળે છે. ઠીક એ જ રીતે મૂર્તિપૂજા આદિ ધાર્મિક વિધિ-વિધાનો માટે એકેન્દ્રિયાદિ જીવોની હિંસા કરવાનું આવશ્યક સમજાયું હોય તો આચારંગમાં તેની છૂટ વિશે જોગવાઈ આવશ્ય રાખવામાં આવી હોત !

છદ્મસ્થ અવસ્થામાં રહેલો સામાન્ય માણસ પણ કાયદાના ઘડતર વખતે કોઈ ભૂલ ન રહી જાય એની કાળજી રાખે છે, તો ત્રિકાલદર્શી તીર્થંકર ભગવાન દ્વારા તીર્થપ્રવર્તનકાળમાં સંસાર સમક્ષ ધર્મનું સ્વરૂપ પ્રગટ કરતી વખતે પ્રથમ દેશના આપતી વખતે કોઈ પ્રકારની ભૂલ રહી ગઈ હોય એવી કલ્પના કેવળ મિથ્યાત્વી અભવ્યાત્મા જ કરી શકે.

શ્રમણ ભગવાન મહાવીરે પૃથ્વી, અપ્, તેજસ, વાયુ અને વનસ્પતિ-કાયના જીવોના આરંભ-સમારંભને અબોધિ, અહિત અને અનંત કાળ સુધી ભયાવહ ભવાટવીમાં ભટકવાનું કારણ જણાવ્યું. અગર પૃથ્વી, અપ્, તેજસ, વાયુ અને વનસ્પતિકાયના જીવોની હિંસા મોક્ષપ્રાપ્તિમાં લેશમાત્ર પણ કોઈ વ્રતી કે અવ્રતી માટે સહાયક હોત તો સંસારનાં અનંત દારુણ દુઃખોથી સંત્રસ્ત સંસારી પ્રાણીઓનાં દુઃખોથી દ્રવિત થઈને એના પર દયા કરી એને મુક્તિનો માર્ગ બતાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરતી વખતે તીર્થંકર પ્રભુ સ્પષ્ટ શબ્દોમાં અપવાદ તરીકે ફરમાવી દેતા કે - 'મોક્ષપ્રાપ્તિ માટે પાંચ સ્થાવરકાયના જીવોની હિંસા થઈ શકે છે, પરંતુ ***'सव्व जग-जीव रक्खण-दयट्ठयाए भगवया पावयणं सुकहियं'***

આ આગમ વચન અનુસાર મુક્તપ્રદાયી ધર્મતીર્થની સ્થાપના કરતી વખતે ભગવાને આ પ્રકારની કોઈ વાત ન કહીને સ્પષ્ટ શબ્દોમાં એમ ફરમાવ્યું કે - 'પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર માત્રના એકેન્દ્રિય જીવોની કોઈ પણ પ્રયોજન માટે, ત્યાં સુધી કે મોક્ષપ્રાપ્તિ માટે પણ હિંસા ન કરવામાં આવે.' કારણ કે જીવહિંસા અનંતકાળ સુધી જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ આદિ અસહ્ય દારુણ દુઃખોથી ઓતપ્રોત સંસારમાં ભટકાવનાર છે.

પાર્શ્વચંદ્રસૂરિએ તો લોંકાશાહ કરતાં બે ડગલાં આગળ વધીને આચારાંગ સૂત્રના ઉપર દર્શાવેલ પાઠનો ઉલ્લેખ કર્યા પછી સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે - ***'सूत्र मतिई उत्सर्गे नई व्यवहारि नथी दीसति'*** અર્થાત્ સૂત્રની મૂળ ભાવનામાં ઉત્સર્ગ અને અપવાદની કોઈ વાત દૃષ્ટિગોચર થતી નથી.

આ રીતે લોંકાશાહે આગમોમાં પ્રતિપાદિત જે શાશ્વત સત્ય-તથ્યો પર પ્રકાશ પાથર્યો છે, એ જ આગમિક તથ્યોને પાર્શ્વચંદ્રસૂરિએ પણ પાટણ શ્રીસંઘ, પાટણમાં બિરાજમાન સર્વ ગચ્છોના આચાર્યો અને તત્કાલીન જૈનજગત સમક્ષ મૂક્યા. પાર્શ્વચંદ્રસૂરિએ તો લોંકાશાહથી આગળ વધી તત્કાલીન શ્રમણોના જીવનમાં ઘર કરી ગયેલી અરાજકતાને ખુલ્લા પત્રમાં ચતુર્વિધસંઘની સામે મુકી છે, જે મર્યાદાઓ સાધુનાં પાંચ મહાવ્રતોમાંથી પ્રથમ અહિંસા, ચતુર્થ વિશુદ્ધ બ્રહ્મચર્ય અને પાંચમું અપરિગ્રહ - આ ત્રણ મહાવ્રતોને મૂળતઃ નષ્ટ કરનાર હતી. આટલું બધું થવા છતાં પણ આશ્ચર્યની વાત એ હતી કે એ સમયના મોટા ભાગના ગચ્છોએ એકતા સાધી જે રીતે લોંકાશાહનો ઘોર વિરોધ અને લોંકાશાહ- વિરોધી પ્રચાર કર્યો, એનો સોમો ભાગ પણ પાર્શ્વચંદ્રસૂરિ વિરુદ્ધ ના કર્યો. તત્કાલીન આચાર્યો અને તેમના ઉત્તરવર્તી આચાર્યોએ પેઢી - દર પેઢી લોંકાશાહ વિરુદ્ધ ઝેરી મિથ્યા પ્રચાર કરવામાં કોઈ પ્રકારની કસર બાકી રાખી નહિ.

લોંકાગચ્છમાં ભાનુચંદ્ર નામના કોઈ યતિ વિક્રમની સોળમી શતાબ્દીમાં નથી થયા, તેમ છતાં તેમના નામે એક કૃતિ પ્રકાશિત કરાવીને લોંકાશાહની વિરુદ્ધ અપપ્રચાર કર્યો, જેથી જે લોકો લોંકાશાહીની વાત માનતા ન હતા, એમણે સામાયિક, પૌષધ અને દાનનો વિરોધ કર્યો. તત્કાલીન અન્ય ગચ્છોના વિદ્વાનોએ પણ ચોપાઈ આદિ કૃત્તિઓની રચના કરી લોંકાશાહ વિરુદ્ધ ઝેર ઓકવામાં કાંઈ બાકી રાખ્યું નહિ.

કોઈ વાત કહેનાર અગર બુદ્ધિ વગરનો હોય તો સાંભળનારે પોતાની બુદ્ધિમતાનો ઉપયોગ કરવો જોઈએ; અગર કોઈ બુદ્ધિહીન અથવા સાંપ્રદાયિક વ્યામોહગ્રસ્ત વ્યક્તિએ વિચાર્યા વગર કહી દીધું કે - 'લોંકાશાહ શાસ્ત્રોને માનતા ન હતા, તેઓ સામાયિક, પૌષધ અને દાનનો વિરોધ કરતા હતા તો સાંભળનાર અથવા વાંચનારે વિચારવું જોઈએ કે - 'સામાયિક, પૌષધ, વ્રત્ત, નિયમ, પ્રત્યાખ્યાન, શાસ્ત્ર-સ્વાધ્યાય અને દાનના નિષેધ પછી પણ શું કોઈ ધર્મ નામની વસ્તુ બાકી રહી જાય ? નહિ. તો પછી એ દેશમાં સામાયિક પૌષધ, દાન અને શાસ્ત્રોનો વિરોધ કરનાર વ્યક્તિ પોતાની તરફ કઈ રીતે વિશાળ જનપ્રવાહને આકર્ષી શકે ? લોકસમૂહને

એમણે આપેલ ઉપદેશમાં શાસ્ત્રને ન માનવાનો કે અસ્વીકારનો કોઈ પ્રશ્ન જન્મતો નથી, એટલું સામાન્ય બુદ્ધિથી વિચારતાં સમજી શકાય.

જ્યાં સુધી આગમોને માનવા ન માનવાનો પ્રશ્ન છે, લોંકાશાહના ૫૮ બોલ, ૧૩ પ્રશ્નો, ૩૪ બોલ તથા પરંપરા વિષયક ૫૪ પ્રશ્નોથી નિર્વિવાદ રૂપે એ સિદ્ધ થાય છે કે લોંકાશાહની આગમો પ્રત્યે પ્રગાઢ આસ્થા હતી. આગમો, નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ, વૃત્તિઓ અને આગમોનાં ભાષ્યોના ગહન અને ઊંડાણપૂર્વકના અધ્યયન બાદ એમને સંપૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે આગમોમાં અનેકાનેક પરસ્પર વિરોધી અને મૂળ આગમોથી નિતાંત વિપરીત માન્યતાઓ પ્રચુર માત્રામાં વિદ્યમાન છે, તો એમણે સર્વજ્ઞ ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત, ગણધરો દ્વારા ગ્રથિત અને ચતુર્દશ-પૂર્વધરો તથા દશપૂર્વધરો દ્વારા દ્વાદશાંગીથી નિર્યૂઢ આગમોને જ સર્વોચ્ચ પ્રમાણભૂત માની સ્વીકાર કર્યો. એની સાથે સાથે એમણે પૂર્વોના વિચ્છેદ અથવા અંતિમ પૂર્વધર આચાર્ય દેવર્ધિક્ષમા-શ્રમણના વી. નિ. સં. ૧૦૦૦ના ઉત્તરવર્તી કાળમાં થયેલા આચાર્યોની કૃતિઓ હોવાના કારણે નિર્યુક્તિઓ, વૃત્તિઓ, ચૂર્ણિઓ અને ભાષ્યોને અંતિમ રૂપે માન્ય ન કર્યા.

નિષ્પક્ષ દૃષ્ટિએ શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાના પ્રાચીન ગ્રંથોના ઉલ્લેખો પર વિચાર કરવામાં આવે તો ગણધરો, ૧૪ પૂર્વધરો અને ઓછામાં ઓછા ૧૦ પૂર્વધરો દ્વારા તીર્થંકરોના ઉપદેશોના આધારે ગુંફિત આગમોને અંગના નામે ઓળખી શકાય છે. આગમોમાં ગણિપિટકને દ્વાદશાંગીની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. વીર નિર્વાણ સં. ૧૦૦૦થી ઉત્તરવર્તી આચાર્યોની કૃતિઓને અંગની સંજ્ઞા આપી એને આગમતુલ્ય મહત્ત્વ આપવું અને આગમોની સાથે રાખી એને પંચાંગીની સંજ્ઞા આપવી વસ્તુતઃ સર્વજ્ઞભાષિત પવિત્ર આગમોની અશાતના કરવા તુલ્ય અપરાધ છે. દ્રવ્ય પરંપરાઓ દ્વારા ધર્મના વાસ્તવિક મૂળ સ્વરૂપમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓને આગમવચન તુલ્ય સર્વમાન્ય ઠરાવવાના લક્ષ્યથી દ્રવ્ય પરંપરાઓના સૂત્રધારોએ નિર્યુક્તિઓ, ભાષ્યો, વૃત્તિઓ અને ચૂર્ણિઓને આગમોની સમકક્ષ પ્રમાણભૂત સિદ્ધ કરવાના ઉદ્દેશથી પંચાંગીની કલ્પના કરી છે. આગમોમાં દ્વાદશાંગી,

એકાદશાંગીનો ઉલ્લેખ તો દૃષ્ટિગોચર થાય છે, પણ પંચાંગીના નામનો કોઈ સંકેત પણ મળ્યો નથી.

લોંકાશાહે નિર્યુક્તિઓ, ભાષ્યો, વૃત્તિઓ, ચૂર્ણિઓને અમાન્ય ઘોષિત કરવાની સાથે સાથે પંચાંગી નામને પણ અઘોષિત કર્યું. દ્રવ્ય પરંપરાઓનું અસ્તિત્વ તો વાસ્તવમાં પંચાંગી પર નિર્ભર કરે છે. નિર્યુક્તિઓ આદિ તો એમને આગમોથી અધિક પ્રિય છે, એ કારણે એમણે જાણી જોઈને લોંકાશાહની વિરુદ્ધ એવો નિરાધાર મિથ્યા પ્રચાર કર્યો કે લોંકાશાહ શાસ્ત્રોને માનતા નથી.

જ્યાં સુધી દાનને માનવા ન માનવાનો પ્રશ્ન છે; લોંકાશાહે દ્રવ્ય પરંપરાઓ દ્વારા પોતાની વાડાબંધીના દુર્લક્ષ્યથી પ્રતિષ્ઠા, પદ, મહોત્સવાદિ અવસરો પર પ્રભાવનાના નામે સુવર્ણમુદ્રાઓ, રજતમુદ્રાઓ આદિ લોકોને દાનમાં આપવાનું અથવા વહેંચવાનું શરૂ કર્યું, તો આ પ્રકારના દાનનો લોંકાશાહે વિરોધ કર્યો ?

જ્યાં સુધી સામાયિક અને પૌષધનો પ્રશ્ન છે, લોંકાશાહે ક્યારેય તેનો નિષેધ નથી કર્યો. લોંકાશાહના લગભગ સમકાલીન એવા કડવાશાહે વિ.સં.૧૫૩૯માં નાડોલાઈ નામના નગરમાં લોંકાશાહના અનુયાયી લોંકાગચ્છીય આચાર્ય ઋષિ ભાણાની સાથે વાદ કર્યો અને શાસ્ત્રાનુસાર પ્રતિમાને પ્રમાણિત કરી અને લોંકાશાહના મતવાળાં ૧૫૦ ઘર કડુવામતમાં સામેલ કર્યા. આવો ઉલ્લેખ કડુવામતની પટ્ટાવલીમાં ઉપલબ્ધ છે. કડુવાશાહ સામાયિક અને પૌષધના પ્રબળ સમર્થક હતા, અગર લોંકાશાહે ક્યારેય ક્યાંય પણ સામાયિક-પૌષધનો સહેજ પણ વિરોધ કર્યો હોત તો કડુવાશાહે આ વિષય પર પણ ઋષિ ભાણાથી શાસ્ત્રાર્થ કર્યો હોત અને એ બાબતે એમની પટ્ટાવલીમાં તે વિષયનો ઉલ્લેખ અવશ્ય હોત.

કડુવાશાહના વિદ્વાન શિષ્ય રામાકર્ણવેધીએ ૩૨૯ પત્રો(૬૫૭ પૃષ્ઠો)ના 'લુંપક વૃદ્ધ હુંડી' નામના બૃહદાકાર ગ્રંથની રચના કરી. એમાં લોંકાશાહની મૂર્તિપૂજા વિષયક માન્યતાનું વિસ્તારથી વર્ણન છે. પરંતુ એ આખા ગ્રંથમાં એક પણ એવો શબ્દ નથી, જેનાથી એ વાતનો સંકેત પણ મળે

કે લોંકાશાહે કદી સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધ જેવી પવિત્ર ધર્મક્રિયાઓનો વિરોધ કર્યો હોય.

તપાગચ્છ આદિ અનેક ગચ્છોની પટ્ટાવલીઓમાં પણ કેવળ એવો ઉલ્લેખ છે *'तदानीं च लुंकाख्याल्लेखकात् वि. अष्टाधिक पंचदशशत् (१५०८) वर्षे जिन प्रतिमोत्थापनपरं लुंकामतं प्रवृत्तम्'* આ ઉલ્લેખોથી એ જ પ્રમાણિત થાય છે કે લોંકાશાહે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ અને દાનનો કદી વિરોધ નથી કર્યો, લોંકાશાહની લોકપ્રિયતાથી ક્ષુબ્ધ અને ખિન્ન નિતાંત અનુત્તરદાયી લેખકોએ ધર્મપ્રાણ લોંકાશાહ પ્રતિ ધર્મનિષ્ઠ લોકોની પ્રગાઢ શ્રદ્ધાને ઠેસ પહોંચાડવાની દુર્ભાવનાથી જ લોંકાશાહ વિરુદ્ધ આ પ્રકારનો નિરાધાર અને એકદમ જૂઠો પ્રચાર કર્યો.

આ રીતે મહાન ધર્મોદ્ધારક અને અભિનવ ક્રાંતિના સૂત્રધાર લોંકાશાહની વિરુદ્ધ અનેક પ્રકારના મિથ્યા પ્રચાર અને અનેક પ્રકારના ષડ્યંત્ર કરવામાં આવ્યાં, પરંતુ 'પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સૂર્યને લાંબા સમય સુધી વાદળોમાં ઢાંકી શકાતો નથી.' એમ લોંકાશાહ દ્વારા અભિસૂત્રિત ક્રાંતિનો તીવ્ર પ્રવાહ જૈન ધર્મસંઘમાં વ્યાપ્ત વિભિન્ન પ્રકારની વિકૃતિઓને સાફ કરતો આગળ વધતો જ ગયો. જેના માટે જૈન ધર્મના આરાધકો લોંકાશાહના સદાય ઋણી રહેશે.

લોંકાશાહનું આધ્યાત્મિક જીવન

વિશ્વકલ્યાણકારી જૈન ધર્મના મૂળ સ્વરૂપને કાયમ રાખવાના પાવન ઉદ્દેશથી લોંકાશાહે શાંત ધર્મક્રાંતિનો સૂત્રપાત કર્યો. ચતુર્વિધ ધર્મસંઘમાં ધર્મના નામે એવાં દોષપૂર્ણ અનુષ્ઠાનોનું પ્રચલન થયું હતું, જેનાથી પૃથ્વી, અપ્, તેજસ, વાયુ અને વનસ્પતિકાયના એકેન્દ્રિય (સ્થાવર) પ્રાણીઓની અને આ પાંચેય સ્થાવરકાયના આરંભ-સમારંભથી સ્થાવરકાયના આશ્રિત ત્રસજીવોની વિરાધના અવશ્ય થાય. આ પ્રકારની બુરાઈઓ અને સદોષ પ્રવૃત્તિઓને સમાપ્ત કરનારી લોંકાશાહ દ્વારા પ્રારંભાયેલી ધર્મક્રાંતિ થોડા સમયમાં જ સફળ થઈ. લોંકાશાહ દ્વારા પ્રદર્શિત એ વિશુદ્ધ અને મૂળ આગમિક પ્રશસ્ત પથના અનુયાયીઓની સંખ્યા લાખોને પાર કરી ગઈ, પણ લોંકાશાહે કોઈ ગચ્છ અથવા સંપ્રદાયની સ્થાપના ન

કરી. એમને વિશ્વાસ હતો કે શાંત ધર્મક્રાંતિથી સંપૂર્ણ ચતુર્વિધસંઘમાં એક વ્યાપક પરિવર્તન આવશે. એ માનસિક પરિવર્તનના પરિણામ સ્વરૂપે એક દિવસ સંપૂર્ણ જૈન સંઘ સાંપ્રદાયિક અભિનિવેશથી મુક્ત થઈને શ્રમણ ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત અને ગણધરો દ્વારા આગમોમાં પ્રતિપાદિત ધર્મના વિશુદ્ધ સ્વરૂપને માનવા લાગશે. એમની આશાને અનુરૂપ વિદ્વાન શ્રમણ પંન્યાસ હર્ષકીર્તિ, અનેક અજ્ઞાત શ્રમણ તથા લાખો શ્રાવક-શ્રાવિકાઓ દોષપૂર્ણ પ્રવૃત્તિઓનો ને પોતપોતાના શિથિલાચારોન્મુખી ગચ્છોનો પરિત્યાગ કરી આગમ પ્રતિપાદિત વિશુદ્ધ-નિર્દોષ ધર્મપથના પથિક થઈ ગયા. કોઈ નવા ગચ્છના, નવા સંગઠન કરવાથી તો અનેક ગચ્છોની સંખ્યામાં વૃદ્ધિ કરવી અને વિવિધ સંઘોમાં ભેદભાવની પરંપરાને આગળ ધપાવવા કરતાં લોંકાશાહે લોકોના પૂછવાના જવાબ રૂપે પોતાને જૈન અથવા જિનમતિની સંજ્ઞાથી ઓળખાવવાનું યોગ્ય સમજ્યા. જે શિથિલાચાર પરાયણ લોકોને દ્રવ્ય અર્જિત કરવામાં, પરિગ્રહ વધારવામાં; આ શાંત ધર્મક્રાંતિના વ્યાપક પ્રસારના પરિણામે અવરોધ ઊભો થયો હતો, એ લોકોએ લોંકાશાહ દ્વારા વિશુદ્ધ આગમિક ધર્મપથને અનુસરતા જિનમતિ જૈનોના સમૂહને લુંપકગચ્છ અથવા લુંકાગચ્છના નામે અપમાનપૂર્વક ઓળખવાનું શરૂ કર્યું.

લોંકાશાહનો અને તેમના દ્વારા પ્રતિબદ્ધતાપૂર્વક શરૂ થયેલ શાંતિપૂર્ણ ધર્મક્રાંતિનો, જૈન ધર્મના મહાન સિદ્ધાંતો પ્રતિ, જિનેશ્વર પ્રતિ, આગમ પ્રતિ પ્રગાઢ આસ્થા ધરાવનાર દરેક જૈને અગાધ આહ્લાદપૂર્ણ અંતર્મનથી સ્વાગત કર્યું. ષડ્જીવનિકાય જીવોએ વિશેષતઃ પાંચ સ્થાવર નિકાય જીવોનો જેનો સદીઓથી ધર્મના નામે અંધાધૂંધ સંહાર થતો રહ્યો હતો, એ હિંસાને સમાપ્ત કરવાના ઉદ્દેશથી લોંકાશાહે દયાદ્રવિત થઈ ધર્મક્રાંતિનો સૂત્રપાત્ર કર્યો હતો, એ સર્વજીવોએ લોંકાશાહ પ્રતિ આભાર પ્રગટ કરતાં મૂક મુદ્રામાં અનેકાનેક શુભાશીર્વાદ આપ્યા. જે શિથિલાચાર પરાયણ અને પરિગ્રહી નામધારી શ્રમણોની સુખ-સુવિધામાં, પૂજા-પ્રતિષ્ઠામાં લોંકાશાહના ઉપદેશોથી ઓટ આવી, એમણે લોંકાશાહની સાથે અસભ્યતાપૂર્ણ વ્યવહાર કર્યો. એમણે લોંકાશાહ વિરુદ્ધ વિવિધ પ્રકારનાં ષડ્યંત્રો કર્યાં. પરંતુ અખૂટ આત્મબળ સાહસી

લોંકાશાહ જરા પણ વિચલિત ન થયા. તેઓ તો ગીતાના વચન અનુસાર નિતાંત નિર્લેપ-નિઃસંગ ભાવથી મહાન કર્મયોગીની જેમ વિશુદ્ધ મૂળ આગમિક જિન પ્રરૂપિત જૈન ધર્મના સુપથ પર જન-જનને આરૂઢ અને અગ્રેસર કરવામાં જીવનભર અહર્નિશ મગ્ન રહ્યા.

'मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणई' આ જૈનત્વના પ્રતીક વિશ્વબંધુત્વનો ભાવ તો લોંકાશાહની અસ્થિ-મજ્જામાં રોમ-રોમમાં ઓતપ્રોત હતો. લોંકાશાહે પોતાના અનુયાયીઓને પણ અંતિમ શ્વાસ સુધી શત્રુ-મિત્રનો ભેદ કર્યા વગર જૈનત્વના પ્રતીક સ્વરૂપ આ ભાવ પર સુદૃઢ રહેવાનો ઉપદેશ આપ્યો. લોંકાશાહ દ્વારા પોતાના અનુયાયી-ઓના અંતર્મનમાં રોપવામાં આવેલા વિશ્વબંધુત્વના આ ભાવોનું જ પ્રતિફળ હતું, અમિટ પ્રભાવ હતો કે લોંકાશાહના સ્વર્ગસ્થ થયા પછી પણ લગભગ ૯૫ વર્ષ બાદ પણ વિ. સં.૧૬૩૬ લોંકાશાહના દેવજી નામના અનુયાયીએ તત્કાલીન જિનશાસન પ્રભાવક તપાગચ્છના અદ્ભાવનમા ગચ્છાધિપતિ આચાર્ય હીરવિજયસૂરિને પોતાને ત્યાં આશ્રય આપી મોગલોથી એમની રક્ષા કરી.

આ તથ્યો એ વાતની શાખ પૂરે છે કે લોંકાશાહનું આધ્યાત્મિક જીવન અગાધ સાગર તુલ્ય ગંભીર અને લોકાકાશની ઊંચાઈ તુલ્ય ઊંચું હતું. એમનું સ્થાન દેવાર્ધિગણિક્ષમાશ્રમણના સ્વર્ગારોહણ બાદ જેટલા પણ ક્રિયોદ્ધારક થયા, એમાં સર્વોચ્ચ હતું. લોંકાશાહે વિકટ પરિસ્થિતિઓમાં પણ સર્વજ્ઞ પ્રણીત શાશ્વત સત્ય સિદ્ધાંતોને બલિ ચડાવી અસત્યના પક્ષધરોની સાથે સમજૂતી નથી કરી. શાશ્વત સત્ય સિદ્ધાંતોની રક્ષા માટે નિર્ભીકતા અને સાહસની સાથે નિરંતર ઝઝૂમનાર સુદીર્ઘ અતીતકાળમાં થઈ ગયેલા કુવલયપ્રભ નામના મહાન આચાર્ય કરતાં પણ લોંકાશાહ બહુ આગળ વધી ગયા.

અતિ પુરાતન હુણ્ડાવસર્પિણીકાળમાં કુવલયપ્રભ નામના એક મહાન ક્રિયાનિષ્ઠ આચાર્ય થયા. એમનું આખ્યાન મહાનિશીથમાં વિદ્યમાન છે. એમના સમયમાં અસંયત પૂજા નામના દસમા આશ્ચર્યના પ્રબળ પ્રભાવના કારણે ચોતરફ શિથિલાચારી ચૈત્યવાસીઓનું પ્રાબલ્ય હતું. તેઓ માત્ર

નામના જ શ્રમણ કહેવાતા. એમના આચાર-વિચાર શાસ્ત્રોમાં પ્રતિપાદિત શ્રમણાચારથી પૂર્ણતઃ પ્રતિકૂળ હતા. તેઓ ચૈત્યનિર્માણ, દ્રવ્યપૂજા અને આડંબરપૂર્ણ અનુષ્ઠાનોને જ મોક્ષપ્રદાતા વાસ્તવિક ધર્મ માનતા હતા. ભાવપૂજામાં એમને આસ્થા નહોતી. તેઓ ચૈત્યોમાં નિત્ય-નિવાસ કરતા, આરંભ-સમારંભમાં મગ્ન રહેતા, પોતાની પાસે દ્રવ્ય રાખતા હતા.

આચાર્ય કુવલયપ્રભ એક વખત ચૈત્યવાસીઓની વચ્ચે પહોંચી ગયા. એમની તપોપૂત શાંત મુખમુદ્રા પર અને તત્ત્વ વિવેચનની હૃદયહારિણી પ્રવચન શૈલી પર ચૈત્યવાસી મુગ્ધ થઈ એમને પ્રાર્થના કરવા લાગ્યા : "આચાર્ય પ્રવર ! અમારી પર કૃપા કરી આ વખતનું ચાતુર્માસ અમારે ત્યાં જ કરો. આપના પરમ પ્રભાવોત્પાદક ઉપદેશોથી અમારા નગરના પ્રત્યેક ભાગમાં ઠેર-ઠેર ગગનચુંબી વિશાળ ચૈત્યોનાં નિર્માણ થશે."

આચાર્ય કુવલયપ્રભ એ ચૈત્યવાસીઓના આગમ વિરુદ્ધ આચાર-વિચારથી માહિતગાર હતા, છતાં તેમણે સાહસપૂર્વક કહ્યું : भो भो पियंवए ! जइ वि जिणालए तहावि सावज्जमिणं णाहं वायामित्तेणं पि एयं आयरिज्जा ।"

આ સાંભળી એ ઉન્માર્ગગામી ચૈત્યવાસીઓએ કુવલયપ્રભ આચાર્યને 'સાવદ્યાચાર્ય'ના નામથી સંબોધિત કરવાની શરૂઆત કરી દીધી. એમનું આ અસન્માનજનક નામ ચારે બાજુ પ્રસિદ્ધ થઈ ગયું.

સમય જતાં એ જ ચૈત્યવાસીઓના સંઘે ચૈત્યાલયમાં જીર્ણોદ્ધારનું કાર્ય સાધુ દ્વારા કરવા કે ન કરવા વિશે ઊભી થયેલી સમસ્યાના ઉકેલ માટે એ જ સાવદ્યાચાર્યના નામથી લોકોમાં જાણીતા થયેલા કુવલયપ્રભ આચાર્યને આગ્રહપૂર્વક પ્રાર્થના કરી પોતાના નગરમાં બોલાવ્યા. જે વખતે આચાર્ય એ નગરમાં પહોંચ્યા, એમના સ્વાગત માટે ગયેલાં ચૈત્યવાસી શ્રમણ-શ્રમણીઓમાંથી એક શ્રમણીએ એમના તપોપૂત તીર્થંકરોપમ ભવ્ય વ્યક્તિત્વના પ્રભાવથી સુધબુધ ગુમાવી સહસા એમનાં ચરણોમાં માથું મૂકી દીધું. સ્વયં કુવલયપ્રભ અને દરેક ચૈત્યવાસી શ્રમણ આદિ ચકિત અને અવાક્ થઈ જોતાં જ રહી ગયા. કોઈના મુખેથી એક શબ્દ નીકળ્યો નહિ.

એક દિવસ આચાર્ય કુવલયપ્રભે ચૈત્યવાસીઓ સમક્ષ મહા-નિશીથના વાચનનો પ્રારંભ કર્યો. વ્યાખ્યાન આપતી વખતે નિમ્નલિખિત ગાથા કુવલયપ્રભ આચાર્ય સામે આવી -

जत्थित्थिकरफरिसं, अंतरियंकारणे वि उप्पन्ने ।
अरहा वि करेज्ज सयं, तं गच्छं मूलगुण मुक्कं ॥

આ ગાથા જોઈ આચાર્ય કુવલયપ્રભ દ્વિધામાં પડી ગયા. ચૈત્યવાસીઓ એમની મુશ્કેલી જાણી ગયા અને આ ગાથા પર વ્યાખ્યાન આપવા વારંવાર દબાણ કરતા રહ્યા. કોઈ ઉપાય ન જણાતા આચાર્ય કુવલયપ્રભએ ગાથાનો અર્થ સંભળાવ્યો. ગાથાનો અર્થ સાંભળતાં જ ચૈત્યવાસીઓ તેમના પર હાવી થઈ કહેવા લાગ્યા : "યાદ છે તમને ? એ દિવસે શ્રમણીએ આપનાં ચરણોમાં માથું મૂકી આપનો સ્પર્શ કર્યો હતો ? ક્યાં ગયો આપનો મૂળ ગુણ ?"

આચાર્ય કુવલપ્રભએ મનોમન વિચાર્યું - 'પહેલી વખત આવ્યો હતો ત્યારે આ લોકોએ મને 'સાવદ્યાચાર્ય' જેવા અપમાનજનક શબ્દોથી નવાજ્યો, હવે આ વખતે કોણ જાણે કઈ રીતે અસહ્ય અપમાન કરશે.' પોતાની રક્ષાનો અન્ય કોઈ માર્ગ ન દેખતા અંતે એમણે ઉત્સર્ગ અને અપવાદ બંને માર્ગોને શ્રમણ-શ્રમણી વર્ગ માટે સ્વીકારતા કહ્યું : "उस्सग्गाववाएहिं आगमे ठिओ तुज्झेण याणह । एगंते मिच्छत्थ, जिणाणमाणा अणेगन्ता ।"

ઉન્માર્ગગામી ચૈત્યવાસી તો એમના મુખેથી જ કહેવરાવવા ઇચ્છતા હતા, જેથી અપવાદમાર્ગનું અવલંબન લઈને પોતાના શિથિલાચારને યોગ્ય ઠેરવી શકાય. તે ચૈત્યવાસીઓ કુવલયપ્રભાચાર્યના મુખેથી આ સાંભળી આનંદાતિરેકથી ઉન્મત્ત થઈ અટ્ટહાસ્ય કરવા લાગ્યા. પરંતુ આગમ વિરુદ્ધ વાત કહીને કુવલયપ્રભાચાર્યએ સુદીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરાવનારી પાપ પ્રકૃતિઓનો બંધ કરી લીધો.

શિથિલાચારીઓના સર્વાતિશાયી સર્વોચ્ચ વર્ચસ્વ, ધર્મના નામે અધમપૂર્ણ પ્રવૃત્તિઓનું પ્રાબલ્ય અને બાહુલ્ય, હઠાગ્રહ, પારસ્પરિક વિદ્વેષ અને પૂર્વજ્ઞાન - વિહીન આચાર્યોની કૃતિઓને આગમોની સમકક્ષ

પ્રામાણિકતા પ્રદાન કરવું આદિ જે પ્રકારની નિતાંત પ્રતિકૂળ પરિસ્થિતિઓ આચાર્ય કુવલપ્રભ સમક્ષ હતી, બરાબર એવી જ પરિસ્થિતિઓ લોંકાશાહ સમક્ષ પણ હતી.

આચાર્ય કુવલયપ્રભ, ઉન્માર્ગગામી ચૈત્યવાસીઓ દ્વારા આપવામાં આવેલાં 'સાવદ્યાચાર્ય'ના વિશેષણથી વિચલિત થઈ ગયા અને અંતે એમણે એમનાથી ડરીને જિન પ્રરૂપિત શાશ્વત સત્ય સિદ્ધાંતને અસત્યની વેદી પર ચઢાવી દીધા. પરંતુ અતુલ અધ્યાત્મનથી સમૃદ્ધ લોંકાશાહ વિરોધીઓ દ્વારા આપવામાં આવેલ લુંપક, લોપક, લુંગા આદિ અશિષ્ટ અને અસભ્યતાપૂર્ણ વિશેષણોથી કે અનેક પ્રકારનાં તેમની વિરુદ્ધ રચવામાં આવેલાં ષડ્યંત્રોથી પોતાના સત્યપથથી સહેજ પણ વિચલિત થયા નહિ.

આમ, આવું આદરણીય અને આદર્શ આધ્યાત્મિક જીવન હતું લોંકાશાહનું. અગર લોંકાશાહે નિર્ભીત થઈને સાહસપૂર્વક ચતુર્વિધ-સંઘમાં વ્યાપ્ત વિકૃતિઓને દૂર કરવા માટે શાંત ધર્મક્રાંતિનો સૂત્રપાત ન કર્યો હોત તો શિથિલાચાર અને મર્યાદાઓ કેવી પરાકાષ્ઠા પાર કરી ગઈ હોત એનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. એવી સ્થિતિમાં આગમ પ્રતિપાદિત આધ્યાત્મિક આચાર-વિચાર ક્યાંય દૃષ્ટિગોચર થાત નહિ, ક્રિયાનિષ્ઠ તપોપૂત સંત-સતીઓનાં દર્શન પણ આજે દુર્લભ હોત ! આજે ચતુર્વિધસંઘમાં જે વિશુદ્ધ આગમિક આચાર, વિચાર, શમ, દમ, ત્યાગ, તપ, જીવમાત્ર પ્રત્યે કરુણા, મૈત્રી આદિ જૈન ધર્મના પ્રાણ સ્વરૂપ મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યે જે આસ્થા દેખાય છે, એ વસ્તુતઃ લોંકાશાહ દ્વારા શાંત ક્રાંતિના માધ્યમથી પ્રત્યેક જૈન ધર્માવલંબીના માનસમાં તરંગિત કરવામાં આવેલી અભિનવ જાગરણની અમિટ લહેરનો પ્રતાપ છે. ધર્મોદ્ધારક લોંકાશાહ દ્વારા દેશવ્યાપી સર્વાંગીણ શાંત ધર્મક્રાંતિનો સૂત્રપાત્ર થયા પૂર્વે :

૧. કોઈ પણ પ્રતિષ્ઠાચાર્યને પ્રતિષ્ઠા-કાર્ય કરવા પૂર્વે સુહાગણ સ્ત્રીઓ નિર્વાણકલિકામાં નિર્દિષ્ટ પ્રતિષ્ઠાવિધિ અનુસાર મર્દન કરી સ્નાન કરાવતી હતી. પ્રતિષ્ઠાચાર્યને મૂલ્યવાન વસ્ત્રોથી સુસજ્જિત કરી એમના હાથમાં સુવર્ણ કંકણ અને આંગળીમાં સુવર્ણ મુદ્રિકા ધારણ કરાવવામાં આવતી હતી.

૨. ચંદનબાળાના ઉદાહરણીય અનુપમ તપની અવિસ્મરણીય સ્મૃતિ સ્વરૂપે સુવર્ણના સૂપમાં સુવર્ણ નિર્મિત અડદ ભરી સુવર્ણની બેડીઓ બનાવી, રજતપાત્રમાં કેસર, બદામ, પિસ્તા, કિસમિસ આદિ મેવાથી મિશ્રિત ખીર ભરીને, ખીરની ઉપર જામેલી મલાઈ સુવર્ણ-રજત નિર્મિત પાત્રોમાં રાખીને, સંપૂર્ણ મહાર્ઘ્ય સામગ્રી પંચ મહાવ્રતધારી ગુરુઓને મોક્ષદાયક સુપાત્રદાન સમજીને દાન કરવામાં આવતી હતી અને 'ગુરુજન અહોદાનં ! અહોદાનં !' ના ગગનભેદી ઘોષોની વચ્ચે એ મહાર્ઘ્ય દાનને દયાદ્રવિત થઈ ગ્રહણ કરતા હતા.

૩. સોના અને ચાંદીથી નિર્મિત નક્કર મૂર્તિઓ, અણમોલ મોતી આદિ પરિગ્રહ પ્રચુરમાત્રામાં પંચમહાવ્રતધારી સાધુ પોતાના સ્વામિત્વમાં રાખતા હતા.

૪. પંચ મહાવ્રતધારી ગુરુઓના ઉપાશ્રયો, આવાસોમાં વહીવટના નામે વિખ્યાત મોટી મોટી વહીઓના અંબાર લાગેલા રહેતા હતા. જેમાં દેશના ખૂણે ખૂણામાં ફેલાયેલા ભક્ત ગૃહસ્થોની નામાવલીઓ, એમની પાસેથી પ્રતિવર્ષ દરવર્ષે હર્ષપ્રદ પ્રસંગના ઉપલક્ષ્યમાં મળનારી રકમનો તિથિ સહિત લેખા-જોખા રાખવામાં આવતો. એ ગુરુજનો પોતાના એ ગૃહસ્થોને પરમ શ્રદ્ધાળુ ભક્ત સમજતા હતા, અગર એ ચેલામાંથી કોઈ બીજા કોઈ સાધુ કે ગુરુ પાસે નિશ્ચિત ધનરાશિ ભેટ કર્યા પછી કોઈ પારિવારિક અથવા ધાર્મિક વિધિ-વિધાનનું કૃત્ય કે કોઈ પણ કારણે કોઈ અનુષ્ઠાન કરાવતા તો પરંપરાગત ગુરુઓ દ્વારા મોટો વિવાદ ઊભો કરવામાં આવતો.

લોંકાશાહનું પારિવારિક અને વૈયક્તિક જીવન

લોંકાશાહના જીવન પર પર્યાપ્ત પ્રકાશ પાથરનાર બે પ્રાચીન પત્ર લીંબડી મોટા સંપ્રદાયના ઉપાશ્રયના મંગલજી સ્વામીના શિષ્ય કૃષ્ણજી સ્વામીને કચ્છમાં નાની પક્ષના યતિ ગોરજી સુંદરજી પાસે જોવા મળ્યા. એ પત્ર વિક્રમની સોળમી સદીના કલ્પસૂત્રની એક પ્રાચીન પ્રતના છેડે

જોડેલા હતા. તપાગચ્છીય યતિ નાયક વિજયના શિષ્ય કાંતિવિજય દ્વારા એ પત્ર પાટણ નગરમાં વિ.સં.૧૬૩૬ની વસંત પંચમીના દિવસે લખાયો હતો. આ પ્રકારનો સ્પષ્ટ ઉલ્લેખ એ બંને પત્રોના અંતમાં સ્વયં લિપિકર્તા દ્વારા કરવામાં આવેલો છે. યતિ સુંદરજીની અનુમતિ પ્રાપ્ત કરી કૃષ્ણજી સ્વામીએ બંને પત્રોની પ્રતિલિપિ તૈયાર કરી પોતાની પાસે રાખી.

સમય જતાં એ બંને પત્રોની પ્રતિલિપિ 'જૈન ધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ' નામની ઐતિહાસિક કૃતિના લેખક મુનિ મણિલાલજીને કૃષ્ણજી સ્વામીએ પ્રેષિત કરી. ગુજરાતી ભાષાના એ બંને પત્રોની પ્રતિલિપિનો ઉપયોગ અને અક્ષરશઃ ઉલ્લેખ લીંબડી સંઘના સંઘવી ઉપાશ્રયના પૂજ્યશ્રી મોહનલાલજી સ્વામીના શિષ્ય મુનિ મણિલાલજીએ પોતાની ઉપરોક્ત ઐતિહાસિક કૃતિઓમાં કર્યો છે. લોંકાશાહના જીવન પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાથરનાર એ પ્રાચીન પત્રોનો સાર અહીં આપવામાં આવ્યો છે :

ભૂતપૂર્વ સિરોહી રાજ્યના અરહટવાડા નામના નગરના નિવાસી પ્રતિષ્ઠિત ચૌધરીપદથી વિભૂષિત ઓસવાલ જાતિના શ્રેષ્ઠીવર્ય શ્રી હેમાભાઈની ધર્મનિષ્ઠા પતિપરાયણા ધર્મપત્ની શ્રીમતી ગંગાબાઈની કૂખે વિ. સં. ૧૪૮૨ (ઐતિહાસિક તથ્યોના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી એમ પ્રતીત થાય છે કે અહીં વિ. સં. ૧૪૭૨ હોવું જોઈએ)ના કારતક સુદ પૂર્ણિમાના દિવસે લોંકાશાહનો જન્મ થયો. ઘણી રાહ જોયા પછી ચૌધરી દંપતીને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી, તેથી તેમના હર્ષનો પાર ન રહ્યો. નિયમિત રૂપે સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, પૌષધ આદિના માધ્યમથી યથાશક્તિ ધર્મારાધનામાં મગ્ન ગંગાબાઈએ પુત્રરત્નની પ્રાપ્તિના મહાન પુણ્યોદયનું ફળ સમજતાં ધર્મારાધનામાં વિશેષ સમય આપવાનું શરૂ કરી દીધું. પાંચ વર્ષની વય થયે બાળક લોકચંદ્રને અરહટ-વાડાની પાઠશાળામાં ભણવા માટે મોકલવાનું શરૂ કરી દીધું. કુશાગ્રબુદ્ધિ બાળક લોકચંદ્રએ રુચિપૂર્વક ભણવાનું શરૂ કર્યું. આયુષ્ય વધવાની સાથે સાથે લોકચંદ્રની લખવા-વાંચવાની રુચિ પણ ઉત્તરોત્તર વધતી ગઈ અને ૧૫ વર્ષની વય થતા થતા તો એણે સ્થાનીય વિદ્યાલયોમાં અપાતા શિક્ષણમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી.

ધાર્મિક અને નૈતિક સુસંસ્કાર બાળક લોકચંદ્રને પોતાનાં માતા-પિતા પાસેથી ગળથૂથીમાં જ મળ્યા હતા. શૈશવકાળમાં લોકચંદ્ર પોતાની મમતામૂર્તિ માતાની સાથે અને બાલ્યકાળ તથા કિશોરવયમાં પોતાના ધર્મનિષ્ઠ પિતાની સાથે મુનિદર્શન અને વ્યાખ્યાનશ્રવણ માટે જતા. બાળપણમાં જ લોંકાશાહે સામાયિક, પ્રતિક્રમણ, ભક્તિરસથી ઓતપ્રોત સ્તવન, સ્તોત્ર આદિ કંઠસ્થ કરી લીધાં. લેખનકળામાં તો લોંકાશાહે બાળકાળમાં જ અદ્‌ભુત નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી. ધર્મ પ્રત્યે લોંકાશાહને એવી પ્રગાઢ નિષ્ઠા હતી કે પ્રતિદિન નિયમિત રૂપે સામાયિક અને પાક્ષિક પર્વના અવસરે સાયંકાલીન પ્રતિક્રમણ કરવામાં સદાય અગ્રેસર રહેતા હતા. તેઓ યથાવકાશે પિતાના કારોબારમાં પણ ધ્યાન આપતા. સામાયિકના સમયે લોંકાશાહનો સ્વાધ્યાયનો ક્રમ ક્રમશઃ વધતો જ ગયો.

ચૌધરી (નગરશ્રેષ્ઠી) હેમાભાઈ અરહટવાડાના એક સુસંપન્ન સદ્‌ગૃહસ્થ હતા. એમને ત્યાં ગાય-ભેંસની ભરપૂર સંખ્યા હતી; જેથી દૂધ, દહીં, ઘી અને ખાવા-પીવાની કોઈ પ્રકારની કોઈ કમી નહોતી.

જ્યારે ૧૫ વર્ષની ઉંમરે જ તેજસ્વી લોકચંદ્ર યુવાન થયા કે બલિષ્ઠ યુવક જણાવા લાગ્યા. દેખાવડા, સશક્ત લોકચંદ્રને જોઈ અનેક શ્રેષ્ઠીઓને ત્યાંથી સગાઈ માટે કહેણ આવવા લાગ્યા. હેમાભાઈએ પુત્રના મોતીના દાણા જેવા અક્ષર જોઈ પોતાના કારોબારનું નામું લખવાનું કામ સોંપી દીધું હતું. પોતાના કારોબારને માટે એમણે વારંવાર સિરોહી જવું પડતું. શરૂઆતમાં તેઓ લોકચંદ્રને પોતાની સાથે લઈ જતા અને વિભિન્ન વેપારીઓ સાથે તેનો પરિચય કરાવતા. હેમાભાઈએ જ્યારે જોયું કે એમનો પુત્ર પોતાનો વ્યવસાય ચલાવવા, સિરોહી આદિ નગરોમાં વેપારીઓ સાથે સંપર્ક સાધવામાં, એમની સાથ સૌહાર્દ વધારવામાં, પોતાના વાક્‌ચાતુર્યથી પ્રત્યેક વ્યવસાયી અને સદ્‌ગૃહસ્થનું મન જીતવામાં સક્ષમ છે, તો એમણે પોતાના સંપૂર્ણ કારોબારની સાથે સાથે સિરોહી નગરના વેપારીઓ સાથે સંકળાયેલ કામકાજની જવાબદારી પણ લોકચંદ્રના ખભા પર નાખી. લોકચંદ્રને એકલા સિરોહી જવાનું શરૂ થયું. વેપારમાં વિવિધતા અને નવું શીખવાની ઘણી ધગશ ધરાવતા લોકચંદ્રને મોતીઓના વ્યવસાયમાં વિશેષ લગાવ હતો.

જ્યારે પણ સિરોહી જવાનું થતું ત્યારે ઝવેરીઓની પેઢીઓ પર અવશ્ય જાય અને મોતીની ગુણવત્તા વિશે જાણવાનો, સમજવાનો પ્રયાસ કરે. ધીમે ધીમે તે મોતીઓનો પારખુ થઈ ગયો.

એક દિવસ જે વખતે લોકચંદ્ર એક ઝવેરીની દુકાન પર બેઠો બેઠો મોતીઓની પરીક્ષા કરી રહ્યો હતો, એ વખતે સિરોહીનિવાસી ઓસવાલ જાતિના ઓધવજી નામના શ્રેષ્ઠીએ મોતીની પરીક્ષામાં નિમગ્ન પ્રિયદર્શી લોકચંદ્રને જોયો. યુવક લોકચંદ્ર એ શ્રેષ્ઠીના મનમાં વસી ગયો. જ્યારે મૂલ્યવાન મોતીઓ અને સાધારણ મોતીઓને લોકચંદ્ર અલગ કરતો હતો, એ જોઈને ઓધવજીએ ઝવેરીને એ યુવાનનું નામ, ગામ, જાતિ, પિતા, વ્યવસાય આદિની વિગતો મેળવવા પૂછ્યું. ઝવેરીએ જાણકારી આપતા કહ્યું કે - 'છોકરો ખૂબ જ હોનહાર છે.'

ઝવેરી પાસેથી લોકચંદ્રની બાબતમાં પૂરી જાણકારી મેળવી લીધા પછી ઓધવજીએ પોતાની ધર્મપત્નીને કહ્યું કે -"એણે પોતાની પુત્રી સુદર્શન માટે એક સુયોગ્ય જીવનસાથી શોધી કાઢ્યો છે.. લોકચંદ્રની બાબતમાં પૂરું વિવરણ સાંભળી શ્રેષ્ઠીપત્ની પણ ખૂબ પ્રસન્ન થઈ. બીજા જ દિવસે અરહટવાડા જઈને વાત પાકી કરવાનો શ્રેષ્ઠી દંપતીએ નિર્ણય કર્યો.

મનવાંછિત કાર્ય સિદ્ધ થઈ જશે એવા વિશ્વાસથી બીજા જ દિવસે ઓધવજી રૂપિયો - શ્રીફળ લઈ અરહટવાડા હેમાભાઈના ઘરે પહોંચી ગયા. બંને એકબીજાથી પરિચિત હતા. ઓધવજીના પ્રસ્તાવનો લોકચંદ્રનાં માતા-પિતાએ સહર્ષ સ્વીકાર કર્યો. ઓધવજીએ લોકચંદ્રના કપાળે કુમ-કુમ તિલક લગાવ્યું, શ્રીફળ તથા રૂપિયો ભેટ સ્વરૂપે આપ્યા. બંને પક્ષ આ સંબંધથી ખૂબ પ્રસન્ન હતા. વિ. સં.૧૪૮૭ના મહા મહિનામાં લોકચંદ્રનો સુદર્શના સાથે વિવાહ સંપન્ન થયો. સર્વગુણસંપન્ન સુદર્શનાની સાથે દામ્પત્ય-સુખની શરૂઆત થઈ. સ્વાધ્યાયનો ક્રમ પણ અવિરત ચાલતો રહ્યો. ધાર્મિક કાર્યોમાં પણ તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લેતા જ હતા. ધાર્મિક ગ્રંથોના સ્વાધ્યાય અને નિયમિત ધ્યાન-સાધનાના પરિણામ સ્વરૂપ સંસારની અસારતા અને ક્ષણભંગુરતાનો બોધ થઈ જવાના કારણે એમના અંતઃકરણમાં વિરક્તિનું બીજ એમની યુવાવસ્થામાં જ

અંકુરિત થઈ ગયું હતું. પરંતુ પોતાના કર્તવ્યના નિર્વહણ, ન્યાય-નીતિપૂર્વક વ્યવસાય અને પરમાવશ્યક સાંસારિક કાર્યો પણ સાવધાની-પૂર્વક કરતાં હતાં. લગભગ ૧૮ વર્ષની વયમાં જ એમને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. દાદા-દાદીના હર્ષનો પાર ન રહ્યો. એમણે પોતાના પૌત્રનું નામ પૂર્ણચંદ્ર રાખ્યું.

જે સમયે લોકચંદ્રની વય ૨૩ વર્ષની હતી ત્યારે એમની માતા ગંગાબાઈનું નિધન થયું અને એના એક વર્ષ પછી એમના પિતા હેમાભાઈએ પણ પરલોકગમન કર્યું.

લોંકાશાહનો મુખ્ય વ્યવસાય ખેડૂતો સાથે લેવડ-દેવડનો હતો. દુષ્કાળના કારણે જ્યારે ખેડૂતોનો પાક નિષ્ફળ જતો ત્યારે ખેડૂતો પાસેથી પોતાના પૈસા વસૂલ કરવાથી એમને દિલમાં કષ્ટ થતું હતું. ખેડૂતોને અપાયેલી રકમ સમય પર વસૂલ કરતી વખતે દયાર્દ્ર પ્રકૃતિના લોકચંદ્રને ઘણી મુશ્કેલી થતી હતી. એટલે ઘણા વખતથી તેઓ ખેડૂતો સાથેની લેવડ-દેવડ પતાવી મોટા નગરમાં ઝવેરાતનો વ્યવસાય કરવાના ઇચ્છુક હતા. એ દિવસોમાં સિરોહી રાજ્ય અને આબુ પર્વતની નજીક આવેલા ચંદ્રાવતી રાજ્યની વચ્ચે સંબંધ બગડી ગયા હતા. શત્રુઓનું આક્રમણ, માર-ધાડ, લૂંટ અને અરાજકતાપૂર્ણ વાતાવરણમાં પ્રજાજનો જીવતા હતા. આવા અરાજકતાપૂર્ણ વાતાવરણને પોતાની આધ્યાત્મિક જીવનસાધનામાં બાધક સમજી લોંકાશાહ પૈતૃક ગામ છોડી મોટા નગરમાં વ્યવસાય કરવાના ઇચ્છુક હતા.

પોતાનાં માતા-પિતાના દેહાવસાન થતા થોડા સમય પછી યુવક લોકચંદ્રએ કૃષકોની સાથે લેવડ-દેવડના પોતાના વ્યવસાયને સમેટવાનો પ્રારંભ કર્યો અને ખેડૂતો પાસેથી જે કાંઈ મળ્યું તે લઈ પોતાની પત્ની અને પુત્રની સાથે આયુષ્યના પચીસમા વર્ષ (વિ. સં.૧૪૯૭)માં અમદાવાદ આવ્યા. સુવિધાસંપન્ન એક ઘર લઈને એમાં રહેવાનું શરૂ કર્યું. ત્યાં ઝવેરાતનો વ્યવસાય કરવા લાગ્યા. લોંકાશાહ દ્વારા અમદાવાદમાં ઝવેરાતનો વ્યવસાય શરૂ કર્યા પછી વિ. સં.૧૪૯૭માં મોહમ્મદશાહ અમદાવાદ (ગુજરાત) રાજ્યના સિંહાસન પર બેઠા અને એમણે ઝવેરાત ખરીદવાનો નિર્ણય કર્યો. દરેક ઝવેરીને રાજદરબારમાં

બોલાવ્યા. અન્ય ઝવેરીઓની સાથે લોંકાશાહ પણ મોહમ્મદશાહના દરબારમાં પહોંચ્યા. દરેક ઝવેરીઓએ પોતાનાં મૂલ્યવાન રત્નો બાદશાહ સમક્ષ રજૂ કર્યા. સુરતના ઝવેરીએ બતાવેલાં પાણીદાર મોતીઓમાં બે મોટાં-મોટાં મોતીઓ બાદશાહને ખૂબ પસંદ પડ્યા. એ મોતીનું મૂલ્ય બાદશાહે પૂછ્યું તો સુરતના ઝવેરીએ જણાવ્યું કે ૧,૭૨,૦૦૦ રૂપિયા. મોહમ્મદશાહે ત્યાં ઉપસ્થિત ઝવેરીઓને એ મોતીઓની પરીક્ષા અને મૂલ્ય નિર્ધારિત કરવાનો નિર્દેશ કર્યો. અમદાવાદના દરેક મોટા મોટા ઝવેરીઓએ બંને મોતીઓની પરીક્ષા કર્યા પછી મોહમ્મદશાહની સમક્ષ પોતાનો મત અભિવ્યક્ત કરતા જણાવ્યું કે - "આ બંને મોતી ઘણાં શ્રેષ્ઠ છે. એનું જે મૂલ્ય જણાવવામાં આવ્યું છે તે પણ ઉચિત છે."

"આ બધા ઝવેરીઓની આંખે પડદો કેમ પડી ગયો છે." એ વિચારથી લોંકાશાહના મુખમંડળ પર વ્યંગ ઊપસી આવ્યો. મોહમ્મદશાહે યુવાન ઝવેરીના ચહેરાને વાંચી જાણી લીધું કે દાળમાં કંઈક કાળું છે. મોહમ્મદશાહે બંને મોતી લોંકાશાહની હથેળી પર રાખી એની પરીક્ષા લેવાનો આદેશ આપ્યો.

લોંકાશાહે એક મોતી નવાબના હાથમાં રાખતાં કહ્યું : "આ મોતી તો વસ્તુતઃ શ્રેષ્ઠ અને બહુમૂલ્ય છે, પરંતુ આ બીજા મોતીમાં બહુ મોટી ખોટ છે. આમાં મત્સ્યનું ચિહ્ન છે, તેથી આ કોઈ કામનું નથી." તત્કાળ સૂક્ષ્મદર્શક યંત્રથી મોહમ્મદશાહે મોતીને જોયું તો જણાયું કે મોતીમાં મત્સ્યનું ચિહ્ન હતું. મોહમ્મદશાહના આશ્ચર્યનો પાર ના રહ્યો. તેણે અન્ય ઝવેરીઓને પણ સૂક્ષ્મદર્શક યંત્રથી મોતીની તપાસ કરવાનું કહ્યું. સહુએ એ મોતીમાં મત્સ્યનું ચિહ્ન જોઈ નવા ગણાતા લોંકાશાહના 'રત્ન પરીક્ષણ કૌશલ'ની મુક્તકંઠે પ્રશંસા કરી.

લોંકાશાહ તત્કાળ મોહમ્મદશાહના ચિત્તમાં વસી ગયા. લોંકાશાહના પરામર્શથી આવશ્યક ઝવેરાત ખરીદી લીધા પછી અન્ય ઝવેરીઓને વિદાય કર્યા પછી લોંકાશાહ પાસેથી પૂરો પરિચય પ્રાપ્ત કરી એમને પાટણના રાજસ્વ અધિકારી(ખજાનચી અથવા તિજોરીદાર)ના પદ પર નિયુક્ત કર્યા.

લોંકાશાહ પોતાની પત્ની અને પુત્રની સાથે પાટણ જતા રહ્યા. ત્યાં પોતાના પદનાં કર્તવ્યોનું ન્યાય-નીતિપૂર્વક નિર્વહણ કરવા લાગ્યા.

મોહમ્મદશાહ પાટણના આ નવનિયુક્ત રાજસ્વ અધિકારીના ન્યાય ને નૈતિકતાપૂર્વક કાર્યકૌશલ્યથી ખૂબ પ્રભાવિત થયા અને થોડા જ સમય પછી લોંકાશાહને પાટણથી બોલાવી પોતાની પાસે રાખી લીધા. બાદશાહના પ્રીતિપાત્ર બનવા છતાં તેમનામાં જરા પણ અભિમાન ન હતું. પીડિતોનાં દુઃખ દૂર કરવા અને એમને ન્યાય અપાવવાનાં પરોપકાર પરાયણ કાર્યો તેઓ કરતાં રહ્યાં. સામાયિક, સ્વાધ્યાય, આત્મચિંતન આદિ અનેક એમની દૈનિક આરાધના પણ નિયમિત સ્વરૂપે ચાલતી હતી.

આ રીતે લગભગ ૧૦ વર્ષ સુધી લોંકાશાહ ગુજરાતના બાદશાહ મોહમ્મદશાહની સેવામાં રહ્યા. 'ગુજરાતનો સંક્ષિપ્ત ઈતિહાસ' નામની પોતાની કૃતિમાં ૨. મ. નીલકંઠના ઉલ્લેખાનુસાર વિ. સં.૧૫૦૭ની આસપાસ મોહમ્મદશાહે ચાંપાનેરના રાવલ ગંગાદાસ પર આક્રમણ કરી પાવાગઢની ચારેબાજુ ઘેરો ઘાલ્યો. આ સમાચાર સાંભળતાં જ માળવાના સુલતાને એક શક્તિશાળી સેના લઈ ગંગાદાસની સહાયતા અર્થે પાવાગઢ તરફ કૂચ કરી. પોતાની વિશાળ સેના સાથે માળવાના સુલતાનના આગમનની વાત સાંભળી મોહમ્મદશાહ ભયભીત થઈ પાવાગઢનો ઘેરો ઉઠાવી સેનાની સાથે અમદાવાદ તરફ ભાગ્યો. મોહમ્મદશાહના કાયરતાપૂર્ણ પલાયનથી રૂષ્ટ થઈને અમીરોએ વિષ દઈને એને મારી નાખ્યો અને એના પુત્ર કુતુબશાહને અમદાવાદના રાજસિંહાસન પર બેસાડ્યો.

આ પ્રકારની ષડ્યંત્રપૂર્ણ રાજનીતિથી લોંકાશાહનું અંતરમન ખૂબ ક્ષુબ્ધ અને ખિન્ન થયું. એમના અંતઃકરણમાં વિરક્તિનાં બીજ તો અગાઉથી જ હતાં. રાજનૈતિક ષડ્યંત્રોએ વિરક્તિના ભાવને વિસ્તાર્યા. આત્મ-કલ્યાણના હેતુથી એમણે શાહીસેવાથી ત્યાગપત્ર આપી દીધું. અમદાવાદના તત્કાલીન શાસક કુતુબશાહનો આગ્રહ, વેતનવૃદ્ધિ, પદવૃદ્ધિ આદિ અનેક પ્રલોભનો હોવા છતાં પણ લોંકાશાહ પોતાની પત્ની અને પુત્રની સાથે પાટણ પહોંચ્યા અને સારું ઘર લઈ રહેવા લાગ્યા.

લોંકાશાહ પૂરેપૂરા વૈરાગ્યના રંગે રંગાઈ ચૂક્યા હતા. પોતાની અર્ધાંગિની અને પુત્ર પૂનમચંદની યેન-કેન પ્રકારે અનુજ્ઞા પ્રાપ્ત કરી

લોંકાશાહે એ વખતે પાટણમાં બિરાજિત મુનિ સુમતિવિજયની પાસે વિ. સં. ૧૫૦૯માં યતિધર્મની દીક્ષા ગ્રહણ કરી. ગુરુએ એમનું નામ લક્ષ્મીવિજય રાખ્યું. ગુરુની પાસે એમણે આગમોનું અધ્યયન કર્યું. આગમોના અધ્યયન દરમિયાન એમને ધર્મના શુદ્ધ સ્વરૂપની જાણ થઈ, તેથી સુમતિવિજયજીનો સાથ છોડી લોકો સમક્ષ આગમોનું વ્યાખ્યાન આપતા આપતા ધર્મના વાસ્તવિક સ્વરૂપ વિશે પ્રકાશ પાડવાનો પ્રારંભ કર્યો. આ રીતે લોંકાશાહે અમદાવાદ - પાટણ આદિ અનેક નાનાં-મોટાં નગરો અને ગામોમાં ફરી ફરી સર્વજ્ઞ સર્વદર્શી શ્રમણ ભગવાન પ્રરૂપિત વિશુદ્ધ આગમિક ધર્મનો પ્રચાર કર્યો. લોંકાશાહના ઉપદેશોથી જનમત જાગૃત થયો અને તેમના અનુયાયીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ અનેક સાધુઓ પણ એમની સાથે રહેવા લાગ્યા. અનેક વર્ષો સુધી લક્ષ્મીવિજય (લોંકાશાહ) વિશુદ્ધ ધર્મનો પ્રચાર કરતા રહ્યા.

વિ. સં. ૧૫૩૦-૩૧ની આસપાસ એક વખતે અરહટવાડા, પાટણ, સુરત આદિ ચાર નગરોના સંઘ તીર્થયાત્રાએ નીકળ્યા હતા, તેઓ સંયોગવશ અમદાવાદમાં એકત્રિત થયા. વરસાદ પડવાથી ચારેય સંઘ અમદાવાદમાં રોકાઈ ગયા. ચારેય સંઘોના સંઘપતિઓ અને લોકોને જ્યારે જાણ થઈ કે લોંકાશાહ પોતાનાં આગમિક વ્યાખ્યાનોમાં જૈન ધર્મના સાચા સ્વરૂપ પર પ્રકાશ પાડે છે, તો એ સઘળા સંઘપતિ પોતપોતાના સંઘો સાથે લોંકાશાહના વ્યાખ્યાન સાંભળવા ગયા. લોંકાશાહના વ્યાખ્યાન સાંભળીને પ્રથમ દિવસે જ એમનાં અંતર્ચક્ષુ ખૂલી ગયાં. એમણે ઘોરશિથિલાચારમાં ડૂબેલા સાધુવેશધારી યતિઓના બાહ્યાડંબરમાં ધર્મનું વિકૃત સ્વરૂપ જ જોયેલું. લોંકાશાહના મુખેથી આગમ વર્ણિત જૈન ધર્મનું વિશુદ્ધ આધ્યાત્મિક સ્વરૂપ જોયું અને તેમનાં હૃદય પુલકિત થયાં. તેઓ લોંકાશાહનાં આગમ-પ્રવચનો સાંભળવા નિયમિત જવા લાગ્યા. સર્વજ્ઞ પ્રભુ દ્વારા પ્રરૂપિત ધર્મના વિશુદ્ધ આગમિક સ્વરૂપ પ્રત્યે લોંકાશાહના ઉપદેશોથી એમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી ગઈ. તે લોકો લોંકાશાહના અનન્ય પરમ ભક્ત થઈ ગયા.

મરુધરાના ખરંટિયા નામના નગરમાં જોધાવંશીય જાગીરદાર દુર્જનસિંહના વીસા ઓસવાળ મહેતા કામદારના બે પુત્ર હતા. મોટાનું નામ હતું મહેતા જીવરાજ અને નાનાનું નામ હતું મહેતા લખમશી. એ બંને ભાઈ વિપુલ સંપત્તિના સ્વામી, ખરતરગચ્છના અનુયાયી અને જીવાજીવાદિ તત્ત્વોના જાણકાર હતા. કોઈ કારણવશ મરુધરાધીશ રાવ જોધાનો પુત્ર દુર્જનસિંહના બંને ભાઈઓથી નારાજ થઈ ગયો અને તેણે એમની સંપૂર્ણ સંપત્તિ પોતાના અધિકારમાં કરી લીધી. એ બંને ભાઈઓ વેપાર અર્થે ફરતા ફરતા પાટણ નગરમાં પહોંચી ગયા. ત્યાં એ બંને ભાઈઓએ ઉપાશ્રયમાં પૂનમિયા ગચ્છના આચાર્ય આનંદ-વિમલસૂરિના શિષ્ય ખેમચંદ્રને દશવૈકાલિક સૂત્ર લખતા જોયા. લખમશીએ ખેમસીના સૂત્ર અને પત્ર લઈ પત્રોમાં 'ધમ્મોમંગલ મુક્કિટ્ઠં' જેવી થોડી ગાથાઓ લખી. મુનિ ખેમસી એ આગંતુકની સુંદર લખાવટને જોઈ હર્ષવિભોર થઈ ગયા. એમણે તત્કાળ પોતાના ગુરુ આનંદ વિમલસૂરિના સન્મુખ ઉપસ્થિત થઈ એમને મહેતા લખમસી દ્વારા લિખિત પત્ર બતાવ્યો. સુંદર અક્ષરો જોઈને આનંદવિમલસૂરિ ખૂબ પ્રસન્ન થયા અને પોતાના શિષ્યને પૂછ્યુ : "આ કોણે લખ્યું છે ?"

મુનિ ખેમચંદ્રએ બંને ભાઈઓને આચાર્યશ્રી સમક્ષ ઉપસ્થિત કરી લખમસી તરફ સંકેત કરીને કહ્યું : "ભગવંત ! આ લખમસીએ લખ્યું છે."

એ સમયે વિક્રમ સં. ૧૫૩૧ના શુભારંભની સાથે જ ભસ્મગ્રહ ઊતરી ચૂક્યો હતો. આચાર્યશ્રીએ જીવરાજ અને મહેતા લખમસીને સૂત્રો લખવાનો કાર્યભાર સોંપ્યો. લખમસીએ સૂત્રો લેખનની શરૂઆત કરી તો એમને જાણ થઈ કે જિન પ્રરૂપિત જૈન ધર્મનું વાસ્તવિક સ્વરૂપ તો આગમોમાં આ રીતે નિરતિચાર અને શુદ્ધ બતાવ્યું છે. એનાથી વિપરીત વર્તમાનકાળમાં અહિંસાપ્રધાન જૈન ધર્મના અનુયાયી અનેક પ્રકારની આંડબરપૂર્ણ હિંસાપ્રધાન પ્રવૃત્તિને જ ધર્મ માને છે. આગમોની આ અમૂલ્ય નિધિને સંચિત કરવાના લક્ષ્યથી મહેતા

લખમસીએ ત્યાંના નગરશ્રેષ્ઠી રૂપસી સાથે સંપર્ક સ્થાપિત કરી આગમોના લેખનકાર્ય માટે આર્થિક સહાયતા પ્રાપ્ત કરી અને ૩૨ આગમો લખ્યાં અને લખાવ્યાં. ત્યાર બાદ લખમસી અને રૂપસીએ આનંદવિમલસૂરિની પાસે આગમોનું અધ્યયન કર્યું. આગમોમાં નિષ્ણાત થયા પછી લખમસી (લોંકાશાહે) પાટણના ત્રિપોલિયા પર ઉપદેશ આપીને લોકોને ધર્મનું વિશુદ્ધ સ્વરૂપ દર્શાવવાનું શરૂ કરી દીધું.

લોંકાશાહના ઉપદેશોથી પ્રબુદ્ધ થઈ રૂપસી, શાહ ભામા, શાહ ભારમલ આદિ ૪૫ વિરક્ત આત્માઓ એ વિ. સં. ૧૫૩૧ની વૈશાખ સુદ એકાદશી ગુરુવારના રોજ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી અને લોંકાગચ્છની સ્થાપના કરી. રૂપસીને લોંકાગચ્છનો પ્રથમ પટ્ટધર તથા ભારમલ અને ભુજરાજ (ભોજરાજ અથવા ભામાજી)ને સ્થવિરની પદવી પ્રદાન કરી. ત્યાર બાદ લોંકાગચ્છનો ઉત્તરોત્તર, વિકાસ થતો ગયો.

એક પાતરિયા (પોતિયા બંધ) ગચ્છ પટ્ટાવલીના રચનાકાર મુનિ રાયચંદ્ર (વિ. સં. ૧૭૨૬) લિખિત આ પટ્ટાવલીથી વિચાર કરવાયોગ્ય કેવળ એક જ નવી વાત પ્રકાશમાં આવે છે કે લોંકાશાહ મારવાડના નિવાસી હતા. ખરંટિયા અથવા વિરાંટિયા એમનું ગામ હતું. એમની જાતિ વીસા ઓસવાલ હતી. મારવાડમાં રાજઘરાણાના કામદારોને મહેતા તરીકે ઓળખવાની પરંપરા હતી. આ કારણે સુનિશ્ચિત સ્વરૂપે ન કહી શકાય કે લખમસીનું ગોત્ર પણ મહેતા હતું. શોધાર્થીઓ માટે એ વિચારણીય છે કે શું લોંકાશાહ મૂળતઃ મારવાડના નિવાસી હતા ? શું એમના પિતા-પિતામહ આદિ પૂર્વજ કામદાર પદ પર રહીને પ્રશાસનિક કાર્ય કરતા હતા ? જે પણ હોય, લોંકાશાહની ધર્મક્રાંતિએ જૈન ધર્મના ઈતિહાસમાં અભિનવ આયામ જોડી દીધા.

卐

વિ.સં.૧૩૫૭ થી ૧૩૮૨ સુધીની રાજનૈતિક સ્થિતિ

દિલ્હીમાં ખિલજી વંશના રાજ્યકાળમાં અલ્લાઉદ્દીન ખિલજીએ રાજપૂતાના રાજ્યો પર અધિકાર કરવાના નિશ્ચય સાથે સર્વપ્રથમ વિ.સં. ૧૩૫૭માં રણથંભોર પર આક્રમણ કર્યું. રણથંભૌરના ચૌહાણવંશીય રાજા હમીરે શત્રુને પરાસ્ત કરવાના સંકલ્પની સાથે વીરતાથી યુદ્ધ કર્યું, પરંતુ વિકટ સંઘર્ષ પછી અલ્લાઉદ્દીન ખિલજીએ રણથંભોરના કિલ્લા પર અધિકાર કરી લીધો. આ રીતે વિ. સં. ૧૨૫૦ની આસપાસ પૃથ્વીરાજ ચૌહાણના પુત્ર ગોવિંદરાજ દ્વારા સંસ્થાપિત રણથંભૌર પર ચૌહાણ રાજ્ય સમાપ્ત થઈ ગયું.

રણથંભૌર પર અધિકાર કર્યાનાં ત્રણ વર્ષ બાદ વિ. સં. ૧૩૬૦માં અલ્લાઉદ્દીન ખિલજીએ પોતાની સશક્ત અને વિશાળ સેના લઈ ચિત્તોડ પર આક્રમણ કર્યું. મેવાડના રાવલ રતનસિંહે અદ્‌ભુત સાહસ અને શૌર્ય પ્રગટ કરતાં લગભગ ૬ માસ સુધી ખિલજીની સેનાનો મુકાબલો કર્યો. અંતે રાવલ રતનસિંહે પોતાના પુત્રો, પૌત્રો અને યોદ્ધાઓની સાથે પોતાની માતૃભૂમિની રક્ષા માટે કેસરિયા કર્યાં. શત્રુ પર ભીષણ આક્રમણ કર્યું અને અંતિમ શ્વાસ સુધી લડ્યા અને માતૃભૂમિની રક્ષા કરતાં કરતાં વીરગતિને પ્રાપ્ત થયા. રાવલ રતનસિંહની મહારાણી પદ્મિનીએ જ્યારે જોયું કે એના પતિ શત્રુઓના સાથે લડતાં-લડતાં પોતાના વીર યોદ્ધાઓની સાથે વીરગતિને પ્રાપ્ત થયા છે, તરત મેવાડની મહારાણી પદ્મિનીએ પણ સહસ્ત્રો રાજપૂત રમણીઓની સાથે જૌહરની જ્વાળામાં પ્રવેશ કરી રાજપૂતી આન-બાન-શાન અને સતીત્વની રક્ષા કરી. અલ્લાઉદ્દીન ખિલજીએ સાક્ષાત્ સ્મશાન બની ગયેલાં ચિત્તોડના દુર્ગ પર અધિકાર કરી પોતાના પુત્ર ખિજરખાનને ચિત્તોડનો શાસક નિયુક્ત કર્યો.

ચિત્તોડ પર અધિકાર કર્યા બાદ અલ્લાઉદ્દીન ખિલજીએ વિ.સં. ૧૩૬૫માં સિવાણા પર આક્રમણ કર્યું. સિવાણાના રાજા શીતલદેવ ચૌહાણે પોતાના દુર્ગની રક્ષા કરતાં રણાંગણમાં વીરગતિ પ્રાપ્ત કરી.

આ રીતે અલ્લાઉદ્દીન ખિલજીએ સિવાણાના કિલ્લા પર પણ અધિકાર કરી લીધો. ત્યાર બાદ અલ્લાઉદ્દીને વિ. સં. ૧૩૬૮મા જાલૌર પર આક્રમણ કર્યું. જાલૌરના રાજા કાન્હડદેવ અને રાજકુમાર વીરમદેવે શત્રુસેના સાથે બરાબર ટક્કર લીધી. શત્રુઓનો સંહાર કરતાં કરતાં પિતા અને પુત્ર બંને યુદ્ધભૂમિમાં વીરગતિને પ્રાપ્ત થયાં. અને અલ્લાઉદ્દીન ખિલજીએ જાલૌર પર અધિકાર કરી લીધો. આ રીતે રણથંભૌર, સિવાણા અને જાલૌરનાં ચૌહાણ રાજ્યોની સમાપ્તિ થઈ ગઈ.

મહારાણા હમીરે વિ. સં. ૧૩૮૨ની આસપાસ મુસલમાનોને પરાસ્ત કરી ચિતોડ પર અધિકાર કર્યો.

એનાથી આગળના ભારતનો રાજનૈતિક ઈતિહાસ રાજ્યવિપ્લવો, મુસલમાનોનાં આક્રમણો, ભારતીય રાજાઓનાં રાજ્યોનાં પતન, નવીન હિન્દુ રાજ્યોનો અભ્યુદય, ઉત્થાન, પતન, તલવારના બળ પર ધર્મ-પરિવર્તન, લૂંટ, સામૂહિક નરસંહાર આદિ ભીષણ ઘટનાચક્રના આટલા ઘટનાક્રમોથી સંકુલ છે કે અગર એક એક ઘટના પર પાંચ-પાંચ લીટી લખવામાં આવે તો એક સ્વતંત્ર પુસ્તક તૈયાર થાય.

આ ગ્રંથનું આલેખન અહીં જ સમાપ્ત કરતાં વાચકોને સાદર નિવેદન કરવામાં આવે છે કે આગળનો ઈતિહાસ, જૈન ધર્મ અને ભારતીય ઈતિહાસના ગ્રંથોમાંથી વાંચવાની કૃપા કરશો.



આદર્શ ગુરુભક્ત, આદર્શ પિતા અને આદર્શ શ્રાવક
શ્રી પારસમલજી સુરાણા

સુશ્રાવક શ્રી પારસમલજી સુરાણા પોતાના ગુરુ પ્રાતઃ સ્મરણીય આચાર્ય શ્રી હસ્તીમલજી મ.સા. પ્રતિ પ્રગાઢ શ્રદ્ધા ભક્તિ ધરાવતા હતા. એમના જીવનની પ્રમુખ ત્રણ વિશેષતાઓ અહીં જણાવવામાં આવી છે :

અનુપમ ગુરુભક્તિ :

પારસમલજીનો એકમાત્ર પુત્ર શિખરમલ જ્યારે બે વર્ષનો બાળક હતો, ત્યારે એક ઘટના ઘટી. 'નમો પુરિસવરગંધહત્થીણં' મા જતનરાજ મહેતા દ્વારા લિખિત પૃષ્ઠ ૬૦૦ પર 'નવા-જૂની ન કરશો' શીર્ષકથી આ ઘટના પ્રકાશિત છે, જે અહીં ઉદ્ધૃત ઉતારી છે :

શ્રી પારસમલજી સુરાણા નાગૌરવાળા ગુરુદેવના દર્શનાર્થે જોધપુર પધાર્યા હતા. અચાનક ઘરેથી તાર આવ્યો કે - 'મા બીમાર છે, જલદી આવો.' તાર વાંચીને સુરાણાજી બેચેન થયા અને આચાર્યશ્રીની સેવામાં માંગલિક લેવા ઉપસ્થિત થયા અને સમગ્ર વૃત્તાંત ગુરુદેવને જણાવ્યું. ગુરુદેવે આખી વાત સાંભળીને માંગલિક ફરમાવી અને જતા જતા કહ્યું કે - "કોઈ નવા-જૂની ન કરશો."

રસ્તામાં પારસમલજી એ જ મૂંઝવણમાં રહ્યા કે - 'કોઈ નવા-જૂની ન કરશો'નું તાત્પર્ય શું હોઈ શકે ? કાંઈ સમજાયું નહિ, ઘરે આવીને જોયું તો મા સ્વસ્થ હતાં, પણ પત્ની અસ્વસ્થ હતી. યાદ રહે કે જૂના જમાનામાં પત્ની બીમાર થાય અને બેટાને બોલાવવાનો થાય તો પત્નીની બીમારી નહિ લખીને, માની બીમારી લખવામાં આવતી હતી.

પારસમલજીએ પત્નીની સાર-સંભાળ રાખી અને બે-ચાર દિવસ બાદ જ પત્નીનું દેહાવસાન થયું. શોક-બેઠકનું આયોજન થયું. આઠમા-નવમા દિવસે જ બીકાનેરથી કોઈ સજ્જન પોતાની દીકરીનું માંગુ લઈને આવ્યા, ત્યારે એમને આચાર્યશ્રી દ્વારા કહેલી વાતનો ગૂઢાર્થ સમજમાં આવ્યો. એમણે મનોમન આજીવન બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનો નિર્ણય લઈ લીધો.

એ સમયે પારસમલજી ૩૦ વર્ષના હતા. ઘણા સંબંધ આવ્યા તથા પરિવારજનોનું ઘણું દબાણ રહ્યું, પણ તેઓ ટસ ના મસ ના થયા. પોતાના ગુરુના વચનને પથ્થરની લકીર સમજીને પરિવારજનોનો આગ્રહ હોવા છતાં પુનર્વિવાહ ન કર્યો.

ગુરુના એક વાક્યને શિરોધાર્ય કરીને પારસમલજીએ પોતાના જીવનમાં કોઈ નવું સાંસારિક કાર્ય પણ ન કર્યું. વેપાર ન કર્યો, જમીન-જાયદાદ, સોનું, ચાંદી, ઘરેણાં આદિ ખરીદ્યાં નહિ. જીવનના શેષ ૫૪ વર્ષ ગુરુસેવા તથા સંયુક્ત પરિવારમા રહેતાં ધર્મ-ધ્યાનમાં વિતાવ્યાં. ચાતુર્માસ સિવાય પણ મહિનાઓ સુધી તેઓ ગરુસેવામાં રહેતા અને એમની વિહારયાત્રાઓમાં પણ સાથે ચાલતા હતા. સત્સંગ, બ્રહ્મચર્ય, ધર્મ-ધ્યાન આદિથી સભર જીવન જીવતા હતા. નીરોગી અને સ્વસ્થ જીવનનું રહસ્ય ધર્મમય જીવન હતું. ગુરુના એક વચન પર એમણે પોતાના જીવનની સમસ્ત સાંસારિક ઈચ્છાઓને સમાપ્ત કરી દીધી અને એ દિશામાં કદી વિચાર્યું નહિ.

આદર્શ પિતા :

એ સમયે નાગૌરમાં આજની જેમ વિદ્યાલય ન હતા. કિશનલાલ ગુરાંસાની પાઠશાળામાં બાળકોને ભણવા માટે મોકલવામાં આવતા હતા. વાલી એક નારિયેળ લઈને આવતા અને પોતાના બાળકને પાઠ-શાળામાં દાખલ કરતા. પારસમલજી પોતે ભણેલા ન હતા, પણ દીકરાને ભણાવવાની એમને તમન્ના હતી. એમણે શિખરમલને જ્યારે પાઠ-શાળામાં પ્રવેશ અપાવ્યો, એ વખતે શ્રીફળની સાથે ગુરુજીને સવા પાંચ રૂપિયા પણ ભેટ આપ્યા. એ વખતે સવા પાંચ રૂપિયાની ખૂબ કિંમત હતી. દર મહિને પુત્રના અભ્યાસ બાબત ગુરુજીને તેઓ પૂછતા. આ રીતે શિખરમલ પ્રત્યે ગુરુજીને વ્યક્તિગત રુચિ થઈ ગઈ. એમણે ઓછી ઉંમર હોવા છતાં બે વર્ષ પછી અન્ય બે વર્ષનો સીધો લાભ આપી શિખરમલને સીધા પાંચમા ધોરણમાં લઈ લીધા.

આ બાજુ પારસમલજીને ખબર પડી કે મદ્રાસમાં સારો અભ્યાસ થાય છે તો એમણે પુત્રને મદ્રાસ મોકલવા વિશે સંકલ્પ કર્યો. એ દિવસોમાં એમના અનુજ સરદારમલજીના સાળાજી સૂરજમલજી બોહરાનો કારોબાર મદ્રાસમાં હતો. પારસમલજીએ એમની સાથે વાત

કરી અને પોતાના પુત્ર શિખરમલને મદ્રાસ મોકલી દીધા. થોડા સમય પછી તેઓ પણ મદ્રાસ પહોંચી ગયા. મદ્રાસમાં એ વખતે એ. જી. જૈન હાઈસ્કૂલ હતી. પારસમલજી શિખરમલને એ શાળામાં છઠ્ઠા ધોરણમાં દાખલ કરવા ઇચ્છતા હતા, પણ શિખરમલને 'અયોગ્ય' ઠેરવતા પ્રિન્સિપાલે સ્કૂલમાં દાખલ કરવાની ના પાડી. પારસમલજી ઇચ્છતા હતા કે પુત્રનું એક પણ વર્ષ વ્યર્થ ન જાય, અને તેને છઠ્ઠા ધોરણમાં પ્રવેશ મળે. એમણે પુત્રને ટ્યૂશન કરાવ્યાં. સવારે ચાર વાગ્યે શિખરમલને ઉઠાડી દેતા અને ભણવાનું કહેતા. દિવસમાં વારાફરતી શિક્ષકો ટ્યૂશન ભણાવવા આવતા. પિતાનો સંકલ્પ અને શ્રમનું ફળ મળ્યું. દીકરો પ્રિ-ટેસ્ટમાં પાસ થઈ ગયો અને એને છઠ્ઠા ધોરણમાં પ્રવેશ મળ્યો. આ રીતે અગિયાર ધોરણ સુધી શિખરમલ ત્યાં જ ભણ્યો.

સ્કૂલ બાદ એ. એમ. જૈન કૉલેજ મદ્રાસમાં બી.કૉમ માટે પ્રવેશ મેળવ્યો. બી.કૉમનો અભ્યાસ કરતાં કરતાં શિખરમલને ભણતરનું મહત્ત્વ સમજાયું અને તેઓ જાતે નિષ્ઠાપૂર્વક ખૂબ ભણવા લાગ્યા. એમની મહેનત રંગ લાવી અને સારા ગુણથી એમણે સ્નાતકની પરીક્ષા પસાર કરી. ત્યાર બાદ ૧૯૭૧માં મદ્રાસ લૉ કૉલેજથી સારા ગુણાંક પ્રાપ્ત કરી એલએલ.બી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી, વકીલાત શરૂ કરી. આજે લગભગ ૪૦ વર્ષથી વકીલાત કરતા ચેન્નાઈસ્થિત એમની 'લૉ-ફર્મ' સુરાણા એન્ડ સુરાણા ઇન્ટરનેશનલ એટર્નીઝની ભારતની દસ સર્વશ્રેષ્ઠ લૉ-ફર્મમાં ગણના થાય છે.

૧૯૭૧માં મદ્રાસના રાજસ્થાની સમુદાયમાં ભણેલા-ગણેલા છોકરા ઓછા હતા. મોટા ભાગના છોકરા વ્યવસાયમાં લાગી જતા હતા; પણ પારસમલજીએ પોતાના પુત્રને જ્ઞાનાર્જન કરાવી ધનાર્જન માટે યોગ્ય બનાવ્યો. પુત્ર માટે જીવનસંગિની પસંદગી માટે પારસમલજીને સારું ખાનદાન અને સંસ્કારી કન્યાની અપેક્ષા હતી. ૧૯૭૩માં શિખરમલજીનાં લગ્ન ખાનદાન કુટુંબની ભણેલી કન્યા લીલાવતી સાથે થયાં. પિતાની દૂરદૃષ્ટિ, શ્રમ અને ગુરુકૃપાના ફળ સ્વરૂપે શિખરમલજી આજે સફળતાના શિખરે છે.

પુત્રના જીવનનિર્માણ માટે પારસમલજીએ એક તરફ ગૃહસ્થ-જીવનના સઘળાં સુખોનો ત્યાગ કર્યો એમ મુનિજીવન પણ અપનાવ્યું નહિ. અગણિત મુશ્કેલીઓ છતાં પારસમલજીએ એક આદર્શ પિતાની

શ્રેષ્ઠ ભૂમિકા નિભાવી. ત્યાં સુધી કે પૌત્ર ડૉ. વિનોદ સુરાણાનાં વ્યક્તિત્વ ઘડતરમાં આદર્શ દાદાની શ્રેષ્ઠ ભૂમિકા નિભાવી. ડૉ. વિનોદ સુરાણાનાં ધર્મપત્ની અ. સૌ. રશ્મિ, પુત્ર બેલડી ચિ. કીર્તિ અને ચિ. દેવકાર્તિકનું જીવન પણ ધાર્મિક સંસ્કારોથી ઓતપ્રોત છે.

યાદગાર સંથારો :

પારસમલજીના જીવનનો અધિકાંશ સમય ગુરુ હસ્તીના પાવન આધ્યાત્મિક આભામંડળમાં વ્યતીત થયો. તેઓ એક રીતે સંસારી સાધુ હતા. ૮૪ વર્ષથી ઉંમરમાં પૂરા હોંશમાં પ્રબળ ભાવના તથા આચાર્ય હસ્તીના પટ્ટધર આચાર્ય હીરાચંદ્રજીની સ્વીકૃતિ પછી ચતુર્વિધ-સંઘની સાક્ષીએ વિધિપૂર્વક સંથારો ગ્રહણ કર્યો. પાંચ દિવસીય સંથારાની સાથે ૧૩ જુલાઈ, ૨૦૦૧ના રોજ એમનું સમાધિમરણ થયું. ચૈન્નઈ નિવાસી કહે છે કે - 'ઘણાં વર્ષોથી ચેન્નઈમાં આવો સજાગતા પૂર્વ સંથારો થયાનું સ્મરણમાં નથી.'

પારસમલજી દિવાળીના દિવસે કદી ઘરે રહેતા નહિ, યા તો ગુરુદેવની સેવામાં અથવા તો પૌષધના ઉપવાસમાં સ્થાનકમાં રહેતા. તેઓ દિવંગત થયા પછી વર્ષ ૨૦૦૧ની દિવાળીના શિખરમલજી પણ સદ્‌ગત પિતાજીની પરંપરાનું નિર્વહણ કરતાં પરિવાર સહિત મુંબઈમાં બિરાજમાન આચાર્ય શ્રી હીરાચંદ્રજીના દર્શનાર્થે પહોંચ્યા. આચાર્યશ્રીએ એમને એમના પિતાજી પારસમલજીના ધર્મમય અંતિમ દિવસો અને સમાધિપૂર્વક સંથારાના મહાન સંકલ્પમાં ધર્મ-ધ્યાન-સહયોગની વાતોથી અવગત કર્યા.

આવા પરમ ગુરુભક્ત શ્રાવક શ્રી પારસમલજી સુરાણાની પુનિત સ્મૃતિમાં એમના સુપુત્ર શ્રી પી. શિખરમલજી સુરાણાને 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ'ના ચારેય ભાગનું સંક્ષિપ્તિકરણ અને અંગ્રેજી અનુવાદ કરાવવાનું તથા પ્રકાશન કરવાનું સંપૂર્ણ શ્રેય જાય છે.

સંપર્ક : ડૉ. વિનોદ સુરાણા, સુરાણા એન્ડ સુરાણા ઇન્ટરનેશનલ એટર્ની,

૬૧-૬૩ ડૉ. રાધાકૃષ્ણન રોડ મૈલાપુર, ચેન્નાઈ - ૬૦૦૦૦૪ (ભારત)

દૂરભાષ : ૦૪૪ - ૨૮૧૨૦૦૦૦, ૨૮૧૨૦૦૦૨,૨૮૧૨૦૦૦૩

(સમાપ્ત)

સંદર્ભ ગ્રંથોની સૂચિ

- અંચલગચ્છ દિગ્દર્શન
- અપભ્રંશ કાવ્યત્રયી
- અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ ૧-૭
- આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા
- આગમિક ગચ્છ પટ્ટાવલી (પૂર્ણિમા ગચ્છ પટ્ટાવલીનું અપર નામ)
- આચારાંગ દીપિકા
- આચારાંગ સૂત્ર
- આત્મ પ્રબોધ
- ઇલિયટ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા ભાગ ૧-૨
- ઉપકેશ ગચ્છ પટ્ટાવલી
- ઉપદેશ તરંગિણી
- ઉપદેશ રસાયણરાસ
- ઉપદેશ સપ્તતિકા - રત્નશેખરસૂરિ
- એક પાતરિયા ગચ્છ પટ્ટાવલી
- એન્સાઈક્લોપીડિયા ઑફ રીલિજન્સ ઑફ ધી વર્લ્ડ
- એન્સાઇક્લોપીડિયા ઑફ રીલિજન્સ ઍન્ડ એથિક્સ ભાગ-૮ હેસ્ટિંગ્સ.
- એશિયાટિક રિસર્ચેજ ભાગ-૯
- એ હિસ્ટ્રી ઑફ કરનાટિકા, ડૉ. પી. બી. દેસાઈ
- કડવામત પટ્ટાવલી
- કુમારપાલ પ્રબંધ - શ્રીજિન મંડનગણિ
- ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી
- ખરતરગચ્છિયા હસ્તલિખિત પટ્ટાવલી - કલ્યાણ વિજયજી
- ગચ્છાચાર પઈણ્ણય વૃત્તિ
- ગણધર સાર્દ્ધશતક - જિનચંદ્રાચાર્ય

- ગુર્વાવલી
- ચચ્ચરી ટિપ્પણક
- જીવ સમાસકી વૃતિ - હેમચંદ્રસૂરિ
- જૈન ધર્મ કા મૌલિક ઈતિહાસ ભાગ - ૧ આ. શ્રી હસ્તીમલજી મ.સા.
- જૈન ધર્મ કા મૌલિક ઈતિહાસ ભાગ - ૨ આ. શ્રી હસ્તીમલજી મ.સા.
- જૈન ધર્મ કા મૌલિક ઈતિહાસ ભાગ - ૩ આ. શ્રી હસ્તીમલજી મ.સા.
- જૈન ધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઈતિહાસ અને પ્રભુવીર પટ્ટાવલી
- જૈન શિલાલેખ સંગ્રહ ભાગ-૧ થી ૩ માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રંથમાળા સમિતિ હીરાબાગ, મુંબઈ.
- તપાગચ્છ પટ્ટાવલી - કલ્યાણ વિજયજી મ.સા.
- તપાગચ્છ પટ્ટાવલી સૂત્રમ - શ્રી ધર્મસાગરગણિ
- તપાગણ દૂષણ શતક 'તપોમત કુટ્ટણ' - જિન પ્રભસૂરિ
- દયાધર્મ કી ચૌપાઈ - ભાનુચંદ્રયતિ
- દર્શનસાર દિગંબરાચાર્ય શ્રી દેવસેન
- દ્વિતીયોદય યુગપ્રધાન યંત્રમ્
- ધી ઈન્ડિયન એન્ટીક્યૂરી, ભાગ-૨
- નંદી સંઘ કી પટ્ટાવલી
- નિબંધ નિચય
- નિર્વાણ કલિકા
- નિશીથ સૂત્ર પ્ર. ભા.
- નેમિનાહ ચરિઉ, હરિભદ્ર સૂરી
- પંચવસ્તુક ટીકા
- પણ્હાવાગરણ સૂત્ર
- પટ્ટાવલી - પરાગ-સંગ્રહ, ભાગ ૧-૨ પં. કલ્યાણ વિજયજી શાસ્ત્ર સંગ્રહ સમિતિ જાલોર (રાજ.)

- પટ્ટાવલી પ્રબંધ સંગ્રહ, આ. હસ્તીમલજી મ.સા.
- પટ્ટાવલી સમુચ્ચય, ભાગ-૧ મુનિ દર્શન વિજયજી શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા વીરમગામ (ગુજરાત વિ. સં. ૧૯૮૯)
- પટ્ટાવલી સારોદ્ધાર
- પાઈય લચ્છી નામમાલા, ધનપાલ
- પાર્શ્વનાથ વસ્તિ કા શિલાલેખ
- પાર્શ્વનાથ પરંપરા કા ઈતિહાસ - ૧
- પાર્શ્વનાથ પરંપરા કા ઈતિહાસ - ૨
- પેરિયપુરાણ
- પ્રતિષ્ઠાપાઠ
- પ્રતિષ્ઠા લેખસંગ્રહ
- પ્રબંધ ચિંતામણિ મેરુતુંગાચાર્ય ફોર્બસ ગુજરાતી સભા, મહારાજ મેન્શન્સ, સેન્ધર્સ્ટરોડ, મુંબઈ-૪ (વિ. સં. ૧૯૮૮)
- પ્રભાવકચરિત્ર આ. પ્રભાચંદ્રસૂરિ (વિ. સં. ૧૯૯૫)
- પ્રભુવીર પટ્ટાવલી - મણિલાલજી મ.સા.
- પ્રમાણનય તત્ત્વાલોક
- પ્રવચનપરીક્ષા ભાગ - ૧-૨.
- પ્રશ્ન વ્યાકરણ વૃત્તિ
- બ્રિગ ફરિશ્તા
- ભદ્રબાહુચરિત્ર આ. રત્નનંદી (વિ. સં. ૧૬૨૫)
- મેરુતુંગિયા અંચલગચ્છ પટ્ટાવલી
- મહાવીર ચરિયં, ગુણ ચંદ્રગણિ
- મહાવીર દેવ પટ્ટ પરંપરા
- યુગપ્રધાન પટ્ટાવલી
- રત્નાકરાવતારિકા

- રાજપૂતાને કા ઈતિહાસ - ગૌરીસંકર હીરાચંદ્ર ઓઝા
- લઘુ શતપદી
- લાટકે સોલંકી સામંત પુલકેશિનકા શિલાલેખ
- લુંકામત પ્રતિબોધ કુલક
- લોંકાશાહના અઠ્ઠાવન બોલ
- વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી
- વૃદ્ધિસાગર વ્યાકરણ
- બૃહત્કલ્પ ભાષ્ય, ભાગ-૬
- બૃહદગચ્છ ગુર્વાવલી
- વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ
- વિપાકસૂત્ર-વૃત્તિ
- વીરવંશપટ્ટાવલી અપરનામ વિધિપક્ષ ગચ્છ પટ્ટાવલી - ભાવસાગરસૂરિ (વિ. સં. ૧૫૧૯)
- વીરોદય કાવ્ય દિગંબરમુનિ જ્ઞાનસાગરજી મ.સાં.
- શ્રમણ સંહાર ચરિત્રમ્
- શ્રમણવેલગોલ શિલાલેખ સંખ્યા - ૫૭
- શ્રીગુરુ પટ્ટાવલી
- શ્રીગુરુ પર્વકમવર્ણનમ્ - ગુણરત્નસૂરિજી
- સમવાયાંગ
- સ્ટ્રગલ ફોર એમ્પાયર વૉલ્યુમ-૫
- સ્ટડીઝ ઈન સાઉથ ઈન્ડિયન જૈનિઝમ
- સુધર્મ ગચ્છ પરીક્ષા
- સપ્તપદી શાસ્ત્ર
- હિસ્ટ્રી ઍન્ડ કલ્ચર ઑફ ધી ઈન્ડિયન પિપલ IV વોલ્યમ અને V આર. સી. મજમુદાર.

નવાં તથ્ય તથા નવી વિશેષતા

- વીર નિર્વાણ સંવત ૧૪૭૬ થી ૨૦૦૦ સુધીના ગાળાની પ્રમુખ ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક ઘટનાઓનું તથ્યપરક વિવેચન.
- જૈનધર્મની ધર્માચાર્ય પરંપરાઓ, મુખ્ય ગચ્છ પરંપરાઓ અને પ્રભાવક આચાર્યોનો ક્રમબદ્ધ પ્રમાણભૂત પરિચય.
- શુદ્ધ શ્રમણાચારની પુર્નપ્રતિષ્ઠા માટે વખતોવખત થયેલા પ્રયાસોનું ક્રમિક તેમજ શોધપૂર્ણ વિવેચન.
- સમસામયિક જૈન રાજાઓ તથા ઉદારમના શ્રાવકોના ઈતિવૃત્તનું ક્રમબદ્ધ તથા વસ્તુલક્ષી પ્રસ્તુતીકરણ.
- જૈન ઈતિહાસ સંબંધી જટિલ ગૂંચવાડાનું પ્રમાણ આધારિત નિવારણ, પરાપૂર્વથી ચાલી આવતી ભ્રાંતિઓનું નિરાકરણ અને સમગ્ર ભારતીય ઈતિહાસ વિષયક અમુક અંધકારપૂર્ણ પ્રકરણો પર નૂતન પ્રકાશ.
- ધર્મવીર લોંકાશાહની કાન્તદર્શી ધાર્મિકતા અને એમના પ્રેરક જીવનનું વસ્તુનિષ્ઠ મૂલ્યાંકન.
- ઈતિહાસ જેવા ગૂઢ અને નીરસ વિષયનું સુબોધ, સરસ અને પ્રવાહી ભાષાશૈલીમાં આલેખન.

પ્રકાશક

સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડલ

બાપૂ બજાર, જયપુર